# શ્રી અજાહરા પાર્શ્વનાથ ચરિત્ર.

લેખક;

મણીલાલ ન્યાલચંદ શાહ.

પ્રકાશક;

જૈન સસ્તી વાંચનમાળા

ભાવનગર.

વીર સં. ૨૪૫૫　　　વિક્રમ સં. ૧૯૮૫

કિંમત રૂા. ૧-૪-૦

# આભાર.

શ્રી કચ્છ આસાંબીઆ નિવાસી શેઠ કોરશીભાઇ વીજપાલભાઇ કે જેઓનો રંગુનમાં બ્હોળો વેપાર છે. જેમણે રંગુનમાં એક પ્રમાણીક વેપારી તરીકે નામના મેળવવા સાથે તેવા પ્રદેશમાં પણ જેમનું જીવન નૈતિક અને ધાર્મિક સંસ્કારોથી ભરપુર છે. જેમની ઉદાર સખાવતો ધર્મપ્રેમ, અને સાહિત્યપ્રેમ તેમના પરિચયમાં આવેલા અને બીજા સૌ કોઇને અનુકરણીય છે, જેમણે વખતો વખત મારા સાહિત્યને પ્રગટ કરવામાં સહાનુભૂતિ આપી છે તેમણે તેમનાં સ્વ૦ ધર્મપત્ની રતનબાઇની યાદગીરી માટે ત્રીજા પુષ્પ તરીકે આ પુસ્તકની બસો નકલના ગ્રાહક થઇ મારા કાર્યને વધુ સહાનુભુતિ આપી છે તે માટે તેમનો આભારી છું.

લી૦ નમ્ર સેવક,

અચરતલાલ.

પ્રકાશકે—સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

# સમર્પણ.

અ. સૌ. સ્વર્ગસ્થ બ્હેન રતન બેન.

આસાંબીઆ. ( કચ્છ )

તમારી હૈયાતી નહિ છતાં તમને આ પુસ્તક અર્પણ કરવાની ઇચ્છા થવાનું કારણ તમારા સદ્‌ગુણો છે અને તમારા તેવા સદ્‌ગુણોનું અનુકરણ બીજી બ્હેનો પણ કરશે.

નાનપણથીજ ધર્મપ્રેમ-સાદાઇ-સરળતા અને નૈતિક તેમજ ધાર્મીક જ્ઞાન મેળવેલ હોવાથી તમારા ગૃહવ્યવહારમાં પણ કુટુંબી જનોને ( બંને પક્ષને ) સંપૂર્ણ સંતોષ આપી તમારૂં નામ અમર કરી ગયાં છો.

શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ તેજ તમારૂં નિત્ય કાર્ય હતું. તમારા આવા પ્રભુ-પ્રેમથી શ્રી પાર્શ્વનાથ પ્રભુના અદ્ભૂત મહિમાવાળું " શ્રી અજાહરા પાર્શ્વનાથ ચરિત્રનું " આ પુસ્તક તમને સમર્પી તમારા આત્માની પરમ શાંતિ ઇચ્છું છું.

લી: ધર્મબંધુ

અચરતલાલ.

# પ્રસ્તાવના.

અજાહરા પાર્શ્વનાથ અને પંચતીર્થીની પ્રાચીનતા માટે જૈનોમાં બે મત હોઇ શકે જ નહિ. જે તીર્થો એક વખત કેવી અપૂર્વ જાહોજલાલી ભોગવતાં હતાં તે આજે કાળના બદલાવાથી જર્જરીત થઇને ડગુમગુ સ્થિતિમાં સપડાઇ ગયાં છે, દુનિયાના એક ખુણામાં પડેલા આ તીર્થોનું નામ પણ કેટલાક ભાઇઓ તો ભાગ્યે જ જાણતા હતા. તો કેટલાક લુપ્ત પ્રાયઃ સ્થિતિમાં માનતા હશે, જૈનોની બેદરકારી છતાં એ તીર્થો જીર્ણ સ્થિતિમાં ડગુમગુ હોવા છતાં જૈનોની પ્રાચીનતા બતાવી રહ્યાં છે. એ હજી જૈન કોમનાં સૌભાગ્ય છે.

પ્રકાશક તેમજ લેખકનો હેતુ ત્યારે જ સફળ થાય કે અજારા-પાર્શ્વનાથજી તેમજ આ તરફની પંચતીર્થી કે જેનું નામ પણ કેટલાક ભાગ્યેજ જાણતા હતા તેઓમાં આ પંચ તીર્થીનું માહાત્મ્ય પ્રસરે, આ પંચતીર્થી જૈન સમાજને ખુણે ખુણે પોતાનો સંદેશો પહોંચાડે અને જગતભરની જૈન સમાજને આ પંચતીર્થી તરફ આકર્ષવાને આ પુસ્તક સહાયકારક થઇ પડે.

વસ્તુ ગમે તેવી અને ગમે તેટલા મહત્વવાળી હોય, પરન્તુ તેનું મહત્વ જ્યાંસુધી મનુષ્યના જાણવામાં આવતું નથી ત્યાં સુધી એ વસ્તુના માહાત્મ્યની તેને ખબર પડતી નથી અને એના માહાત્મ્યની ખબર વગર એના તરફ એકદમ જનસમાજનું આકર્ષણ થતું નથી. વસ્તુનું ગૌરવ, એની પ્રાચીન સ્થિતિ એનું માહાત્મ્ય, વસ્તુનો ધર્મ બતાવવાને આ પુસ્તકદ્વારા યત્કિંચિત પ્રયત્ન સેવ્યો છે. સમાજ એની કિંમત કરે અને આ પંચ તીર્થી ઉપર ભક્તિભાવ વધે તોજ અમારો પ્રયત્ન સફલ થાય.

અમને વિદ્વાનોની પ્રશંસાના શબ્દોની જરૂર નથી. અમારી મહેનતથી અમારા કાર્યથી વિદ્વાનો પ્રશંસાના બે શબ્દો બોલી પતાવે તે અમારે નહિ જોઇએ. તમને જો તીર્થો પ્રત્યે બહુમાન હોય, ભક્તિ હોય, અંતરની લાગણી હોય તો અહીં આવીને જુઓ, તમને યોગ્ય લાગે તો આવા ઐતિહાસિક તીર્થસ્થળોની પ્રાચીનતા એનું ગૌરવ જળવાઇ રહે તે માટે મદદ કરો, મદદ કરનારા લાવો, મદદ માટે પ્રયત્ન કરો, તમારા પેટ માટે કરો છો તેનાથી પણ અધિક કરી બતાવી તમારી તીર્થભક્તિ જગતભરને બતાવો, જેવો અમારો હક છે તેવો જ હે જૈન બાંધવ ? તું વિદ્વાન હો કે તવંગર, ગમે તેવો હો પણ તેવો જ તારો પણ હક છે. દરેક જૈન બાંધવ તીર્થ તરફ ભક્તિ બતાવવાને બંધાયેલો છે, પોતાની ફરજ યથાશક્તિ બતાવવાને તે બંધાયેલો છે. દરેક જૈન બંધુએ યત્કિંચિત પણ એને માટે કરવું જોઇએ. મનુષ્યભવમાં આવી મળેલી અણમોલી તકનો ઉપયોગ કરવો જોઇએ.

આ પુસ્તકમાં અજાહરા પાર્શ્વનાથને અંગે અજયરાજાનું વર્ણન આપેલું છે તેને ઉદ્દેશીને નવલકથાની શૈલીએ આ પુસ્તક લખાયું છે; છતાં અજાહરા પાર્શ્વનાથના સંપૂર્ણ વર્ણન પછી ઉન્નતપુર, દેલવાડ, દ્વીપ દીવ અને કોડીનારનું વર્ણન પણ અનુક્રમે આપેલું છે. છેલ્લાં છેલ્લાં છેક કોડીનારનાં જગત પ્રસિદ્ધ શ્રી અંબિકાદેવીનું વર્ણન પણ અમે આપવાને ભૂલ્યા નથી. કેટલાક લેખો પણ લેવામાં આવ્યા છે. મળી એટલી સામગ્રીનો ઉપયોગ આ નવલકથામાં જૈન સમાજની જાણ માટે બનતા પ્રયાસે કરવામાં આવ્યો છે. સમાજ એનો આદર કરી પોતાનો ઉદાર હાથ આ પંચતીર્થી તરફ લંબાવે, તોએ જીર્ણ થયેલાં ઐતિહાસિક તીર્થસ્થળોનો ઉદ્ધાર થઇ શકે. અમારી એ શુભ મનોભાવના દરેક જૈન બંધુના હૃદય ઉપર અસર કરનારી નિવડો. અમારો આ આદરેલો પ્રયત્ન સફળ નિવડો !

કેમકે આ પંચ તીર્થોમાંનાં દેરાસરોમાં ઉપાશ્રયોમાં, અને ધર્મશાળાઓમાં હજી પણ ઘણું કામ કરાવવાનું બાકી છે. અને તે કામ હે જૈન બાંધવો ? તમારી સહાય વગર પાર પડી શકે તેમ નથી. જો તમને આ તીર્થ પ્રત્યે માન હોય, ભક્તિ હોય તો તે બતાવીને આ તીર્થોને મદદ કરો, મદદ વગર આ કાર્ય સુધરી શકે તેમ નથી. એક તો શ્રાવકોની વસ્તી અલ્પ છે તેમજ રેલ્વે આદિ સાધનોનો અભાવ હોવાથી યાત્રાળુઓનું આવાગમન પણ અહીયાં મોટા પ્રમાણમાં થતું નથી. ટીપ માટે બહાર નિકળી મહેનત કરે તેવા શ્રાવકો પણ નથી. આવી પરિસ્થિતિમાં આ તીર્થોનું અસ્તિત્વ કેવી રીતે કાયમ રાખવું. એ માટે મોટી મુંઝવણ ઉભી થયેલી હતી. છેવટે એક પછી એક એમ બે રીપોર્ટો બહાર પાડયા હતા. આવક ખર્ચના સંપૂર્ણ હીસાબ સાથે ખર્ચનો આંકડો સમાજને બતાવ્યો, કેટલાંક હેંડબીલો પણ કાઢયાં. પણ જાણો છોને, આપણી સમાજના રીઢા થયેલા બંધુઓએ મુખેથી વાહવાહના પ્રશંસાના બે શબ્દોથી કાર્યને પતાવી દીધું. જે વિદ્વાનો છે તે તો પ્રશંસાના બે શબ્દોમાં પોતાનું કાર્ય પતાવે છે જ્યારે, શ્રીમાનોને વાંચવાનો ને આ હકીકતોને જાણવાના સમયનો પણ અવકાશ નથી. આવી સ્થિતિમાં સારા ફલની આશા તે શીં રાખી શકાય !.

અનેક પ્રયાસોથી નાશીપાસ થવા છતાં ડુબતો માણસ જેમ તરવાને, બચવાને ફાંફાં મારે એમ આ અમારો આખરનો પ્રયત્ન છે. આ અમારો આખરનો પ્રયત્ન છતાં જૈન સમાજ પોતાનો ઉદાર હાથ આ તરફ નહીં લંબાવે, તો હવે અમે અમારી ફરજમાંથી મુક્ત થઇએ છીએ, આ ફરજમાંથી મુક્ત થઇ અમારી જોખમદારી અમે જૈન સમાજને માથે આરોપિત કરીયે છીએ એનું અસ્તિત્વ હવે તો તમારે હાથ અવલંબેલું છે. જાગો ? જાગો ?

| | |
|---|---|
| સ્વર્ગસ્થ વકીલ મોરારજી રઘુભાઇના<br>હદયોદ્દગાર | લેખક.<br>મણીલાલ ન્યાલચંદ શાહ |

# અનુક્રમણિકા.


| | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકરણ ૧ લું. | છાત્રણીમાં ... ... ... | ૧ |
| પ્રકરણ ૨ જું. | રાજકુમારી ... ... ... | ૯ |
| પ્રકરણ ૩ જું. | માહિષ્મતી નગરીમાં ... ... ... | ૧૮ |
| પ્રકરણ ૪ થું. | કુળદેવીને મંદિરે ... ... ... | ૨૫ |
| પ્રકરણ ૫ મું. | માર્ગમાં ... ... ... ... | ૩૧ |
| પ્રકરણ ૬ ઠું. | રમણીય મુંઝવણ ... ... ... | ૩૮ |
| પ્રકરણ ૭ મું. | કોની ખાતર ... ... ... | ૪૭ |
| પ્રકરણ ૮ મું. | ભૂત કે અદ્ભૂત ... ... ... | ૫૩ |
| પ્રકરણ ૯ મું. | જંજીરને ઝણકારે ... ... ... | ૬૩ |
| પ્રકરણ ૧૦ મું | કસોટી ... ... ... ... | ૭૦ |
| પ્રકરણ ૧૧ મું | મધ્યરાતે ... ... ... ... | ૭૬ |
| પ્રકરણ ૧૨ મું | શત્રુ કે મિત્ર ... ... ... | ૮૧ |
| પ્રકરણ ૧૩ મું | સ્વયંવર મંડપમાં ... ... ... | ૯૧ |
| પ્રકરણ ૧૪ મું | ભટ્ટજીની મુશીબત ... ... ... | ૧૦૨ |
| પ્રકરણ ૧૫ મું | અયોધ્યામાં ... ... ... | ૧૦૯ |
| પ્રકરણ ૧૬ મું | ભવિતવ્યતા ... ... ... | ૧૧૬ |
| પ્રકરણ ૧૭ મું | અજયરાજ ... ... ... | ૧૨૪ |
| પ્રકરણ ૧૮ મું | મનુષ્ય પ્રયત્ન ... ... ... | ૧૩૦ |

| | | |
|---|---|---|
| પ્રકરણ ૧૯ મું | સમયનો લાભ ... ... ... | ૧૩૮ |
| પ્રકરણ ૨૦ મું | કુટિલતા ... ... ... ... | ૧૪૮ |
| પ્રકરણ ૨૧ મું | સિંહ એતો સિંહજ ... ... ... | ૧૫૬ |
| પ્રકરણ ૨૨ મું | યુદ્ધ કરવાને ... ... ... | ૧૬૨ |
| પ્રકરણ ૨૩ મું | દિગ્વિજય... ... ... ... | ૧૬૯ |
| પ્રકરણ ૨૪ મું | સૌરાષ્ટ્રમાં... ... ... ... | ૧૭૭ |
| પ્રકરણ ૨૫ મું | સમુદ્રમાં ... ... ... ... | ૧૮૫ |
| પ્રકરણ ૨૬ મું | શ્રી પાર્શ્વનાથ ... ... ... | ૧૯૨ |
| પ્રકરણ ૨૭ મું | સ્વપ્નામાં ... ... ... ... | ૧૯૯ |
| પ્રકરણ ૨૮ મું | અજારાપાર્શ્વનાથ ... ... ... | ૨૦૪ |
| પ્રકરણ ૨૯ મું | સહસ્ત્રાંશુની દિક્ષા ... ... ... | ૨૧૩ |
| પ્રકરણ ૩૦ મું | અનરણ્યરાજાની દીક્ષા. ... ... | ૨૨૧ |
| પ્રકરણ ૩૧ મું | તે પછી શું ? ... ... ... | ૨૨૭ |
| પ્રકરણ ૩૨ મું | ઉન્નતપુર ... ... ... ... | ૨૪૫ |
| પ્રકરણ ૩૩ મું | દેલવાડા ... ... ... ... | ૨૫૪ |
| પ્રકરણ ૩૪ મું | દીવબંદર ... ... ... ... | ૨૫૮ |
| પ્રકરણ ૩૫ મું | કોડીનાર ... ... ... ... | ૨૬૩ |
| પ્રકરણ ૩૬ મું | કોડીનારનાં અંબિકા દેવી. ... ... | ૨૬૯ |
| ઉપસંહાર અને છેવટ. | ... ... ... ... | ૨૭૭ |

ભાવનગર—ધી આનંદ પ્રી. પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

અ. સૌ. સ્વ. બ્હેન રતનબાઈ જૈન

તે શા. કોરશી વિજપાલના ધર્મપત્નિ

કચ્છ આસંબીઆ મોટા



જન્મ સંવત ૧૯૩૬ દેહત્યાગ સં. ૧૯૮૩

## અ. સૌ. સ્વર્ગસ્થ બેન રતનબાઇનું સંક્ષિપ્ત

# જીવન ચરિત્ર.

---

સ્વર્ગવાસ પછી પણ જેમના જીવનની યાદગીરી કુટુંબીજનોને અને સહવાસમાં આવેલ દરેકને રહે છે તેનું કારણ તેમનાં સારાં કૃત્યો, શુદ્ધ હૃદય અને ધર્મપરાયણુતા છે. તેવાં પુરૂષો કે સ્ત્રીઓની જીવનરેખા પુસ્તકમાં લેવાથી વાચકવર્ગ તેવી ગુણીયલ વ્યક્તિનું અનુકરણ કરે તે જ અમારી ભાવના છે.

રતનબ્હેનનો જન્મ શ્રી કચ્છી જૈન વીશા ઓશવાળ જ્ઞાતિમાં શ્રી બીદડા મુકામે શેઠ લધાભાઇના પત્નિ માણેકબાઇની કુક્ષીએ સં ૧૯૩૬ માં થયો હતો. આ જ્ઞાતિમાં બલ્કે કચ્છ દેશમાં કેળવણી પ્રથમથી જ ઓછી છતાં સ્ત્રીઓ કે પુરૂષો સ્વાભાવીક સરળ હૃદયી હોય છે તેમ રતનબેનનો અભ્યાસ નાનપણમાં નહિ છતાં પુણ્યશાળી જીવ હોવાથી બાલ્યાવસ્થાથી જ તેમનું જીવન ધાર્મિક સંસ્કારો મેળવવા તત્પર રહેતું હતું. તેમની ૧૩ વર્ષની ઉમ્મરે તેમનાં લગ્ન સં. ૧૯૪૯ ના ફાગણ શુદી ૨ ના રોજ કચ્છ આસાંબીઆ નિવાસી શેઠ વીજપાલભાઇ નેણશીભાઇના સુપુત્ર શેઠ કોરશીભાઇની સાથે થયાં હતાં. અહીં શેઠ કોરશીભાઇના જીવનનો ટુંક પરિચય આપવાની જરૂર પડે છે.

કચ્છ આસાંબીઆ ગામમાં શેઠ નેણશીભાઇનું કુટુંબ પ્રતિષ્ઠાપાત્ર, ખાનદાન અને ધર્મપ્રેમી ગણાય છે. શેઠ નેણશીભાઇને ચાર પુત્રો હતા તેમાનાં નાના પુત્રરત્ન શેઠ વીજપાલભાઇને ત્યાં કોરશીભાઇનો જન્મ સં. ૧૯૨૯ ના ભાદ્રપદ વદી નવમીના રોજ થયો હતો.

વિજપાલ શેઠ સ્વભાવે સરળ, ધર્મપરાયણ, સાચા વ્યાપારી હતા. તેમના આવા ગુણો કોરશીભાઇને બાલ્યાવસ્થાથીજ વારસામાં મળ્યા હતા. વળી તેમના માતુશ્રી હીરબાઇએ તે ગુણોનું વધુ સીંચન કર્યું હતું.

આવા ઉચ્ચ ગુણોની સાથે તેમનામાં ખાસ ગુણો તો એ છે કે અનેક પ્રતિકુળ સંજોગોમાં પણ ધીરજ, સાહસ અને પ્રમાણીકતાથી તેઓ આગળ વધી રંગુનમાં એક નામાંકિત વ્યાપારી તરીકે પોતાનું જીવન આદર્શ કરી શકયા છે.

આપ બળથી મેળવેલી લક્ષ્મીનો સદ્વ્યય દરેક કાર્યોમાં ઉદાર દીલથી કરી રહ્યા છે. તેમની ઉદાર સખાવતો જાહેર કરવા પણ જેમની ઇચ્છા થતી નથી તેવું તો તેમનું સરળ હૃદય છે આવી ઉત્તમ વ્યક્તિ–ધર્મ પ્રેમી નરરત્ન સાથે રતનબ્હેનના લગ્ન થયાં હતાં.

રતનબ્હેનના લગ્ન થયા બાદ એક ખાનદાન કુટુંબમાં રતન (ઝવેરાત) વધુ પ્રકાશે તેમ રતન બ્હેન શેઠ કોરશીભાઇના ઉચ્ચ વિચાર, સત્યતા, સરળતા, સાહિત્ય પ્રેમ, આદિ ગુણોએ અલંકૃત થઇ જીવન ઉજ્વળ બનાવી શકયાં. ગુજરાતી, ધાર્મિક વિગેરે અભ્યાસ દ્વારા કરી ગુજરાતી સાત ચોપડી તેમજ ધાર્મિક પ્રતિક્રમણાદિ વિગેરેનો સારો અભ્યાસ કરવા ઉપરાંત તેઓ આવશ્યક ક્રિયાઓ કરવાનું પણ ચૂકતાં નહોતાં કુદરતી રીતે જ તેમનો ધર્મ પ્રેમ વધતોજ ગયો. પ્રતિષ્ટીત કુટુંબમાં દરેક પ્રકારની સગવડતા હોય તેમાં નવાઇ શું! આવી દરેક પ્રકારની સામગ્રીમાં મોજશોખ કે વૈભવી જીવન નહિ બનાવતાં રતન બ્હેન સામાયક, પ્રતિક્રમણ નવસ્મરણ સ્તોત્રો વીગેરે ભણવા ગણવાનું તેમજ ધાર્મિક પુસ્તકો વાંચવામાં સમયનો સદુપયોગ કરતાં હતાં ઘરમાં નોકરો મોટર, ગાડી, ઘોડા, દરેક પ્રકારના વૈભવ છતાં રતન બ્હેનની સાદાઇ હદ વગરની હતી, જાતે જ ગૃહકાર્ય કરવાની ટેવ સાથે દરેકથી મીલનસારપણું કોઇપણ જાતની મોટાઇ જ નહિ આવા તેમના ગુણોથી બંને પક્ષમાં તેમણે કુટુંબી જનોનો સારો પ્રેમ મેળવ્યો હતો. ધર્મચૂસ્ત એટલા બધાં હોવા સાથે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ તો તેમની એક આવશ્યક ક્રિયા હતી. પ્રગટ પ્રભાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુના તો તેઓ અનન્ય ભક્તિવાળાં હતાં.

કુદરતે રતન બ્હેનને તેમના આવા ઉચ્ચગુણો નિર્મળ, નિષ્કપટી જીવનથી દરેક જાતનો વૈભવ આપ્યો હતો. તેમને એક પુત્ર ભાઇ રવજી ભાઇ, કે જેમની ઉમર હાલ ૩૧ વર્ષની છે. તેમને પણ બે પુત્રો નામે શાંતીલાલ અને જેડાલાલ તેમજ ત્રણ પુત્રી નામે સુંદરબાઇ, કેશરબાઇ અને નિર્મળાબાઇ નામે છે. આવી કુટુંબની વિશાળતા દરેક પ્રકારની સમૃદ્ધિ તેમનાં સાસુ હીરબાઇ ( શેઠ કોરશીભાઇનાં વૃદ્ધ માતુશ્રી ) પણ મેળવી શક્યાં, સંસારનો ઉભય પ્રકારનો લ્હાવો લઇ રહ્યાં છે. સારા હિંદુસ્તાનમાં આવાં કુટુંબ કે જ્યાં માતા-પિતા, પુત્ર-પુત્રી, પ્રપૌત્ર-પ્રપૌત્રી વિગેરે સંપત્તિ વૈભવમાં નીરખવાનો સમય કોઇક જ ભાગ્યશાળીને મળે છે. પૂર્વની પુરી પુણ્યાઇને યોગે જ આવી સામગ્રી મળે છે અને ટકે છે. અધુરી પુણ્યાઇમાં કંઇકને કંઇક સંસારીક વ્યાધિ ઉભી જ હોય છે. જ્યારે રતન બ્હેન જેવા પુણ્યશાળીને આવો વૈભવ સાંપડયો હતો. આવા સ્વર્ગીય સુખમાં પણ રતનબ્હેન પોતાનું કર્તવ્ય ચૂકયા નહોતાં. શ્રી શત્રુંજય, શ્રી ગિરનાર, સમેતશિખરજીની મોટી યાત્રાઓ કરવા ઉપરાંત ઘણા ગામોનાં જિનાલયોનાં દર્શનનો લાભ તેમણે લીધો હતો.

આટલી શ્રીમંતાઇમાં નિરાભીમાનનો ખાસ ગુણ વળગી રહ્યો હતો. ગરીબો, અભ્યાગત, લુલાં, લંગડા, ભુખ્યા દુખ્યાને હજાર કામ પડતાં મુકીને સંતોષથી જમાડતાં.

આધુનીક બ્હેનો ગમે તો શ્રીમંત હો કે ગમે તો સાધારણ હો. તેમણે આવાં ઉચ્ચજીવનમાંથી ઘણું ગ્રહણ કરવાનું છે. સરળ હૃદયી, વાત્સલ્યભાવ, નિરાભીમાન વિગેરે ગુણોને શણગારરૂપ માની તદરૂપ થવાની જરૂર છે.

આવી રીતે રતન બેનના ઉચ્ચ જીવનથી શેઠ કોરશીભાઇનું જીવન પણ સંસારની આધિ વ્યાધિથી મુક્ત હતું. નિશ્ચિંત હતું. દંપતિ જીવન સુખ સંપતિ અને ધાર્મીક કૃત્યોથી પસાર થતું હતું. કલેશ કે ઉપાધીનું તો સ્વપ્ન પણ નહોતું.

આવું આદર્શ સુખી જીવન દરેક પ્રકારનો વૈભવ કુદરતને નહિ

ગમ્યા હોય તેમ આ કુટુંબ રંગુનથી સગા સંબંધીના લગ્ન નિમિત્તે દેશમાં ( આસાંબીયા કચ્છમાં ) આવ્યા. કે થોડા જ દિવસમાં રતન બ્હેનને પેટમાં અસાધારણ વાયુ દુઃખાવો ઉત્પન્ન થયો. માનો કે જીવલેણ રોગ થયો. કુટુંબીજનો તેમના આ વ્યાધિથી હતાશ થઇ ગયા પરંતુ કુદરતને જે વાત ન ગમી ત્યાં મનુષ્યનું શું ગજું.

શેઠ કોરશીભાઇ ધૈર્યશાલી, ધર્મપ્રેમી હોવાથી તેમજ અભ્યાસી હોવાથી તેમનાં પત્નિ રતન બ્હેનને ધાર્મિક સૂત્રો, સ્તોત્રો, સઝાય વિગેરે સંભળાવી તેમનું દુઃખ ઓછું કરતા હતા. આખરે સર્વે કુટુંબી જનોને, સગા સબંધીઓને ખમાવી રતન બ્હેને સં. ૧૯૮૩ ના વૈશાખ શુદી ૧૪ શનીવારના રાત્રીના લગભગ નવ વાગે બીદડા મુકામે ( પોતાને મોસાળ ) દેહ ત્યાગ કર્યો. આવાં અંતીમ સમયે પણ તેમનું જીવન કેટલું ધર્મમય છે તે વિચારવા જેવું છે શેઠ કોરશીભાઇ ધાર્મીક ઉચ્ચ સંસ્કારવાળા હોવાથી વૃદ્ધાવસ્થામાં લાગેલો આ ઘા શાંતિથી સહન કરી રહ્યા છે તેમણે તેમનાં સદ્‌ગત સુશીલ પત્નિના સ્મરણાર્થે કચ્છ આસા-બીયામાં જૈન પાઠશાળા ખોલી રૂા. ૧૦૦૦૦) દશ હજાર અર્પણ કર્યા છે તેમજ બીજી કેટલીયે સખાવતો કરી રહ્યા છે. ઉપરાંત સ્વર્ગસ્થની યાદગીરી માટે આવાં ઇતિહાસીક પુસ્તકો પણ પ્રગટ કરાવી સાહિત્યનો ફેલાવો કરી રહ્યા છે.

અંત સમયે પોતાનો જીવ મોહ-માયામાં, પુત્રાદિ પ્રેમમાં ન પડી જાય માટે તેમણે સૌને આગલે દીવસે આસાંબીયા રવાના કર્યા.

આવાં સ્ત્રી રત્નની જીવન રેખા લખતાં અમારી કલમ પણ ચાલતી નથી કે આવી ઉત્તમ સન્નારીઓ કેમ અલ્પાયુષી હશે ! પરમાત્મા તેમના આત્માને પરમ શાંતી આપો તે ઇચ્છા સાથે સ્ત્રીઓનાં આવાં ઉચ્ચ જીવન દરેક સ્ત્રીઓ વાંચી સાર ગ્રહણ કરી પોતાના જીવનને ઉચ્ચ બનાવી કુટુંબમાં વાત્સલ્યભાવના વધારે એજ અમો ઇચ્છીએ છીએ.

ॐ ह्रीँ श्रीँ पार्श्वनाथाय नमः

# શ્રી અજાહરા પાર્શ્વનાથ.

## પ્રકરણ ૧ લું.

### છાવણીમાં.

આજથી લગભગ છ લાખ વર્ષ પહેલાંના એક સમયમાં સાકેતપુર નગરની સમીપના એક ગીચ વસ્તીવાળા પ્રદેશમાં ઉદ્યાનની રમણીયતાનો અપૂર્વ આનંદ મેળવવાને રાજા અનરણ્ય છાવણી નાખીને પડયો હતો. પડખે સરયુ નદીનાં અથાગ ઉંડા જળ પોતાની ગંભિરતા બતાવતાં શાંત વહી રહ્યાં હતાં.:એ વનના કુદરતી સૌંદર્યમાં વધારો કરી રહ્યાં હતાં. વસંતઋતુના સોહામણા દિવસો એક પછી એક વ્યતિત થતા હતા. નગરનો આનંદ લઇને ધરાઇ ગયેલો અનરણ્ય રાજા, પોતાના અંગત અંગરક્ષકો અને સુભટો સહિત કુદરતી સૌંદર્યની મોજ અત્યારે માણી રહ્યો હતો. જેથી વનની ભૂમિ નિર્જન છતાં અત્યારે અનેક તંબુઓ ત્યાં ઉભેલા આકાશ સાથે વાતો કરી રહ્યા હતાં. એની વચમાં રાજા અનરણ્યનો મનોહર

અને ભવ્ય તંબુ હતો. છાવણીમાં રાતદિવસ પહેરા ભરનારા સુભટો પોતાની ફરજ અદા કરી રહ્યા હતા.

રાજા [1]અનરણ્ય શરીરે મજબુત અને કદાવર હતો. એનું વય લગભગ ત્રીશેક વર્ષનું લાગતું હતું. એ રાજાનું શરીર પ્રચંડ, ભરાવદાર અને ભવ્ય હતું. જો કે તે પ્રચંડ અને વિશાળ સૈન્યના બળવાળો હોવા છતાં રાજા અનરણ્ય પોતાના પરાક્રમ ઉપર વિશેષ મુસ્તાક રહેતો. રાજ્યગાદી ઉપર આવ્યા પછી ઘણા શત્રુઓને એણે પોતાનો હાથ બતાવ્યો હતો એના પિતાના જેવો એ પરાક્રમી અને શૂરવીર હતો. ઘણા રાજાઓને જીતીને એના પિતા રઘુરાજાએ અયોધ્યાની ગાદી નિષ્કંટક બનાવી હતી. એ ગાદી ઉપર આવેલા અનરણ્ય રાજાએ તાજને નહિ માનનારા રાજાઓને નમાવી પોતાની આજ્ઞા મનાવી હતી. આજે એના રાજ્યમાં શાંતિ હતી, એ શાંતિનો લાભ લઇને પ્રજા પોતાનો ધંધો નિર્ભયપણે કર્યે જતી હતી. જ્યારે પ્રજાજનો શાંતિનો લાભ લેતા હતા, તો પછી રાજા શાંતિનો આસ્વાદ કેમ ન લે ?

ભોજન કાર્યથી નિવૃત્ત થઈને અનરણ્ય (અજય) રાજા પોતાની રાવટીમાં બેઠેલો હતો, અનેક પ્રકારના વિચારોમાં તે નિમગ્ન હતો. એની આંખો પાણીવાળી અને તેજદાર હતી. જેની ઉપર પડતી તે તેજથી ડઘાઇ જ જતો. એ ભરાવદાર ગૌરવદનનો પ્રતાપ શત્રુઓને અંજાવાને પુરતો હતો, એ

---

૧ અજયરાજાનું બીજું નામ અનરણ્ય હતું.

શાંતિમાં બેઠેલા વિચારનિમગ્ન રાજાની આગળ આવીને પહેરેગીર નમ્યો. " દેવ ! માહિષ્મતી નગરીથી એક દૂત આવ્યો છે ને આપને મળવા માગે છે. "

માહિષ્મતીનું નામ સાંભળી રાજા ચમકયો. " શું માહિષ્મતીને દૂત ? માહિષ્મતીના પરાક્રમ તે જાણુતો હતો, પોતાનો તે હરીફ હતો, " જા એને જલદી પ્રવેશ કરાવ ? કેમ આવ્યો છે ? શું કામ આવ્યો છે ? "

" પ્રભો ! તે હું નથી જાણુતો ? આપને તે રૂબરૂમાં કહેવા માગે છે. અયોધ્યામાં આપ ન હોવાથી તે મારતે ઘોડે અહીં આવી આપની પાસે હાજર થવા માગે છે. "

પહેરગીરનું વચન સાંભળી રાજાએ એને પ્રવેશ કરવાની આજ્ઞા આપી થોડીવારમાં પહેરેગીર દૂતને તેડી લાવ્યો. મહારાજને નમન કરી ઉભો રહ્યો. રાજાની નેત્ર સંજ્ઞાથી પહેરગીર ત્યાંથી ચાલ્યો ગયો.

"મહારાજ ! અમારા મહારાજ સહસ્રકિરણુ રાજાએ મને આપને ખાસ આમંત્રણુ કરવાને મોકલ્યો છે. મારા સ્વામીને ને આપને કોઇપણુ જાતનો સંબંધ તો નથી છતાં અત્યારનું આમંત્રણુ સ્વીકારી એટલો અનુગ્રહ કરો ? "

" સહસ્રાંશુ રાજા ખુશી આનંદમાં તો છે ને ? " અજય રાજાએ પ્રસન્ન વદને પૂછ્યું.

" તેઓ ખુશીમાં છે, ને આપને ત્યાં સાક્ષાત્ જોઈને વિશેષ ખુશી થશે ? " દૂતે જવાબ આપ્યો.

" ઓળખાણુ નહિં છતાં આમંત્રણુ કોઇ ખાસ કારણુને અંગેજ કે સ્વાભાવિક છે ? "

" કારણુ તો ખરૂંજને ! મારા સ્વામી સહસ્રાંશુને પૃથ્વી નામે એક નાની બેન છે. એનો સ્વયંવર મંડપ થવાનો છે થોડાએક દિવસમાં એનું મુહૂર્ત્ત પણુ આવે તેમ છે તો એ મુહૂર્ત્ત જેવા માંગલિક પ્રસંગમાં આપની હાજરી પ્રથમથી થાય એવી અમારા સ્વામીની ઇચ્છા છે. "

" રાજકુમારી પૃથ્વીદેવીનો સ્વયંવર થવાનો છે શું ? " રાજાએ પુછ્યું.

" હા પ્રભો ? એમજ છે. એવા ઉત્તમ પ્રસંગે આપ આવી પહોંચશો તો મારા સ્વામી બેહદ ખુશી થશે. અન્યોન્ય નવીન સ્નેહની વૃદ્ધિ થશે. અનેક રાજા મહારાજાઓને પણ તે સમયે પધારવાને આમંત્રણો થયાં છે. "

" દૂત ! તારી એ રાજકુમારી કેવીક છે વારૂ ? " અજયરાજાએ કંઇક વિશિષ્ટ આશયથી પૂછ્યું.

ગમે એટલો વ્યાપાર ચાલે છતાં વ્યાપારી અસંતોષી જ હોય, બ્રાહ્મણુને જોઇએ તેટલી દક્ષિણા આપો છતાં એને સંતોષ હોય કે ? કૃષિકારને ખેતરમાં ગમે તેટલું અનાજ પાકે છતાં એ તો એમજ કહે કે બરાબર ન પાકયું. અગર કદાચ બહુ કહેતો ઠીક છે, એવી રીતે રાજાઓ પણુ ગમે એટલી પૃથ્વી કે સ્ત્રીઓથી સંતોષ પામ્યા છે વારૂ ? સુભૂમ ચક્રવર્તીને છ ખંડની સમૃદ્ધિ છતાં બીજા છ ખંડ સાધવાનો લોભ થયો, વાસુદેવોને

બત્રીશ હજાર ચક્રવર્તીઓને ચોસઠ હજાર અંતે ઉરી છતાં અને એવા સંપૂર્ણ પંચિંદ્રિયના વિષયો ભોગવતા છતા પણ તે તૃપ્તિ પામતા નથી. શી માનવ પ્રાણીઓની વિચિત્ર તૃષ્ણા ?

મહારાજંના પ્રશ્નના જવાબમાં દૂતે જવાબ આપ્યો. " દેવ ? એ રાજબાળાનું દર્શન જ્યાં દેવોને પણ દુર્લભ હોય તો પછી અમારી તે શી વાત ? છતાં કર્ણોપકર્ણું સાંભળવા પ્રમાણે જગતમાં એની જોડી આજે વિધાતાએ ભાગ્યેજ કદાચ ઘડી હોય, એના સૌંદર્યના એની ચાતુર્યતાના વર્ણન કરવાની મારામાં શી શકિત હોય, સ્ત્રીઓની ચોસઠે કળામાં એની પ્રાવિણ્યતા, તેમજ સ્ત્રીને યોગ્ય જે ગુણો જોઇએ તેમાં એની દક્ષતા, એની કાર્યકુશળતા, ડહાપણ ન્યુનતો નથી જ. સ્વયંવર મંડપ કરવા છતાં દુન્યાના સર્વે રાજા મહારાજાઓમાંથી એને યોગ્ય વર મલશે કે કેમ એની જ મને તો શંકા છે. "

રાજાને એનાં વખાણ કંઇક વધારે પડતાં લાગ્યાં, " અરે વાચાળ ? તું કંઇકવધારે પડતું બોલે છે. આવી વિશાળ અને વૈભવવાળી દુનિયામાં વિધિએ એને માટે પતિજ નહિ ઉત્પન્ન કરેલો હોય, એવી તે એ કેવીક છે કે જેનાં તું આવાં વર્ણન કરી રહ્યો છે ? "

" આપ જાતે જોશો તે પછી ખાતરી થશે .કે મારૂં કથન આપને સત્ય લાગે છે કે અસત્ય, એના સ્વરૂપનું વસ્તુતઃ વર્ણન તો હું પણ કરી શકું તેમ નથી. છતાંય, આતો

યત્કિંચિત તમને કહું છું. દેવ ? જરાય એમાં અતિશયોકિત છે એમ ન માનતા ? ”

“ ઠીક છે, તારૂં કથન કદાચ સત્ય હશે. નહિ તો સહ-આંશું સાથે મિત્રતા થશે, એ કારણથી તારૂં સ્વાગત સ્વીકારવા મારી પણ ઇચ્છા છે. ”

“ માટેજ કહું છું કે આપ જાતે જુઓ. અને કદાચ વિધિની મરજી હોય તો........દૂત બોલતાં અટકી પડયો.

“ તો....................એટલે શું ? ”

“ આપનું ત્યાં પધારવું સાર્થક થાય, ને આપનો ને એમનો સંબંધ જુદાજ સ્વરૂપમાં બંધાઇ જાય ? ”

“ એ ભાવીના પડદામાં છુપાયલી વાતો તો જ્ઞાનીથીજ જાણી શકાય ? ”

“ છતાંય આપના ત્યાં પધારવાથી હાની તો કંઇ નહિ જ થાય. ”

“ એ તો બેશક નિઃસંદેહ વાત છે. ”

“ જ્યાં હાની ન થાય ત્યાંથી લાભ થાય એવું જગતમાં જોવાય છે, મને પણ એમ જણાય છે. દેવ ? આપ જરૂર પધારશો ? ”

“ ઠીક છે, તું બહુ ચાલાક ને હોંશીયાર છે તારી જબાન મીઠી છે. હાલમાં તો તું અમારો મેમાન થા ? ”

" આપની રજા લઇ મારે ઝટ સ્વામીનો સંદેશો પહોંચાડવો જોઇએ. "

" તો તે માટે ઉચીત વ્યવસ્થા કરવામાં આવશે. "

બે દિવસ અજયરાજાનો મહેમાન થઇ દૂત રાજા તરફથી મળેલી ભેટ, સોગાત સ્વિકાર કરી ચાલ્યો ગયો.

દૂતના આવી ગયા પછી ચપળ ચિત્તવાળા રાજાને કંઇ પણ ચેન પડતું નહિ, માહિષ્યમતી તરફ જવાનો એની આતુરતા વધવા લાગી. આ વન વિહાર પણ એને ખુશ કરનાર ન નિવડયો; અનેક વિચારો એના મગજમાં આવવા લાગ્યા. " અહા ! એ સહસ્ત્રાશું શામાટે પોતાની બેન મને ન આપે? પણ એવો પ્રશ્નજ અસ્થાને છે. રાજબાળાઓ હમેશાં સ્વતંત્ર વિચારવાળી હોય છે. તેઓ પોતાને પસંદ પડે અનુકુળ આવે એવાજ પતીને પસંદ કરનારી હોય છે. એની મરજી જેની ઉપર ઉતરે એની સાથે એ પોતાનું ભાગ્ય જોડે છે, તેથીજ સહસ્ત્રાશું એ સ્વયંવર મંડપમાં એનું ભાગ્ય એને પોતાને હાથે જ ઘડવાની તક આપી હશે અસ્તુ ? ગમે તે હો ? એક વખત માહિષ્મતી જવું તો ખરૂં.:"

છાવણીની પાસે સરયુના તટ ઉપર ફરતાં રાજા અનેક પ્રકારના એવા અભિનવ વિચારોમાં લીન હતો. એટલામાં એક અવાજ તરફ મહારાજનું લક્ષ્ય ખેંચાયું. " એ મહારાજ ? દોડજો ? દોડજો ? મરી જાઉ છું, મરી જાઉં છું, "

" અરે ? આ કોણ મદદ માટે મને બૂમ પાડે છે આ તો

શિવશંકરનો શબ્દ ? શું કંઇ આફત્તમાં સપડાયો કે નદીમાં તણાયો ? ”

રાજા અવાજ તરફ દોડયો સરયુના જલમાં ડુબી મરતા શિવશંકરની નજર મહારાજ ઉપર પડતાં “એ મહારાજ ? ડૂબી મરૂં છું રે બાપ ? ”

રાજા કપડાં ઉતારી તરતજ સરયૂના અથાગ જલમાં પડયો. તરતાં તરતાં એ ભટ્ટજીની પાસે જઇ શિવશંકરને પાણીની બહાર ખેંચી કાઢયા. એના પેટમાં થોડુ ઘણું પાણી પણ ગયેલું તેથી થોડીવાર તો તે નિશ્ચેષ્ટ જેવો પડી રહ્યો, પણ વનની એ સુંદર હવાના સ્પર્શથી એનું મંદ પડેલું ચૈતન્ય પાછું જાગૃત થયું ધીરે ધીરે ભટ્ટજી હાલ્યા, એ ચંચળ આંખો ઉઘાડી “ મહારાજ ? હું કયાં છું ? ”

“ ભટ્ટજીને ગભરાયેલો જોઇ મહારાજ બોલ્યા, “શિવ શંકર ? આટલો બધો ગભરાય છે કેમ ? ”

સાવધાન થવાથી એકદમ ઉભો થઇને બોલ્યો “ ગભરાઉ નહિ તો શું કરૂં ? આ રાંડ સરયૂ મને આખોને આખો હજમ કરી જતી હતી. એ રાંડને કોઇ નહિ ને હું મલ્યો એક બ્રાહ્મણ ? હું એને શ્રાપ આપું ? ”

ભટ્ટજીનો જવાબ સાંભળી મહારાજ ખડખડ હસી પડયા. “ અરે ભોળા ? તારો શ્રાપ એને શું કરવાનો ? તું નદીમાં શું કરવા પડયો. ”

“ મહારાજ ? તરસ લાગેલી તેથી કિનારે બેસી

પાણી પીવા લાગ્યો એટલામાં પગ સરકી ગયો ને એ સરયૂએ મને એકદમ પોતાના ઉત્સંગમાં ખેંચી લીધો. આપ ન આવ્યા હોત તો એ રાંડ તો મારો જીવ લેત ? ”

“ હશે ચાલ હવે તારો એ ગુસ્સો જવાદે ? તારા ગુસ્સાથી એ કાંઇ ડરી જવાની નથી ફરી એનો વિશ્વાસ ન કરતો હવે ? ”

“ હવે ? એ શું બોલ્યા, હવે તો એ રાંડ જાતનો વિશ્વાસ જ નહિ કરૂં. હરિ ! હરિ ! શિવ ! શિવ ! ”

“ શિવ તો તું પોતેજ છો, ચાલ હવે ? ”

તે પછી વાતો કરતા બન્ને છાવણીમાં ગયા. પછી રાજાનું ચિત્ત ચંચળ થવાથી તે વનવિહાર પૂરો કરી નગરમાં ચાલ્યો ગયો.

## પ્રકરણ ૨ જું.

### રાજકુમારી.

બાળા:ગંભિર વદને પોતાના દિવાનખાનામાં અત્યારે આમતેમ આંટા મારી રહી હતી. એ બાળા છતાં એની ચતુરાઇ એના હૈયાની ગુંચ દૂર કરી શકે તેમ ન હોતું. એક પછી એક વિચાર હૈયામાં આવતા અને અસ્ત થઇ જતા અનેક રાજકુમારોના અને રાજાઓના ફોટાઓ એના દિવાનખાનામાં

વિદ્યમાન હતા. તેમજ દરેક દરેક રાજકુમારો અને રાજાઓનાં બની શકે તેટલાં ચરિત્ર જાણવાનો બાળાએ અભ્યાસ કર્યો હતો, છતાં બાળાનું મન ક્યાંય સ્થિર થઈ શક્યું નહિ, જેથીજ તે મુંજાતી હતી.

થોડા દિવસમાં પોતાનો સ્વયંવર મંડપ થશે. એ સમયે તો ગમે તે રાજા કે રાજકુંવરને અવશ્ય પસંદ કરવો પડશે, છતાં હજી લગી મન કેમ કોઈની તરફ આકર્ષાતું નથી, કંઇ સમજાતું નથી કે ભાવી શું થવાનું છે ! "અરે સ્ત્રીનું જીવન એટલે પરાધિન જીવન, પુરૂષને આધિન જીવન એ જીવનનો સાથી પુરૂષ જો લાયક ન મલે તો સ્ત્રીની શું દશા;? કયા પુરૂષને વરવાથી જીવન સર્વાંશે સુખી થશે, એવું જ્ઞાન હોત તો કેવું સારૂં, આટ આટલી વ્યવસ્થા, સગવડતા અને ખર્ચ કરવા છતાં ભાગ્ય એ એક અજબ વસ્તુ છે. મનુષ્ય પ્રયત્ન છતાં ભાગ્યમાં જેવું લખાયેલ હોય તેમજ બને છે. તો મારા ભાગ્યમાં કોણ લખાયેલ હશે ત્યારે ?

લગ્નના દિવસો પાસે આવવા માંડયા તેમ તેમ બાળા પૃથુકુમારી વિશેષ ગંભિર થતી જતી હતી કાર્યના પરિણામ તરફ એનું લક્ષ્ય વધારે હતું, વારેવારે એના મનમાં એજ પ્રશ્ન થતો કે "ભાગ્યમાં શું હશે ? અથવા તો આ બધું શા માટે, પરણીને પરાધિનપણે જીવન ગુજારી પતિની તાબેદારી ઉઠાવા કરતાં પ્રભુની ચાકરી કરવામાં આવે તો ખોટું શું ? સંસારના મોહમાં પડવા કરતાં એ સંસારને તજવામાં આવે

તો વાંધો શું ? સંસારનો ત્યાગ કરી ત્યાગી થવામાં તો એકાંતે હિત છે. જ્યારે આટઆટલો ખર્ચ, વ્યવસ્થા કરવા છતાંય ભાગ્યમાં જેવું હોય તેવુંજ મલી શકે છે, એક તો પૂર્વે ઘણુંય પાપ કરેલું હોય ત્યારે સ્ત્રીનો અવતાર આવે, તેમાંય આત્માએ સવિશેષ માયા, કપટ, દંભ સેવ્યા હોય તો સ્ત્રીપણું મલે, જોયુંને, મલ્લીનાથ ભગવાન તિર્થંકર થયા છતાં એમને સ્ત્રી અવતાર લેવો પડયો, પૂર્વે એમણે એટલું બધું તપ કર્યું કે જેથી એમણે તિર્થંકર નામ કર્મ બાંધ્યું, પણ માયા સહિત એ તપ:કરવાથી એમને સ્ત્રી વેદ બંધાયો, એવાજ કોઇ પાપના યોગે હું પણ સ્ત્રીવેદ પામી છું. ને આ ભવમાં પણ જો સંસારના મોહમાં લપટાઇ પતિ તેમજ કુંટુંબીજનોને માયાથી ઠગવા વડે જો કપટ કળાનો અભ્યાસ કરીશ તો ખચીત આ મનુષ્ય ભવ મારો નિષ્ફળ જશે ને હું અધોગતિમાં ઉતરી જઇશ. માટે ભુલ્યા ત્યાંથી ફરીથી ગણવું એ નિયમને અનુસરી સાવધાન રહેવું જોઈએ ત્યારે શું હું સંસારની મોહ માયાનો ત્યાગ કરી શકું તેમ છું ? " ઘણા વિચારને અંતે એણે પોતાના મન સાથે પ્રશ્ન કર્યો.

" હા !:એ વિષ સમાન વિષયો મને છોડે એમ નથી. અરે, ભૂતકાલમાં અનંતીવાર એ વિષયો ભોગવ્યા, છુટયા, અને.છોડયા, છતાંય તૃપ્તિ થતી નથી. દરેક ભવે નવા નવા તૈયારજ, ને કદાચ ન મલે તો પૂર્વના.ૠણાનુંબંધે એની તરફ એટલું તો.આકર્ષણ રહે છે કે આત્મા રાત દિવસ એનેજ ઝંખ્યા કરે છે. એનીજ આર્તિથી રાત દિવસ પીડા પામે છે.

નમલે છતાંય એના ધ્યાનથી તે મુક્ત થતો નથી. સમર્થ, શક્તિ સંપન્ન આત્મા એને પરવશ પડી રાંક, દીન, હીન બની જાય છે. અરે વિષયોમાં સુખ માની પોતે પોતાને, પોતાના સુખને પણ ભુલી જાય છે. આજે મારી પણ એજ સ્થિતિ છે. અત્યારે તો ત્યાગ કરતાં ભોગો વધારે ગમે છે, પહેરી ઓઢીને બાહ્ય સુખમાં મગ્ન રહેવું એ અધિક પ્રિય છે, એ બાહ્ય અલ્પ સુખના બંધનમાં પડેલા આત્માને એથી અધિક વસ્તુસ્થિતિ સમજવાની ફુરસદ કયાં છે? સંસારની વિચિત્રતા જુઓ, પ્રાણીઓના સુખની પણ હદ કેવી છે. નાનું બાળક માતાની ગોદમાં સુખમાને છે. જરીક મોટો થયો કે એને રમત ગમતમાં મજા પડે છે. તો કોઈને તોફાન, કલહ કરવામાં આનંદ પડે છે. યૂવાન વયમાં કોઇ પ્રિયાની ગોદમાં સુખ માને છે તો કોઇ ધન કમાવામાં, કોઇ નાટક ચેટક જોવામાં મજા માણે તો કોઇ હકુમત ચલાવવામાં, એવી રીતે પ્રાણીઓના સુખની દિશાઓ ન્યારી ન્યારી હોય છે. એવી રીતે હું પણ વૈભવોમાં સુખ માની બેઠી છું. એ ભોગવવાને મારૂં મન તલસી રહ્યું છે. છતાં સુકાની કોણ અને કેવોય મળશે એ તો જ્ઞાની જાણે ?"

એ વૈરાગી છતાં સંસારના ભોગો ભોગવવાને આતુર થયેલી બાળા પૃથુકુમારી પોતાની જમણા હાથની તર્જની અંગુલી હડપચીએ લગાડી વિચરમાં બેઠી હતી. બાળામાં ધાર્મિક સંસ્કારો પડેલા હોવાથી ક્ષણવાર ત્યાગ માર્ગની ભાવના આવતી છતાં ભોગોથી લિપ્ત એનું મન તરત જ પાછું પલટાઈ જતું હતું. એ વિચારમાં પડેલી બાળાની ચિકિત્સા એની

પછવાડે ઉભેલી એની સખીઓ જોયા કરતી હતી, બેન! આટલાં બધાં કાંઇ વિચારમાં...."

**કેતુમતી** પ્રગટ થઇ સામે આવીને બોલી.

" લે ? વિચાર કેમ ન આવે જેને એકલા જ રહેવાનું હોય જેને બેકલા થવું ન ગમતું હોય એને કાંઇ વિચાર કરવાનો ન હોય, પણ બેનને તો હવે..........." બીજી તરફથી પુષ્પાવતી મજાક કરતી બહાર નિકળી આવી.

" અલી ! હવે એટલે શું....કેમ અધુરૂં છોડી દીધું પુરૂ કરની ? " ત્રીજી સખી બોલી.

" લેની પુરૂં હુંજ કરૂં, બેન, એકલામાંથી હવે બેકલા થશે એજ કે બીજું વળી ? " કળાવતી પ્રગટ થતી બોલી.

એક પછી એક એક સખીયોને પ્રગટ થતી નિહાળી પૃથુકુમારી બોલી " અરે, આ બધો રાફડો ક્યાંથી ફાટી નિકળ્યો.

" ક્યાંથી શું ? હવે થોડા દિવસ પછી તમે અમને છોડી જશો એટલે હવે થોડા દિવસ મળી ભેટી લઇએ, વળી બીજું શું ? "

" પણ કહો તો સહી, બેન ? કોનાં ભાગ્ય ઉઘડયાં, પસંદગી કોના ઉપર ઉતરી ? " કેતુમતી બોલી.

" કોની ઉપર વળી શું ? જે પરાક્રમી હશે એ જીતી જશે, રાજાઓને તો પરાક્રમમાંજ લક્ષ્મી રહેલી છે. " કળાવતી બોલી.

" એકલા પરાક્રમને શું કરે, ચાતુર્ય પણ જોઇએ, ને સૌંદર્ય પણ જોઇએ, ગુણો તો વળી વિશેષે કરીને જોઇએ, સમજી ? " પુષ્પાવતી બોલી.

"પણ એ બધુંય એક ઠેકાણે હોય એની કેમ ખબર પડે, દરેક વસ્તુની તો પ્રસંગ પડે ખબર પડે. " રાજકુમારી પૃથુ બોલી.

" એજ ખુબી છે ને ? ખબર કેમ ન પડે, ખબર ન પડે તો આપણી ચતુરાઇ ધુળમાં મળે, આપણે સ્ત્રીઓ, પુરૂષ ઉપર દૃષ્ટિ પડતાંજ એનું માપ કાઢીયે. " ચંદ્રાવતીએ કહ્યું.

" ઠીક છે તારૂં કહેવું ચંદ્રાવતી ? અનુમાન પ્રમાણથી પણ વસ્તુનો નિર્ણય તો થઇ શકે તેમ છે ? " પૃથુમારીએ જણાવ્યું.

" બેન ? પણ તમને શું પસંદ છે, બળ, બુદ્ધિ કે સ્વરૂપ ? " ચંદ્રાવતી એ આતુરતાથી પૂછયું.

" તમને બધાને શું ગમે છે તે તો કહો પછી મારી વાત ? " રાજકુમારી એ કહ્યું.

" સ્વરૂપે સોહામણો હોય તો આપણને તો ગમે, કાળા માણસો હંમેશા હૈયાના મેલા ઘેલા હોય છે. જેવા ઉપરથી શ્યામ હોય છે એવાજ અંદરથી પણ હોય છે એટલુંજ નહિ કિંતુ પોતે જેવા છે એવા જગતને પણ જુએ છે. એવા શ્યામ સ્વરૂપવાળા પુરૂષોથી સુખની આશા તે કયાંથીજ રખાય ? " કળાવતીએ પોતાનો વિચાર જણાવ્યો.

" મને તો રાત દિવસ અમારી સેવા ચાકરી કરે, મને રાજી રાખે, ને હાજી હા કરે એવો પતિ પસંદ છે બાઇ ? " સરસ્વતી નામની કન્યા બોલી.

સરસ્વતીનું વચન સાંભળી સર્વે સખીયો હસી પડી. " વાહરે અલી સ્વામીને તું વશ કરનારી, તું તારા પતીની સેવા કરીશ તો તે પણ તારી કરશે વળી. "

" સ્વામી ગુણિ હોય તો સ્ત્રીઓને એનાથી અધિક સુખ થાય છે. સ્ત્રીની એ કદર કરે છે. એના હૃદયની કિંમત કરી શકે છે. "

" પણ ગુણી હોય ને રસ વિહીન હોય તો શું કરવું ? રસીક હોય, શૃંગાર રસનો શોખીન હોય; પ્રેમના મર્મને સમજનારો હોય, તો પ્રિયાને રીજવી શકે, સ્નેહની મીઠાશ આપી શકે લઈ શકે. " કેતુમતીએ જણાવ્યું.

સર્વેએ પોત પોતાના અભિપ્રાય આપ્યા. " બેન ! હવે તમે તો બોલો જરી. તમને જે ગમે તે ? " કળાવતીએ પૃથુકુમારીને કહ્યું.

" હું શું કહું મને તો તમારી વાત જરીયે ગમતી નથી ? " પૃથુકુમારી બોલી.

" કેમ નથી ગમતી, ન ગમેતો એમાં ખામી બતાવો ? " ચંદ્રાવતીએ કહ્યું.

"સ્વામી એકલો સુંદર હોય તે પણ શું કામનો, શું રાત

દિવસ એ સુંદર મુખને જોઇ જોઇનેજ સંતોષ માનવો, એ બહુ સુંદર હોય તે પણ નકામું ? ”

“ કેમ વારૂ ? ”

એ સૌંદર્ય પાછળ કંઇ સુંદરીઓ દિવાની બની આપણો સંસાર બગાડી નાખે, માટે સૌંદર્ય સાથે ગુણો પણ જોઇએ. સ્વામી જો ગુણ સંપન્ન હોય તો અનાચાર સેવતાં અટકી પોતાની પત્નીનેજ સુખી કરવાની ઇચ્છા રાખે. ”

“ ગુણવાન કરતાંય રસીક હોય તો શું ખોટું ? ” પેલી રસીકનો પક્ષપાત કરવાવાળીએ પોતાના પક્ષનું સમર્થ કર્યું.

“ એકેલો રસીક બનાવી આખો દિવસ શું તારે રસજ લુંટયા કરવો છે. એકલો રસીકે શું કામનો ? સાથે સાથે પરાક્રમી પણ જોઇએ પરાક્રમી હોય તો પત્નીનું રક્ષણ કરી શકશે. આપત્માં પડેલી પત્નીનું રક્ષણ કરી શત્રુને મારી હઠાવતાં પત્નીનો પ્રેમ પણ મેલવી શકે. ” પૃથુકુમારી બોલી.

“ એ વાત તો સાચી છે હો, બધી બાબતો કરતાં પરાક્રમી પુરૂષ તરફ સ્ત્રીઓનો પક્ષપાત વધારે હોય છે ને તેમાંય રાજકુમારીઓનો તો બા વધારે ? ” પેલી સરસ્વતી બોલી.

“ એતો ઠીકજ છે, રાજકુમારીઓ તો રાજાઓ સાથેજ વરવાની ? રાજાઓ જો પરાક્રમી ન હોય તો એ રાજ્યની. એ રાજાની એ રાજકુંવરીની હાલત શી થાય, માટેજ રાજકુમારીઓ પરાક્રમી તરફ વિશેષ ખેંચાય ? ” કેતુમતી બોલી.

"પણ હું તો એમાંનું કશુંય પસંદ કરતી નથી." રાજકુમારી બોલી.

"ત્યારે શું પસંદ કરો છો ?"

"ત્યાગી થવું તે, દીક્ષા લેવાનું ?"

"તો આટલી બધી ધમાલ શા માટે ?"

"સર્વે રાજાઓની મશ્કરી કરવા માટે કેમ ?"

"ના એમ નહિ."

"ત્યારે ?"

"જો કોઇ યોગ્ય મલી આવે તો...."

"તો........વળી શું ?"

"તો વરવા માટે–એમ જ કની ?" કળાવતી બોલી.

"સમજની એમ ?" પૃથુકુમારી બોલી.

તે પછી સર્વે સખીઓ સમય થઇ જવાથી પોતપોતાને ઘરે ચાલી ગઇ. પૃથુકુમારી પણ ભાવીનું બધું ભવિષ્ય ઉપર છોડી અત્યારે તો પોતાના કામકાજમાં લાગી ગઇ.

# પ્રકરણ ૩ જું.

## માહિષ્મતી નગરીમાં.

આજે માહિષ્મતી નગરી મનુષ્યોથી ઉભરાઇ ગઇ હતી. નગરની ચારે કોર માઇલના માઇલ પર્યંત રાજાઓની છાવણીઓ પડી હતી. દરેક રાજાઓએ જાણે સ્વર્ગીય નગર ઉભાં કર્યાં હોય એમ પોતપોતાનો ઝળહળાટ બતાવવાને ચુકયા ન હતા. છાવણીઓ એકબીજાથી ચઢીયાતી હતી સરખામણીમાં એકબીજા વધી જતા હતા. રાજા અને રાજકુમારોને પૃથુકુમારીને વરવાના ઉમંગમાં પોતપોતાની સાહેબી, સત્તા અને વૈભવ બતાવવાની આ અણમોલી તક હતી. આવા અવસરો માણસોને ભાગ્યયોગે જ મળે છે. લગ્નનો દિવસ નજીક આવતો હોવાથી લગભગ સર્વે રાજાઓ પોતપોતાના સૈન્ય સાથે આવી પહોંચ્યા હતા. સાકેતપુર પતિ અજયરાજા પણ પોતાના આ આમંત્રણને સ્વીકારવાને ભૂલ્યો ન હતો. પોતાના વિશાળ સૈન્ય સાથે તેમજ બીજાપણ યોગ્ય પરિવાર સાથે તે માહિષ્મતી આવી પહોંચ્યો હતો. સહસ્રાંશુએ એ પોતાના હરીફનો સારી રીતે સત્કાર કરી એમને યોગ્ય ઉતારો આપ્યો હતો, જેથી નગરની બહાર અજયરાજાએ પોતાની છાવણી નાખી હતી. એના ગુપ્ત અનુચરો નવીન સમાચારો મેળવવાને ગુપ્ત અને જુદા જુદા વેશે શહેર અને શહેરની બહાર ફરતા હતા, રાજા પોતે પણ કંઇક નવીન પરાક્રમ કરવાને આતુર હતો.

શીલ્પ શાસ્ત્રના જાણુકાર શિલ્પીઓને બોલાવી રાજાએ એક મનોહર સ્વયંવર મંડપ બંધાવ્યો. મંડપના ચિત્રામણમાં નાચ કરતી વારાંગના અને દેવાંગનાઓને જોઇ પ્રેક્ષકોનાં ચપળનેત્રો પણ સ્થિર થઇ જતાં હતાં, એની ચારે કોર હવામાં નૃત્ય કરી રહેલી ધજાઓ મુસાફરોના પરિશ્રમને શાંતિદાયક થતી હતી. મંડપના એ સ્થંભોમાં કરેલી ચિત્ર વિચિત્ર રચનાનાં પ્રતિબિંબ નીચેની સ્ફાટીક ભૂમિ ઉપર પડવાથી ચિત્ર વગરની પણ એ ભૂમિ ચિત્રવાળી થઇ જતી હતી. તેમજ પૃથ્વી સ્ફાટિક રત્નથી જડી લીધેલી હોવાથી દૂરથી સરોવરના પાણીની સપાટી માફક શોભી રહી હતી. મંડપમાં દરેક રાજા મહારાજાઓને બેસવાને માટે તેમને યોગ્ય સુંદર મંચાઓ ગોઠવવામાં આવ્યા હતા. એ મંડપની ચારે દિશાએ ચાર દરવાજા હતા. મંડપની એવી અવર્ણીય શોભા સ્વર્ગની શોભાનો પણ તિરસ્કાર કરતી મનુષ્ય લોકમાં પોતાનું અપૂર્વ ગૌરવ બતાવે તો એમાં આશ્ચર્ય પણ શું ?

હજી લગ્નના દિવસને થોડાએક દિવસની વાર હોવાથી દરેક રાજાઓ અને રાજકુમારો પોતપોતાના વૈભવનો ઉપયોગ કરતા આનંદ, મોજશોખમાં સમય વ્યતિત કરી રહ્યા હતા. એવા સમયમાં અજયરાજા પણ શાંતિથી બેસી રહે તેના કરતાં એના ઉત્સુક હૃદયને કંઇક કરવાને મન થયું. એનો વયસ્યમિત્ર શિવશંકર પણ એની સાથે હતો, કંઇક વિચાર આવવાથી રાજા શિવશંકર પાસે જવાને ઉઠયો; શિવશંકર રાજાની નજીકના જ તંબુમાં હતો.

પોતાના નાનકડા તંબુમાં શિવશંકર ભટ્ટ એકલો વિચાર કરતો ઉભો હતો, એ ભટ્ટ વળી વિચિત્ર સ્વભાવની વ્યક્તિ હતી રાજાએ પોતાના આનંદની ખાતર, એને પાસે રાખ્યો હતો કંઈપણ ટોળ ટપ્પુ કરીને મહારાજાને રીજવવા એ એનું મુખ્ય કામ હતું. અત્યારે એ વિચાર કરતો ઉભો હતો ત્યાં મહારાજે પાછળથી આવી એના ખભા ઉપર હાથ મૂક્યો મહારાજનો હાથ અડતાંજ શિવશંકર ભટ્ટ ચમક્યો. "ઓ બાપરે કોણ એ........"

"શિવશંકર ? ગભરાય છે કેમ આટલો બધો, એતો હું ?"

મહારાજને જોઇ ભટ્ટજી શાંત થયા.

"મહારાજ ? શું છે ?"

"આપણે નગર ચર્ચા જોવા જવું જોઇએ, તને ખબર છે આ દેશની રમણીઓ બહુ સુંદર છે તે ?"

"મ્હારે ને તમારે એનું શું કામ."

"કામ કેમ નહિ ?"

"તમે પરણેલા છો ને હું તો પરણવા માગતોજ નથી ?"

"પરણ્યા એટલે ફરી શું ન પરણાય, અને તું કેમ પરણવા માગતો નથી."

"મહારાજ ? સુખ તો વાંઢાઓનેજ છે. ફિકર કે ચિંતા છે કોઇપણ જાતની એને, કે એના બાપને ?"

" ત્યારે પરણેલાને ચિંતા છે એવું તેં અનુભવ વગર શી રીતે જાણ્યું ? "

" મહારાજ પરણ્યા નથી તેથી શું પાટેય ન બેઠા હોઇએ. "

" એ....મ ત્યારે શું તું પાટે બેઠેલો છે કે ? "

" પરણેલાઓના ભવાડા જોઇને હું ખચીત કંટાળી ગયો છું. એતો ટકાની તોલડી તેરવાનાં માંગે. "

" તેની ફિકર ન કરતો, તારી પરણવાની મરજી હોય તો તે બધું હું પુરૂ કરીશ. "

" એ હાથ ઘસીને આપણી તો સાફ ના છે. " હાથનો લહેકો કરતાં ભટ્ટજી બોલ્યો.

" તે મરજી તારી, પણ મારી સાથે તો તારે આવવુંજ પડશે. "

" મને લઇ જઇને શું કરશો. આ નગરીની રમણીઓથી હું તો બહુ બીહું છું. "

" એ તારી બીક બધી દૂર થશે, સમજ્યો ? "

" પણ આટલા બધા છેને આપ મને ક્યાં તેડી જાઓ છો. "

" તે છતાં તારૂંજ કામ છે. જો આપણે વેશ બદલીને આજ રાતના જવાનું છે. ? "

" અને તેય રાતના, પારકાગામમાં; એકલા આપણે બે જણે રાતના જવું એ તો મહારાજ ? ભયંકરમાં ભયંકર કામ છે. "

" ચૂપ ! તારી સલાહ મારે નથી જોઇતી. જો આપણે બન્ને સંગીત જાણીએ છીએ, તું પણ ગાવાનું સારૂં જાણે છે. માટે તારે શેનો પાઠ કરવો ખબર છે ? "

" શેનો ? " ડરતાં ડરતાં ભટ્ટ બોલ્યા.

" હું ગવૈયો, વૃદ્ધ ગવૈયો થઈશ ને તારે સોળ વર્ષની યુવાન બાળાનો પાઠ કરવાનો છે સમજ્યો. " મહારાજ એમ બોલીને હસી પડ્યા.

મહારાજનો જવાબ સાંભળી ભટ્ટજી ચમક્યો. " ઓય મારા બાપ ? ઓ મહારાજ ? તમે તો પુરી મારી કમબખ્તી બેસાડવા માગો છો. મને જીવતો અયોધ્યા ભેગો થવા દેવો છે કે નહિ. "

" થજેની ? કોણ તને ઉપાડી જવાનું હતું નહિ તો. "

" અરે મહારાજ ? હું સુંદરી બનું પછી તો થઇ રહ્યું અને તે માંય રાતના આપણે એકલા ફરવા જઇએ, મને એકલી જોઇને દુષ્ટ પુરૂષો મારા આશક બની હેરાન કરે ત્યારે મારી શું દશા ? "

" હું છુંને તારી સાથે, તું કેમ મુંઝાય છે. "

" ઘણા દુષ્ટ પુરૂષો હોય તો તમે એકલા શું કરો. ને હું તો નકામો ? "

" તો તારે પણ એમની ઉપર આશક પડી જવું. " મહારાજા હસી પડ્યા.

" હું તે સ્ત્રી છું કે પુરૂષ, શું પુરૂષ તે વળી પુરૂષ ઉપર આશક થતો હશે. મહારાજ એ મોતના ડાચામાં હું કોઈ રીતે મરવા આવવાનો નથી. "

" ચૂપ ! મુર્ખા ? " મહારાજે એક લપડાક ખેંચી કાઢી. " સાયંકાળે સ્ત્રીનાં કપડાં પહેરી બની ઠણીને તૈયાર રહેજે. "

એ પ્રમાણે સંભળાવી મહારાજ પોતાના તંબુમાં ગયા મહારાજનો હુકમ સાંભળી ભટ્ટજી મહારાજનાં મોતીયા મરી ગયાં, " મહારાજને પણ આ શું સુઝયું. હું પુરૂષ જેવો પુરૂષ થઇને સ્ત્રી, સુંદરી બનું. શિવ ! શિવ ! શિવ ! હે ભોળાનાથ ? મારી અરજી સાંભળ ? ને મને આ આફતના મહીસાગરમાંથી બહાર ખેંચી કાઢ ? "

બિચારા શિવશંકર ભટે ભોળાનાથની પ્રાર્થના કરવા માંડીને આંખમાંથી અશ્રુ પણ પાડ્યાં. પણએ નિર્દય ભોળાનાથને દયા ન આવી. એની અરજી મંજુર ન કરી. ગરીબ બિચારો શિવશંકર ?

વિચારમાંને વિચારમાં દિવસ અસ્ત થયો. ભટ્ટજીના હૈયામાં ગભરામણ થવા લાગી. " શું કરૂ ? સ્ત્રી બનું કે નહિ. મહારાજની સાથે જવું કે નહિ. અરે છુટકો છે કાંઇ, મહારાજ ક્યાં છોડે એમ છે. પુરૂષ જેવો પુરૂષ થઇને હું સ્ત્રી બનું, બીજાનાં ચિત્તને આકર્ષણ કરવા હું યુવાન બાળાનો પાઠ કરૂં. અને એમાં જો કોઇ આશક બની પુંઠે પડયો તો મારી શી દશા ? એ ફજેતામાં કાંઈ ખામી બાકી રહે વારૂં ? "

" ભટ્ટજી ? ભટ્ટજી ? " મહારાજના મોકલેલા એક પહેરગીરે ભટ્ટજીના વિચારમાં ડખલગીરી કરી. " તમને મહારાજા ઝટ બોલાવે છે. ઝટ ચાલો ? "

પહેરગીરનું વચન સાંભળી ભટ્ટજી ચમક્યા. " હવે જાની નથી આવતા ? "

" એ....મ, નથી આવતા, નહિ આવશો તો ઉચકીને ઉપાડી લાવવાનો મહારાજનો હુકમ છે બોલો, તમને શું ગમે છે. સીધે સીધા આવવું છે કે નહિ. "

" જરૂર, આ યમદૂત જબરાઇથી પણ મને લઇ ગયા વગર નહિ રહે. ચાલ ભાઇ, ચાલ, જેવી શિવશંકરની મરજી" દયા ઉપજાવે એવો ચહેરો કરતા ભટ્ટજી ઉભા થયા.

" હવે કેવા ડાહ્યા ડમરા થયા, ભટજી ? "

ભટ્ટજીના હૈયામાં શી હોળી હતી એની પહેરગીરને શી ખબર હોય. " અરે ભાઇ મારૂં દુઃખ જાણે તો જરૂર તને મારી દયા આવે. "

# પ્રકરણ ૪ થું.

## કુળદેવીના મંદિરે.

ભાવીના અનેક વિચારો કરતી પૃથુકુમારીનું મન ચગડોલે ચઢયું હતું. સ્વયંવર મુહૂર્ત્તને હવે માત્ર ગણ્યા ગાંઠયા બેચાર દિવસની વાર હતી. " આટલી બધી મહેનત છતાં ભાઈએ આટલો બધો ખર્ચ કરવા છતાં મને જો મનગમતો વર નહિ મળે તો મારી જીંદગી પાયમાલ થઇ જશે, બાંધવની મહેનત પણ ધૂળ થશે. અનેક રાજાઓ અને રાજકુમારો એક એકથી ચઢીયાતા આજે અહીયાં એકત્ર થયા છે. એ બધાય બાહ્ય આડંબરથી યુકત છે. એમના પરાક્રમની કે એમના ગુણોની કોનામાં કેટલી લાયકાત છે અને કોનું કેટલું પુરૂષાર્થ છે એતો પ્રસંગ વગર કેવી રીતે ખબર પડે. જો કે એમનું ઘણું ખરૂં ચરિત્ર જાણવાની તો મેં મહેનત કરી છે છતાં પ્રત્યક્ષપણે પણ મારે જાણવું જોઈએ, તેમજ કુળદેવીને પણ મારે પ્રસન્ન કરવી, કે જેથી મારી મનોકામના સફળ થાય. માણસ તો બની શકે તેટલા ઉપાયો કરે છે. ચારેકોરથી માણસ સાવધ થઇ નશીબ દેવીને અનુકુળ કરવા પ્રયત્ન કરે છે તો ભાગ્યદેવી એને દગો તો ન જ દે, પછી તો જેવું ભાગ્ય ? "

એટલામાં સરસ્વતી આવી પહોંચી. સરસ્વતી પૃથુકુમારીની પ્રિય સખી અને વિશ્વાસ કરવા યોગ્ય હતી. સરસ્વતી એક તો બ્રાહ્મણની બાળા હતી. એ પણ શ્રૃંગાર રસનો રસ ચાખવાને

હવે આતુર હતી. છતાં પૃથુકુમારી ઉપર એને અત્યંત સ્નેહ હતો. પૃથુકુમારીથી વિખુટાં પડવું એને ગમતું નહોતું. તે માટે પૃથુકુમારી જે રાજ્યમાં જાય એ રાજ્યમાં તે એની સાથે રહેવાને આતુર હતી. જે માટે તે અત્યારે કંઇક વાત કરવાને અહીયાં આવી હતી. આવા ગરિષ્ઠ કાર્યમાં બની શકે તો પૃથુકુમારીને સહાય કરી કંઇક એની સેવા બજાવવી, એના સુખ દુઃખમાં સાથી બની નશીબ પણ અજમાવવું, અને પૃથુના લગ્નની રાજલીલા પણ જોવી.

સરસ્વતી આવી ત્યારે પૃથુકુમારી પોતાના દિવાનખાનામાં એકલી હતી. એ વિચારમાં પડેલી પૃથુની આંખો પાછળથી આવીને સરસ્વતીએ દાબી દીધી. "કોણ છે તું ?" ચીડાતી પૃથુકુમારી બોલી.

પૃથુકુમારીને ચીડાયેલી જોઇ સરસ્વતીએ બે હાથ લઇ લીધા. "બેન ? હમણાં તમે બહુ ચીડીયાં થઇ ગયાં છો ?"

"અત્યારે તું કેમ આવી સરસ્વતી !" સરસ્વતીના પ્રશ્નનો જવાબ નહિ આપતાં પૃથુકુમારીએ જુદોજ પ્રશ્ન કર્યો.

"કેમ ન આવીએ, શું અત્યારથી જ આવાં એકલપેટાં થઇ ગયાં, હજી તો પરણ્યા નથી ત્યાં આવો પ્રશ્ન ? પરણ્યા પછી કોણ જાણે તમે કેવાંય બદલાઇ જશો, આહા ? ? શું તમારા સ્વભાવમાં ફેર પડી ગયો તે હજી પરણ્યા પછી મને લાગે છે કે આ હિસાબે ઘણો ફેર પડી જશે. શું પરણવાથી આવું એકલપેટુ થઇ જવાતું હશે. તો તો એ પરણવું નહિ સારૂ ?"

" પછી કેની, અત્યારે ખાસ કામ કાઢીને આવી છે કે આવી વાતો કરવા ! મારે હમણાં બહાર જવું છે. હમણાં મને ફુરસુદ નથી ? "

" અત્યારે રાતના બહાર જાઓ છો કોની સાથે જાઓ છો ! કેમ જાઓ છો ?

" તે બધું તને હું કહું, કહેવાથી ફાયદો શું ? "

" ફાયદો ! બેન ! આવી જુદાઈ શા માટે રાખો છો ? હું ઈચ્છું છું કે આવા સમયમાં હું પણ તમારી કંઇક સેવા કરી શકું ? "

" એમ....મારી સેવા કરવાની ઈચ્છા રાખે છે, સત્ય કહે છે તું ? "

" બાળકપણાથી આપણે સાથે રમીયે છીએ છતાં હજી તમને અસત્યની એમાં ગંધ આવે છે. નશીબ હમારાં ? "

સરસ્વતી દયામણાં જેવું મોં કરી જરા ઓશીયાળી થઇ ગઈ. " યાદ છે બચપણથી હું તમારી સાથીદાર છું તમે દરેક વાતો મને કરેલી છે. મારાથી તમે કાંઇ છુપાવતાં નથી, છુપાવ્યું નથી છતાં અત્યારે કેમ તમારો સ્વભાવ બદલાઇ ગયો, આશ્ચર્ય ? " પૃથુકુમારીએ સરસ્વતીના ખભા ઉપર હાથ મુકયો. " સરસ્વતી ? મનમાં દુઃખ લાવીશ નહિ. મને પણ લાગે છે કે મારા સ્વભાવમાં હમણાં ફરક પડી ગયો છે. શું કરૂં નિરૂપાય ? મારી જગાએ તું હોત તો તું પણ એમજ કરત ? "

" હું તો એમ કાંઇ પણ ના કરત ? શા માટે એમજ કરત ? તમારા ભાગ્યને યોગ્ય વિધિએ કોઇ પુરૂષ સરજ્યો હશે. મોટાંઓનાં ભાગ્ય હુમેશાં મોટાં જ હોય છે, ભાગ્ય ઉપર ભરોંસો રાખો, સો સારૂં જ થશે, કુળદેવી તમને યોગ્ય વર આપશે જ ? "

" માટે જ હું અત્યારે કુળદેવીના દર્શને જવાની છું. સમજી, કુળદેવીનાં દર્શન પણ થાય અને બીજું પણ થોડુંક કામ થાય ? "

" બીજું કામ શું એટલું બધું ખાનગી છે કે ? "

" ના ! જો સાંભળ ? પણ તું કોઇને કહીશ નહિ. પુરૂષનો વેશ પહેરીને હું અને મારી ધાવમાતા રાજા અને રાજકુમારોનાં ખાનગી આચાર વિચાર કેવા છે તેની તપાસ કરવા જવાના છીએ. "

" પણ બેન ? રાતને સમયે એકલાં ? "

" હા ? કુળદેવી અમારૂં રક્ષણ કરશે, હમણાં તેં જ કહ્યુંને ભાગ્ય ઉપર ભરોંસો રાખો, મુશ્કેલીમાં પણ પુણ્યશાલીને વિઘ્ન આવતું નથી. "

" તે વાત સત્ય છે, છતાં પણ જાણી બુજીને એકલાં જવું એ ઠીક તો નથી. '

" એ તારી સલાહ મારે નથી જોઇતી. હમણાં તો હું કુળદેવીને દર્શને જાઉં છું. "

" તો બેન ? તમારી સાથે હું આવું ત્યારે ? "

" પણ બેન કુળદેવીના દર્શને જવું તો પછી એકલાં શામાટે જવું, થોડોક પરિવાર લઈને જવામાં શું હરકત છે, આજે કુળદેવીને પ્રસન્ન કરો, વિધિ ભકિતથી એની પૂજા કરો, ઉતાવળ કરી નાશ ભાગ કરવાથી શું. અમે મંદિરની બહાર ચોગાનમાં તમારી રક્ષા કરતાં બેસશું. તમે વિધિ પૂર્વક પૂજા કરી નિરાંતે ભકિત કરો. પ્રસન્ન કરો, જો એ પ્રસન્ન થઇ તમને વરદાન આપે તો પછી તમારે ઉતારે ઉતારે ધાવમાતા સાથે રખડવાની પણ શી જરૂર છે? સહજ સ્વભાવે કામ થતું હોય તો પર્વત તોડવાની કાંઇ જરૂર ? " સરસ્વતીએ પોતાનો અભિપ્રાય આપ્યો. " કુળદેવીનું મંદિર શહેરની બહાર આવેલું છે. ત્યાં ભાઇની રજા વગર જવું એ પણ ઠીક નથી. ભાઇની રજા લઈ પરિવાર સાથે જવું એજ મને તો ઠીક લાગે છે. બેન ? "

" સરસ્વતી ? તું બહુ ડાહી છે હો ! તું તો સાથે લઇ જવા જેવી છે ? હું જ્યાં જાઉં ત્યાં તું મારી સાથે આવે કે ? "

" કેમ ન આવું ? હું તો તમને પરણેલી છું ને ? એટલે આવું જ ? "

" તારી મરજી પડશે તેવા ચોગ્ય પુરૂષ સાથે તને પણ અફળાવી દેશું પછી કાંઇ ? "

" ઠીક છે, બેન, એ વાત જવાદો હમણાં, પહેલાં તમારૂં તો કામ થવા દો, પછી અમારી વાત, અમે તો તમારી પાછળ જ છીએ ને ? "

" હું ભાઇની રજા લઇ આવું તે અરસામાં તું પૂજાનો સામાન વગેરે તૈયાર કર." પૃથુકુમારી સરસ્વતીને આજ્ઞા કરીને ચાલી ગઇ, સરસ્વતી મનમાં અનેક વિચાર કરતી પૂજાપો તૈયાર કરવા લાગી.

પૃથુનો ભાઈ સહસ્રાંશું તે જમાનામાં વીરોનો પણ વીર મહારથી પુરૂષ હતો એનાં બળ પરાક્રમ અદ્વિતીય હતાં. જગતમાં એની બરાબરી કરી શકે એવો વીર વિધિએ ભાગ્યે જ સરજ્યો હશે. ઘણા રાજાઓને જીતી એણે પોતાના તાબેદાર બનાવ્યા હતા. એવા જ યુદ્ધોને પરિણામે સહસ્રાશુ કહેવાયો હતો. બળમાં અને પરાક્રમમાં ઋદ્ધિ સમૃદ્ધિમાં સમાનતા કરે એવો વીર દુર્લભ હતો.

મહાબાહુ સહસ્રાંશુ પાસે આવી હાથ જોડી પૃથુકુમારી બોલી " ભાઇ ? હું કુળદેવીના દર્શને જાઉં છું."

" અત્યારે ?"

" હા ?"

" તો આપણા અંગરક્ષકોને લઇને જજે" સહસ્રાંશુ બોલ્યો. " પૃથુ ? મારા આશિષ છે કે કુલદેવી તારી ઉપર પ્રસન્ન થાય, ને તારી મનોભિલાષા પૂર્ણ કરે ?"

ભાઇની આશિષ મેળવી પૃથુ પાછી વળી, કંઇક યાદ આવવાથી સહસ્રાંશુ બોલ્યો, " પૃથુ ? સાંભળ ? ત્યાં કુળદેવીની મૂર્ત્તિની પછવાડે એક ચાંપ રાખેલી છે. જો આફત સમય કદાચ ઉપસ્થિત થાય તો એ ચાંપ દબાવીશ એટલે

દરવાજો ઉઘડી જશે. ત્યાં અંદર કુદી પડી અંદરની ચાંપ ફેરવીશ એટલે દરવાજો બંધ થઇ જશે માટે સંકટ સમયે બની શકે તો એનો ઉપયોગ કરજે."

ભાઇનું વચન પૃથુએ અંગીકાર કર્યું. હરણીની ગતે ચાલતી પૃથુ પોતાના સ્થાનકે આવી ત્યાં સરસ્વતી તેમજ બીજી દાસીઓ પૂજાનો સામાન તૈયાર કરી એની રાહ જોતી હતી. સહસ્રાંશુએ કેટલાક અંગરક્ષકોને સાથે મોકલ્યા. પૃથુ હાથી ઉપર બેઠી સરસ્વતીને પણ પોતાની સાથે બેસાડી. આયા વગેરે બીજી દાસીઓ બીજા હાથી ઉપર બેઠી. મંદમંદ ગતિએ ચાલતા હાથીઓ કુળદેવીના મંદિર તરફ રવાને થયા.

રાજકુમારી જ્યારે ગંભિર વિચારમાં હતી ત્યારે સરસ્વતી જુદાજ વિચારમાં હતી બની શકે તો પોતે પણ પૃથુકુમારીની સાથે રહે તો કેવું સારૂં."

# પ્રકરણ ૫ મું.

## માર્ગમાં.

દિવસ અસ્ત થયા પછી થોડીએક વાર થઇ જગત ઉપર અંધકારે પોતાની ચાદર બીછાવવી શરૂ કરી, એ અરસામાં મહારાજ અનરણ્યના તંબુમાંથી બે વ્યક્તિઓ નિકળી, એ બે વ્યક્તિઓને જોઈ પહેરગીરો ચમકયા, પહેરગીરોના ઉપરી

અમલદારે એમને જોતાંજ તરવાર તાણી. “ ખબરદાર ? કોણ છો તમે ? ”

એ બે વ્યક્તિઓમાંથી એક તો વૃદ્ધ સારંગીવાળો, અને બીજી વ્યક્તિ તે એક સોળ વર્ષની ઉમરની નવકુમારિકા યુવતી હતી.

પહેરગીરના ઉપરીની તલવાર જોઇ પેલી કોમલ હૃદયવાળી બાળા ગભરાણી, “ મહારાજ ! જોયું આ પ્રથમ મંગલાચરણ ઘરના આંગણાંજ ? ”

આંખની ઇશારતથી અને નાક ઉપર આંગળી મુકી પેલા સારંગીવાળાએ સુંદર કુમારિકાને બોલતાં અટકાવી. પણ મહારાજનું નામ સાંભળી પહેરગીરો ચમકયા. “ મહારાજ શું તે આ સારંગીવાળો શું એનો ભેદ શો ? ” જમાદારે તલવાર મ્યાન કરી.

મહારાજે પોતાનાં બનાવટી દાઢી મુચ્છ કાઢી નાખ્યાં. પહેરગીરો મહારાજને જોઇ નમ્યા, તલવાર નમાવી વંદન કર્યું. “ હું વેશ બદલી નગરચર્ચા જોવા જાઉં છું. ” રાજાએ ખુલાસો કર્યો.

“ પણ દેવ ! રાત્રીને સમયે, પરાયા નગરમાં આમ એકાકી જવું સલામતી ભર્યું નથી તેમાં પણ આમ સ્ત્રી સાથે તો નહિજ. ”

“ આ સ્ત્રી કોણ છે તે તમે જાણો છો ? ” રાજાએ પૂછયું.

“ કોણ છે એ ? ”

" એ આપણો શિવશંકર, શિવસુંદરીનો પાઠ ભજવી રહ્યો છે." મહારાજ હસ્યા. "કોઇ વર્તી તો ન જ શકે એવો."

એ વૃદ્ધ સારંગીવાળો અને બાળા છાવણી છોડીને આગળ ચાલ્યાં, લાકડીના ટેકાની મદદથી ધીમે ધીમે ડગલાં ભરતો, અને જેનાં સફેદ દાઢી મૂચ્છ પવનથી સ્ફુરાયમાન થતાં હવામાં નૃત્ય કરી રહ્યાં છે એવો તે ખચીત અન્યને દયા-પાત્ર હતો. લાકડીનો ટેકો છતાં એ બાળાની મદદથી બુઢ્ઢો માંડ માંડ ચાલી શકતો હતો.

રાજાઓની છાવણીઓમાં પોતાની ગાયનવિદ્યા સંભળાવતાં તેઓ આગળ ચાલ્યા. મધ્યરાત્રી લગભગ થવા આવી હતી; છતાં ચાંદનીના પ્રકાશથી અજવાળું હતું પણ માણસનો અવર જવર બહુ ઓછો થઇ ગયો હતો. વૃદ્ધ માણસ લાકડીના ટેકાએ ચાલતો હતો એ લાકડી જેવી તેવી નહોતી; પ્રસંગ પડયે લાકડી હથીયારના ઉપયોગમાં પણ વાપરી શકાય, સેંકડો શત્રુઓ સામે એનો ઉપયોગ કરવામાં આવે છતાંય એ પોતાની મજબુતાઇ ન છોડે, અને દુશ્મનોની ખબર પણ લઇ નાખે.

વૃદ્ધ સારંગીવાળો અને બાળા જે રસ્તે પસાર થતાં હતાં તે રસ્તેથી પંદર વીશ લુચ્ચા માણસોનું ટોળું પસાર થતું હતું. મહા મુશ્કેલીથી તેમણે કામ કરેલું છતાં પરિપૂર્ણ થયેલું ન હોવાથી તેમજ કંઇને બદલે કંઇ થઇ જવાથી તેઓ નિરાશ

થયા હતા. અને પોતાના સ્વામીના ઠપકા અને તિરસ્કારને ભોગ થયા હતા. એવા વિચારમાં પસાર થતા એ લોકોમાંથી એક જણુની નજર આ તરફ ખેંચાઇ. "બીરાદર ! જો ! જો ! પેલો શિકાર ?"

બીજા લોકોની નજર તે તરફ આકર્ષાણી. "વાહ ! શું શિકાર છે. સુંદરી તો સુંદર છે હો ?"

"આપણા સ્વામીને પસંદ પડે એવી ખરી કે નહિ ?" એક જણુ બોલ્યો.

"ખચીત, આને જુએ તો તરતજ એ આપણી ઉપર પ્રસન્ન થાય."

"તો ચાલો ?"

"પણુ એની સાથે પેલો બુઢ્ઢો કોઇ છે ને ?" એક જણુ બોલ્યો.

"આપણે આટલા બધા છીએ, તો એ બુઢ્ઢાને સમજાવતાં શી વાર ! એ બિચારો તો એકલોજ છે ને આપણે તો આટલા બધા."

"તો ચાલો ઝટ,"

એ બધાય ઝટપટ એ બાળાની આગળ ફરી વળ્યા, એમને જોઇને શિવસુંદરી ભય પામતી પાછી હઠી. "ઓય મારા બાપ ?"

"સુંદરી ! ડરે છે શાને, ચાલ અમારી સાથે, તારૂં ભાગ્ય ઉઘડી જશે આ બુઢ્ઢો તારો કોણુ છે ત ?"

" તમે કોણ છો ? તમારે તેની શી પંચાત છે ? જાઓ, તમે તમારે રસ્તે જાઓ." બુઢ્ઢાએ આગળ ધસી આવીને કહ્યું

બુઢ્ઢાનાં વચન સાંભળી બધા બુઢ્ઢાની આસપાસ ફરી વળ્યા." અરે બુઢ્ઢીયા ! આ તારી દીકરી તારે તો કાંઇ કામની નથી. માટે અમને આપ ?" એ બુઢ્ઢીઆની મશ્કરી કરવા લાગ્યા, એને અડપલા કરવા લાગ્યાં.

" દુષ્ટો જાઓ છો કે નહિ." પણ એમજ ચમત્કાર વગર કોઇ નમસ્કાર કરે છે, કે આ લોકો સમજે. એ લોકો તો કુમારીને ઉચકી જવા આવ્યા હતા. એમને મન એ રંક બુઢીઆનો હિસાબ નહોતો તેથીજ એને બનાવતા હતા.

સારંગીવાળાએ વિચાર્યું " ચમત્કાર વગર નમસ્કાર નથી, ફોગટ વખત ગુમાવવો એ ઠીક નથી. માટે જરી પરચો બતાવવા દે "

તરતજ એ વૃદ્ધ કુદ્યો બે જણની ઉપર પડયો અને બે જણને પોતાના બન્ને રાઠોડી હાથોએ ગળચીમાંથી પકડી માથાં અફળાવી નીચે પટકયા; મારામારી શરૂ થઈ. એમની મારામારીનો લાભ લઇ પેલી શિવસુંદરી ત્યાંથી ગુપચુપ ભાગી ગઈ—પસાર થઇ ગઇ.

મારામારી પૂર જોસ ઉપર આવી. એ બધાય એક સામટા પેલા સારંગીવાળા બુઢ્ઢાયા ઉપર તૂટી પડ્યા. એ લોકોને કયાં ખબર હતી કે એ બુઢ્ઢો બુઢ્ઢો નહિ પણ મહારથી, વીરપુરૂષ હતો. એ તો માત્ર વીશજ જણ હતા, કદાચ એવી [illegible]

વીશીઓ સાથે મળેલા હોય પણ એ બધાને મારી હઠાવવાને એ એકાકી વીરજ નિઃશસ્ત્ર બસ હતો.

કોઇને લાતથી તો કોઇને ઉપાડી ઉપાડીને પૃથ્વી ઉપર ફેંકી દેતો, કોઇને ગળચીમાંથી પકડી સામસામે અફળાવીને નીચે પટકી એમને નિઃસત્વ કરી દેતો. એક બે વાર એના હાથનો સ્વાદ ચાખ્યા પછી ફરીને એના સામે જોવા જેટલી પણ એ લોકોમાં શકિત રહેતી નહિ.

લડી શકાય એટલી પણ શકિત હતી ત્યાં લગી તો લડ્યા, એ વૃદ્ધના હાથનો માર ખાઇને નિઃસત્વ થયા અંતે બહાદૂરીથી તેઓ પાછા હઠવા લાગ્યા. મુઠીઓ વાળીને છાતી બતાવવાને બદલે પુંઠ બતાવવા લાગ્યા.

મારામારીને અંતે એ વૃદ્ધે બધાને મારી હઠાવ્યા, ડામીચ લોકોનુ એ ટોળું ભાગી ગયા પછી જ્યારે વૃદ્ધ એકાકી રહ્યો, ત્યારે એ ભટ્ટજી સાંભર્યા, એ શિવસુંદરી કયાંય પણ દેખાણી નહિ. "શું એ દુષ્ટ લોકો એને ઉપાડી ગયા કે, પણ એને લઇ તો ગયા નથી. મને લાગે છે કે મારામારીથી ભય પામેલી તે ક્યાંક ભાગી ગઈ હશે અને કદાચ આટલામાંજ કયાંય ભરાઇ ગઇ હશે."

એ વૃદ્ધ આમતેમ શિવસુંદરીને શોધવા લાગ્યા. દૂરથી એક વૃક્ષની પોલમાં ભરાઇ ગયેલી શિવસુંદરીની નજર આમતેમ ફરતાં એ વૃદ્ધ ઉપર પડી. પોલમાંથી બહાર નિકળી "એ મહારાજ ! મહારાજ ! અહીં આવો ?" શિવસુંદરીએ બૂમ મારી

શિવસુંદરીનો અવાજ સાંભળી મહારાજ—એ વૃદ્ધ એની પાસે આવ્યો "અરે મહારાજ! આવી ઉપાધી નાહક શા માટે?"

નાક ઉપર આંગળી મૂકી મહારાજે ચૂપ રહેવા ઇશારત કરી. "તું મહારાજ! મહારાજ! ના કર? અત્યારે હું મહારાજ નથી. વૃદ્ધ સારંગીવાળો છું. એટલુંય નથી સમજતી. હજી આપણું મૂળ કામ તો બાકી છે."

"વળી કયું કામ?"

"રાજકુમારીને જોવાનું."

"તો હવે મધ્યરાત્રી તો થવા આવી છે અત્યારે તમને એનું દર્શન ક્યાંથી થશે?"

"કુળદેવીને મંદિરે. તે અત્યારે દર્શન કરવા આવવાની છે.. ત્યાં"

"મહારાજ! પણ હું તો સ્ત્રીઓથી બહુ બીઉં છું."

"તેથીજ તું પરણવા માગતો નથી. એમજ ને?"

"પણ હજી તમારૂં મંદિર કેટલું દૂર છે તે?"

"ગભરા નહિ આપણે આવી પહોંચ્યા છીએ."

વાત કરતા બન્ને આગળ ચાલ્યા. એટલામાં સામે મંદિર જોઇને વૃદ્ધ બોલ્યો "જો આ પેલું મંદિર આવ્યું, હજી કુંવરી પૂજા કરવા આવી નથી; પણ મધ્યરાત્રી થવા આવી છે એટલે આવવી જોઇએ."

બન્ને મંદિરના આંગણામાં આવી પહોંચ્યા. રાજકુંવરીને પણ પોતાના પરિવાર સાથે દૂરથી હાથી ઉપર આવતાં જોઇ તેથી વૃદ્ધ બોલ્યો. "તું મંદિરની ઓસરીમાં બેસ, હું અંદરના ભાગમાં છૂપાઇ રહુ છું. તું સ્ત્રી હોવાથી ને આ પણ સ્ત્રીઓ હોવાથી તને અડચણ કરશે. નહિ." વિશેષ સમય નહિ હોવાથી એ શિવસુંદરીને આંગણાંમાં છોડી વૃદ્ધ અંદર ચાલ્યો ગયો જાણે પોતે પરિચિત કેમ ન હોય તેવી રીતે મંદિરમાં દાખલ થતાં જ તે કુળદેવીની મૂર્તિ પછવાડે અદૃશ્ય થઇ ગયો.

# પ્રકરણ ૬ ઠું.

## રમણીય મુંઝવણ.

પૃથ્વીકુમારી પોતાના પરિવાર સાથે કુળદેવીને મંદિરે આવી પહોંચી. રક્ષકવર્ગ મંદિરની બહાર ચોકી કરતો બેઠો. પૃથુ દાસીઓ સાથે કુળદેવીના મંદિરની ઓસરીમાં આવી, દાસીઓ બહાર ઓસરીમાં બેઠી ને રાજકુમારી સરસ્વતીની સાથે પૂજાનો થાળ લઇ અંદર ગઇ. કેસર, ચંદન, કુંકુંમ, પુષ્પ, ધૂપ, દીપ વગેરેથી કુળદેવીની પૂજા કરી પૃથુ ધ્યાન કરતી દેવીની સન્મુખ પ્રાર્થના કરવા લાગી. સરસ્વતી કુમારીને પ્રાર્થના કરતી જોઈ થોડીકવાર બહાર નિકળી આમતેમ જોવા લાગી. સરસ્વતીની નજર એક વસ્તુ ઉપર પડી અને ચમકી

" આવી માઝમ રાતે એ શું હશે ?" ધીરે ધીરે ડગલાં ભરતી તે પાસે જવા લાગી. આમ પોતાની પાસે કોઇ વ્યકિતને આવતી જોઇ પેલી વ્યકિત અધિક સંકોચવા લાગી. "આની નજર મારી ઉપર પડી ગઇ. શિવ ! શિવ ! શિવ ! શું પરિણામ આવશે. "

ભય પામતી અને સંકોચાતી જોઇને સરસ્વતીને જરી હિંમત આવી "છે તો કોઈ મનુષ્ય ! " તે તદ્દન નજીક આવી તો કોઇ સ્રી માલુમ પડી " આહા ! આ તો કોઇ સ્રી જેવી લાગે છે. " " કોણુ છે તું. ? " સરસ્વતીએ પૂછ્યું. પણ પેલી વ્યકિએ મૌનતાજ ધારણ કરી.

" કેમ બોલતી નથી ? " ફરીને સરસ્વતીએ પૂછ્યું.

એ ફરીથી પૂછાયેલા પ્રશ્નનો પણ જવાબ ન મળ્યો, સરસ્વતીએ એનું બાવડું પકડી હલાવી " કેમ ? નથી બોલવું હમણાંજ પકડાવી દઉં છું, મારા માણુસોને બુમ મારૂં છું ?"

એ વ્યકિત ગભરાણી. " રખેને સીપાહીઓ આવશે તો પૂરેપૂરી ફજેતી થશે બાજી બધી ધુળમાં મળશે. "

નાક ઉપર આંગળી મુકીને એને ચુપ રહેવા ઇશારત કરી. " તો બોલ ત્યારે તું કોણુ છે ? " સરસ્વતીએ પુછ્યું.

" જોતી નથી, હું પણુ તારા જેવી એક સ્રી છું. " પેલી વ્યકિત બોલી, તે વ્યકિત તે પેલો શિવશંકર ભટ્ટજી હતો.

" એ તો સમજી, પણુ આટલી મોડી રાત્રે અહીયાં

એકાકી કેમ આવી. કોની સાથે આવી. ?" ફરીને ખુલાસો પૂછયો.

"કેમ આવી તે પગે ચાલીને આવી, કુળદેવીની માનતા કરવાને આવી છું. સમજી ?" ભટ્ટજીએ અડાવ્યું.

"શી માનતા કરવા આવી છું. ?

"તારે શું કામ છે, તે જાણીને તું શું કરશે."

"નહિ બોલ ઝટ ? મારે બધુંય જાણવું જોઈએ."

"લે તો સાંભળ? મારે પરણવું નથી એ પ્રતિજ્ઞા મારી અખંડ રહે એ માટે માતાની પ્રાર્થના કરવા ?"

"શું હજી તું કુંવારી છે? દેખાય છે તો મોટી બૈરી."

"છતાં હું કુવારી છું એજ ખુબી છે સમજી ?"

એની બોલવાની ઢબછબથી સરસ્વતી હસી પડી. "તું ય એક રમકડું છે. તારે નહિ પરણવું હોય તો તને મારીકૂટીને કોણ પરણાવે છે."

"સ્ત્રીઓ કુંવારી સાંભળી છે તેં, મરતાં લગી પણ પુરૂષો વાંઢા હોય છે. સ્ત્રી નહિ ?"

"તે તારૂં કહેવું ઠીક છે; છતાં સ્ત્રીઓ પણ કુમારવ્રત પાળી શકે છે."

"પણ મારૂં વ્રત રહી શકે એમ નથી."

"કારણ ?"

" કમળપુષ્પની વાસ લેવાને ભમરાઓ ઓછા હોય છે ?"

" તેથી શું મુંઝાઇ ગઈ છે ? "

" હા ! ક્ષણભર મને કોઈ જંપવા દેતું નથી. "

" તારી વાત કદાચ સાચી હશે, તું છો તો એવી દેખાવડી. "

" તારા જેવી તો નથી ને ? "

" મારા જેવી ? " સરસ્વતી ચમકી. " શું હું બહુ રૂપાળી છું. તારા જેવી તો નહિજ, જો હું પુરૂષ હોત તો...."

" તો.......શું ? "

" જરૂર તારી ઉપર આશક પડત ને તને મારી વહુ બનાવત ? " એમ કહી સરસ્વતી પેલી વ્યકિતને વળગી પડી.

" ઓય મારા બાપ ? " એ વ્યકિત ગભરાણી. એને છુટી કરવા ગડમથલ કરવા લાગી. " કેમ અલી ! ગભરાય છે શાની ? "

" વાહ ? તુંય ખરી, આમ વાત વાતમાં શું આશક પડી જવાતું હશે. " એ વ્યકિતનું હૈયું તો થરથરી રહ્યું હતું. જો પોગળ વેરાઈ ગયું તો અહીંથી જીવતાં છકટવું પણ મુશ્કેલ થશે. " અરે બાઇ ! છેટે રહીને વાત કર ? એક સ્ત્રી આમ શું બીજી સ્ત્રીને બાઝી પડતી હશે ? શું પ્રીતિ એમ થતી હશે ? "

ત્યારે કેમ થતી હશે. પ્રીત કરતાં તું જાણે છે કે ? "

" હું શું જાણું, મારે તો પરણુવાનીજ પ્રતિજ્ઞા છે. તો પછી એવી વાતો તો કેમજ થાય ? "

" શા માટે તેં પરણુવાની પ્રતિજ્ઞા કરી, પરણ્યા વગર તે ચાલે ? "

" એ વળી બીજાને આધિન કોણ રહે, સ્ત્રીઓ પરણે એટલે પતિને આધિન રહેવું પડે. સાસરીયામાં દરેકનું કહ્યું માનવું પડે. બધા કહે તેમ કરવું પડે એવું દુઃખ શા માટે જોઇએ. "

" તું તો ગાંડી છું. પતિને આધિન શું કરવા રહીયે, પતિને જ આપણે વશ ન કરીયે કે એ આપણો તાબેદાર થઇને રહે. "

" એ તે કેમ બને ? "

"કેમ ના બને ? આપણી પાસે પણ એક એવી મોહિની શકિત છે કે એ શકિતથી ગમે તેવાને પણ આપણે મહાત કરી શકીયે–એને આધિન રાખી શકીયે. "

" એના કરતાં પરણીયે જ નહિ તો શું અડચણ આવી જાય. "

" ત્યારે શું તું નહિ જ પરણુવાની ? "

" ના ? "

" હું પુરૂષ હોત તો તને બતાવત કે તું કેમ નથી પરણુતી ! "

" પણ અત્યારે તો તું સ્ત્રી છે ને એટલે શું ? "

" તેથી જ લાચાર છું, પણ લાવની ક્ષણભર તારો પુરૂષ બની જાઉં. " સરસ્વતી ફરીથી એને વળગી પડી. પેલી વ્યક્તિ એને છોડાવા લાગી. એ રકઝકમાં એનું પહેરેલું વસ્ત્ર નીકળી ગયું, અને જે કૃત્રિમ ચોટલો હતો તે પણ ભટ્ટજીના મસ્તક ઉપરથી છુટો થતાં સરસ્વતીના હાથમાં આવ્યો.

અચાનક આવું પરિવર્ત્તન જોઈ સરસ્વતી ચમકી. " આહા ! આ કોણ ? શું આ સુંદરી છે.–તું તે સુંદરી છે કે સુંદરો ? "

ભટ્ટજી તો થરથર ધ્રુજવા લાગ્યો. એનું મોં તો જોવા જેવું થયું. ચંદ્રમાના પ્રકાશથી માંડ માંડ તે સરસ્વતી જોઈ શકતી હતી. " લુચ્ચા ! આવી રીતે ઠગવા આવ્યો છે ? " સરસ્વતી એને બહાર ખેંચવા લાગી. " જો હવે તારા હાલ થાય તે ? "

જેમ જેમ સરસ્વતી એને બહાર ખેંચે તેમ તેમ ભટ્ટજી ખુણામાં ભરાવા લાગ્યો. સરસ્વતીએ બુમ પાડી અંગરક્ષકોને બોલાવ્યા. આંગળીની ઇશારતથી આ ભાઇને બતાવી દીધા. અડધો સ્ત્રી ને અડધો પુરૂષ જણાતા અને ખુણામાં ભરાયેલા ભટ્ટજીને રક્ષકો બહાર ચોગાનમાં ખેંચી લાવ્યા. ભટ્ટજીએ બુમો પાડવા માંડી. " મહારાજ ! દોડજો દોડજો ? મારી નાખ્યો રે બાપ ? "

મંદિરના બહારના ચોગાનમાં લાવી રક્ષકોએ ભટ્ટ-

જીની ખબર લેવા માંડી. એની મશ્કરી કરવા માંડી. " વાહ ! શું સુંદરી બની છે. ? "

ભટ્ટજીની બુમોથી મંદિરના ભૂગર્ભમાં અદશ્ય થયેલો પેલો વૃદ્ધ સારંગીવાળો ચમકયો, વળી કાંઇ આફત આવી. તરતજ ચાંપ ફેરવી ને અંદરથી દરવાજો ખુલ્લો થયો; તે અંદરથી મૂર્ત્તિવાળા ગભારામાં ધસી આવ્યો. ધ્યાનમાં બેઠેલી અને પ્રાર્થના કરતી પૃથુકુમારી આ વૃદ્ધને જોઇને ચમકી. એ વૃદ્ધ છતાં અત્યારે એનામાં જુવાનીનો પુરતો વેગ હતો. " શું આ ખરેખર વૃદ્ધ છે ? "

પૃથુને વિચારમાં છોડી સારંગીવાળો બહાર ધસી ગયો. પેલાઓ તો ભટ્ટજીની ખબર લેવામાં રોકાયા હતા એટલામાં ઉંચા ઓટલા ઉપરથી તે કુદ્યો અને તે ટોળા ઉપર પડયો બે ચાર પાંચ, છ જણુને તો પડતાંની સાથેજ ચગદી નાંખ્યા, માથે માથાં અફાળવા માંડયા. એક એકને ઉચકી ઉચકીને ગોફણુના ગોળાની માફક દૂર ફેંકી દેવા માંડયા.

અચાનક પોતાની ઉપર આવી પડેલી આપત્તિ જોઇ અંગરક્ષકો ચમકયા ને પેલા નવા આવનાર હરીફ ઉપર તૂટી પડયા. એ તકનો લાભ લઇ ભટ્ટજી ત્યાંથી પોબારા ગણી ગયા. આ ફેરફારથી સરસ્વતી તો આભીજ બની ગઇ. સ્ત્રીના સ્વરૂપમાં આવેલો એ પુરૂષ કોણુ ? આ અચાનક ધસી આવેલો પુરૂષ ક્યાંથી ધસી આવ્યો ને તે કોણુ હશે ? " મહારાજ ! દોડો ? દોડો ? એનો મર્મ શું ? આ બધું કેવી રીતે બન્યું. " એનો મર્મ સરસ્વતી કંઇ પણુ સમજી શકી નહિ.

દાસીઓ તો નાસભાગ કરવા લાગી. મારામારી તો પૂર જોસમાં હતી. પચ્ચીસ ત્રીસ ને પચ્ચાસ માણસોના ટોળા વચ્ચે આ એક વીરપુરૂષ ઘુમતો હતો. એણે કેટલાકને નીચે પટક્યા, કેટલાકને ઉંચકી ઉંચકીને દૂર પટકી દીધા. એ મહારથીને મન એ બધાય તૃણ સમાન હતા. માણસો કેટલાક તો મરી ગયા, કેટલાક શક્તિ રહી ત્યાં સુધી લડયા. એકે ઉપાય ન ચાલ્યો એટલે જીવ બચાવવા નાસવા લાગ્યા, દાસીઓ પણ રખેને પોતે મોતની મેમાન ન થાય—જીવ બચાવવાને તે નાઠી. સરસ્વતીને કંઈ પણ ન સૂઝયું. "શું કરવું ? બ્હેન ! બ્હેન ! નાસો ?" એણે અંદર રાજકુમારીને બુમ પાડી. અંદર રહેલી રાજકુમારીની પ્રાર્થનામાં તો ભંગાણ ક્યારનુંય પડી ચુક્યું હતું. પેલો પુરૂષ અંદરથી બહાર નિકળ્યો અને મારામારી શરૂ થઇ, મારો મારોની બુમ પડવા લાગી, દાસીઓ પણ જેને જેમ ફાવ્યું તેમ નાસી ગઇ. રાજકુમારી પણ 'શું કરવું ?' એ માટે વિચારમાં પડી ગઇ. ભયંકર કોલાહલ જાણી રાજકુમારી પણ અદૃશ્ય થઇ ગઇ.

સરસ્વતી અંદર આવી, પણ પૃથ્વીકુમારી ન મળે, આમ તેમ જોયું પણ ક્યાંય જોવામાં આવી નહિ. સરસ્વતીએ જાણ્યું કે પૃથુ ગમે ત્યાં ક્યાંય છુપાઇ ગયાં હશે. દાસીઓ બધીય જતી રહી, પોતે એકલી રહી તો પોતાને માથે કાંઇ આવી ન પડે એટલામાં એણે પણ નાશી છુટવું. સરસ્વતીને પણ જે માર્ગ સૂઝયો એ માર્ગે પસાર થઇ ગઇ.

મારામારીને અંતે કેટલાક મરણ પામ્યા, કેટલાક અધમુઆ થયેલા મૃત્યુની ઘડીઓ ગણવા લાગ્યા, કેટલાક મહારાજને ફર્યાદ કરવાને દોડ્યા, એકાકી પડેલો એ વૃદ્ધ પોતાનો વેશ ઠીક કરતો ભટ્ટજીને આમતેમ શોધવા લાગ્યો. પણ ભટ્ટજીનો પત્તો ક્યાંય પણ લાગ્યો નહિ.

કોલાહલ શાંત થતાં પૃથુકુમારી મંદિરમાંથી બહાર નિકળી તો સર્વે શાંત હતું. દાસીઓ નાશી ગઇ હતી, પોતાના અંગરક્ષકોમાંના કેટલાક મરી ગયા હતા, કેટલાક મૃત્યુની તૈયારી કરી રહ્યા હતા, એણે એક નિઃશ્વાસ નાખ્યો "અરે આ બધું કોને માટે ? સરસ્વતી ક્યાં જતી રહી હશે ? એ વૃદ્ધ પુરૂષ કોણ હશે ? "

ચાંદનીના પ્રકાશમાં રાજકુમારીને દેખીને મહાવત છુપાઇ ગયેલો હતો તે દોડી આવ્યો. રાજકુમારી પાસે આવી નમસ્કાર કરતો "બા ! ચાલો ? ચાલો ? ઝટ ઘરભેગા થઇ જઇએ."

પોતાના મહાવતને જોઇ રાજકુમારી તરતજ મંદિરના પગથીયાં નીચે ઉતરી હાથી પાસે આવી. મહાવતે હાથીને બેસાડયો, રાજકુમારી ને મહાવત બેસી ગયાં. હાથી શહેરને રસ્તે પડ્યો, પણ લડાઇના ભણકારા એને વાગેલા હોવાથી હાથી અંકુશને વશ રહ્યો નહિ ને આમતેમ નાસવા લાગ્યો.

# પ્રકરણ ૭ મું

## કોની ખાતર ?

હાથીને અંકુશમાં રાખવાને મહાવતે અનેક પ્રયત્નો કર્યા, પણ તોફાને ચડેલો હાથી અંકુશને વશ રહ્યો નહિ. ઉભે રસ્તે નાસવાજ લાગ્યો. રાજકુમારીની જીંદગી ભયમાં આવી પડી. "અરે આ તો ઓલામાંથી નિકળી ચુલામાં પડ્યા. એક ભયમાંથી હજી માંડમાંડ છુટ્યાં ત્યાં આ બીજો ભય સામે આવ્યો, ભાગ્યદેવીનાં નખરાં તો જુઓ, સારૂં કે ખોટું કંઈ સમજાતું નથી." આમતેમ નાસતા અને કુદાકુદ કરતા હાથી ઉપરથી રાજકુમારી પડુ પડુ એવી સ્થિતિમાં આવી પડી. જીંદગીની સલામતીનો એને એક પણ ઉપાય હાથ લાગ્યો નહિ. દૈવ ઉપર ભરોસો રાખી જીવન મરણ વચ્ચે ઝોલાં ખાતી રાજકુમારી પરિણામની રાહ જોવા લાગી. રંક બિચારો મહાવત ! એણે પણ જીવનનું નિશાન દૈવના ભરોસે છોડી દીધું. રાજકુમારીને આવી હાલતમાં મૂકી પોતે પોતાનો બચાવ કરે તે પણ વ્યાજબી નહોતું ને રાજકુમારીને કેમ બચાવવી એ પણ એને કયાંથી સુઝે ?

શિવશંકર ભટ્ટજીને શોધતાં આમતેમ ફાંફાં મારતાં પેલો વૃદ્ધ જરી આગળ નિકળી ગયો, અચાનક એ વૃદ્ધની નજર ચાંદનીના પ્રકાશમાં ભટ્ટજીને બદલે આ હાથી ઉપર

પડી. હાથીને અનિયમિતપણે નાસભાગ કરતો જોઇ એણે કંઈક વિચિત્ર ઘટનાની કલ્પના કરી લીધી. શું બન્યું છે તે જાણવાને માટે તરતજ તે હાથી તરફ ધસી આવ્યો, નજીક આવતાં જ હાથી ઉપર બેઠેલી કોઇ સુંદર યુવતિની ભયભરેલી સ્થિતિ જોઈ અને વસ્તુસ્થિતિ તે સમજી ગયો; કોઇ પણ ભોગે હાથીના પંજામાંથી બાળાને બચાવવી જોઇએ.

હાથીના આવવાને માર્ગે તે એક મોટા વૃક્ષ ઉપર ચઢી ગયો. હાથી જે રસ્તે ધસી આવતો હતો તે રસ્તાની અટકળ બાંધી તે માર્ગ ઉપરની ઝુકી રહેલી ડાળી ઉપર આવ્યો. હાથી એ રસ્તે ડાળી નીચે આવતો ગયો. નજીકમાં આવ્યો એટલામાં પેલાએ બાળાને પોતાના હાથ ઉંચા કરવાને ફરમાવ્યું.

બાળાએ ઉંચી નજર કરી તો મંદિરમાં જોયેલોજ એ વૃદ્ધ પુરૂષ હતો એમ લાગ્યું. એણે પોતાના હાથ ઉંચા કર્યા, જેવો હાથી નીચેથી નિકળ્યો કે પેલા વૃદ્ધે એ બાળાના હાથ પોતાના મજબુત હાથોએ પકડી લીધા ને આસ્તેથી લઘુલાઘવી કળાથી બાળાને ઉચકી લીધી. હાથી ત્યાંથી પસાર થઇ ગયો. રાજકુમારીનું રક્ષણ થયેલું જોઇ મહાવતે પણ એક વૃક્ષનું અવલંબન લઇ જીવ બચાવ્યો.

ધીમેથી રાજકુમારીને એ વૃદ્ધે વૃક્ષ ઉપરથી નીચે ઉતારી ભયથી વ્યાકુળ થયેલી રાજકુમારી ગભરાયેલી અર્ધ મુર્ચ્છિત જેવી સ્થિતિમાં હતી. વસ્ત્રના પવનથી એને સાવધ કરવા માંડી. એ બાળા સાવધ થઇ એટલામાં મહારાજા

સહસ્રાંશુના સૈનિકો રાજકુમારીને શોધતા ત્યાં દોડી આવ્યા; આ વૃદ્ધની પાસે રાજકુમારીને જોઇ સૈનિકો પેલા વૃદ્ધ ઉપર ધસ્યાં. લુચ્ચા ! રાજબાળાને ક્યાં ઉપાડી જતો હતો ?" તલવારો એકસાથે કેટલીય નિકળી પડી.

પેલો વૃદ્ધ પુરૂષ સાવધજ હતો. એ તો સાવજ હતો, એવાં શસ્ત્રબદ્ધ સેંકડો મૃગલાં એની આસપાસ ભલેને ફરી વળે, એથી કંઇ સાવજ પાછી પાની કરે ખરો ? બેઠો હતો ત્યાંથીજ એકદમ કુદ્યો, એક સૈનિક ઉપર પડ્યો એની ઢાલ અને તલવાર આંચકી લીધા, અચાનક આ બનાવ જોઇ પેલા-ઓની તલવારો હાથમાંજ રહી ગઇ. એ વૃદ્ધ ઢાલથી શરીરનું રક્ષણ કરતો તલવારથી એમની સાથે રમવા લાગ્યો. પેલા પણ તલવારો ફેરવતા ચારેકોરથી એને ઘેરી વળ્યાં, ને વચમાં રાખી વૃદ્ધને મહાત કરવા લાગ્યા; પણ એ વૃદ્ધે પોતાના શરીરનું રક્ષણ કરતાં ઘાસની માફક એક પછી એકને જમીન ઉપર નાખવા માંડ્યા. એનું પરાક્રમ નિઃસિમ હતું. રણમાં રમત કરતાં પરિશ્રમ તો એ જાણતોજ નહિ. એ રણશય્યામાં ઉપર કેટલાય સુતા, છતાં સેંકડોની વચમાં પોતે સહિસલામત શત્રુઓને વિદારી રહ્યો હતો.

આ વૃદ્ધ જણાતા પુરૂષનું આવું અપૂર્વ પરાક્રમ જોતાં રાજકુમારીના હૈયામાં શું હતું. એ વૃદ્ધને જોતાંજ એનું હૈયું ઉલ્લાસ પામતું હતું. એક તો પોતાનો ઉપકારી હતો, મૃત્યુના

ઝંઝામાંથી એણે એને બચાવી હતી. એ ઉપકારનો આભાર માનવાનો સમય આવે ત્યાં આ રમખાણ જાગ્યું. એ તોફાનમાં પડેલાઓને સત્ય સ્થિતિ સમજાવી પણ કેમ શકે? છતાંય એક પરિવર્ત્તન થયું, બાળાનું હૈયું એ વીરપુરૂષ ઉપર પ્રીતિવાળું થયું હતું. યુદ્ધમાં એનો જય થાય એ માટે પ્રાર્થના કરી રહ્યું હતું.

સહસ્રાંશુના સૈનિકો એક પછી એક એમ સેંકડો જમીનદોસ્ત થયા, એક વીર અને વૃદ્ધ પુરૂષથી સૈન્યનો નાશ થતો જોઇ બેચાર જણ મુઠીઓ વાળી મહારાજને વિનવવા દોડ્યા. મહારાજ સહસ્રાંશુ પોતાના સેનાપતિ અને સુભટો સાથે ઘોડે ચડી આ તરફ ધસી આવતા હતા. ધસ્યા જતા સૈનિકો એમને માર્ગમાં મળ્યા. "દેવ! દોડો? દોડો? ઝંટ. એક જ વીરપુરૂષ કોઇ આવેલો છે, તેણે આપણા સેંકડો સુભટોને મારી નાખ્યા અને હજી કેટલાકને મારી રહ્યો છે, છતાં પોતે મરાતો નથી."

"અહો! હું છતાં મારા સુભટોનો નાશ?" મહારાજ સહસ્રાંશુ ચીડાયા. એ પરાક્રમીને આ વાત સાંભળી જરા શરમ લાગી.

તરતજ એ મારતે ઘોડે એ તરફ ધસ્યો, એની પછવાડે એના સુભટો, સેનાપતિ, સરદારો પણ તીરની માફક છૂટ્યા.

લગભગ નજીક આવી પહોંચ્યો ને દૂરથી એણે લડાઇનો રંગ ચાંદનીના પ્રકાશમાં નિહાળ્યો, એક જ વીરપુરૂષ

પોતાના સેંકડો સુભટોનો નાશ કરી રહ્યો હતો જેથી એનું અભિમાન ઘવાયું.

ફરથી એ મ્હારાજ સહસ્રાંશુએ ધનુષ્ય ઉપર શર-સંધાન કરી બાણ ચડાવ્યું. એ વીરને યુદ્ધમાં જીવતાં પકડવો એ મુશ્કેલ હતું, તેમ આટલા માણસો વચ્ચે પણ એ વીરપુરૂષ જીતી શકાય તેમ નહોતો, કર્ણપર્યંત બાણ ખેંચી સનનન કરતું એ નાગપાશ બાણ ધનુષ્ય ઉપરથી છોડી દીધું, અને પરિણામની રાહ જોતો એ વીરનર ત્યાંજ સ્થંભ્યો. યુદ્ધ કરતાં એ વૃદ્ધ પુરૂષ ઉપર એ બાણ પડતાંજ ચારેકોર નાગપાશથી એ બંધાઇ ગયો.

નાગપાશથી બંધાયેલ વૃદ્ધને જોઇને સૈનિકો બધા ખુશી થયા. તેઓ એની ઉપર ધસી તો ગયા પણ પેલા સર્પો એમની તરફ ફુંફાડા મારવા લાગ્યા, જેથી તે પાછા હઠ્યા, એટલામાં તો મહારાજ સહસ્રાંશુ ત્યાં આવી લાગ્યો. એની સાથે એના સરદારો પણ આવી પહોંચ્યા.

અશ્વ ઉપરથી કુદી પડી સહસ્રાંશુએ પેલા વૃદ્ધને નિહાળ્યો, એને કૌતુક થયું "ઓહો! આવો વૃદ્ધ છતાં એણે મારા સેંકડો સૈનિકોને શી રીતે મારી નાંખ્યા." મનમાં વિચાર કરવા લાગ્યો. સહસ્રાંશુએ પ્રગટપણે કહ્યું. "કોણ છે તું?"

"રાજબાળાને ઉપાડી જનાર અઠંગ ઉઠાવગીર!" સૈનિકો બોલ્યા.

" એમ, રાજબાળાનું હરણ કરી નાશી જતો હતો, શું પૃથ્વી નમાલી થઇ ગઇ છે, ને તું ઘરડો પોતાને વીર માને છે કેમ ? "

" હા, મહારાજ ! જુઓને આપણા કંઇ સૈનિકો મારી નાખ્યા છે ! ઘરડો છે પણ જબરો તો બહુ છે હો ? "

" ઠીક છે, ન્યાયની અદાલતમાં એનો ઇન્સાફ થશે, સરદારો એને લઇ ચાલો ? " સહસ્રાંશુએ હુકમ કર્યો.

એ વીરપુરૂષના પરાક્રમ ઉપર પ્રીદા થયેલી રાજબાળા વૃદ્ધને નાગપાશથી બંધાયેલો જોઇ એકદમ મૂર્ચ્છિત થઇ ગઇ. રાજા આવ્યો અને જ્યારે સાવધ થઇ ત્યારે રાજકુંવરીએ ભાઇને વિનંતિ કરી. " બંધો ! એમને છુટા કરો ? "

" કોને છુટા કરવાનું કહે છે ? આ રાજદ્રોહીને ! જોતી નથી એણે મારા સેંકડો સૈનિકોને મારી નાખ્યા તે, હું ન આવ્યો હોત તો મને લાગે છે કે આ ઘરડો મારા સિવાય કોઇથી જીતાવો મુશ્કેલ થઇ પડત ! " સહસ્રાંશુએ કહ્યું.

" એવા વીરનરનાં સન્માન આમ ન થાય, એમને તો સત્કાર કરવો જોઇએ. બંધુ ! એમણે મારી જાત બચાવી એની તનને ખબર નહિ હોય ? "

" તારી જાત બચાવી કે તને ઉપાડી જતો હતો ? "

" મારી જાત બચાવી, આપણા હાથીના પ્રાણહારક સકંજામાંથી મને બચાવી. " પૃથ્વીએ વદ્ધની બહાદૂરીનું વર્ણન કર્યું.

" એ પણ એનુંજ કારસ્તાન હતું, ત્યાં પણ એણે આપણા અંગરક્ષકોને મારી નાખ્યા, એ લડાઇ જોઇ હાથી ભડકેલો. વસ્તુતઃ તો આ બધાય અનર્થનું કારણ તો એ વૃદ્ધ જ છે. એવા ગુન્હેગારને હું જતો કરૂં, પૃથ્વી! તું શું બોલે છે? મારાથી એ નહિ બને, એને તો સખ્તમાં સખ્ત શિક્ષા થશે, જાહેર દરબારમાં કાલે એનો ઇન્સાફ થશે. "

" બંધો! હું તમને પગે પડીને કહું છું કે એમને બચાવો? મારો જીવ બચાવનારતો તમે પણ જીવ બચાવો, ભાઈ! ઉપકારનો બદલો અપકારથી તો નજ વાળી શકાય. "

" તું આટલો બધો એ ડોસાનો પક્ષપાત કેમ કરે છે વારૂ? " શંકાની નજરે સહસ્રાંશુએ પૂછયું.

" એમણે મારો જીવ બચાવ્યો છે. "

" તેથી શું? " એ વૃદ્ધની સાથે બધા નગરમાં ચાલ્યા ગયા.

# પ્રકરણ ૮ મું

## ભૂત કે અદ્‌ભુત?

રાજકુમારી જોવામાં ન આવી, જેથી સરસ્વતીએ ધાર્યું કે ક્યાંક છુપાઇ ગયાં હશે. હવે જે સમય જાય છે એમાં પોતે પણ છટકી જાય તો ઠીક, એવો વિચાર આવ-

વાથી સરસ્વતી પણ નાશી છુટી. ગરીબ બિચારી સરસ્વતી, સહીસલામત થવા છટકી તો ખરી પણ આગળ એને માટે મુશ્કેલી તૈયાર હતી. એમ સહેલાઈથી આફતનો મહીસાગર તરી જવાતો હોત તો માનવીના દુઃખોનો અંત જલ્દીથી આવત. હરણીની પેઠે ભયથી ભાગતી સરસ્વતીની ઉપર પસાર થતા કોઇ ચારેક બદમાસોની નજર પડી. એકાકી સુંદર મૃગલીને જોઈ સાવજ પોતાનો શિકાર સહેલાઈથી જતો કરે ખરો ? બદમાશોએ નાશી જતી સરસ્વતીને પકડી, સરસ્વતીએ છુટવાને ઘણીય ખેંચતાણ કરી, પણ ગમે તેવી તોય એ એક અબળા, બદમાસોના હાથમાંથી છટકવું એ કાંઈ સહેલું હતું કે છટકે !

" ચાલો પેલા વૃક્ષ નીચે જઇએ, આવો શિકાર કાંઈ વારેઘડીયે હાથ આવતો નથી, આજ શુકન તો સારા થયા લાગે છે. " એક બદમાસે સામે દૂર એક વૃક્ષ તરફ આંગળી બતાવી કહ્યું.

" હા, ત્યાં ઠીક પડશે. કેવી એકાંત છે, શાંત છે. " બીજાએ જવાબ આપ્યો.

એ કોમળ મૃગલીને ઉંચકી ચારે બદમાસો પેલા વૃક્ષ તરફ ચાલ્યા.

વૃક્ષના થડનો તકીયો કરીને પેલી શિવસુંદરી ઝોકાં ખાતી હતી. અંગરક્ષકોની પ્રસાદી ચાખી નાશી છુટેલી શિવસુંદરી ( ભટ્ટજી ) આ વૃક્ષ પાસે આવી એના અંધકારનો

લાભ લઇને છુપાઇ ગઇ હતી. થોડીકવારે શાંતિ થયા પછી થડ-નું ઓશીકું કરી જરી આડે પડખે થઇ. એને ઝોકાં આવવા લાગ્યાં; ત્યાં વળી ખડખડાટ થયો ને ભટ્ટજી સાવધ થયો. જીણી આંખે નજર કરી તો ચાર બદમાસો કંઇક ઉંચકીને આ વૃક્ષ તરફ ચાલ્યા આવતા હતા. “ વળી ક્યાં આફત્ત આવી ! ”

અંધકારનો લાભ લઇને ભટ્ટજી વૃક્ષ ઉપર ચડી ગયો. એની શાખા ઉપર આવી છુપાઇ રહ્યો ને શું થાય છે તે જોવા લાગ્યો.

પેલા ચારે ગુંડાઓએ આ ઝાંડ નીચે આવીને સરસ્વ-તીને નીચે મૂકી. સરસ્વતી એકદમ ઉભી થઇ ગઇ. આ લુચ્ચા-ઓથી સલામત કેમ રહેવું તે માટે વિચાર કરવા લાગી. “કેમ, ખુશીથી અમારે આધિન થાય છે કે નહિ ? ”

“ ભાઇઓ ! મને મારે રસ્તે જવાદો, મારે ઘેર જવા દો ? ”

પેલા ચારે અટ્ટહાસ કરતાં ક્રૂર હસી પડ્યા. “ ઘેર જવું છે. અમારી સાથે રાત્રી ગુજારી પ્રભાતના તું તારે ઘેર ને હમે અમારે ઘેર. ” એક ગુંડો બોલ્યો.

“ ભાઇઓ ! મને ગરીબને સતાવી સાર નહિ કાઢો. ”

“ ચાલ, તારૂં ટાયલું જવાદે, જોની કેવી સુંદર છે તું, તને મેળવ્યા પછી કોણુ બેવકુફ હોય કે એમને એમ તને જવા દે. ” બીજાએ કહ્યું.

સરસ્વતીએ ભાગવા માંડયું, એક જણે દોડીને પકડી લીધી ને પાછી ત્યાં લાવીને પટકી. "કેમ? એમને એમ ભાગી જવું છે. બીરાદર! આ સીધી રીતે માને તેમ નથી."

"તો બળજોરીથી એને સમજાવો, એને નીચે પટકી એની ઉપર આપણી તાકાત આપણે અજમાવો?" બીજાએ કહ્યું.

"હા? એમજ. સ્ત્રીઓની જાત જ એવી છે કે એ કદિ સ્વમુખે હા ભણે નહિ.

તરતજ એક માણુસ સરસ્વતીને પટકવા તૈયાર થઇ ગયો, સરસ્વતી થરથરી, કંપાયમાન થઇ ગઈ. "ઓ પ્રભુ! મારી રક્ષા કર? રક્ષા કર? આ શયતાનોના પંજામાંથી મને બચાવ?"

"સુંદરી! શા માટે શોક કરે છે. અમે તને જાનથી મારવાના નથી. ફક્ત આજની રાત અમારી સાથે રહે, અમારી ઉપર પ્રસન્ન થા?"

ગુંડો એને પકડવા ધસ્યો, બાળા સરસ્વતી નાશભાગ કરવા લાગી. પેલો એને આ બાજુ પકડવા જાય તો બીજી તરફ ભાગી જાય, છેવટે ચારે બાજુએથી ચારે ગુંડાઓએ એને ઘેરી લીધી. સરસ્વતી બરાબર સપડાઈ ગઇ. પોતાને મુક્ત કરવા એ લોકોને વિનવવા લાગી, તેમ તેમ એ ગુંડાઓનાં હૃદય એના સૌંદર્યથી વિશેષં વ્યાકુળ થયાં.

"ખાઉં? ખાઉં?" એવો ભયંકર અવાજ અચાનક એમને કાને આવ્યો.

ગુંડાઓ “ ખાઉં ? ખાઉં ? ” અવાજ સાંભળીને ભડક્યા ને ભય પામ્યા, ભયની મારી એમની કામવાસના શાંત થઇ ગઇ. “ અલ્યા ! આ વડના ઝાડમાં ભૂત રહે છે એ વાત સાચી હો ? ” એક ગુંડો બોલ્યો.

“ ચાલો ભાગો આને ઉપાડીને ? ” ગુંડાઓ સરસ્વતીને પકડવા ધસ્યા.

“ ખાઉં ? ખાઉં ? કરતી એક બીહામણી બલા વૃક્ષની શાખા ઉપરથી એમની ઉપર તૂટી પડી. દાંત બતાવતી, ભયંકર મ્હોં કરતી, અંધકારવાળી રાત્રીનો લાભ લઈ પેલા ગુંડાઓને દાંતીયાં કરવા લાગી.

ઉપરથી પોતાની ઉપર કંઇક પડયું સાંભળી પેલા ગુંડાઓ સરસ્વતીને છોડી જીવ બચાવવાને, “ નાશ મારા બાપ, આ તો મુઆ ઠાર. ” એમ બોલતા મુઠીઓ વાળીને નાઠા.

ગુંડાઓના પલાયન પછી આ બન્ને વ્યકિતઓ પાછી એકત્ર થઇ. ભટ્ટજીએ તો જાણ્યું હતું કે પેલી કુળદેવીના મંદિરમાં મળેલી આ બાઇ જેવી જણાતી હતી. બોલવું, ચાલવું, વય, સૌંદર્ય સર્વે તેના સરખું જ હતું. સરસ્વતીએ તો ધાર્યું કે એને પરમેશ્વરે બચાવી. અણીને વખતે એને કોણે મદદ કરી. “ આતે સાચે સાચું ભૂત છે કે અદ્ભુત ? જોઉં તો ખરી. ”

ઉપકાર કરનાર તરફ આભારની લાગણી પ્રદર્શિત કરવાને તેણી પેલી વ્યક્તિ તરફ ફરી. એ વ્યકિતએ પોતાનું

આખું શરીર કાળા વસ્ત્રથી આચ્છાદિત કરેલું હતું. અંધારામાં એની બે આંખો માત્ર ચમકતી હતી. એની પાસે આવી એણે આભાર માન્યો. " આપે મને આ દુઃખના મહાસાગરમાંથી બચાવી મારૂં રક્ષણ કર્યું તેથી આપનો આભાર માનું છું. "

ભટ્ટજીને ખાત્રી થઈ કે આ બાળા તેજ વ્યકિત હતી કે જેણે મંદિરમાં પોતાની ફજેતી કરાવી હતી. એણે મૌન ધારણ કર્યું. સરસ્વતી ફરીથી બોલી. " આપનો મહાન્ ઉપકાર થયો, એ ઉપકારના બદલામાં આપને શું આપું ? "

સરસ્વતીના જવાબમાં હાથની ઇસારતથી તે વ્યકિતએ કહ્યું. " જતી રહે, જતી રહે. " જવાની સૂચના કરી. વડલાના થડનું ઓસીકું કરી આસન લગાવીને તે બેસી ગયો. એની આવી વર્તણુકથી સરસ્વતીને વ્હેમ પડ્યો.

" આપ કોણ છો, આપનું નામ ઠામ તો કહો ? મહારાજને કહી આપને હું કંઇક ઇનામ અપાવીશ. "

તે વ્યકિતએ હાથની સંજ્ઞાથી ના પાડી. સરસ્વતીને લાગ્યું કે આ એજ વ્યકિત છે જે મંદિરમાં સ્ત્રી થઇને આવી હતી. એને જરા હિંમત આવી. તે એની પાસે આવી, એને પાસે આવતી જોઇ પેલી વ્યક્તિ જરી દૂર ખસી જેથી એના મુખ ઉપરનો છેડો ખસી ગયો, એનું મુખ જોતાં સરસ્વતી પામી ગઇ કે નક્કી આ તેજ વ્યકિત હતી.

" અહો ભટ્ટજી ! હું તમને ઓળખી ગઇ છું. તમે મંદિરમાં બાઇજી થઇને આવ્યા હતા તેજની ? વાહ ! વેષ તો

બહુ સારા ભજવો છો હો ? " સરસ્વતી બોલી. " તમે બ્રાહ્મણ જેવા લાગો છો કેમ ભટ્ટજી ખરૂં ને ? "

ભટ્ટજીએ માથુ નમાવીને હા પાડી, ભટ્ટજીનો જવાબ સાંભળી સરસ્વતીને શેર લોહી ચડયું. " હુંય બ્રાહ્મણ છું હો, ગભરાશો નહિ, ભટ્ટજી આપણે બન્ને એકજ જ્ઞાતિનાં, એ તો વિવાહથી રળીયામણું ? " સરસ્વતી એમ બોલતી ભટ્ટજીની જોડમાં બેસી ગઇ. હાથની સંજ્ઞાથી પોતાના તરફ બોલાવતી. " જરા આમ આવોની ? "

" દૂર બેસ ? દૂર બેસ ? " એમ બોલતા ભટ્ટજી જરા દૂર ખસ્યા.

" ભટ્ટજી ? ટાઢ વાય છે જરી ઓઢાડોને ? " એમ કહી ભટ્ટજીનું ઓઢેલું લુગડું સરસ્વતીએ ખેંચવા માંડયું.

" શિવ ! શિવ ! શિવ ! આ શું કરો છો, તમારે ઘેર નથી જવું હવે ? "

"ટાઢ વાય છે, સાંભળો છે કે નહિ ?" સરસ્વતીએ અર્ધું લુગડું પોતે ઓઢયું ને અર્ધું ભટ્ટજીએ તો ઓઢેલું હતું.

સરસ્વતીની આવી ચેષ્ટાથી ભટ્ટજીએ ઓઢેલું વસ્ત્ર બધુંય સરસ્વતીને આપી દીધું ને જરા આઘો ખસી ગયો.

ભટ્ટજીની આવી ચેષ્ટા જોઇ સરસ્વતી બોલી. " ભટ્ટજી ! આમ શું કરો છો ? "

" હું સુંદરીયોથી બહુ બીઉં છું, શું કરૂં ? " ભટ્ટજી બોલ્યા.

"શું એમે તે કાંઇ વાઘબાઘ છીએ કે તમે બીઓ છો" ? " અરે શંભો ! ભોળાનાથ ! આ આપદારૂપી મહાસાગરથી મને છોડવ ? મારી અરજ સાંભળ ? ભટ્ટજીએ હાથ જોડી ભોળાનાથને અરજ કરવા માંડી.

ભટ્ટજીના બે હાથો પકડતી ને ભોળાનાથને ભૂલવતી સરસ્વતી બોલી. " પણ ભટ્ટજી ! તમને શું પરણવું નથી ગમતું ? ભોળાનાથ કાંઇ નવરા નથી કે તમારી અરજ સાંભળે.

ભટ્ટજીએ માથું ધુણાવી ચોખ્ખી ના પાડી. તમને કેમ પરણવાનું મન નથી થતું ? " ફરીને સરસ્વતીએ પૂછ્યું.

એ હૃદયમાં કઠોર અને ઉપરથી કોમલ જણાતી લલના-ઓથી હું બહું બીઉં છું તેથી, સમજ્યાં ? "

" પણ તમને બહારથી અને ઉપરથી બન્ને રીતે કોમળ વહુ મળે તો પરણશો કે નહિ ? "

" તોય નહિ. "

" કારણ ? "

" મારી પાસે દ્રવ્ય નથી, એનું પુરૂં કરવાને મારી શકિત નથી. "

" પણ તમને વગર પૈસે વહુ મળે તો પછી. ? " સરસ્વ-તીએ ભટ્ટજીનો કેડો લીધો.

" છતાંય મરજી નથી. "

" કેમ વારૂ ? "

" મને વિશ્વાસ ઉઠી ગયો છે. સ્ત્રીઓ લુચ્ચી અને મતલબી હોય છે. તેમાંય મારે તો સ્ત્રીઓ સાથે લેણું જ નથી. "

" પણ મારા જેવી મળે તો ? હું તમને સુખ આપીશ, સુખી કરીશ. "

" કોણ તું ? શિવ ! શિવ ! શિવ ! મારા શત્રુને પણ તું ન મળજો, એવી તું તો ? "

સરસ્વતી ભડકી "ઓય મા ! તમે માણસ છો કે ફાનસ ! આ શું બોલો છો ? "

" ખોટું કહું છું ? ભૂલી ગઇ હમણાંની જ વાત, મારો ઘાટ ઘડાયો તો તે, માંડમાંડ ત્યાંથી નાસી છુટયો છું, ને હવે ફરી આ બલાનો વિશ્વાસ કરૂં. "

" ભટ્ટજી ! તે ભૂલ મારી ક્ષમા કરો, એક ભૂલ તો સર્વે કોઇ ક્ષમા કરે છે. ને તમે પણ ? "

" ભૂલી જાઉ ? તો બીજી વખત મારો ઘડોલાડવો કરાવે જ તો. "

સરસ્વતી ભટ્ટજીના પગમાં પડતી બોલી. " નહિ, નહિ, ભટ્ટજી હવે એમ નહિ થાય, અને એ બાબતો બધી ભૂલી જાઓ. "

"હવે કોઇ પણ રીતે મારો પલ્લો છોડીશ ? મારે પરણવું નથી તો તારે મને પરાણે પરણવું છે કેમ ? " ભટ્ટજીએ ત્યાંથી ચાલવા માંડયું.

સરસ્વતી ભટ્ટજીને વળગી પડતાં બોલી. " ભટ્ટજી ! મારી માગણી તરછોડી ના જશો હો, હવે તમારે પરણ્યા વગર છુટકો થવાનો નથી. હું હવે તમને છોડીને જવાની નથી."

" અરે ભગવાન ! આ બલા મને કયાં વળગી. શું આમ બળાત્કારે તે પરણી જવાતું હશે. આવો જુલમ મુજ રંક ઉપર, આ દુ:ખમાંથી મને કોણ બચાવે ? "

ભટ્ટજી એને તરછોડી જવા લાગ્યો " ભટ્ટજી ! યાદ રાખજો કાલે સવારે તમને મહારાજને કહી ન પકડાવું તો, આમ પ્રીત કરીને કોઇને તજી દેવાતી હશે શું ? "

" તું તો ખરેખરી ગળેપડુ લાગે છે, કેવી જબરી છે, વાહ ! શું હિંમત ? "

" એ તો હવે કાલે ખબર પડશે, તમે મને છોડશો પણ હું તમને છોડું એમ નથી સમજ્યા ? મહારાજ સહસ્રાંશુને કહી જરૂર તમને પકડાવીશ. " સરસ્વતી એમ બોલતી ત્યાંથી શહેરમાં ચાલી ગઈ.

રમણીય મુંઝવણમાં પડેલો ભટ્ટજી આફત્તોનો ડુંગર એની ઉપર ધસી પડેલો, તેનો વિચાર કરતો મહારાજની ભાળ ન મળવાથી તેમજ રખેને ક્યાંક પકડાઇ જવાય એવા ભયથી પોતાની છાવણી તરફ પલાયન થઇ ગયો.

# પ્રકરણ ૯ મું.

## જંજીરને ઝણકારે.

રાત્રી વહી ગઇ ને પ્રાતઃકાળે સૂર્યનો ઉદય થયો. એ રાત્રીમાં કંઇ કંઇ પરિવર્ત્તનો થઇ ગયાં, કોને માથે શું વીતી ગઇ. એની મખમલની પથારીમાં સુતેલા સુખી આત્માને શી ખબર પડે ? માણસ શી ઇચ્છાથી કાર્યની શરૂઆત કરે છે, ત્યારે પરિણામ અકસ્માત્ જુદુંજ બની જાય છે. સંસારની વાસનાનો ભૂખ્યો મોહમસ્તાન પ્રાણી એ બધું કોની ખાતર કરે છે ? અંતરમાં ઉદ્ભવેલી કોઇ પણ મહત્વાકાંક્ષા મનુષ્ય પાસે શું નથી કરાવી શકતી ? પ્રયત્ન તો મનુષ્ય આધિન છે ત્યારે ફળ દૈવાધિન છે.

નાગપાશથી બંધાયેલ એ વૃદ્ધ પુરૂષને હાથે પગે મજબુત લોખંડી જંજીરો નાંખવામાં આવી. મજબુતમાં મજબુત જંજીરો શૂરવીર માણસો પણ પહેરવાને અશકત હોય એવી જંજીરો સહસ્રાંશુએ પેલા વૃદ્ધને પહેરાવી, સુભટોના પહેરા નીચે રાખવામાં આવ્યો હતો છતાંય એ વૃદ્ધ નિર્ભય હતો. એના મનમાં જરા પણ ચિંતા કે વિચાર નહોતો. એ બાહ્ય બંધનોની એને લેશ પણ પરવા નહોતી. પોતાની શક્તિ ઉપર એ એટલો બધો મુસ્તાક હતો કે સર્વને એ તૃણ સમાન ગણતો હતો. આટઆટલા પહેરેગીર છતાં એમના સકંજા-

માંથી છટકી જવું એ તો એને મન રમત હતી તો પછી એ બંધનમાં કેમ હતો ત્યારે ?

પ્રાત:કાળે પહોર દિવસ ચઢયે રાજદરબાર ભરવામાં આવ્યો. અમલદારો, સરદારો તેમજ બીજા પરોણાગત સ્વીકારવાને આવેલા રાજાઓથી દરબાર ખીચોખીચ ભરેલો હતો. રાત્રીના બનાવની વાત પ્રાત:કાળનો પ્હો ફાટતાં સર્વત્ર પ્રસરી ગઇ હતી. જેથી ઇન્સાફ જોવાની ખાતર પોતપોતાની છાવણીમાંથી રાજકુમારો અને રાજાઓ પણ પધાર્યા હતા. મહારાજ સહસ્રાંશુ ઉંચ્ચ સિંહાસને બિરાજમાન થયા. રાજમહાલયની સ્ત્રીઓને પણ પડદો નંખાવી બેસવાની જગ્યા રાજાએ કરી હતી. તેમાંય વિશેષે કરીને રાજકુમારી પૃથ્વીદેવી અનેક રાજાઓ અને રાજકુમારોને જુએ અને પેલા વૃદ્ધ ઉપરથી એનું મન ઉતરી કોઇ પોતાને યોગ્ય રાજકુમાર સાથે જોડાય એ નિષ્ઠાએ રાજા પૃથ્વીદેવીને એ ખાસ દરબારમાં બોલાવી હતી. રાજા આવ્યો એટલે નણંદ ભોજાઇ આવીને પડદામાં બેઠા. તેમની પછવાડે રમણીમંડળ પણ બેઠું. દરબારમાંની દરેક હીલચાલ સ્ત્રીઓ જોઇ શકતી હતી પણ સ્ત્રીઓને કોઇ જોઇ શકતું નહોતું.

મહારાજા સહસ્રાંશુએ પોતાની બેઠક લીધા પછી સુભટોને આજ્ઞા કરી "જાઓ ? પેલા રાજદ્રોહી કેદીને અહીંયાં પકડી લાવો, એનો વ્યાજબી ઇન્સાફ થશે."

રાજાની આજ્ઞા સાંભળી તીરના માફક સુભટો છુટ્યા,

એ વૃદ્ધને જ્યાં રાખવામાં આવ્યો હતો ત્યાં આવીને તેમણે દૂર ઉભા રહી રાજાની આજ્ઞા સંભળાવી. રાજાનું આમંત્રણ સાંભળી વૃદ્ધ ઉભો થયો, એમની સામે જોઇ જરીક હસ્યો, ને મંદ મંદ ડગલાં ભરતો તે આગળ થયો. સુભટો હજારો ખુલ્લી સમશેરોથી એને ઘેરીને સમશેરની ધાર બતાવતા એની પછવાડે ચાલ્યા.

ભટ્ટજીએ રાતોરાત છાવણીમાં પહોંચી જઇને મહારાજનો પત્તો નથી ને હું પોતે માંડ માંડ નાશીને છુટી આવ્યો, તેનું વિસ્તારથી વિવેચન પ્રધાનો આગળ કહી બતાવ્યું. મહારાજના ગુમ થવાથી પ્રધાનોમાં દિલગીરી પ્રસરી રહી, પણ એના અમાત્યો મહાચતુર અને શાણા, હોઇને ભટ્ટજીની વાત ત્યાંજ ગોપવી દીધી, જાણે કાંઇ જાણતાજ ન હોય, અને મહારાજ બે દિવસ બહાર ગયા હોય તેવો દેખાવ ધારણ કર્યો. પ્રાત:કાળે છાવણીમાં સમાચાર ફેલાવ્યા કે–'મહારાજ કાર્ય પ્રસંગે બહાર ગયા છે.' અચાનક મહારાજ બહાર ગયા જેથી સર્વે અજાયબ થયા.

પ્રાત:કાળે પ્રધાનોનાં જાણવામાં આવ્યું કે મહારાજ સહસ્રાંશુએ એક વૃદ્ધ પુરૂષને રાત્રીના પકડયો છે અને આજે એનો ઇન્સાફ થવાનો છે. પ્રધાન સમજી ગયા કે એ વૃદ્ધ પુરૂષ એજ પોતાનો મહારાજ હતો, હવે એ માટે શું કરવું ? નગરની, છાવણીઓની ગુપ્ત હકીકતો તેમજ એ ઇન્સાફની

હકીકતો તેમજ બીજી નવા જુની જાણવા માટે પ્રધાનોએ ગુપ્ત જાસુસો છોડી મૂક્યા. ઇન્સાફ શું થાય છે તેના પરિણામની રાહ જોતાં પ્રધાનો થોભ્યા.

સહસ્ત્રાંશુના ભવ્ય દરબારમાં હજારો મોટા મોટા પુરૂષો ઠાઠમાઠથી બેઠેલા હતા. મહારાજ સહસ્ત્રાંશુ એક મોટા સિંહાસન ઉપર બીરાજમાન થયા હતા. સુભટોએ એની આગળ આ વૃદ્ધ પુરૂષને લાવીને હાજર કર્યો.

એ મજબુત બેડીઓના બંધનમાં પડેલા એ વૃદ્ધ પુરૂષ તરફ એક સાથે સેંકડો આંખો પડી. વૃદ્ધાવસ્થાની હાલતથી એ જર્જરિત થયેલો હતો. એની વૃદ્ધાવસ્થા બીજાને દયા ઉપજાવે તેવી હતી. એ વૃદ્ધાવસ્થાથી માંડમાંડ ડગલાં ભરતા ડોસાનો ચ્હેરો કદરૂપો હતો. પોતાનો લીધેલો વેષ અત્યારે જ સાર્થક્ય કરવાનો હતો. પૂછેલા ઉત્તરોના જવાબ માંડમાંડ બોલી શકતો હતો, મહામહેનતે બોલતાં પણ તે થાકી જતો હતો. બધા અજાયબ થયા કે આવા મૃત્યુના કાંઠે પહોંચેલા માણસે નિઃશસ્ત્ર છતાં સેંકડો સુભટોને શી રીતે મારી નાખ્યા ?

એ વૃદ્ધને જોતાંજ પૃથ્વીકુમારીએ ભાભીના કાનમાં કંઈક વાત કરવા માંડી. પૃથ્વીની નજર એ વૃદ્ધના તરફજ હતી. રાત્રીનો બનેલો વૃત્તાંત સંભળાવતી એ વૃદ્ધને બચાવવા ભાઇને ભલામણ કરવા ભાભીને વિનવી રહી હતી.

એ અખંડ શાંતિ વચ્ચે સહસ્ત્રાંશુએ પેલા વૃદ્ધની સામે

નજર કરી. એની વૃદ્ધાવસ્થાની હાલત તે આવી મજબુત બેડીઓથી એના મનમાં એને માટે જરા દયા સ્ફુરી. બીજીજ પળે પોતાના સુભટોનો નાશ નિહાળતાં એના મનમાં તિરસ્કાર ઉભરાઇ આવ્યો. "બોલ. વિના કારણે મારા સેંકડો માણુસોનો સંહાર કેમ કર્યો ?"

"મારા બચાવ માટે." વૃદ્ધે નિર્ભયતાથી જવાબ આપ્યો. "તમારા હજારો શત્રુઓ નિઃશસ્ત્ર એવા મારી ઉપર ધસી આવે, એ શું નીતિ છે ? કહેશો કે નિઃશસ્ત્ર ઉપર શસ્ત્ર ચલાવવું એ કયાંની નિતી છે ?"

"તું મારો ગુન્હેગાર છે, ગુન્હેગારને ગમે તેવી સ્થિતિમાં પકડવો કે શિક્ષા કરવી એ ન્યાય છે." સહસ્રાંશુએ કહ્યું.

"કોણુ કહે છે કે હું ગુન્હેગાર છું ?" વૃદ્ધ છતાં ગર્વ ભરી છટાથી એણે જવાબ આપ્યો. તે છતાં વૃદ્ધાવસ્થાનો વેષ ભજવવામાં ખામી આવવા દેતા નહિ.

"ગુન્હાનો શું તું ઇન્કાર કરે છે ? રાજબાળાને હરનાર, ઉપાડી જનાર તું નહિ તો બીજો કોણુ છે ?"

"એ ફર્યાદ રાજબાળા પાસેથીજ સાંભળવી ઠીક પડશે." વૃદ્ધે કહ્યું.

"મારા માણુસો, સુભટો કહે છે તે શું ખોટું છે ? કુળદેવીને મંદિરે પણ મારા અંગરક્ષકોને સંહારનાર તુંજ કે બીજો કોઇ ?"

"હા, તે હુંજ ?"

"શામાટે, બુઢ્ઢો થયો એટલે શું જીવવાથી ધરાઇ ગયો કે હવે મરવા માગે છે ?"

"મારા નોકરને બચાવવા માટે, મારા નોકરને તેઓ મારી રહ્યા હતા, મારી નાખતા હતા, હું પોતે હાજર છતાં એને કેમ મરવા દઉં !"

"તારો નોકર ગુન્હેગાર હતો, કુળદેવીના મંદિરમાં જ્યાં સ્ત્રીઓ ગયેલી ત્યાં એને જવાનું શું કારણ ? તેમાંય સ્ત્રી થઇને એવી લુચ્ચાઇ કરનારને તો સખ્ત શિક્ષા કરવામાં આવશે, એને પણ પકડવામાં આવશે."

"એ ગરીબ નોકર એક ખુણામાં છુપાઇ ગયો હતો, ન તો એણે તમારી સ્ત્રીઓની છેડ કરી, ન તો એણે કંઇ તોફાન કર્યું. છતાંય ખુણામાં ભરાયેલા નોકરને ગુન્હેગાર માની બહાર ખેંચી કાઢી શિક્ષા કરવી એ કાંઇ નીતિ નથી."

"એવો ખોટો બચાવ કરી તું મને નીતિનો પાઠ શીખવવા આવ્યો છે કેમ ? તારો ગુન્હો તું છુપાવવા માગે છે શું ? એ બચાવ તારો બચાવ નથી, એ તારી મસ્તી માટે તને ભારે શિક્ષા થશે. તારા જેવાને જતો મૂકવો એ તો દૂધ પાઇને સાપ છોડી દેવા બરાબર છે."

"તે તમને ફાવે તેમ કરો; મને જે ઠીક લાગ્યું તે મેં કર્યું છે."

"તો મને ઠીક લાગશે તે હું કરીશ, તને સખ્તમાં સખ્ત શિક્ષા કરીશ."

વૃદ્ધ સહસ્ત્રાંશુનીવાણી સાંભળી મૌન રહ્યો, એ તો નિર્ભય હતો, સભામાં બેઠેલા બધાય એને મન મૃગલાં સમાન હતા, એમની મધ્યમાં પોતે સાવજ હતો. એ સમજતો હતો કે એની બરોબરી કરનાર તો માત્ર સહસ્ત્રાંશુ એકજ વીર હતો.

એ વૃદ્ધને જોઇ સહસ્ત્રાંશુ હસ્યો. "ડોસા ! એ સેંકડો સુભટોને મારનારૂં તારૂં બળ કયાં ગયું ?"

" મહારાજ સહસ્ત્રાંશુનાં વચન સાંભળી વૃદ્ધ મૌન રહ્યો. એના હોઠ કંઈક વદવાને ફફડી રહ્યા પણ મૌન રહ્યો. ચારેકોર તીવ્ર નજર ફેરવી એક તીક્ષ્ણ નજર એ વીરનર ઉપર નાખી. એની નજર પડતાં સહસ્ત્રાંશુ પણ ક્ષોભ પામ્યો.

"ડોસા ! તારા ભયંકર ગુન્હાઓ ધ્યાનમાં લેતાં તું ક્ષમા કરવા યોગ્ય નથી. તેથીજ આવતીકાલે તને ત્રીજે પ્રહરે ફાંસી દેવામાં આવશે."

મહારાજ સહસ્ત્રાંશુનો હુકમ એણે શાંતિથી સાંભળ્યો, એના હુકમની એને જરી પણ પરવા નહોતી. એ શબ્દો સાંભળવા છતાં એના મનમાં કંઈ પણ અસર થઇજ નહિ. એનું પ્રસન્ન મુખ જોઇ રાજા સહસ્ત્રાંશુને જરી આશ્ચર્ય લાગ્યું. સભામાં બેઠેલા સર્વે અજાયબ થયા. અત્યારે એની દયા ખાય એવું ત્યાં કોઇયે નહોતું.

# પ્રકરણ ૧૦ મું.

## કસોટી.

પડદામાં બેઠેલી એક વ્યક્તિ રાજાના મુખમાંથી નિકળેલા ઉપરના શબ્દો સાંભળી એકદમ નીચે ઉતરી આવી. રાજદરબારમાં આવી રાજાના ચરણમાં નમી એણે મહારાજને અરજ કરી. એ વ્યક્તિ તે પૃથુકુમારી હતી. "તમે રાજા છો, સરમુખત્યાર છો. ગુન્હેગારોને શિક્ષા કરવી અને નિર્દોષોને બચાવવા એ તમારો રાજધર્મ છે. તેમાંય બંધુ ! જે ઉપકાર કરનાર હોય, જીવનનો રક્ષક હોય, એ તો વિશેષ રક્ષણ કરવા યોગ્ય છે. પૂજવા યોગ્ય છે."

"પાછી તું કેમ આવી ? તારી એવી કાકલુદીથી હું મારી ફરજ નહી ચુકું, સમજી ? જતી રહે અહીંથી મુર્ખી ! ગાંડી થઇ ગઈ છે કે શું ?"

"સાચેજ, હું ગાંડી થઇ ગઇ છું. એમણે મારો જીવ બચાવ્યો એના બદલામાં આજ ઇનામ ? તમે તો બહુજ સારા કદરદાન !"

"તારા એક જીવના બદલામાં એણે હજારોના જાન લીધા છે, એ હજારોના જાનના બદલામાં એનાજ જીવનું બલિદાન !"

"એ નહિ બને, કોઇપણ રીતે તમે એમને બચાવો,

મને જીવતી જોવા માગતા હોતો એ પુરૂષને બચાવો. બ્હેન ઉપર કાંઇપણ હેત હોય લાગણી હોય–તો એમને બચાવો ?" પૃથ્વીએ સિંહાસનનાં પગથીઆં ચુંમતી ભાઇને વિનવવા લાગી. એની આંખમાં આંસુ હતાં, વદનઉપર દુઃખની છાયા હતી, કોઇ અનેરી લાગણી તરી આવતી હતી.

"પૃથુ ? શામાટે તું આ ડોસાનો પક્ષપાત કરે છે તે નથી સમજાતું. એણે તારો જીવ બચાવ્યો એટલાજ માત્ર કારણથી કે બીજું કાંઇ ?"

"બંધો ! એ પુરૂષને હું ચાહું છું." આ વાક્યથી આખી સભા દંગ થઇ ગઇ.

"હેં.......શું તું આને ચાહે છે ? સત્યાનાશ, પૃથુ ! તું આ શું બકે છે ?" સહસ્રાંશુએ અજાયબ બનીને પૂછયું.

"હા ? હું સત્ય કહું છું કે હું એને ચાહું છું."

"જરા એની સામે તો જો. એ ડોસો છે, કેટલો બધો રૂપાળો છે તે ?"

"જેવું મારૂં ભાગ્ય !" નશીબ ઉપર હાથ મૂકતી પૃથ્વી બોલી. "આ ભવે તો એજ મારૂં શરણ છે. એજ મારૂં સર્વસ્વ છે."

પૃથુના મક્કમતાથી સહસ્રાંશુ અજબ થયો. "પૃથુ ! એ નહિ બને, તું દિવાની થઇ ગઇ છે. હું જાણી જોઇને તારો ભવ નહિ બગાડું, આ બુઢ્ઢાના હાથમાં તારો હાથ આપી લોકમાં શું મ્હોં બતાવું ?"

"હું મારે હાથેજ એનો હાથ માગી લઉં છું. એમાં લોકને શું ? એના સુખે હું પણ સુખી છું, એના દુઃખે મારી પણ એ હાલત છે."

"અફસોસ ! કોઇ રીતે તારો દુરાગ્રહ તું તજી દે. નહીંતર આ દુષ્ટને હું હમણાંને હમણાંજ મરાવી નાખીશ."

એ વૃદ્ધ રાજદરબારમાં થઇ રહેલું આ નાટક જોઇ રહ્યો હતો, મનમાં એ હસી રહ્યો હતો; છતાં ઉપરથી એ ગંભિર અને વૃદ્ધોનો વૃદ્ધ જેવો દેખાતો હતો. ખોંખોં કરી પોતાની હાલત એ બતાવી રહ્યો હતો. એને લાગ્યું કે નાટકનો પાઠ તો ઠીક ઠીક ભજવાઇ રહ્યો હતો.

ખોં ખોં કરતા ડોસાને જોઇ રાજા બોલ્યો. "જો આ ડોસાની હાલત, મૃત્યુને ભેટવાને આતુર થયેલાને વરી તું શું સુખ માણુવા ઇચ્છે છે ? વિચાર કર ?"

"વિધિની મરજી હશે તે બનશે, પતિની સેવાભક્તિ એ સતિનો ધર્મ છે; પતિના વિયોગે પ્રભુની ભક્તિ કરવી એજ કલ્યાણુનો માર્ગ છે."

"શું તારો એજ વિચાર છે ?"

"હા, મારો એ વિચાર અડગ અને મક્કમ છે."

"તારો એ વિચાર વૃદ્ધની જીંદગી ટુંકી કરશે."

"જે એમનું થશે તે મારૂં પણ ?"

"શું એમ છે........તો જો, સુભટો હોશીયાર; તમારી સમશેર ચલાવો, અને એને અહીંયાંજ પૂરો કરો."

" પહેલાં એ તલવાર મારી ઉપર ચલાવો. " પૃથુકુમારી એ વૃદ્ધના પડખામાં જઇ ઉભી રહી. પૃથુને વૃદ્ધના પડખામાં ઉભેલી જોઇ સુભટોની સમશેર અટકી ગઇ. રાજા પૃથુનો એક વૃદ્ધ તરફ આવો અનન્ય સ્નેહ જોઇ અજબ થયો. સિંહાસન ઉપરથી નીચે ઉતરી પાસે આવ્યો. " દૂર જાય છે કે નહિ ? " રાજાએ એનો હાથ ઝાલી એને દૂર હડસેલી. " મારા કુળને કલંક લગાડે છે એ નહિ બને. કલંકિની ! "

" એ ગરીબ ગાયને ન સતાવો. " એ વૃદ્ધ બોલ્યો.

રાજા સહસ્રાંશુએ ફરીને હુકમ કર્યો. " સુભટો ! હોશીયાર ? "

રાજાના હુકમથી એક સાથે સેંકડો તલવારો ઉંચકાઇ, વૃદ્ધને પરાક્રમ દેખાડવાની તક હવે મળી ગઇ, એણે ભયંકર ગર્જના કરી. " ખબરદાર ? " સિંહનાદ સમાન એ ગર્જના હતી.

એના એ અવાજથી કેટલાકના હાથમાંથી તલવારો જમીન ઉપર પડી ગઇ. ભયના માર્યા કેટલાકના હાથ તલવાર સહિત ધ્રૂજવા લાગ્યા. કેટલાક બહાદૂરીથી પાછળ પગલાં ભરવા લાગ્યા.

" મારા સુભટોને ડરાવે છે કેમ ? " રાજા સહસ્રાંશુને પણ લાગ્યું કે આમાં કંઇક ભેદ છે. છે તો પરાક્રમી પણ એ બાબતની કાંઇ એણે ઝાઝી દરકાર કરી નહિ.

" મહારાજ ! એ બિચારા સુભટોને શામાટે મોકલો

છો, આપણેજ અન્યોઅન્ય સમજી લઇએ. બળીયા સાથે નબળા બિચારા માર્યા જાય, મરે નહિ તો માંદા પણ પડે. ”

“ એમ, તારે મારી સાથે લડવાના કોડ છે તો ભલે પૂરા કર ! સુભટો ! એની બેડી તોડી નાખો, એને એક પાણીદાર ઢાલ તરવાર આપો. ”

સુભટો એની બેડી તોડવાને એની પાસે જવા લાગ્યા, પણ એ પાસે આવે એટલામાં પોતાના બે હાથે આમતેમ આમળી એ બેડીને તોડી જમીન ઉપર નાખી દીધી, પગમાં પડેલી એ લોખંડી બેડીને પણ આંચકો મારી તોડી નાખી. એના આવા પરાક્રમથી બધા તાજુબ થઇ ગયા. મહારાજ સહસ્રાંશુને પણ લાગ્યું કે આ માણસ ખરેખર દુર્જય અને પરાક્રમી તો છેજ છતાં આવો વૃદ્ધ અને બેડોળ એનો મેળ મળતો નથી.

વૃદ્ધને છુટો થયેલો જોઇ સુભટો તો જીવ લઇને નાસવા લાગ્યા. રાજદરબારમાં હો હા થઇ રહી, રાજાઓ પણ સમશેર ચમકાવતા ખડા થઇ ગયા.

તું કોણ છે ? તારી ઓળખ આપ ? ” રાજા સહસ્રાંશુએ પૂછ્યું.

“ હું એક વૃદ્ધ છું. મૃત્યુને કિનારે આવેલો એક મુસાફર છું. ”

રખેને સભામાં કોઇના જાનમાલને નુકશાન પહોંચે. એમ માની મંત્ર ભણીને એક નાગાસ્ત્ર બાણ માર્યું ને એને ફરીને ચતુર્ભૂજ કર્યો.

એને બંધનમાં પડેલો જોતાંજ ચારેકોર શાંતિ પ્રસરી. ભયથી વ્યાકુળ થયેલા લોકો પાછા શાંત થયા. " આ બધાય અનર્થનું મૂળ આ વૃદ્ધ ડોસો જ છે. સુભટો એને લઇ જાવ, આવતીકાલે હું એની સાથે દ્વંદ્વ યુદ્ધ કરીશ, એમાં જો એ જીવતો રહેશે તો હું એને મોતની શિક્ષા કરીશ." સહસ્રાંશુએ હુકમ કર્યો.

" દયા ! દયા ! બંધો ! દયા ! આવા પરાક્રમી પુરૂષને આમ મારી નાખવો એ સારૂં નથી. ભાઇ ! દયા કરો ! દયા કરો ! " પૃથ્વીકુમારીએ દયા માટે પ્રાર્થનાં કરી.

" તેંજ મારી બધી બાજી ધૂળમાં મેળવી છે. શું જોઇને આ ડોસા ઉપર તું મોહી પડી છે ? " પગની એક લાત લગાવી એને દૂર પટકી દીધી. " દાસીયો ? એને ઉપાડી જાઓ ? " દાસીઓ પૃથ્વીકુમારીને અંતઃપુરમાં ઉપાડી ગઇ.

ચતુર્ભૂજ થયેલો વૃદ્ધ પણ તિરસ્કારથી આ બનાવ નિહાળતો સુભટોની સાથે ત્યાંથી રવાને થઇ ગયો. રાજાએ દરબાર પણ બરખાસ્ત કર્યો.

# પ્રકરણ ૧૧ મું.

## મધ્ય રાતે.

આ વૃદ્ધ પુરૂષે આખા નગરને ઘેલું કર્યું હતું. લોકો એને માટે અનેક પ્રકારે બોલતા, કંઇ કંઇ વાતો કરતા હતા. આજે તો શહેરમાં શું કે છાવણીમાં, એકજ વાત હતી. "શું એ મૃત્યુને આરે આવેલાનું પરાક્રમ! તોબાહ!"

રાજકુમારીનું વર્ત્તન જુદું હતું. રાજા સહસ્રાંશુ જુદા જ વિચારમાં હતો. આ બધું શું બને છે એની એને સમજ પડી નહિ. એ વીર અને પરાક્રમી હતો. એને મન કંઈ એનો હિસાબ નહોતો, છતાં તે આજે ચિંતાતુર હતો. રાજકુમારીને એ વૃદ્ધના મોહથી કેવી રીતે બચાવવી, એ માટે એને એક પણ યુક્તિ જડી નહિ. "ત્યારે શું કાલે એની સાથે દ્વંદ્વ યુદ્ધ કરી એને મારી નાખવો! એ કોણ હશે? એની જાતને મુફલ એ ઓળખાવતો જ નથી" ચિંતાયુક્ત દિવસ એનો પસાર થયો. વળી એણે વિચાર કર્યો. "મને લાગે છે કે રાતના એની તપાસ મારે જાતે રાખવી. એને જ્યાં કેદ રાખ્યો છે ત્યાં કાંઇપણ બનાવ બનશે ખરો."

પૃથુકુમારીનું ચિત્ત વ્યાકુળ હતું. એ વૃદ્ધને બચાવવા ભાભીની ભલામણ પણ કામ લાગી નહિ. દિવસ અસ્ત થયા પછી કેટલીક ઘડીયો પસાર થઇ ગઇ. બધાંનાં ચિત્ત આજે ઉદાસ હતાં. એક તરફથી સરસ્વતી પણ આકુળવ્યાકુળ હતી.

એનું મન વળી જુદા જ વિચારો કરી રહ્યું હતું. આ વૃદ્ધ અને પેલો ભટ્ટજી એ બંને એક બીજા સંબંધવાળા છે. મારૂં કામ ત્યારે જ થશે કે જો પૃથ્વીકુમારી આ વૃદ્ધને વરે. એના સુખમાં જ મારૂં સુખ છે. માટે હાલમાં તો પૃથ્વીકુમારીના સુખ માટે કંઇક ઉપાય કરવો, ત્યારે એ વૃદ્ધ કોણુ ? ભટ્ટજીએ ' મહારાજ ! દોડજો. ' કરીને બુમ પાડી કે તરતજ એ બહાર ધસી આવ્યો મને લાગે છે કે એ ક્યાંકનો રાજા હોવો જોઇએ." સરસ્વતી ઇત્યાદિ વિચાર કરતી પૃથુકુમારીની પાસે જતી હતી. ત્યાં તો પૃથુકુમારી પોતાની ભાભી લીલાવતી સાથે વાત કરી રહી હતી. સરસ્વતીને લાગ્યું કે એમની પાસે જવું કે કેમ, વિચાર કરતી સરસ્વતી ત્યાંજ ઉભી રહી, ત્યાંજ પૃથુની રાહ જોતી એક ઠેકાણે બેઠી.

પૃથુ પોતાની ભાભીને ભાઇને એકવાર ફરી સમજાવવાને કહી રહી હતી; છતાં લીલાવતીનું મન પણ પાછું હઠતું હતું. " વૃદ્ધને પરણીને તમે શું સુખ માણુશો ? આવતીકાલે સ્વયંવર મંડપ થશે ત્યાં અનેક રાજકુમારોઅને રાજાઓ આવશે, એમાંથી ગમે તે એકને પસંદ કરી તમારૂં ભાગ્ય તમે કાં નથી જોડતાં "

" ભાભી ! ગમે તેવો પણ મારે મન એ દેવ જેવો છે. એક વખત પતિ તરીકે સ્વીકાર્યા પછી સતી સ્ત્રી અન્યને ભજતી નથી. સ્વયંવર મંડપ થાય કે ન થાય, મને હવે એની સાથે કાંઇ પણ નિસ્બત નથી. એના વગર હું ક્ષણમાત્ર પણ જીવવાની નથી. "

" જેવી તમારી મરજી. તમે કદાગ્રહી છો, જક્કી છો, ઠોકર વાગશે ત્યારેજ સમજશો; તમારી મરજી પડે તેમ કરો."

" ભાભી ! એક બીજીવાત કહું ? રાતના મારે એમની પાસે જવું છે, માટે મારી સાથે તું પણ કારાગ્રહમાં ચાલ ?"

" જેલખાનામાં ! ત્યાં શું કામ છે ? "

" છેલ્લાવાર, એમનો ઉપકાર માનવા, ભાઇએ તો ઉપકારનો બદલો અપકારથી વાળ્યો, પણ હું તો એ ઉપકારના બદલામાં આભારના બે શબ્દ સંભળાવું."

" ઠીક છે તમારી જવા ઇચ્છા થાય ત્યારે બોલાવજો. "

" આપણે મધ્યરાત થવા આવશે એટલે ચાલશું. "

પૃથુ ભાભીની રજા લઇ પાછી ફરી ત્યાં સરસ્વતી મળી "બ્હેન! આવા સમયમાં હું તમને કાંઈપણ ઉપયોગી થઇ શકું તો ઠીક, પ્રાણાંત સુધી પણ આપની સેવા કરવા તૈયાર છું. "

વાત કરતાં કરતાં બંને જણ પોતાના સ્થાને ચાલ્યા ગયા. પ્રહરરાત્રી વીતી ગઇ એટલે પૃથુને કંઇક વાત અચાનક યાદ આવવાથી સરસ્વતીને કહ્યું "તું મારી જગ્યાએ સૂઇ રહે. હું ભાભી સાથે એક કામ માટે જવાની છું. હું આવીને તને જગાડીશ. "

પૃથુ ત્યાંથી પસાર થઇ. એકલી સરસ્વતી અનેક પ્રકારના વિચાર કરતી પૃથ્વીની શય્યામાં નિંદ્રાવશ થઇ ગઈ.

નણંદ ભોજાઇ કાળા ઝભા ઓઢી કારાગ્રહ દ્વાર સમીપ

આવી પહોંચ્યાં. ખુલ્લી સમશેરે પહેરો ભરતા પહેરેગીરે પૃથુના હુકમથી કારાગ્રહનો દરવાજો ઉઘાડી નાંખ્યો. અવાજથી શાંત નિંદ્રામાં પડેલો વૃદ્ધ ચમકી ઉઠ્યો. " કાંઇ દગો તો નથીને ? " વૃદ્ધ સાવધ થયો અને દરવાજા તરફ નજર કરી તો એક સ્ત્રી ઉપર એની દ્રષ્ટિ ઠરી. કાળા ઝભામાં આખા શરીરને છુપાવતી તે વ્યકિત વૃદ્ધના સન્મુખ આવીને ઉભી રહી. "કોણ છે તું ? " વૃદ્ધ બોલ્યો.

" એ તો હું ! " તરતજ એ વ્યકિતએ કાળો ઝભો ઉતારી નાખ્યો. લીલાવતી દરવાજા ઉપર ઉભી હતી. તે સિવાય એક વ્યકિત છુપાઈને આ બધું જોયા કરતી હતી.

" પૃથુ! આવી મધ્યરાતે શામાટે આવી, કેમ આવી ? "

" તમને મળવા, તમારો ઉપકાર માનવા ! "

" ઉપકાર શાનો ? "

" મારો જીવ બચાવનારને આભારના બે શબ્દો કહેવા."

" એજ કે બીજું કાઇ ? "

" બીજું, તમારી ક્ષમા માગવા. "

" ક્ષમા શાની ? "

" કે મારો જીવ બચાવનારને હું બચાવી શકતી નથી.'

" બાળા ! શાંત થા ? ક્ષત્રીયો પોતજ પોતાનું રક્ષણ કરવા સમર્થ છે. "

" છતાં અત્યારની પરિસ્થિતિ જુદીજ છે. તમને મારી એક અરજ છે. "

" શી ? "

"અત્યારે ને આ સમયે તમે નાશી જાઓ, તમારી બેડી લાવો હું ખોલી દઉં. "

" શું હું નાશી જાઉં ? બાળા ! તું મને આવી સલાહ આપે છે. વીરપુરૂષો કદિ નાશી જતા નથી. " નાશવું એ તો બાયલાનું કામ ? "

" આપણુ બન્ને નાશી જઇએ, હું પણુ તમારી સાથે આવું. ભાગ્યનો પાસો એકવાર ફરીને અજમાવું. "

" મારી સાથે આવીને તું શું કરશે ? બાળા ? મારા સાથે પ્રીત બાંધી તું પસ્તાશે. "

" હું તમને વરી ચુકી છું. મનથી પરણી ચુકી છું !"

"તું જાણે છે કે હું હવે વૃદ્ધ થયો છું. કેવો બેડોળ છુ." વૃદ્ધે એને કસવા માંડી.

" તે છતાં મારો નિશ્ચય અવિચળ છે. "

" બાળા ! જે કરે તે વિચારીને કરજે, હજી પણુ વિચાર કરી જો, બરાબર ? "

" મેં વિચાર કરેલો છે. "

" ખબર છે કાલે મારી શી હાલત થશે તે ? "

" તેથીજ કહું છું કે અત્યારે આપણે નાશી જઇએ. "

" નાશવાની વાત છોડી દે. નાશી જવું હોત તો આવત શું કરવા ? "

" ત્યારે શું કરવા આવ્યા ? "

" તારૂં દર્શન કરવા, અહીં ન આવ્યો હોત તો તારૂં દર્શન ક્યાંથી થાત ? "

" શું તમે મને ચાહો છો ? "

" તે તો વખત આવે ખબર પડશે. "

" હવે એક જ વાત કહો, કે તમે કોણ ? "

" હું ! અત્યારે તું મને જુએ છે તે, એક વૃદ્ધ !

" પણ ગામ ઠામ તો કહો ? "

" એ બધુંય સમયે જણાશે, બાળા ! હવે તું જા ! "

" ચાલો ! ચાલો ! કેટલીબધી વાર થઇ. " વચમાં લીલાવતી બોલી.

લીલાવતી વાત કરતી પૃથુને લઇને ત્યાંથી રવાને થઈ ગઇ. " અરે, આ વૃદ્ધ તે કોણ હશે ? "

# પ્રકરણ ૧૨ મું.

## શત્રુ કે મિત્ર ?

મધ્યરાતના કેટલાક પુરૂષો ગુપચુપ પસાર થતા હતા. કાળા ઝભાથી વીંટળાયેલા તે પુરૂષો જીવને જોખમે એક મહાભારત કામ કરવાને તૈયાર થઇ ગયા હતા. તેઓ શાંત અને

બહુજ ધીમી ગતિએ પણ ઉતાવળી ચાલે ચાલતા કારાગ્રહની બહારની દિવાલો પાસે આવીને અટકયા. એ મજબૂત અને વિશાળ, ઉંચી દીવાલો સુધી નજર પણ પહોંચવી મુશ્કેલ, તો પછી હજારોની આંખમાં ધૂળ નાખી એ દિવાલો ભેદી અંદરથી કોઇને બહાર કાઢવો એ તો અતિ મુશ્કેલ! કીલ્લાના દરવાજા પાસે તેઓ જઇ શકે તેમ નહોતું, સેંકડો માણસોનો પહેરો વટાવી કીલ્લાની અંદર ઘુસવું એ કઠીણ વાત! તેમાંય જાણ થતાં સહસ્રાંશુના હજારો યોદ્ધાઓ ધસી આવે, તે સમયે બધો ખેલ બગડી જાય, બળ કરતાં કળથી કાર્ય કરવાની, તેમજ જેમ બને તેમ કોઇની નજર ન પડે એ માટે સાવધાની રાખવાને તેઓ અતિ આતુર હતા.

કીલ્લામાં રહેલી કારાગ્રહની દિવાલો પાસે આવીને તેઓ અટકયા. એ દિવાલોની મજબુતાઇ, એની ઉંચાઇ બધું તીણી નજરે નિહાળ્યું. ચારે બાજુએ નજર ફેરવી, ઉપર ચડી કારાગ્રહની દિવાલો વીંધી પોતાના સ્વામીને કેવી રીતે શોધી કાઢવો, એ માટે તેઓ વિચાર કરવા લાગ્યા. કઇ બાજુએથી ઉપર ચઢી શકાય તે માટે તેઓ ચારેકોર ફરીને તપાસ કરવા લાગ્યા. એક બાજુએથી ચઢવાનું છેવટે એમણે પસંદ કર્યું.

એ બધાય સુભટો—સરદારો હતા. એકએક સરદાર ઘણા ઘણા સુભટોને પહોંચી વળે તેમ હતો. માથું મૂકીને સર્વે છાવણીમાંથી નિકળ્યા હતા, પોતાના સ્વામીને માટે જરૂર પડે પ્રાણ આપવા પણ આતુર હતા. કારાગ્રહમાં પૂરાયેલા

પેલા વૃદ્ધને કીલ્લાની દિવાલો તોડી ઉપાડી જવો એજ તેમનું લક્ષ્ય હતું. બની શકે તેટલો મનુષ્ય પ્રયત્ન કરવાને તે ઉદ્યુકત થયા હતા, એજ નિશ્ચયથી તેઓ છાવણીમાંથી રવાને થઈ અહીં સુધી આવી શકયા હતા. મનુષ્ય પ્રયત્ન હોય તો દૈવકૃપા થઇ શકે.

રાજદરબારમાં બનેલી હકીકતોનું સવિસ્તર બ્યાન અજય રાજાની છાવણીમાં પ્રધાનોના જાણવામાં આવ્યું. જેથી તેઓ ગભરાયા, આવતીકાલે તેમને ફાંસીએ ચઢાવે તે પહેલાં રાજાને છોડાવવા જોઈએ. રખે કંઇ નવાજુની થાય તો અયોધ્યા શું મોં લઇને જવું. જગતમાં ઉલટી કાળી ટીલી રહી જશે. ઘણા ઘણા વિચારને અંતે પહોર રાત ગઇ એટલે પ્રધાનોએ રાજાને માટે પ્રાણ આપે એવા પચ્ચીશ સરદારો નિડર, નિર્ભય અને શૂરા શોધી કાઢયા. એમને ખાનગીમાં બોલાવી મહારાજ સંબંધી સર્વ હકીકત નિવેદન કરી. કયા કીલ્લામાં એમને કેદ કર્યા છે, કયાં રાખ્યા છે એ બધી વાત દૂતો માર્ફતે જાણેલી તે કહી સંભળાવી. સરદારો બધી વાત સમજી ગયા. પોતાના સ્વામીને મદદ કરવા કટિબદ્ધ થઇ ગયા. લગભગ મધ્યરાત્રી થવા આવી એટલે પચ્ચીશે સરદારો શસ્ત્રબંધ સજ્જ થઇને ઉપર કાળા ઝભા ઓઢીને છાવણીમાંથી નિકળી નગર તરફ ચાલ્યા. અને કારાગ્રહની દિવાલો પાસે આવીને સ્થંભ્યા.

અનેક નાનાં મોટાં વૃક્ષો દિવાલોની અજુબાજુ આવેલાં હતાં, વૃક્ષોની સહાય વગર સીધું દિવાલ ઉપર ચઢવું કઠીણ

હતું. એક મોટામાં મોટા વૃક્ષ ઉપર તેઓ ચઢયા અને જઇ શકાય એટલા ઉંચે તેઓ ગયા; છતાં કારાગ્રહની દિવાલો અને તેમની વચ્ચે ત્રીશેક હાથનું અંતર રહ્યું. એ અંતર કેવી રીતે વટાવવું તે માટે તેઓ વિચાર કરવા લાગ્યા. કૂદીને જવાય કે કેમ, એટલું બધું અંતર કૂદીને વટાવી શકાય નહિ, કૂદતાં કદાચ કોઇ ફાળ ચૂકી ગયો તો મહેનત ફોક થઇ જાય, વિચાર કરી એક લાંબું દોરડું મીણ પાયેલું ચંદનઘોને પૂંછડે બાંધી, એ ચંદનઘોને એક ચાણુકય સરદારે સામે દિવાલ ઉપર ફેંકી, ચંદનઘો એ દિવાલની સાથે પડીને ચોંટી ગઇ. બીજો છેડો વૃક્ષની શાખા સાથે બાંધ્યો, એ દોરડાના અવલંબનથી તેઓ એક પછી એક સામે દિવાલ ઉપર પહોંચી ગયા. એમની પાસે એવી જાતનાં હથીયાર હતાં કે તેઓને દિવાલમાંથી રસ્તો કરવાની જરૂર પડે તો એ હથીયારોના ઉપયોગથી રસ્તો સહજવારમાં કરી શકતા હતા.

દિવાલો ઉપરથી જેમ જેમ રસ્તો મળતો ગયો તેમ તેઓ નીચે ઉતરતા ગયા. કીલ્લાનું નિરીક્ષણ કરતા તેઓ કેદીની નજીક આવી પહોંચ્યા. ચારે બાજુની મજબુત દિવાલોની મધ્યમાં રહેલા કેદીને છોડાવવા એમણે એ દિવાલોમાંની એક જગ્યાએથી પેલાં હથીયારોવડે જગ્યા કરી. એક પછી એક બે ચાર જણ અંદર કૂદી પડયા. બીજાઓ બહારથી તપાસ રાખવા લાગ્યા. મનુષ્યનો અવાજ જોઇ પેલો વૃદ્ધ વળી ચમકયો. કારાગ્રહમાં કૂદી પડતી વ્યકિતઓ તરફ એણે નજર નાખી. એ તે શત્રુ છે કે મિત્ર?

અંદર આવેલી વ્યકિતઓની નજર પેલા વૃદ્ધ ઉપર પડી. " મહારાજ ! નાસો ? નાસો ? "

" કોણુ ? મારા સરદારો ! " પેલો વૃદ્ધ બોલ્યો.

" હા, મહારાજ ! આપના સેવકો અમે ? "

" શા માટે અહીં આવ્યા ? "

" આપને બચાવવા ! "

" તે માટે તમે શું કામ મરવાને આવ્યા ? "

" તમારી આવી હાલત અમે કેવી રીતે જોઇએ. "

" જાઓ ? કોઇને ખબર ન પડે તે પહેલાં છટકી જાઓ."

" આપને છોડીને અમે કયાં જઇએ ? "

" હું મારૂં સંભાળી લઇશ, તમે તમારૂં સંભાળો ? "

" સેવકનો ધર્મ માલીકનું હિત સંભાળવાનો છે. "

" માલેકનો ધર્મ સેવકોનું રક્ષણુ કરવાનો છે. "

" સ્વામીના રક્ષણુમાં જ સેવકોનું રક્ષણુ સમાયલું છે."

" માલેકનું રક્ષણુ તે પોતે જ કરવાને સમર્થ છે. "

" છતાં અમારી ફરજ છે. "

" તમારી ફરજ પૂરી થઇ. જાઓ હવે ? "

" આપ શામાટે નાસતા નથી ? આપ પહેલાં ને પછી અમે ! "

" હું નાસું ? છટ્ ? કોઇ દિવસ તમે તમારા માલેકને નાસી જતાં જોયો છે ? "

" પણ અત્યારે સમય ઓળખવો જોઇએ. "

" નહિ ? કદિ નહિ ? "

" આવો કદાગ્રહ અત્યારે શા કામનો ? "

" હું સત્ય કહુ છું, કદાગ્રહ કરતો નથી. "

સરદારો એક બીજાના મોં સામે જોવા લાગ્યા. મહારાજને કેવી રીતે સમજાવવા એની એમને ગમ પડી નહિ.

આ બધુંય એક વ્યક્તિ પ્રચ્છન્નપણે જોતી હતી, જેમ જેમ સમય વ્યતિત થયો તેમ એને અજાયબી થતી ગઇ. "આવા આવા પરાક્રમી તો આ વૃદ્ધના સરદારો છે. ત્યારે આ વૃદ્ધ કોણ ? શું આ ખરેખરો વૃદ્ધ હશે કે બનાવટી, વૃદ્ધનું આવું પરાક્રમ ન હોય, આમાં કંઇક ભેદ છે. પૃથુએ જેની સાથે પ્રીતિ બાંધી છે એ ભલે અત્યારે વૃદ્ધ અને નમાલો જણાતો હોય પણ ખચ્ચીત એ પરાક્રમી કોઇ નવજુવાન છે. પૃથુનું ભાગ્ય કાંઇ નાનુસુનું તો ન જ હોય. કેવો એ વીર અને ધીરની પ્રતિમા છે. આટઆટલી મદદ છતાં નાસી છુટવાનું તો એને મન પણ થતું નથી. ત્યારે એ કોણ ? "

વૃદ્ધ સાથે સરદારોને મસલત ચાલતી હતી, ત્યાં અચાનક એક પુરૂષ પ્રગટ થયો, તેણે "ખબરદાર!" શબ્દથી પેલા સરદારોને ચમકાવ્યા.

એ વ્યક્તિને જોઇ સરદારો પણ સાવધાન થઇ ગયા. પોતપોતાની તલવારો ખેંચતા "હોંશીયાર ?" કહી સમશેરની અણી બતાવતા એને ડરાવવા લાગ્યા. તેઓ સમજી ગયા કે આવનાર વ્યક્તિ મહારાજ સહસ્રાંશુ પોતેજ હતો.

મહારાજ સહસ્રાંશુને જોઇ વૃદ્ધ પણ નિર્ભયપણે શું બને છે તે જોતો શાંતિથી બોલ્યો.

"સબુર ? તમારી તલવાર મ્યાન કરો ? આ વૃદ્ધ કોણ છે તે કહો ?" મહારાજ સહસ્રાંશુએ સરદારોને પૂછયું.

"એ અમારો સ્વામી છે–મહારાજ છે."

"કોશલદેશના........"

"ચુપ ! ચુપ ! શાંત થાઓ ?" વૃદ્ધે બોલતાં સરદારોને અટકાવ્યા.

"ક્યાંના મહારાજ છે ? શું નામ છે ? શું ખરેખર આ વૃદ્ધ છે કે ?"

સરદારો એક બીજાના સામે જોવા લાગ્યા. "તે તો મહારાજ ! એમનેજ પૂછો. એનો ખુલાસો તો એ પોતેજ કરી શકે."

"તે તમારે કરવો જ પડશે ?"

"મહારાજની આજ્ઞા સિવાય તો નહિજ ?"

"હું તમને હુકમ કરૂં છું ?"

"તમે અમારા સ્વામી નથી."

"તો હોશિયાર !"

"સાવધાન!" સમશેરો ખેંચતા સરદારો સહસ્રાંશુ ઉપર ધસી ગયા. એ તલવારો સહસ્રાંશુ ઉપર પડે તે પહેલાં તો કોઇને પેઢુમાં લાત મારી, કોઇને ધક્કો મારી નીચે પટકી દીધા. બે જણના તો તલવારો સહિત બે હાથ પકડી લઇ દબાવ્યા કે તલવારો એમનાં હાથમાંથી નીચે પડી. એ વીર પુરૂષને મન તો એ રમત હતી. અંદરની આ ધમાચકડીથી દિવાલની પછવાડે ઉભેલા પણ એક પછી એક બધાય અંદર કૂદી આવ્યા. બધાય મામલો ફેરવાયેલો જોઇ સહસ્રાંશુ ઉપર ધસ્યા, સહસ્રાંશુ એમની ખબર લેવાને આતુર હતો, પણ વૃદ્ધે જાણ્યું કે સહસ્રાંશુ પણ મહારથી પુરૂષ છે. આવા સેંકડો સરદારોને પણ વિના શસ્ત્રે રમતમાત્રમાં મારી નાખશે. માટે મારે એમનું રક્ષણ કરવું જોઇએ. "સરદારો શાંત થાવ, મહારાજ ! શાંત !" એમ બોલતો એ લોખંડી બેડીઓને તોડી ફેંકી દેતો આગળ બન્નેની વચમાં ધસી આવ્યો. મહારાજને વચમાં આવેલા જોઇ સરદારો દૂર ખસી ગયા. મહારાજને જો કે એ વૃદ્ધના તરફ માન ઉત્પન્ન થયું હતું છતાં એના બળની કસોટી કરવી હતી. "ઓ વૃદ્ધ ! પાછી બેડી તોડી નાખી, ચાલ ઉઠાવ તલવાર, સામે આવ!" સહસ્રાંશુએ પણ તલવાર ખેંચી કાઢી.

બન્ને હરીફ સામે થયા, યુક્તિથી એક બીજાના દાવપેચ ચુકવતા, એક બીજા ઉપર ઘા કરવા લાગ્યા, પણ બન્ને પોત-

પોતાનો બચાવ કરવા લાગ્યા. બન્ને બળવાન હતા, વીર હતા, મહારથી હતા, થોડીવાર યુદ્ધ થયું પણ કોઈ થાકયું નહિ. એવું યુદ્ધ જો અન્ય મનુષ્યો સાથે હોત તો સેંકડો રણશય્યા ઉપર સૂતા હોત.

શસ્ત્રયુદ્ધ પછી બન્ને બાહુયુદ્ધ કરવા લાગ્યા. એક બીજા એક બીજાને નીચે પટકી હરાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પણ કોઇ કોઇનાથી ઉતરે તેમ નહોતું. એવી રીતે દાવપેચના યુદ્ધમાં પણ વૃદ્ધ ઓછો ઉતર્યો નહિ. સહસ્રાંશુએ જાણ્યું કે આ કોઈ વીરપુરૂષ છે; મારો મિત્ર થવાને યોગ્ય છે, પણ એ વૃદ્ધ છે એજ માત્ર અડચણ છે. તે એકદમ ઉભો થઇ ગયો. "વૃદ્ધપુરૂષ ! બસ કર !"

લડાઇ શાંત થઇ ગઇ. સરદારો પણ ગુપચુપ પોતાનાં હથીયાર સંભાળતા એક બાજુએ ઉભા રહ્યા.

"વૃદ્ધપુરૂષ ! હું તમને મુકત કરૂં છું. તમારા સરદારો સાથે જાઓ, ખુશી થાઓ !"

"પણ હું મારી વસ્તુ મૂકીને કેમ જાઉં ?" વૃદ્ધ બોલ્યો.

"અને તે તમારી વસ્તુ ?"

"પૃથ્વીકુમારી !"

"તે તમને મળશે જ, સ્વયંવરમંડપમાં એ તમને જ વરશે."

જવું કે ન જવું તે વિચાર કરતો વૃદ્ધ બોલ્યો. "ભલે જાઓ, પણ તમારી ઓળખ આપતા જાવ."

"એમ...." વૃદ્ધ હસ્યો, એણે દાઢી મૂછ ખેંચી કાઢયાં, મોંમાં રહેલી દૈવી ગોળી કાઢી નાખી. ત્રીસ વર્ષનો જુવાન, સુંદરમાં સુંદર ગણાતો પુરૂષ પોતાના મૂળ સ્વરૂપમાં પ્રગટ થયો.

સહસ્રાંશુ એને જોઇ ખુશી થયો. 'તમે કોણ ?' એ શબ્દો જ્યાં પૂછવા જાય છે તેટલામાં તો "અયોધ્યાપતિ અજયરાજાનો જય થાવ ?" એના સરદારોએ ઘોષણા કરી.

"શું તમે અજયરાજ ?" સહસ્રાંશુ અજયરાજને ભેટી પડ્યો. તમને જોયા નહોતા, તમારૂં પરાક્રમ મેં સાંભળ્યું હતું કે યુદ્ધ કરવા ઉભા હો ત્યારે તમારી જગતમાં જોડી નથી."

"છતાં મને હંફાવે એવી એક વ્યક્તિ જગતમાં હયાત છે અને તે તમે પોતે !"

બન્ને મિત્રો અરસ્પરસ ભેટી પડ્યા. "તમારા જેવા મિત્ર અને સ્નેહીથી હું બહુ ખુશ થાઉં છું. મારી પૃથ્વીનું નશીબ તો મોટું છે. અજયરાજ વગર આવું પરાક્રમ અન્ય નરનું તો ન જ હોય, મારી શંકા આખરે ખરી પડી." બન્ને વાતો કરતા કારાગ્રહની બહાર નિકળ્યા, એમની પછવાડે પેલા સરદારો પણ નિકલ્યા. બન્ને હળીમળી જુદા પડતાં સહસ્રાંશુ

ણુએ કહ્યું. "મિત્ર! સ્વયંવરમંડપમાં આવો તો આ સ્વરૂપે ન આવશો જે સ્વરૂપે તમે મારી પૃથુને લલચાવી છે તેજ સ્વરૂપમાં આવજો."

જવાબમાં અજયરાજ હસ્યો અને સરદારો સાથે છાવણીમાં ચાલ્યો ગયો.

# પ્રકરણ ૧૩ મું.

## સ્વયંવરમંડપમાં.

આજે સ્વયંવરમંડપનો દિવસ હતો. અનેક રાજા મહારાજાઓ માહીષ્મતીમાં પધાર્યા હતા. દરેક જણ ભાગ્યદેવી અનુકૂળ થાય તે માટે પ્રયત્નો કરી રહ્યા હતા. જેમ જેમ સૂર્યોદય થતો ગયો તેમ તેમ રાજાઓ અને રાજકુમારો સર્વોત્તમ વસ્ત્રાલંકારો સજી સ્વયંવરમંડપમાં આવી પોતપોતાની જગ્યાએ બેસવા લાગ્યા. પોતપોતાની યોગ્યતાને અનુસાર સર્વેની જગ્યાઓ મુકરર કરવામાં આવી હતી. તે પ્રમાણે નોકરોએ તેમને પોતપોતાની જગ્યાએ બેસાડ્યા. ધનુષ્ય બાણ સહિત સર્વે સશસ્ત્ર હતા. તેમજ જરૂર પડે પોતપોતાનાં સૈન્ય પણ તૈયારજ હતાં, એમના ગુપ્ત દૂતો પોતપોતાના માલેકનું ધ્યાન રાખતા ને જરૂર પડે મદદ કરવા માટે આસપાસ ફરતા જ હતા.

થોડા સમયમાં તો બધાય રાજાઓથી સ્વયંવરમંડપ ભરાઈ ગયો, એટલામાં મહારાજ સહસ્રાંશુ પણ આવી પહોંચ્યો. એણે પોતાના સિંહાસન ઉપર જગ્યા લીધી. એના અંગરક્ષકો, એનું સૈન્ય એના સરદારો, સૈનાપતિઓ સર્વે સજ્જ થઇ ઉભા હતા. દરેકનાં મન આજનો દિવસ કેવી રીતે પસાર થશે તે માટે ચિંતાતુર હતાં.

સ્વયંવરમંડપ માણસોથી ચિકાર થઇ ગયો હતો. હવે રાજકન્યાનીજ માત્ર રાહ જોવાતી હતી. દરેકની નજરો એના આવવાના માર્ગ તરફ લાગી રહેલી હતી; કયારે રાજકન્યા આવે ને પોતાના કંઠમા વરમાળા આરોપે એવી ભાવના દરેકના મનમાં રમ્યા કરતી હતી.

એટલામાં પેલો વૃદ્ધ ડોસો પણ આવી પહોંચ્યો, તે સ્વયંવરમંડપના એક છેડે જગ્યા કરીને ઉભો રહ્યો. બીજી તરફથી રાજબાળા પૃથુકુમારી સ્નાન, સેવા-પૂજા કરી અંગે ચંદન અર્ચન કરી, સર્વાંગે આભૂષણોને ધારણ કરી પાલખીમાં બેસીને વાજીંત્રના નાદ સાથે આવતી નજરે પડીને સર્વે રાજાઓનું ધ્યાન તે તરફ આકર્ષાયું. એ દશ્ય મનોરંજક હતું, એની સખી સરસ્વતી વરમાળા લઇને પાલખીની આગળ ચાલતી હતી. પાલખીની પાછળ સૌભાગ્યવંતી સ્ત્રીઓ મધુરાં ગીત ગાતી હતી. બાળા પૃથુકુમારી પાલખીમાં બેઠેલી ચિંતાગ્રસ્ત હતી. મંત્રબળથી ખેંચાયલાની માફક તે મંડપમાં શા માટે જતી હતી તેની તેને ગમ પડી નહિ. પેલો વૃદ્ધ તો કારા-

ગ્રહમાંથી અદૃશ્ય થયેલો હતો, પોતાનું સર્વસ્વ તો એજ હતો; છતાં પોતાને સ્વયંવરમંડપમાં શા માટે જવું ? છતાંય મંત્રથી મુગ્ધ થયેલાની માફક બાળા સ્વયંવરમંડપમાં આવી પાલખીમાંથી નીચે ઉતરી. આ બાળાને જોઇ બધા રાજાઓ વિચારમાં પડી ગયા કે–" આ શું ? આ તે લક્ષ્મી કે સાક્ષાત્ સરસ્વતી, રંભા કે રતિ, નાગકુમારી કે વિદ્યાધરી, આ બાળા કોણ હશે ? આ રાજ્યબાળાને જોવામાત્રથી આટલો દૂર આવવાનો પરિશ્રમ સફળ થયો."

પાલખીમાંથી નીચે ઉતરેલી બાળાએ ચારે તરફ દૃષ્ટિ ફેરવી. સર્વે રાજાઓ અને રાજકુમારો તરફ એણે નજર કરી. રાજાઓ અને રાજકુમારોનો ઠાઠમાઠ, દોરદમામ ઉપરનો ઝળહળાટ એને આડંબર માત્ર લાગ્યો. " એ બહારના દંભની અંદર શું શું વિષ ભર્યું હશે, એ અલ્પજ્ઞ મનુષ્ય ક્યાંથી જાણે ? ઉપરથી સફેદ દેખાતો બગલો અંદરથી કેટલો ભયંકર હોય છે એ તો એના પંજામાં સપડાયેલું માછલું જ સમજી શકે. સાકરની માફક મીઠા મધુરા શબ્દો બોલનારા દુર્જનોની ભયંકરતા એના અનુભવીયો વગર બીજો તે કોણ પારખી શકે ?" ગરીબ બિચારા, હું આમાંથી કોઇને પણ મારો હાથ આપી શકતી નથી–આપી શકું તેમ નથી. એ મારી આશામાં દિવાના બનેલા હમણાંજ નિરાશ થઇ જશે."

સર્વે રાજાઓનાં ચરિત્રને જાણનારી એક વૃદ્ધા પ્રતિહારિણી ત્યાં રાજકુમારી પાસે આવી, દરેક રાજાઓને ઓળ-

ખાવતી ચાલવા લાગી. " કુમારી ! સર્વે રાજાઓ રૂપ, યૌવન અને લક્ષ્મીથી ગર્વિષ્ઠ થયેલા તને મેળવવાની આશાથી આવ્યા છે. તો એમાંથી તારે લાયક કોઇ યોગ્ય પુરૂષને તું શોધી લે ? "

" માતા ! બધાય રાજાઓ અને રાજકુમારો ઉપરથી તો કેશુડાના ફૂલની માફક રળીયામણા દેખાય છે, પણ અંદરના ગુણ દોષ જાણ્યા વગર હું તેમને શું કરૂં ? "

" બાળા ! સાંભળ. જો આ માલવપતિ, જેના તાપથી શત્રુરાજાઓ ત્રાસ પામી ગયા છે. તેમજ સેવકોને પણ એ કલ્પવૃક્ષ સમાન વેલ જેમ વૃક્ષને વીંટાય છે તેમ તારી વરમાળ પણ તું એના કંઠમાં આરોપણ કર ? "

" માતા ! જો એ એટલો બધો પરાક્રમી હતો તો કોશલપતિ અજયરાજથી કેમ હારી ગયો ? "

કન્યાનું વચન સાંભળી વૃદ્ધા આગળ ચાલી. " જો, જેણે પોતાના પરાક્રમથી રાજાઓને નમાવી સિંહોને વશ કર્યા છે એવા આ સિંહ સમાન અંગાધિપ સિંહ નરેશને તમે વરો ? "

" એ સિંહની પાસે તો સિંહણ શોભે. ને હું તો બળ વિનાની અબળા ! મારો ને એનો મેળ ન મળે. " વૃદ્ધા ત્યાંથી આગળ ચાલી.

" જો, આ મગધપતિ, જેની કીર્ત્તિ ભાટ ચારણો રાત દિવસ ગાયા જ કરે છે, જેણે પોતાના અદ્‌ભૂત વૈભવથી લોકોનાં

ગૃહો પણ ધન ધાન્યથી ભરી રાજગૃહ જેવાં કરેલાં છે; એવી અતુલ્ય સંપદાના સ્વામીને પામી તું સુખી થા ? ”

“ એ મારે તાત સમાન પ્રણામ કરવાને યોગ્ય છે. ” તે પછી પ્રતિહારિણી આગળ ચાલી. “ સકલકળાનો નિધાન આ કાશી નરેશ, પંડિતો અને દેવતાઓને વલ્લભ એવી આ રાજાની કીર્ત્તિરૂપી ગંગા શ્વેતવર્ણવાળી થઇને સમુદ્ર પર્યંત પહોંચી ગઇ છે. એવા આ રાજાના કંઠમાં તું વરમાળા આરોપ ? ”

“ આ રાજા દેહે તો કાળો છે છતાં કીર્ત્તિ કેમ ઉજ્વળ થઇ ? કારણ કે જેઓ ઉપરથી કાળાં હોય છે એમનાં હૈયાં પણ એવાં જ કાળાં હોય છે. ” ધીમેથી કુંવરીનું આવું વચન સાંભળી દાસી ત્યાંથી આગળ ચાલી.

“ જો, આ સૌરાષ્ટ્રનો રાજા ! જેને ભંડારીની માફક સંપદાઓ હમેશાં સમુદ્ર અર્પણ કરે છે, દુર્ભવ્યને દુઃખે પામવા યોગ્ય શત્રુંજય અને ગિરનાર જેના રાજ્યમાં સ્થિરતા કરીને રહ્યા છે. તું પણ આવા પતિની સાથે સુખે તીર્થોને નમન કર ? ”

“ એ સૌરાષ્ટ્રવાસીને નજીકમાં જ સમુદ્રની ભયંકર ગર્જના કાનમાં અથડાતી હોય ત્યાં ઉંઘ જ શેની આવે ? ”

સર્વે રાજાઓ અને રાજકુમારોનું વર્ણન કરતી વૃદ્ધા ઠેઠ છેડા સુધી પહોંચી ગઇ, પણ રાજકુમારી પૃથુની નજર કોઇના ઉપર ઠરી નહિ. એ રાજાઓ અને રાજકુમારો વિલખા થયા.

રાજકુમારીને મેળવવાની એમની આશા ઝાંઝવાના જળની માફક નિષ્ફળ નિવડી. એક બીજાના મોં સામે જોવા લાગ્યા. દાસી પણ મનમાં વિચાર કરવા લાગી. અનેક રાજાઓ અને રાજકુમારો સભામાં પધારેલા હતા છતાં રાજબાળાએ કોઈને પસંદ કર્યો નહિ, ત્યારે એની શું મરજી હશે ? ”

બીજી બાજુ પૃથુકુમારી કાંઇ બીજું જ નિહાળતી હતી. પેલો વૃદ્ધ સ્વયંવરમંડપમાં આવેલો છે કે નહિ ? તે માટે ચારે કોર એની આંખો ફરતી હતી, એટલામાં એક બાજુએ પછવાડે પેલા વૃદ્ધ ઉપર કુંવરીની નજર પડી. કુંવરી એની તરફ એકી નજરે જોઈ રહી એ તે એજ છે કે બીજો ? એને લાગ્યું કે રાત્રીને વિષે પોતાને બચાવનાર એજ વીરપુરૂષ હતો, છતાં એ વૃદ્ધ અને જર્જરિત થઇ ગયેલો ડોસો હતો. જાણે માંડ માંડ શ્વાસ લેતો હોય, બોલતો હોય, વારેવારે ખું ખું કરતો હોય તેવો દેખાવ કરતો તે ઉભો હતો. કુંવરીની નજર પડતાં એ ધીમે ધીમે જગ્યા કરતો આગળ આવ્યો. આ વૃદ્ધને એકી નજરે રાજબાળા નિહાળતી જોઇ પેલી વૃદ્ધા બોલી. “બાળા! જો આ વૃદ્ધ નર ! મૂચ્છ અને દાઢીમાં જેને એક પણ શ્યામ બાલ નથી, અવસ્થાએ કરીને પણ જે મૃત્યુને કાંઠે સુવાની તૈયારી કરી રહ્યો છે અને ચાલવાની કે કમાવાની પણ જેનામાં શકિત નથી; વૃદ્ધાવસ્થાને લીધે જેના શરીર ઉપર કરચલીઓ પડી ગઇ છે તેમજ જેને ખું ખું ના અવાજો થયા કરે છે એવા આ પુરૂષ ઉપર તને ઉમળકો આવતો હોય તો એને વરમાળા આરોપી તારે મનગમતું તું લે. ”

વૃદ્ધાનાં વચન સાંભળી બાળા પૃથુકુમારીએ તરતજ વરમાળા એ વૃદ્ધના ગળામાં નાંખી દીધી. રાજાઓ અને રાજકુમારો આ બનાવથી ગુસ્સે થયા. "વાહ ! સહસ્રાંશુ રાજાએ શું આપણી મશ્કરી કરી ! અથવા તો આ અજ્ઞાન બાળાએ આવું નિંદવા યોગ્ય કૃત્ય કેમ કર્યું ? આ સર્વેમાંથી કોઈના ઉપર એની નજર ન ઠરી કે આવા બેડોળ વૃદ્ધને વરમાળા આપી પતિ બનાવ્યો, નક્કી આ કોઇ જાદુગર લાગે છે; જેણે પોતાની જાદુઇ વિદ્યાથી કન્યાને મોહમુગ્ધ કરી છે." સર્વે રાજાઓ અને રાજકુમારો આવેશથી તલવાર ખેંચતા ઉભા થઇ ગયા.

એક રાજાએ આગળ આવી સહસ્રાંશુ મહારાજને કહ્યું, "દેવ ! આ તો ગેરવ્યાજબી થાય છે, આ કોઇ જાદુગર લાગે છે; એણે રાજબાળા ઉપર જાદુ ચલાવેલું છે, તેથી રાજબાળાનું આકર્ષણ થયું છે, પણ આપે રાજબાળાને બચાવવી જોઇએ."

"હું શું કરૂં ? રાજબાળાને બે દિવસથી હું તો સમજાવી રહ્યો છું, પણ એ માનતી નથી. એણે એને જ પસંદ કર્યો છે, જેવું એનું ભાગ્ય !"

"પણ જાણીબુઝીને આવી ભૂલ તમે કરી એ ઠીક ન કહેવાય ! આ તો અમારૂં અપમાન કર્યું કહેવાય, અમે એ વરમાળ એની પાસેથી પડાવી લઇશું."

"આ તો સ્વયંવરમંડપ છે. બાળા ગમે તેને પસંદ

કરે તેને મારે કે તમારે માન્ય કરવો જ પડે." સહસ્ત્રાંશુએ ઠંડે કલેજે ઉત્તર આપ્યો.

"બેશક, પણ તે રાજકુમાર કે રાજા હોવો જોઇએ. આવો કોઇ કદરૂપો ભિક્ષુક નહિ !"

"એ તો જેવું છોકરીનું ભાગ્ય !"

"અમે તેમ નહિ થવા દઇએ."

"તો એ લોકોને સમજાવો." સહસ્ત્રાંશુએ કહ્યું.

રાજાઓ પેલા વૃદ્ધ પાસે ધસી આવ્યા, તલવારની અણી બતાવતા અને ડરાવતા બોલ્યા. એ ડોસા ! ઘરડી ઘોડીને લાલ લગામ શી ! મૃત્યુને કિનારે ઉભેલા તને શું પરણવાનો ઉમળકો આવ્યો છે કે ? એ વરમાળા કાઢી નાખ ?"

"કેમ ભાઇઓ ! રાજકુમારી મને વરી એમાં તમે શામાટે પેટ કૂટો છો ?" પેલા વૃદ્ધે શાંતિથી અને નિર્ભયતાથી કહ્યું.

"એ વરમાળા પાછી કાઢી નાખ, નહિતર મૂઓ જાણજે" રાજાઓ તાડુકયા, ચારેકોરથી એને ઘેરીને મધ્યમાં ઘાલ્યો.

શત્રુઓની તલવારની અણીઓની મધ્યમાં ઉભેલો વૃદ્ધ એમનું હાસ્ય કરતો બોલ્યો "કેમ ભાઇ ! તમને પરણવાનો જેટલો હર્ષ હતો એવો મને ન હોય !"

"તે, આ તો રાજદરબાર છે. રાજબાળા સાથે તારે પરણવું છે કેમ ?"

" પણ રાજબાળા જાણીબુઝીને મને વરી એમાં મારો શું ઉપાય ? "

" એ તો ગાંડી–દિવાની થઇ ગઇ છે. "

" ગાંડી કે ડાહી અત્યારે એણે જે કર્યું છે તે તમારે માન્ય કરવું જોઇએ. "

" કદિ નહિ, તું છે કોણ ? શું તું રાજા છે ? "

" હા, હું મારા ઘરનો રાજા છું. "

" વરમાળ કાઢે છે કે નહિ ? "

" એમ ? તમારો એજ નિશ્ચય છે. "

" હા ? "

" નહિ કાઢું તો ? "

" તો....તો તું યમપુરીમાં જશે ! "

" એ....મ. "

રાજકુમારી અને પેલી વૃદ્ધાને એક બાજુએ દૂર કરી દીધી. એ બન્નેને નિર્ણય કર્યા પછી પેલો વૃદ્ધ બોલ્યો. " ભાઇઓ ! હજી પણ કહું છું કે રાજકુમારીના આ કાર્યમાં સહમત થાઓ. "

" મારો ? મારો ? " ચારેકોરથી રાજાઓના અવાજો આવ્યા. " એની પાસેથી માળા પડાવી લ્યો. " બધા એની ઉપર ધસી ગયા.

પેલા વૃદ્ધે રંગ બદલાયેલો જોઇ ઉગ્ર ગર્જના કરી. "હોંશીયાર !"

એ ભયંકર ગર્જનાથી રાજાઓ ત્યાં જ થંભાઇ ગયા, કઇક તલવારો હાથમાંથી પડી ગઇ, કેટલાક ધ્રૂજતા બહાદૂરીથી પાછા હઠવા લાગ્યા, કેટલાક ઉપર ધસી આવ્યા. તેમના ઘા ચુકાવતો વૃદ્ધ નવજુવાન યોદ્ધાની માફક રાજાઓનાં માથાં અફાળવા લાગ્યો, એક જણની તલવાર આંચકી એ તલવારથી શત્રુઓની ખબર લેવા લાગ્યો, પોતાનો બચાવ કરતાં એણે ઘણા શત્રુઓને ઘાયલ કર્યા.

રાજાઓ પાછા ડગ ભરવા લાગ્યા, લડી શકાય ત્યાંસુધી લડવું પણ આખર ઉપાયે મરવાનો પ્રસંગ આવે તો બહાદૂરીથી પાછા હઠી જવું એ નીતિસૂત્ર છે. કઇક રાજાઓને કૂટ્યા પછી રાજાઓ જ્યારે પાછા હઠ્યા ત્યારે એમણે પોતાનું સૈન્ય સજ્જ કરવા માંડયું. સહસ્ત્રાંશુએ વચમાં આવીને બન્ને પક્ષોને શાંત કર્યા. "અરે રાજાઓ ! તમારી બુદ્ધિ ક્યાં ચરવા ગઇ છે ? જેનું આવું બળ છે તે શું ખરેખર વૃદ્ધ કે ભિક્ષુક હશે !"

"ત્યારે એ કોણ છે ?" રાજાઓ બોલ્યા.

"મિત્ર ! હવે તમારૂં મૂળ સ્વરૂપ પ્રગટ કરો ?" સહસ્ત્રાંશુએ એ વૃદ્ધને કહ્યું. "તમને મૂળ સ્વરૂપમાં જોઇ સર્વ કોઇ તમને બરાબર ઓળખી ખુશી થશે."

એ વૃદ્ધે તરતજ દાઢી મૂચ્છ કાઢી નાખ્યાં, ને મોંમાંથી

ગુટિકા કાઢી નાખી. એટલે એક દિવ્ય ધનુર્ધારી નવજુવાન પુરૂષ હાથીઓના ટોળામાં જેમ કેસરી ઉભો હોય એમ દરેક રાજાઓએ એને જોયો. "શું કોશલપતિ મહારાજ અજયરાજ!"

સર્વે રાજાઓ મહારાજ અજયરાજને જોઇ ખુશી થયા, ને રાજકુમારી તો વિશેષેકરીને આવો પતિ પામીને ખુશી થઇ.

તે પછી ધામધુમથી અજયરાજ અને પૃથુકુમારીનાં મ્હોટા મહોત્સવપૂર્વક લગ્ન થઇ ગયાં. દરેક રાજા અને રાજકુમારોએ એ લગ્નમાં ભાગ લીધો. લગ્ન થયા પછી રાજાએ દરેકને યથોચિત સન્માન કરી વિદાય કરી દીધા ને અયોધ્યાપતિ મહારાજ અજયરાજને સન્માન કરી આગ્રહપૂર્વક થોડા દિવસ રોકી રાખ્યા. મહારાજ અજયરાજે પોતાના સૈન્યને અયોધ્યા તરફ રવાને કર્યું ને માત્ર ઉપયોગ પૂરતાં જ માણસો રાખી લીધાં. રાજાએ તેમને રહેવા માટે વિશાળ મહાલય અર્પણ કર્યો.

---

**ઇતિહાસિક, દળદાર પાકાં પુંઠાનાં સચિત્ર આ ત્રણે પુસ્તકો વાંચવા જેવાં છે. સીલીકમાં નકલ જુજ છે માટે તુરત મંગાવો.**

૧ ગુર્જરેશ્વર કુમારપાળ સચિત્ર પૃષ્ટ ૪૫૦
કિંમત રૂા ૪-૦-૦ હતી તેના રૂા ૨-૮-૦

૨ વિમલમંત્રીનો વિજય પૃષ્ટ ૨૨૫ કિં. રૂા ૨) હતી તેના રૂા ૧-૮-૦

૩ કચ્છ-ગિરનારની મહાયાત્રા. પૃષ્ટ ૩૫૦, ત્રીશ ચિત્રો, પાકું રેશમી પુંઠું કિં. રૂા ૨-૮-૦ હતી તેના રૂા ૧-૧૨-૦

લખો—જૈન સસ્તી વાંચનમાળા,
રાધનપુરી બજાર-ભાવનગર.

# પ્રકરણ ૧૪ મું.

## ભટ્ટજીની મુશીબત.

અજયરાજાએ પોતાનાં માણસો ખપપૂરતાં જ રાખેલાં, તેમાં ભટ્ટજી શિવશંકરને પણ સ્થાન હતું. શિવશંકરને તો ઘણુંય અયોધ્યા જવાનું મન થયેલું, પણ અજયરાજા એને છોડે એમ ક્યાં હતું? મરજી નહિ છતાં ભટ્ટજીને રહેવું પડયું હતું. કેમકે અહીંયાં એને માથે શું શું હજી વિતવાની બાકી હશે!

પૃથુકુમારી તો પરણીને હવે સુખમાં પડી હતી, પણ સરસ્વતીનું કામ હજી બાકી રહ્યું હતું. એણે જાણ્યું કે ભટ્ટજી મહારાજ અજયરાજનો ખાસ માણસ હતો; જેથી પોતે પણ ભટ્ટજી સાથે જોડાઇ જાય તો કામ પાર પડે, પણ એ રસહીનને સમજાવવો કેવી રીતે?

સરસ્વતીએ પૃથુ પાસે આવી આ સંબંધી બધી વાત તેને સમજાવી અને ભટ્ટજીને સમજાવવામાં પોતે મદદ કરવા સમજાવ્યું; બન્ને જણે એ સંબંધી કંઇક મસલત કરી.

મધ્યાહ્ન સમય વહી ગયો છે, સર્વકોઇ પોતપોતાના કાર્યમાં મશગુલ છે, કોઇ શાંતિને ખોળે ઝુલે છે. મહારાજ અજયરાજા મધ્યાહ્ન સમયના ભોજનકાર્યથી પરવારી આરામમાં પોઢેલા હતા. પોતાના નિવાસસ્થાનમાં ભટ્ટજીને ચેન નહિ પડવાથી તે ઉઠ્યો. ઉદ્યાનની શોભા જોઇ ચિત્તને પ્રસન્ન

ફરતો તે ભટ્ટજી બાગમાં લટાર મારવા નિકળ્યો. ઠેઠ બગીચાને ખુણે એક છેડે વિશ્રામ લેવાને તે જરાક બેઠો. એના મનમાં કંઇ કંઇ વિચાર ઘુમતા હતા. રખેને કંઇ બલા વળગી પડે તો વળી પંચાત ઉભી થશે, એને વિચાર આવ્યો. "દુનિયાના લોકો ખરેખરા મુર્ખા છે. શા માટે તેઓ પરણુતા હશે? પરણુવામાં તેમને શું સુખ લાગતું હશે? આ અમારા મહારાજનેય પણ ઘેલછા વળગી છે, એક ઉપર બીજી સ્ત્રી કરતા જ જાય છે. કોણ જાણે કે તેઓ કેટલી સ્ત્રીઓ કરશે! માણસને એક સ્ત્રી હોય છે તો પુરૂષને જંપવા દેતી નથી, રાત દિવસ એની પુંઠે લાગી પુરૂષને હેરાન કરી નાખે છે. અરે હુજી તો મેં પેલીને દાદ આપી નથી તોય કેવી એ મારી પુંઠે વળગી છે; ડાકણુની માફક જીવ લીધે જ એ છોડે. બિચારા પુરૂષને એનાથી થોડી હેરાન ગતિ છે! છતાં પણ પુરૂષો કોણ જાણે કેમ પરણુવાને આતુર થતા હશે? ન પરણુવામાં કેવું સુખ છે. આધિ, વ્યાધિ, ઉપાધિ ન તો કોઇ છે, ન તો જરાય કોઇની તાબેદારી છે. મનફાવે ત્યારે ચાલ્યા ને મન ગમે ત્યારે આવ્યા, ભૂખ લાગે ત્યારે મનને ગમે તે કરીને ખાઇ લેવું; નફિકરા, મસ્તાન થઇને રહેવું. વિધિએ સ્ત્રીઓ ન સરજી હોત તો જગતમાં પુરૂષોનો કેટલો માર્ગ સરળ થાત–પુરૂષો માથેથી ઘણો ભાર હલકો થઇ જાત. પરણુવું એટલે તો સંસારના ખાડામાં પડવું–બંધનમાં પડવું.

ભટ્ટજી વિચાર કરતા હતા, પોતે પરણ્યા નહિ હોવાથી મનમાં મલકાતા હતા. એટલામાં એ વિચારોમાં ભંગાણુ

પડયુ. સરસ્વતી ચારેક સીપાહીઓને લઈ આવી પહોંચી. માણુસનો અવાજ સાંભળી ભટ્ટજી ચોંકયા. પોતાની પાછળ પડેલી છોકરી અને સીપાહીઓને જોઇ ચમકયા. ત્યાંથી પલાયન કરવા માંડયું. ભટ્ટજીને પલાયન કરતા જોઇ સરસ્વતીએ પેલા સિપાહીઓને કહ્યું " પકડો, આ નાશી જતા ચોરને." સીપાહીઓ એની પાછળ પડ્યા. ભટ્ટજી મુઠીઓવાળીને ભાગ્યા. બુમરાણુ કરી મૂકી.

આખરે નાશી જતા ભટ્ટજીને સીપાહીઓએ પકડી લીધા, અને એના હાથ બાંધ્યા. " કેમ, ચોરી કરતાં સારી લાગી હતી ખરૂંને ? " સરસ્વતીએ અડાવ્યું. " ઓળખીને મને, તે રાતના પેલા વડના ઝાડ તળેથી મારી વસ્તુ ચોરીને નાશી ગયા છોને ? "

" મેં ચોરી કરી! તદ્દન જુઠું, હડહડતું જુઠું." ચતુર્ભુજ થયેલા ભટ્ટજીએ બચાવ કર્યો.

" જુઠું ! એનો તો હજી ઇન્સાફ થશે, સમજ્યા ? "

" હું કાંઇ તારો ગુન્હેગાર નથી. "

"એ તો ઇન્સાફ થશે ત્યારે એની ખબર પડશે, સીપાહીઓ! લઇ ચાલો આ ચોરને અજયરાજા પાસે." સરસ્વતીએ સીપાહીઓને હુકમ કર્યો.

સીપાહીઓ ભટ્ટજીને પકડી ત્યાં ખેંચી લાવ્યા, ભટ્ટજીની બુમાબુમથી મહારાજ પણ જાગી ગયા હતા તે તૈયાર થઈને બેઠા હતા. પૃથુકુમારી પણ એમની પાસે બેઠી હતી.

પૃથ્વીએ બધી વાત મહારાજને સમજાવી હતી તેથી તે પણ આજે ઇન્સાફ કરવાને આતુર થઇ રહ્યા હતા. આ રમણીય ઇન્સાફ કરવાને બન્ને ગંભિરતા ધારણ કરીને બેઠાં હતાં.

સરસ્વતી કેદીને લઇને મહારાજની સમક્ષ આવી પહોંચી. મહારાજ ! ફ્ર્યાદ ! ફ્ર્યાદ ! આપના માણસો ધોળે દિવસે અમારા ઘરમાં ધાડ પાડે ને આપ ઇન્સાફ ન કરો, અમને ન્યાય આપો ! ઇન્સાફ આપો ? " સરસ્વતીએ ફ્ર્યાદ કરી. સરસ્વતીના કહેવાથી સીપાહીઓ ત્યાંથી પસાર થઇ ગયા.

" કેમ ભટ્ટજી ! આ બાઇની શું ફ્ર્યાદ છે ? મારા ખાસ માણસ થઇને તમે આવું કામ કરો છો ? " મહારાજ અજયરાજે ભટ્ટજીને કહ્યું.

" મહારાજ ! હું બીનગુન્હેગાર છું."

" તો આ બાઇ ખોટી ફ્ર્યાદ કરે છે ? "

" હા ! તદ્દન ખોટી ? "

" કેમ બાઈ ! આ ભટ્ટજી શું કહે છે ? "

" એ તદ્દન ખોટું બોલે છે. " સરસ્વતી બોલી.

" તારી શું ફ્ર્યાદ છે બાઇ ? " રાજાએ કહ્યું.

"કેમ, પેલા વડ નીચેની વાત કહી દઉં ?" ભટ્ટજીને ડારો બતાવતી સરસ્વતી બોલી. " મહારાજ ! રાતના એ વડલાની નીચે મને એકલી ધારીને........કેમ કહી દઉં ? "

" એમ આવું કામ કરે છે ભટ્ટજી ! કેમ....શું કર્યું ? "

" આણે મને ફોસલાવી. "

" અરરરરર જુલમની વાત ? " હસવું ખાળી રાખતાં ગંભીર મોં કરી રાજા બોલ્યા.

" ફોસલાવી એટલુંજ નહિ પણ લલચાવી. " સરસ્વતી બોલી.

" ઓહ....એને તો ત્યારે સખ્ત શિક્ષા કરવી પડે. " રાજા બોલ્યા.

" તમારા ભટ્ટજી આવા કામણગારા છે, એમને હું તો બહુ સારા માનતી હતી. " પૃથ્વીદેવી ભટ્ટજીને સકંજામાં લેતાં બોલ્યા " મહારાજ ! આપનો માણસ છે એમ ધારી એને જતો ન કરશો. એવી શિક્ષા કરજો કે જીંદગી પર્યંત યાદ કરે. "

" હું તો નહોતો ધારતો કે શિવશંકર તું આવો હશે ! ત્હને વળી ક્યારનો સ્વાદ લાગ્યો ? તું તો સ્ત્રીઓથી ડરતો હતો ને આ હિમ્મત ક્યાંથી આવી ? "

" મહારાજ ! હું તો આમાંથી કંઇ પણ જાણતો નથી. આ બધું તર્કટ છે. મને ફસાવવાને એક મહાભયંકર પ્રપંચ છે. "

" આ બાળાને ફસાવી પાછો ઉપરથી બચાવ કરે છે ? તને સપડાવવાની એ બાળાને શી જરૂર ? " રાજાએ કહ્યું.

" જરૂર વગર તે કોઇ આમ કરતું હશે કે ? "

" મહારાજની આગળ તો ગુન્હો કબુલ કરો, ઇન્સા-

ફ્નો અદાલતમાં તો તમારે કબુલ કરવું જોઇએ, સમજ્યા. લલચાવીને પણ તમે મને જવા દીધી હોત તો હું પણ મહારાજ પાસે ફ્ર્યાદ ન કરત પણ........" સરસ્વતી આગળ બોલતાં અટકી પડી.

"પણ........શું બોલ, ઝટ બોલ, એટલે હું એનો ઇન્સાફ્ કરી નાખું." રાજાએ કહ્યું.

"મહારાજ! કહેતાં મને શરમ આવે છે. મને એકલી ધારીને તમારા ભટ્ટજીએ મને સપડાવી."

"જુલમ! જુલમ! મહારાજ! તમારા ભટ્ટજીનો તો?" પૃથ્વીદેવી બોલી. "મહારાજ! એને જન્મકેદની શિક્ષા કરો."

"બસ એમજ થવું જોઇએ, એનો ગુન્હો સાબીત થયો છે–પૂરવાર થયો છે."

"મહારાજ! ક્ષમા કરો! ક્ષમા કરો!" ભટ્ટજીએ પ્રાર્થના કરવા માંડી.

"આવા ગુન્હા કરીને છટકી જવા માગે છે, હરામખોર!" રાજાએ કહ્યું. "તને શિક્ષા કરવાનું કામ હું આ બાળાને જ સોંપું છું. બાળા! કહે, તું જ એને શિક્ષા કર!"

"કેમ ભટ્ટજી! મારી શિક્ષા સહન કરવાને હવે તૈયાર થઇ જાવ." મહારાજ તરફ ફરીને બોલી "મહારાજ! એને જન્મ પર્યંત મારો કેદી બનાવી દ્યો. મારા પોતાના કેદખાનામાં રોજ રહે."

' બાળા ! એને બરાબર કેદમાં રાખજે, ભાગી ન જાય એની કાળજી રાખજે. " રાજાએ મર્મમાં કહ્યું.

" એક વખત આપ મારે હવાલે કરો, પછી એ છે ને હું છું, ભટ્ટજી ! જોયું મહારાજે કહ્યું તે, મારા સપાટામાંથી નાસવાની કોશીષ કરશો તો યાદ રાખજો. "

" ભટ્ટજી ! જાઓ તમારો ગુન્હો સાબીત થયો છે, એટલે લાચાર, હું તમને આ બાળાને હવાલે કરૂં છું. " મહારાજા અજયરાજાએ ભટ્ટજીનો હાથ પકડી સરસ્વતીના હાથમાં મૂકી બંનેનો હાથેવાળો મેળવી આપ્યો અને આશિષ આપી. " બાળા ! લે આ તારો કેદી ! "

" સરસ્વતી ! આ તારો ચોર, તારી નજરકેદમાંથી જરા પણ બહાર ન જવા દેતી. " પૃથુદેવી ભટ્ટજી તરફ ફરીને બોલી. " ખબરદાર ભટ્ટજી ! સરસ્વતીની રજા સિવાય કેદખાનામાંથી બહાર નિકળ્યા છો તો ? "

" ત્યારે શું અમને બેને પરણાવી દીધાં ? " ભટ્ટજી બોલ્યા ને બધા હસી પડ્યા.

" તે તો આ સરસ્વતી તમને સમજાવશે, સરસ્વતી ! લઇ જા તારા કેદીને ? "

સરસ્વતી હસતે મોંએ કેદીનો હાથ પકડી ભટ્ટજીને ખેંચતી ત્યાંથી પસાર થઇ ગઇ.

" ત્યારે શું આમ પરાણેય જગતમાં પરણાતું હશે ! " ભટ્ટજી ગરીબ ગાય જેવા થઇ ગયા. ગરીબ બિચારા ભટ્ટજી !

મહારાજની સત્તામાંથી ભટ્ટજી સરસ્વતીની સત્તામાં ગયા, સરસ્વતીએ થોડા દિવસમાં એને એવો તો મોહાંધ બનાવી દીધો કે એજ ભટ્ટજી પાછળથી સરસ્વતીના સ્વતઃ કેદી બની ગયા. સરસ્વતી એ કેદમાંથી જરા બહાર હવાખાવા મોકલે, પણ એ બંધનમાંથી એમને બહાર જવું જરાય ગમતું નહિ.

# પ્રકરણ ૧૫ મું

## અયોધ્યામાં.

મહારાજ અજયરાજાને માહિષ્મતી નગરીમાં કેટલાક દિવસો પસાર થઇ ગયા. સુખમાં મનુષ્યને જતા સમયનું ભાન રહેતું નથી. જો કે દુઃખમાં અને સુખમાં બન્નેમાં મનુષ્યોનો કાળ તો પસાર થાય છે, પણ દુઃખમાં એક ક્ષણ તો યુગ સમાન ત્યારે સુખમાં લાંબો કાળ પણ ક્ષણમાત્ર જેવો લાગે છે. સમય સાથે માણસના ભાગ્યની પણ બલિહારી છે. પુણ્યવંત પુરૂષને જગતમાં કઇ વસ્તુ અનુકૂળ થતી નથી ! હજારો યોજન દૂર પડેલી વસ્તુઓ પણ પુણ્યથી ખેંચાઇ પાસે આવે છે. માણસે પૂર્વભવમાં કરેલું શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવું પડે છે, જેમ પાપોથી દુઃખ, દુઃખનાં સાધનો-અનેક રોગો ઉત્પન્ન થાય છે તેમ જગતમાં માણસને પુણ્યથી લક્ષ્મી, ભોગસામગ્રી મળે છે, મનને અનુકૂળ સગવડતા થઇ શકે છે, હજારો રાજા

મહારાજાઓમાં પૃથુકુમારી એ બેડોળ વૃદ્ધને જ વરી, એ અજયરાજાની ભાગ્યલક્ષ્મી અનુકૂળ નહિ તો બીજું શું ?

પુણ્ય હોય તો માણસને ઇચ્છા ન હોય છતાં ભોગો મળે છે. કારણ કે ઇચ્છા હોય યા ન હોય પણ પુણ્ય પોતાનો સ્વભાવ પ્રગટ કર્યા વગર રહેતું નથી. અન્યથા તો ગમે તેટલી ઇચ્છા કરો, એને માટે પ્રયાસ કરો, અનેક કાવાદાવા કરી પ્રપંચ કરો; છતાં કાંઇપણ ભાગ્ય વગર મળતું નથી. કારણકે ઇચ્છાઓ પણ ત્યારે જ સફળ થાય કે પુણ્ય કરેલું હોય, ભાગ્ય જાગતું હોય તો પુણ્યવંત પ્રાણીને જ્યાં ત્યાં અનિચ્છાએ પણ ભોગોની જ પ્રાપ્તિ થાય છે. નહિતર સરસ્વતી જેવી ગુણવતી, સુંદર બાળા ભટ્ટજીના ઉપર ફિદા થાત જ નહિ. ભટ્ટજીની અનિચ્છા છતાં સરસ્વતી એની પાછળ લાગત જ નહિ, પણ પૂર્વના રૂણાનુબંધ કેવી રીતે ફરી શકે ? ભલેને ભટ્ટજીની ઇચ્છા નહિ પણ ભટ્ટજીનું પુણ્ય જાગતું જ બેઠેલું હતું; તે સરસ્વતીને ખેંચી રહ્યું હતું. એ પુણ્યથી આકર્ષાયેલી સરસ્વતી ભટ્ટજીને કેમ જતા કરે ? એની મરજી થઇ, સ્ત્રીઓના હૃદયમાં જે વાત ઉતરી એ તો સ્ત્રીયોને કરે જ છુટકો.

કોશલરાજે પોતાને વતન જવાને સહસ્રાંશુની રજા માગી. સહસ્રાંશુએ અહીંયાં રહેવાનો આગ્રહ કર્યો, પણ અજયરાજે ઘણી ઘણી દલીલો અને કારણો બતાવવાથી છેવટે રાજાએ રજા આપી. રાજાએ પોતાની બ્હેનને વળાવવાની તૈયારી કરી. દાયજામાં આપવું ઘટે તેટલું દાસ–દાસી, નોકર–ચાકર,

વગેરે આપ્યું. ધન, ધાન્ય, હાથી, ઘોડા વગેરે અખુટ ઋદ્ધિ આપી પૃથુને વળાવી. છેલ્લાં છેલ્લાં નણુંદ ભોજાઈએ મળી ભેટીને હર્ષનાં આંસુ પાડ્યાં, લીલાવતીએ નણુંદને અનેક પ્રકારે શિખામણ આપી. બધાં નગરીની બહાર આવ્યાં. બન્ને મિત્રોએ પણ મળી–ભેટી લીધું. કંઇક હર્ષ અને શોકની છાયા છવાઇ છે. ત્યાં દૂર વૃક્ષ નીચે કાઉસ્સગ્ગ મુદ્રાએ રહેલા એક મુનિ ઉપર સહસ્રાંશુની નજર પડી. “ કોશલરાજ ! જુઓ, પેલા વૃક્ષ નીચે મુનિ ઉભા છે; આપણે એમને વંદન કરીને પાવન થઇએ, ધર્મના બે શબ્દો શ્રવણ કરીએ. ”

સહસ્રાંશુના કથનને અજયરાજે અનુમોદન આપ્યું. બન્ને જણા એ વૃક્ષ નીચે આવીને મુનિને નમ્યા–વંદન કર્યું. તેમની પછવાડે સ્રીવર્ગ તેમજ પરિવારવર્ગ પણ આવીને મુનિને વંદન કરવા લાગ્યો. અવસર જાણી મુનિએ કાર્યોત્સર્ગ પાર્યો અને ધર્મોપદેશ દેવો શરૂ કર્યો. “ રાજન્ ! તમોને ધર્મલાભ થાઓ ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ કહેવાય છે. સંસારી મનુષ્ય મોક્ષ શી વસ્તુ છે એને તો સમજતો પણ નથી; તેમજ અર્થ અને કામમાં રક્ત થયેલાને ધર્મ કરવાની ફુરસદ નથી. ધર્મથી બાકીના ત્રણે પુરૂષાર્થ સિદ્ધ થાય છે. એવા ધર્મની અવગણના કરીને માણસ અર્થ અને કામમાં રક્ત રહે તો એને સુખ ક્યાંથી મળે ? કારણ કે અર્થ અને કામ એ પણ ધર્મનુંજ ફળ છે; છતાં જો ધર્મ ન કરવામાં આવે તો પ્રાણી ગમે તેટલા પ્રયત્નો કરે, કાવાદાવા કરે છતાંય અર્થ અને કામની સિદ્ધિ થતી નથી. જગતમાં

આજે તમે જે બળ, ઐશ્વર્ય, શકિત, વૈભવ પામ્યા છો એ બંધુય પૂર્વે કરેલા ધર્મનું ફળ છે. ધર્મ વગર જો અર્થ અને કામ વિનાપ્રયાસે મળી શકતાં હોય તો જગતમાં કોઇ દુ:ખી, દરિદ્રી કે હતભાગ્ય હોત જ નહિ. માટે જ ખાત્રી થાય છે કે જગતમાં પ્રાણીઓને સુખ આપનારી કોઇ પણ વસ્તુ હોય તો એક ધર્મ જ છે.

સાધુધર્મ અને શ્રાવકધર્મ એ બે પ્રકારનો ધર્મ જીનેશ્વરોએ કહેલો છે, અલ્પ સત્વધારી પ્રાણીઓ સાધુધર્મ આરાધવાને અસમર્થ હોવાથી યથાશક્તિ શ્રાવકધર્મનું જ આરાધન કરે છે, પણ પરાક્રમી તો સાધુધર્મને આરાધી સ્વલ્પ સમયમાં પોતાની આત્મસિદ્ધિ કરી લે છે. એ સાધુધર્મ સંસારનો ત્યાગ કર્યા સિવાય મળી શકતો નથી ને સંસારમાં જ્યાંસુધી મોહબંધન હોય ત્યાંલગી તેનો ત્યાગ કરી શકાતો નથી. પુદ્ગલ ઉપરથી લાલસા ઓછી થઇ જાય છે ત્યારે જ મોહનું જોર નરમ પડે છે. પુદ્ગલો એટલે સ્ત્રી પુત્રાદિક ઉપરથી, લક્ષ્મી ઉપરથી સત્તા વૈભવ ઉપરથી એવા બાહ્ય આત્માના સંબંધમાં આવેલા પદાર્થો ઉપરથી મમતા ઓછી થાય છે ત્યારેજ એની લોલુપતા ઘટે છે ને ત્યાગભાવના તરફ પ્રીતિ થાય છે. એ પ્રીતિ જેમ જેમ દૃઢ થતી જાય છે ત્યારે જ એક દિવસ તે સંસારનાં મોહબંધનો તોડવા સમર્થ થાય છે. ધન્ય છે એવા આત્માઓને !

આત્માનું સત્ય વાસ્તવિક સ્થાનક તો મોક્ષનગર છે ત્યાં

ન જાય ત્યાં લગી તે કોઇપણ સ્થળે સ્થિરવાસ કરી શકતો નથી. દેવતા, મનુષ્ય, નારકી અને તિર્યંચ એ ચારે ગતિમાં જન્મ-મરણ કર્યા કરે છે. એ નિકળે છે નિગોદમાંથી તે મોક્ષે પહોંચે ત્યાં સુધી એને જરાય શાંતિ મળતી નથી. મોક્ષે જાય ત્યારે જ તે અનંતસુખનો ધણી થાય છે. અનંતકાળ પર્યંત ત્યાં રહેવા છતાં પાછા આવવાપણું નથી. એ સત્યસુખનું વર્ણન કરવાની કોઇ મનુષ્યપ્રાણીની શક્તિ નથી; એ તો એના અનુભવી જ જાણી શકે. ખુદ તીર્થંકર ભગવંતો પણ એનો અનુભવ કરતા આપણને કહી રહ્યા છે કે–ભાઇઓ ! સંસારના બાહ્યસુખોનો ત્યાગ કરી મોક્ષના શાશ્વતસુખનો અનુભવ એકવખત લ્યો, કે એમાં કેવું અનુપમ સુખ રહેલું છે. આપણે પણ જ્યાંસુધી એ સુખ ન લઇએ ત્યાંસુધી શાંતિ નથી–આરામ નથી એમ નક્કી સમજજો. એ મોક્ષસુખની ઇચ્છા પણ મોટા ભાગ્ય વગર થતી નથી. ”

મુનિવરના ઉપદેશનું શ્રવણ કરતા એ બન્ને નરપતિઓ અંજલિ જોડતાં બોલ્યા. “ ભગવન્ ! અત્યારે તો અમે દીક્ષા લેવાને અશક્ત છીએ, પણ ભવિષ્યમાં અમે ઇચ્છીએ છીએ કે અમને દીક્ષા લેવાનું મન થાય, એવા અમારા પુણ્યોદય જાગે. ”

“ અસ્તુ ! જેવી તમારી મરજી, પણ ત્યાગમાર્ગ તરફ પ્રીતિ રાખજો. ” મુનિવરે કહ્યું.

“ ભગવન્ ! આ ભવમાં મારે દીક્ષા લેવી એવી મને બાધા આપો ? ” સહસ્ત્રાંશુએ કહ્યું. મુનિવરે સહસ્ત્રાંશુને પ્રત્યાખ્યાન કરાવવા માંડયું એટલે વચમાં અજયરાજાએ કહ્યું. “ ભગવન્ ! જ્યારે એ મારા મિત્ર દીક્ષા ગ્રહણ કરશે ત્યારે હું પણ તરતજ ગ્રહણ કરીશ. માટે મને પણ પચ્ચખ્ખાણ કરાવો કે એમની પછવાડે મારે પણ દીક્ષા ગ્રહણ કરવી. ”

મુનિવરે બન્નેને પચ્ચખ્ખાણ કરાવ્યાં, તે પછી બન્ને મિત્રો મળી–ભેટી જુદા પડ્યાં. સહસ્ત્રાંશુ અને તેમનો પરિવાર અજયરાજ દેખાયા ત્યાં સુધી થોભ્યો, પછી તેઓ નગરમાં આવ્યા અને અજયરાજા પૃથ્વીદેવી સાથે અયોધ્યામાં આવ્યા.

કોશલરાજને રાજપરિવારે અને પ્રધાનોએ મોટા મહોત્સવપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો. આઠ દિવસ સુધી અયોધ્યામાં મોટો મહોત્સવ થયો, એ મહોત્સવ પણ પૂરો થયો. નવી વાતો જુની થઇ ગઇ. દિવસો ઉપર દિવસો વ્યતિત થવા લાગ્યા.

મહારાજ અજયરાજ રાજાને અંતઃપુરમાં કેટલીય રાણીઓ થઇ. ત્યારપછી દિગ્વિજય કરવા નિકળેલા એ રાજાએ ઘણાય રાજાઓને યુદ્ધમાં જીતી લીધા. જે રાજાઓએ એમનો સત્કાર કર્યો તેમની ઉપર પ્રસન્ન થઇ એમનું ભેટણું સ્વિકારી ત્યાંથી આગળ ચાલ્યા. જેઓ સામે થઇ બળ બતાવવાને આવ્યા તેમને યુદ્ધમાં જીતીને વશ કર્યા. અજયરાજાએ દિગ્વિજય કરી સમુદ્ર પર્યંત પોતાની કીર્ત્તિ પ્રસરાવી.

અયોધ્યામાં સુખે સમાધે રાજ કરતાં મહારાજ અનરણ્યને કંઈ વર્ષો પાણીના પ્રવાહની માફક પસાર થયાં, એમની સાથે શિવશંકર અને સરસ્વતીનું ગાડું પણ જોસપૂર્વક સંસારના પ્રવાહમાં ધસ્યે જતું. એમનો સંસાર પણ ઘણા સુખ અને રોજના નવા નવા વિનોદો, પ્રેમકલહોથી ભરેલો પસાર થતો હતો. ઘડીમાં એક બીજા કજીઓ કરતાં, રીસાતાં અને મનાતાં; છતાં એમના ગાડામાં પણ પ્રેમ અને વિનોદોનું જ વાતાવરણ હતું. સંસારીયોને એમનું દૃષ્ટાંત અનુકરણીય હતું.

અજયરાજાને પૃથ્વીદેવી સાથે સંસારસુખ ભોગવતાં કેટલાંક વર્ષો વહી ગયાં, ત્યારે એમના પ્રેમનું સાક્ષાત્ ફળ કેમ ન હોય એવો એક પુત્ર તેમને થયો, એ પુત્રનું તેમણે અનંતરથ નામ પાડ્યું. બીજના ચંદ્રની માફક વૃદ્ધિ પામતો અનંતરથ પણ વર્ષોના વહેવા સાથે યૌવનને આંગણે ઉભો રહ્યો, ભણી ગણી પુરૂષની બહોંત્તેરે કળામાં પ્રવીણ થઈ સ્ત્રીઓ–પ્રમદાઓના મનને હરણ કરનારો થયો.

અજયરાજાએ અનેક રાજકન્યાઓ સાથે એનું પાણિગ્રહણ કરાવ્યું. અનેક રાજબાળાઓને વલ્લભ થયેલા એ રાજકુમારે યુવરાજપદ પ્રાપ્ત કરી ભોગોમાં પોતાનો કાળ વ્યતિત કરવા માંડ્યો. પંચેંદ્રિયના વિષયોમાં રક્ત રહેલા એ યુવરાજને જતા એવા સમયની પણ કયાંથી ખબર પડે ?

પ્રાણીઓને પ્રારબ્ધ યાને પૂર્વસંચિત કર્મ સારૂં હોય છે તો સંસારમાં એમને સુખ ઉપર સુખ આવે છે જ્યાં જાય

ત્યાં ભોગીને ભોગો જ મળે છે. જંગલમાં જાય કે અરણ્યના ભયંકર વાસમાં જાય પણ એના પુણ્યથી ત્યાં પણ એને મંગળ જ થાય છે, ત્યારે પુણ્યરહિત જીવોને ઘરના ખુણામાં રહ્યાં થકાં પણ આપદાઓ શું નથી ઘેરી લેતી ?

# પ્રકરણ ૧૬ મું.

## ભવિતવ્યતા.

સંસારમાં સદાકાળ કોઇને સુખ મળતું નથી, હરહંમેશાં કોઇને દુઃખ રહેતું નથી. રથના ચક્રની માફક એક પછી એક આવે જ છે; તેમાંય ઉત્તમજનોને કોઇ પ્રસંગે દુઃખ આવે છે. તદ્ભવ મોક્ષે જનારા રામ જેવાને પણ ઉગતી યુવાનીમાં વનમાં પોતાના ભાઇ અને પત્ની સાથે વાસ કરવો પડ્યો. પાંડવોને પણ વનવાસનાં સંકટ ભોગવવાં પડ્યાં. જેથી જગતમાં પ્રાણીઓને એકાંતે સુખ નથી મળતું કિંવા એકાંતે દુઃખ નથી હોતું. કદાચ અપેક્ષાએ માની લઇએ તો દેવતાઓને પોતાની જીંદગીમાં નિરંતર સુખ છે ત્યારે નારકીઓને પોતાની યોનિમાં નિરંતર દુઃખ છે, પણ મનુષ્ય જેવા ઉત્તમ ભવમાં સુખ અને દુઃખ બન્ને આવે છે. કોઇને પ્રથમ સુખ આવે તો પાછળથી દુઃખ આવે છે તો કોઇને પ્રથમ દુઃખ હોય તો પાછળથી સુખ આવે છે. કોઇનાં જીવન

પહેલાં તો કોઇનાં પછી દુઃખી જ હોય છે; પણ આદ્યંત સુખી મનુષ્યજીવન તો કવચિત જ જોવાય છે. દુઃખ અનેક પ્રકારે આવે છે. ચાહે તો વૈભવનો ક્ષય થઇ જાય, સ્ત્રી મરી જાય અથવા તો દુરાચારી થાય, શરીરે રોગોત્પત્તિ થાય, શરીર સાથે લેણાદેણી સારી ન રહેવાથી કંઇને કંઇ શરીર અસ્વસ્થ રહ્યા કરે. અનેક પ્રકારે પાપ પોતાનો સ્વભાવ પ્રગટ કરે છે. ગમે તેવા મહાન નરની પણ તે ભયંકર વિષમ સ્થિતિ કરે છે.

સંસારના વૈભવોમાં, ભોગોમાં અનરણ્ય રાજા પોતાનો કાળ સુખમાં વ્યતિત કરતા હતા, પણ એ સુખ એમનું લાંબો સમય ટકી રહ્યું નહિ. ભવિષ્યમાં અનિષ્ટનું સૂચન કરનારાં નિમિત્તો એમને વારંવાર થવા લાગ્યાં, ખરાબ સ્વપ્નો આવવા લાગ્યાં; છતાં એ સમર્થ પુરૂષે એની પરવા કરી નહિ. સુખમાં જે રાચી જતા નથી, ને દુઃખમાં દિલગીર થતા નથી એવા સમર્થપુરૂષો ગમે તેવી સ્થિતિમાં પણ મધ્યસ્થ-ભાવ ધારણ કરે છે.

ખરાબ સ્વપ્નો અને અનિષ્ટ નિમિત્તોથી અજયરાજાને એટલું તો લાગ્યું કે—" નક્કી કાંઇક ભવિષ્યમાં આપત્તિ આવ-વાની છે; છતાં શી આપત્તિ આવવાની છે એ જાણવાનું જ્ઞાન તો મનુષ્ય શક્તિની બહારની વાત છે. મનુષ્યવ્યવહારના અનુભવી જ્યોતિષીઓ કે નજુમીઓ પણ એટલું કહી શકે કે કાંઇક અનિષ્ટ થશે, આફત આવશે; છતાં ભવિષ્યના પડદામાં રહેલી વસ્તુ કોઇ નિરાળી જ હોય છે.

અજયરાજાને પણ હવે દુષ્કર્મનો ઉદય આવી પહોંચ્યો હતો, એની સ્થિતિ પરિપકવ થયેલી હતી, હવે તો તે સ્થંભી જાય એમ હતું. કેમકે ભવાંતરના કરેલાં શુભાશુભકર્મોની જ્યારે પરિપકવ સ્થિતિ થાય છે, ત્યારે સહજ નિમિત્ત પામીને પણ ઉદય આવે છે. અજયરાજાને પણ ભવિતવ્યતા યોગે એવાં નિમિત્તો મળ્યાં, એ બાહ્યનિમિત્તોને યોગે અજયરાજાને કોઇ રોગ ઉત્પન્ન થયો, ધનવંતરી સમા વૈદ્યો એના સેવકો હતા, અનેક પ્રકારના રોગોને નાશ કરનારી કિંમતી ઔષધિઓ એના ભંડારમાં હાજર હતી. રાત દિવસ સેવા કરનારા સેવકોનો એને હિસાબ નહોતો, એવી સગવડો છતાં—અનુકૂળતા છતાં એ વૈદ્યોના અનેક ભિન્ન ભિન્ન ઉપચારો છતાં એક રોગમાંથી બીજો રોગ ને બીજામાંથી ત્રીજો રોગ ઉત્પન્ન થવા લાગ્યો. મનુષ્ય પ્રયત્નો કંઇ કરે છે ત્યારે વિધિ જુદું જ કરી બતાવે છે.

વૈદ્યોએ અનેક પ્રકારના ગ્રંથોનાં પાનાં ફેરવવા માંડ્યા, અનેક પ્રકારની રાજાની ચિકિત્સાઓ કરવા માંડી, નવી નવી દવાઓ બનાવવા માંડી, લાખોના ખર્ચે એ ધનવંતરીઓ દવા તૈયાર કરી મહારાજને આપવા લાગ્યા, રાતદિવસ એમની સેવામાં હાજર રહી તન, મન અને ધનથી મહારાજની સેવા કાળજીપૂર્વક કરવા લાગ્યા. છતાંય એ દવાઓ ભવિતવ્યતા યોગે કંઇ પણ ગુણ કરનારી થઇ નહિ. ખાંસી, કફ, પીડા, જ્વર, શરીર દુઃખવું વગેરે રોગો એક પછી એક વધતા જતા હતા. એ દવા જાણે રોગોનો જન્મ કરનારી જ ન થઇ પડતી

હોય એમ અજયરાજાને અનુક્રમે એકસોને સાત વ્યાધિઓ ઉત્પન્ન થઈ.

જગતમાં એકજ વ્યાધિ માત્ર પ્રાણીઓને ઉત્પન્ન થઇ હોય છે તો તેથી જીવને કેટલી હેરાનગતિ ભોગવવી પડે છે? એ વ્યાધિથી આકુળવ્યાકુળ થઇ જાય છે, એનો નાશ કરવા માટે—એ પીડામાંથી મુકત થવા માટે અનેક પ્રકારની દવાઓ, કિંમતીમાં કિંમતી ઔષધોનું પણ સેવન કરીને વ્યાધિનો નાશ કરવાને તે તનતોડ મહેનત કરે છે. જ્યારે એક માત્ર વ્યાધિથી પણ પ્રાણી વિહ્વળ થઇ જાય છે તો પછી એકસોને સાત વ્યાધિ જેના શરીરમાં ઉત્પન્ન થઇ પીડા કરી રહ્યા હોય એની પીડાની બીજાને શું ખબર પડે? પ્રસૂતાની પીડા વંધ્યા તો ન જ સમજી શકે. એ અસહ્ય વ્યાધિઓની પીડાઓને પણ સમર્થ અજયરાજા શાંતિપૂર્વક સહન કરવા લાગ્યા. પૂર્વના કોઇ દુષ્કર્મનો જ એ મર્મ છે એમ ચિંતવવા લાગ્યા. "એકસોને સાતે મને કાં વળગ્યા, બીજાને નહિ. આટલી બધી વિશાળ પૃથ્વી પડી છે છતાં મારે શરીરે જ કાં પ્રગટ થયા, પણ હું માનું છું કે પૂર્વે એમને મેં જ આમંત્ર્યા હતા, સ્વતંત્રપણે એ વ્યાધિઓને ઉત્પન્ન કરનારો હું જ હતો, ગમે તે ભવમાં પણ મેં કંઇક અનિષ્ટ પ્રસંગને આચરી આમને પોષ્યા છે—ઉપાર્જન કર્યા છે અને એ કરેલું શુભાશુભકર્મ ગમે ત્યારે પણ પોતાના કર્ત્તાને તે ગમે તે ભવમાં હોય છતાં શોધી કાઢે છે. સ્થિતિ પરિપાક થઇ કે ઝટ ઉદય આવ્યા વગર રહેતું નથી. તોપછી એમાં અન્યનો શું દોષ?

વૈદ્યો બિચારા અનેક પ્રકારે દવા કરી રહ્યા છે, મારા માટે પોતાના જાન પણુ કુરબાન કરે એવા છે; છતાં મારો રોગ નાશ પામવાને બદલે વધતો જ જાય છે. ત્યારે મને લાગે છે કે પૂર્વભવનું મારૂં અરિષ્ટ કોઈ બળવાન છે. ઉદય આવેલું એ કર્મ મારે ભોગવ્યા વગર હવે છુટકો થવાનો નથી, શાંતિથી કે અશાંતિથી પણુ ભોગવવું તો પડશે જ. સમજુ અને તત્ત્વને ચિંતવનારા વિવેકી મનુષ્યો નરભવનાં દુઃખો જ્યારે સમભાવ, શાંતિપૂર્વક સહન કરે છે ત્યારે અલ્પજ્ઞ મૂર્ખજનો ધમપછાડા કરતા હાય, હાય પોકારતા પણુ ભોગવે છે તો ખરા જ; છતાં શાંતિથી સહન કરનારો ફરીને નવીન પાપબંધન કરતો નથી, પેલો એક પાપના વિપાકને ભોગવતાં બીજાં અનેક પાપનો બંધ કરે છે–ભવની પરંપરા વધારે છે. એમાં ખોટું તો નથી જ !”

પોતાના કોઈ પૂર્વના દુષ્કર્મનો વિપાક સમજીને અજયરાજા સમ્યક્ પ્રકારે એ વ્યાધિઓને સહન કરવા લાગ્યો. વૈદ્યો બિચારા દવા કરી કરીને થાકયા, એમ એક પછી એક નવી દવાઓ કરી અજમાયસ કરી, પણુ એથી મહારાજના શરીરે કાંઇ ફરક પડ્યો નહિ. સ્વજન કુટુંબવર્ગ આ અસાધ્ય રોગોથી નિરંતર ચિંતાતુર રહેવા લાગ્યો, કયે ઉપાયે મહારાજ વ્યાધિમુક્ત થાય, અને ફરીને એકવાર નવપલ્લવ જીવન પ્રાપ્ત કરે એ માટે અનેક પ્રકારે કલ્પના કરવામાં આવતી. વૈદ્યો પણુ અનેક પ્રકારના વિચારો કરતા, પણુ એ કોઇના વિચારો સફળ થયા નહિ. સ્થિતિ એવી ભયંકર હતી કે

એમને દુઃખે દુઃખી થવું, બની શકે તેટલી તેમની સેવા-ચાકરી કરવી એ સિવાય ત્રીજો કોઇ રસ્તો જડ્યો નહિ.

પેલો શિવશંકર ભટ્ટજી–મહારાજનો ખાસ માણુસ, તે પણ મહારાજની સેવા કરવા લાગ્યો, મહારાજને સારૂં કરવા માટે અનેક ઉપાયો ચિંતવવા લાગ્યો, એણે જ્યારે એકે ઉપાય જોયો નહિ, ત્યારે બધા પંડિતોને, શાસ્ત્ર જાણુનારા બ્રાહ્મણોને ભેગા કર્યા, મહારાજની આગળ એ બધાને બોલાવ્યા. મહારાજના રોગની ચિકિત્સા સંબંધી પંડિતોને કહ્યું. "મહાશય ! રોગોની ચિકિત્સા માટે શાસ્ત્રમાં શું ઉપાયો યોજ્યા છે તે કહો ?"

પ્રધાનોને, સ્નેહી સંબંધીજનોને પણ બોલાવવામાં આવ્યા હતા. પંડિતોએ રાજાનો ભયંકર રોગ જોઇ મનમાં નિર્ણય કર્યો, અરસપરસ વિચારોની આપ–લે કરી એક પંડિત બોલ્યો. "મહારાજનો આ રોગ અતિભયંકર છે, એકસોને સાત રોગો એકસામટા ઉત્પન્ન થયેલા છે. કંઇ પણ ઔષધ આ વ્યાધિ ઉપર કામ કરી શકતું નથી. વિપરીત ભવિતવ્યતાને યોગે ઔષધે તો એક પછી એક રોગોને વધારવાનું કામ કર્યું છે એમ જણાયું છે. હવે તો કોઇ દૈવીશક્તિ અજમાવવામાં આવે તો જ કામ થાય."

"કેવા પ્રકારની દૈવિક શક્તિનું આરાધન કરવાથી મહારાજના રોગોની શાંતિ થાય વારૂ ?" પ્રધાનોએ પૂછ્યું. રોગો મહારાજને થયા હતા છતાં દુઃખ બધાને થતું હતું.

"શ્રુતિઓમાં કહેલી વિધિપૂર્વક મહારાજ યજ્ઞ કરાવે તો આ રોગો શાંત થાય, અથવા તો સૂર્યનું આરાધન કરે કે મંત્રશકિતથી અશ્વનીકુમારને બોલવવામાં આવે તો તે વ્યાધિ દૂર કરે." પંડિત મહાશયે અભિપ્રાય આપ્યો.

"એનાથી વ્યાધિનો નાશ થાય એમ તમને લાગતું હોય તો જરૂર એ ઉપાય આપણે કરીએ. સારામાં સારો ઉપાય જોઇને તમે કહો કે મહારાજને જલદી આરામ થાય." પ્રધાને પૂછયું.

"સચિવજી ! પ્રથમ અશ્વનીકુમારનું આરાધન કરો, મહારાજ ભકિતથી પ્રસન્ન કરી તેમને બોલાવે તો જરૂર કાર્ય સિદ્ધ થાય."

"મહારાજ તો વ્યાધિગ્રસ્ત છે. દેવતાને બોલાવવાનું કામ મહારાજ કેવી રીતે કરી શકે ?"

"યથાશક્તિ મહારાજ પોતે જ પ્રયત્ન કરે તો કાર્ય સિદ્ધ થાય."

"છતાં તમારે યથાશક્તિ મહારાજને મદદ કરવી જોઇએ. મંત્ર, તંત્ર, હોમ, હવન આદિ અનુષ્ઠાનથી તમારે દેવતાઓનું આકર્ષણ કરવું જોઇએ અને મહારાજ પણ યથાશક્તિ ધ્યાન કરી અશ્વનીકુમારનું આકર્ષણ કરશે." પ્રધાનોએ કહ્યું.

"બહુ જ સારી વાત, આપ મૂઆ વગર સ્વર્ગે જવાનું

નથી. હું પોતે પણ હજી શક્તિસંપન્ન છું. આપણે બધાય અશ્વનીકુમારને આરાધવાને માટે બેસીયે. અખંડ તપ, જપ અને ભક્તિથી પ્રસન્ન કરીયે, એમ તમારૂં કહેવું છે; પણ પૂર્વકૃત કર્મના ક્ષય વગર કરેલું કર્મ નાશ પામતું નથી. આપણે મહેનત કરશું; છતાંય જે કર્મ જ્યાં સુધી ભોગવવાનું હશે તે તો મિથ્યા થવાનું નથી, શામાટે આપણા સ્વાર્થની ખાતર દેવતાઓને નકામો પરિશ્રમ આપવો?"

"મહારાજ! ભાગ્ય ઉપર આધાર રાખી બેસી રહેવાનું નથી. એક પછી એક પ્રયત્નો શામાટે ન કરવા? દૈવિક પ્રયત્નો પણ કરી તો જોવા, દેવતાઓ શક્તિમાન હોય છે. ઇચ્છિત આપવાને તે સમર્થ છે."

"તે છતાં એવા પ્રયત્નો કરવાની મારી મરજી તો નથી જ." રાજાએ કહ્યું.

"ભલે આપની મરજી ન હોય પણ અમારા માટે આપે એટલું કરવું પડશે જ. પ્રસંગે પોતાની મરજી નહિ હોવા છતાં સેવકોને રાજી રાખવાની ખાતર પણ સ્વામીએ કરવું જોઇએ." પ્રધાન વગેરે સ્નેહી અને સંબંધીજનોએ આગ્રહ કર્યો.

ચારે તરફથી આગ્રહ થવાથી મહારાજ અનરણ્યે મૌન સ્વીકાર્યું.

# પ્રકરણ ૧૭ મું.

## અજયરાજા.

એ અયોધ્યાનું અપરનામ વિનિતા, વિનિતા એ રૂષભદેવ ભગવાનની રાજ્યધાની, બાર જોજન લાંબી પહોળી વિનિતાને રૂષભદેવને માટે ઇંદ્રની આજ્ઞાથી કુબેરે વસાવેલી, એના સિંહાસન ઉપર ઇક્ષ્વાકુવંશમાં રૂષભદેવ, ભરત મહારાજ વિગેરે રાજાઓ થયા, ભરત મહારાજ ચક્રવર્ત્તી હતા. ભરત પછી એમના પુત્ર સૂર્યયશા ગાદી ઉપર આવ્યા, તેમનાથી સૂર્યવંશ ચાલ્યો. અયોધ્યાની ગાદીએ સૂર્યવંશી અનેક રાજાઓ થઈ ગયા જેમાંથી કેટલાક મોક્ષે ગયા ને કેટલાક સ્વર્ગમાં ગયા. રૂષભદેવ પછી અનુક્રમે વીશમા તીર્થંકર મુનિસુવ્રતસ્વામી રાજગૃહનગરમાં થયા, એમણે દીક્ષા લઇ તીર્થ પ્રવર્ત્તાંવ્યું. તે વખતે અયોધ્યાની ગાદી ઉપર સૂર્યવંશી **વિજય** રાજા રાજ્ય કરતો હતો. વિજયરાજાને હેમચુલા રાણીથી વજાબાહુ અને પુરંદર એ બે પુત્રો થયા. નાગપુરના ઇભવાહન રાજાની ચુડામણી રાણીથી મનોરમા નામે એક પુત્રી થઇ તે સ્વયંવરમંડપમાં વજાબાહુ સાથે રોહિણી જેમ ચંદ્રને પરણે તેમ પરણી.

વજાબાહુ મનોરમાને લઇને પોતાના નગર તરફ ચાલ્યો, ઉદયસુંદર નામે એનો સાળો પણ એની સાથે હતો, માર્ગમાં ગુણસાગર નામે મુનિને જોઇ વજાબાહુ એમને નમન-વંદન

કરવા ગયો, સાળાએ મશ્કરીમાં કહ્યું " શું દીક્ષા લેવા જાઓ છો? દીક્ષા લ્યો તો વિલંબ કરતા નહિ, હું તમોને સહાય કરીશ. "

મશ્કરીમાં કથેલાં સાળાનાં વચનને વજ્રબાહુએ સત્ય કરી બતાવ્યાં ને ગુણસુંદર પાસે દીક્ષા ગ્રહણ કરી. હજી તો મંગલસૂત્ર પણ હાથથી છુટ્યાં નહોતાં, એવા વજ્રબાહુએ મોર ઉપરથી ઉતરે તેમ વાહન ઉપરથી ઉતરી ચારિત્ર ગ્રહણ કર્યું. એની પછવાડે મનોરમા, ઉદયસુંદર અને બીજા પચ્ચીશ રાજકુમારોએ દીક્ષા લીધી. આ દીક્ષાના સમાચાર અયોધ્યા પહોંચી ગયા. રાજા વિજયને વૈરાગ્ય આવ્યો. " ધન્ય છે ! એ બાલક છતાં ઉત્તમ છે ને હું વૃદ્ધ થયો છતાં ઉત્તમ નથી. " પોતાના પુરંદર નામે નાના પુત્રને રાજ્યગાદી ઉપર બેસારી નિર્વાણમોક્ષ નામના મુનિ પાસે વિજયરાજાએ દીક્ષા ગ્રહણ કરી. પુરંદર ને પૃથિવીદેવી રાણીથી ઉત્પન્ન થયેલ કીર્ત્તિધરને રાજ્ય સોંપી પુરંદરે ક્ષેમંકરમુનિ પાસે દીક્ષા ગ્રહણ કરી. કીર્ત્તિધરને સહદેવી નામે પત્ની હતી. રાજાને દીક્ષા લેવાની ઈચ્છા થઈ, પણ પ્રધાનોએ નિષેધ કર્યો ને કહ્યું કે–" આપને પુત્ર ન થાય ત્યાં સુધી વ્રત લેવું સારૂં નથી. એમ કરવાથી પૃથ્વી અનાથ થઇ જશે માટે પુત્ર થાય ત્યાં સુધી રાહ જુઓ." મંત્રીઓના આગ્રહથી કીર્ત્તિધર રાજા અનિચ્છાએ પણ ગૃહવાસમાં રહ્યો. અનુક્રમે સહદેવીથી સુકોશલ નામે પુત્ર થયો. એ બાળપુત્રને રાજ્ય ઉપર બેસાડી રાજાએ દીક્ષા ગ્રહણ કરી.

એકદા વિહાર કરતા કીર્ત્તિધરમુનિ અયોધ્યામાં આવ્યા.

રાજમહેલ આગળથી પસાર થતાં સહદેવીએ જોયા, એમને જોવાથી રખેને મારો પુત્ર દીક્ષા ગ્રહણ કરે એ આશયથી મુનિને નગર બહાર કઢાવ્યા, સુકોશલ રાજાને ખબર પડતાં અનિષ્ટનું કારણ આ રાજ્ય છે તેમ સમજી પિતા–મુનિ પાસે જઇ વ્રત ગ્રહણ કર્યું. સુકોશલ ને ચિત્રમાલા સ્ત્રીથી ઉત્પન થયેલા હિરણ્યગર્ભને અયોધ્યાની ગાદી મળી.

પતિ ગયેલા હતા ને પુત્રે પણ દીક્ષા ગ્રહણ કરી જેથી ખેદ પામતી સહદેવી ધર્મરહિતપણે આર્તધ્યાન કરતી મરણ પામીને કોઇ પર્વતની કંદરામાં વાઘણ થઈ.

પૂર્વના વૈરને સંભારનારી એ વાઘણે પેલા મુનિરૂપ પિતા પુત્રને મરણાંત ઉપસર્ગ કર્યો. એ બન્ને કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શિવલક્ષ્મીને વર્યા. પુત્રને ફાડી ખાતાં વાઘણને જાતિસ્મરણજ્ઞાન થયું. એના યોગે પૂર્વનો ભવ જાણી પોતાના પતિ પુત્રનો નાશ કરવાથી એને અતિ પશ્ચાત્તાપ થયો, એ પશ્ચાત્તાપને લીધે અનશન સ્વીકારી ત્યાંથી કાળ કરી આઠમા દેવલોકે ગઇ.

હિરણ્યગર્ભને મૃગાવતી રાણીથી નઘુષ નામે પુત્ર થયો. નઘુષને રાજ્ય ઉપર બેસાડી ત્રીજીવયે હિરણ્યગર્ભે વિમલમુનિની પાસે દીક્ષા ગ્રહણ કરી. નઘુષને સિંહિકા નામે પત્ની હતી. એક સમયે નઘુષ રાજા ઉત્તરપથના રાજાઓને જીતવાને ગયો ત્યારે દક્ષિણપથના રાજાઓ એને રાજ્યની બહાર ગયેલો જાણી એનું રાજ્ય લઇ લેવાને ચડી આવ્યા. જેથી સિંહિકા પુરૂષનો

સ્વાંગ ધારણ કરી સૈન્ય લઇ એમની સામે ગઇ અને યુદ્ધમાં એમને જીતીને નસાડી મૂકયા.

વિજયલક્ષ્મી વરી ઉત્તરપથના રાજાઓને જીતી નઘુષ ઘેર–અયોધ્યામાં આવ્યો ત્યારે પોતાની પત્નીના પરાક્રમનું વર્ણન સાંભળ્યું જેથી વિચાર કરવા લાગ્યો કે–" મારા જેવા પરાક્રમીને આવું કાર્ય દુષ્કર છે તો પછી મારી પત્નીએ કેવી રીતે કર્યું હશે ? માટે જરૂર એનામાં કંઇ દોષ હોવો જોઈએ. " એમ વિચારી રાજાએ સિંહિકાને તજી દીધી.

એકદા નઘુષ રાજાને દાહજવર ઉત્પન્ન થયો, સેંકડો ઉપચારો કરતાંય જ્યારે શાંત થયો નહિ તે સમયે સિંહિકા ત્યાં આવી જળ લઇ સંકલ્પ કરતી બોલી. " હે સ્વામી ! તમારા સિવાય બીજા કોઇપણ પુરૂષને મેં કયારે પણ ઇચ્છયો ન હોય તો આ જળસિંચનથી તમારો જ્વર અત્યારે જ નાશ પામી જાઓ. " એમ કહી એ જળથી રાજાના શરીરનો અભિષેક કર્યો. તત્કાળ તે જ્વરમુક્ત થઈ ગયો, સિંહિકાની પવિત્રતાથી ફરીને તે સ્વામીને વલ્લભ થઈ. એને સોદાસ નામે પુત્ર થયો, સોદાસને રાજ્ય ઉપર બેસાડી નઘુષે દીક્ષા ગ્રહણ કરી.

સોદાસ માંસાહારી થયો, જેથી મંત્રીઓએ એના પુત્ર સિંહરથને ગાદીએ બેસાડી સોદાસને પદભ્રષ્ટ કર્યો. નરમાંસ ભક્ષણ કરતો સોદાસ પૃથ્વીપર ઘણો કાળ ભટકયો, પણ ભવિતવ્યતા યોગે તે જૈનમુનિના સમાગમમાં આવતાં પરમ શ્રાવક થયો, અને મહાપુર નગરનો રાજા થયો, અયોધ્યાની ગાદી

ઉપર આવેલા સિંહરથ અને સોદાસને યુદ્ધ થયું. લડાઈમાં સોદાસે સિંહરથ રાજાને જીતી લઇ પકડી લીધો ને પોતાનું રાજ્ય પણ પોતાના પુત્ર સિંહરથને અર્પણ કરી સોદાસે કુળ-પરંપરાના નિયમને અનુસરી દીક્ષા ગ્રહણ કરી.

સિંહરથ રાજાને બ્રહ્મરથ પુત્ર થયો. તે પછી અનુક્રમે ચતુર્મુખ, હેમરથ, શતરથ, ઉદયપૃથુ, વારિરથ, ઈન્દુરથ, આદિત્યરથ, માંધાતા, વીરસેન, પ્રતિમન્યુ, પદ્મબંધુ, રવિમન્યુ વસંતતિલક, કુબેરદત્ત, કુંથુ, શરભ, દ્વિરદ, સિંહદશન, હિરણ્યકશિપુ, પુંજસ્થળ, કાકુસ્થળ અને રઘુ વગેરે અનેક રાજાઓ એક પછી એક ગાદી ઉપર આવ્યા ને ગયા. એ સર્વે રાજાઓએ દીક્ષા ગ્રહણ કરેલી, મુનિસુવ્રતસ્વામીના શાસનમાં તેમાંથી કેટલાક મોક્ષે ગયા અને કેટલાક સ્વર્ગે ગયા. રઘુરાજા મહાપરાક્રમી હતો. યુદ્ધમાં એણે સર્વે રાજાઓને જીતીને પોતાની આજ્ઞા કબુલ કરાવી હતી. શત્રુઓને તાપ ઉત્પન્ન કરનાર એ રાજાએ ત્રિખંડ ધરતીના રાજાઓ પાસે પોતાની આણ મનાવી હતી. સંસારસુખ ભોગવતાં રઘુરાજાને અનરણ્ય નામે પુત્ર થયો. પુત્ર યૌવનવયમાં આવતાં જ અનેક રાજ-કન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવી અયોધ્યાનો રાજમુકુટ એને અર્પણ કરી દીક્ષા ગ્રહણ કરી.

નાની ઉમ્મરમાંથી અનરણ્ય વિશાળ રાજ્યનો માલેક થયો. એની બાળકતાનો લાભ લઇ કેટલાક એના સામંત રાજાઓ એની આજ્ઞા અણમાનતા સ્વતંત્ર થયા, પણ અનરણ્ય

રાજાએ પોતાની આજ્ઞાને નહિ માનનારા રાજાઓ સાથે યુદ્ધ કરી પોતાની આજ્ઞા અખંડિત કરી, રાજ્યને નિષ્કંટક કર્યું. બાળક છતાં પણ સિંહનું બચ્ચું હજારો હાથીઓની મધ્યમાં ઉભું છતાં ડરતું નથી તે પ્રત્યક્ષ સિદ્ધ કરી બતાવ્યું. અનરણ્ય રાજા મહાપરાક્રમી અને શત્રુઓમાં અખંડ વિજયવંત હોવાથી તેમજ કોઇનાથી જીતી શકાય એવો ન હોવાથી એનું અજય એવું બીજું નામ પડયું. એ રાજા જેવો પરાક્રમી હતો તેવો જ અર્થીજનોને અર્થનો દેનારો હતો; અનાથનો બેલી, રંકનું રક્ષણ કરનારો જગતનું રક્ષણ કરવામાં સમર્થ હતો. શરણાંગતો એ રાજાનું શરણ પામીને ઇચ્છિત મેળવતા હતા.

દુષ્ટકર્મના બંધો કોઇને પણ છોડતા નથી. વસુદેવ, ચક્રવર્તી કે તીર્થંકર સરખા અતુલી બળવંત પુરૂષોને પણ કર્મનાં બંધનો સહન કરવાં પડે છે તો પછી અજયરાજા પણ કર્મની અચળ સત્તાથી કેમ વિમુખ રહે ? જે જગતની ઉપર સર્વોપરિ સત્તા ચલાવે છે, એવાની ઉપર પણ કર્મરાજા પોતાની અચળ સત્તા ચલાવે છે. એના પાશમાં સપડાયેલ સંસારી પ્રાણી એની શિક્ષા મુંગે મુંગે સહન ન કરે તો બીજું શું કરે ?

---


## જરૂર વાંચજો.

કચ્છ ગિરનારની મહાયાત્રા શેઠ નગીનદાસ ભાઇએ કાઢેલ મહાન સંઘના અપૂર્વ ઇતિહાસનું આ પુસ્તક દરેક કુટુંબમાં હોવું જોઇએ. પૃષ્ટ ૩૫૦-૩૦ ચિત્રો પાકું રેશમી પુઠું છતાં કિં. રૂ. ૧-૧૨-૦.

**લખો:-જૈન સસ્તી વાંચનમાળા.** રાધનપુરી બજાર,-ભાવનગર.

# પ્રકરણ ૧૮ મું.

## મનુષ્ય પ્રયત્ન.

અશ્વનીકુમારદેવના આહ્વાહન માટે બ્રાહ્મણ પંડિતો પ્રતિદિવસ રાજમહેલની એક વિશાળ પવિત્ર જગ્યામાં નાહી ધોઇ પવિત્ર થઇ શ્રુતિઓ અને છંદોના મંત્રોનું સ્મરણ કરતા હોમહવનથી અનુષ્ઠાન કરવા લાગ્યા. રાજા અનરણ્ય પણ પવિત્ર જગ્યાએ બેસી સંબંધીજનોના આગ્રહને માન આપી અશ્વનીકુમારની ઉપાસના કરવા લાગ્યો. હંમેશાં બ્રહ્મચર્યને ધારણ કરતો, નિરાહારપણે એક ચિત્તથી તે દેવનું ધ્યાન કરવા લાગ્યો. સંયોગવશાત્ સમર્થ પ્રાણીઓને પણ ઐહિક સુખની લાલસાની ખાતર ધાર્મિક ક્રિયાઓને એમાં યોજવી પડે છે; ભવિતવ્યતા બળવાન છે. જે ધાર્મિક ક્રિયા, વ્રત, જપ, અને તપો મોક્ષને આપનારાં હોય છે તે ક્રિયાઓવડે પ્રાણી ઐહિકસુખની આશા રાખતો આલોકનું સુખ મેળવી એટલાથી જ આનંદ માને છે; એથી કાંઇ ધાર્મિક ક્રિયાનું મહત્ત્વ ઓછું થતું નથી. ક્રિયાઓ તો એની એ જ હોય છે, પણ ફળ તો પ્રાણીઓની મનોવૃત્તિ પ્રમાણે જ મળે છે. સાત ભવે મોક્ષે જાય એવી કષ્ટક્રિયા કરનારા તામલી તાપસને માત્ર ઇશાનેંદ્રની પદવી મળી. બાર બાર વર્ષ પર્યંત છઠ્ઠ છઠ્ઠની તપસ્યા કરનાર અને પારણે પણ માત્ર નિરાહાર અન્નનું પ્રાશન કરનાર પૂર્ણ

તાપસને-એ સ્વર્ગસુખના પિપાસુને ચમરેંદ્રની જ ઋદ્ધિ મળી; છતાંય ક્રિયાઓનું મહત્ત્વ ન્યૂન તો કહેવાય જ કેમ ?

ઐહિકસુખના લાલચુને તે આલોકનું સુખ આપે છે ને પારલૌકિક સુખની અભિલાષાવાળાને પરલોક સંબંધી સુખ મળે છે. એજ ક્રિયાઓ સમજણપૂર્વક શાસ્ત્રોમાં કહેલી વિધિપૂર્વક અતિચ્છાપણે જો કરવામાં આવે તો ખચિત મોક્ષની આપનારી અમૃતક્રિયાઓ થાય છે, પણ સંસારસુખના અનાદિકાળના અભ્યાસી અને પુદ્‌ગલોના જ વિષયમાં આનંદ માનનારા પ્રાણીઓ જ્યાંસુધી એ સુખો ઉપરથી વિરક્તભાવ પામતા નથી ત્યાં સુધી એ અમૃતફળને આપનારી ધાર્મિક વ્રત, જપ આદિ ક્રિયાઓ પણ પ્રાણીઓની મનોવૃત્તિ પ્રમાણે ફળિતાર્થ થાય છે.

અનરણ્યરાજાને અશ્વનીકુમારનું આરાધન કરતાં કેટલોક સમય પસાર થઇ ગયો. એક દિવસ રાત્રીને સમયે મધ્યરાત્રીનો સમય થયો હતો, જગત્ બધું શાંતિને ખોળે હતું, શ્રુતિઓનાં મંત્રવડે અશ્વનીકુમારનું પ્રતિદિવસ હોમહવનથી આકર્ષણ કરનારા મંત્રશાસ્ત્રીઓ પણ અત્યારે આરામમાં હતા; તે સમયે પણ રોગોની અનેક પ્રકારની પીડાઓ છતાં શાંતિથી સહન કરનાર અનરણ્યરાજા ધ્યાનમાં એકચિત્તવાળો બેઠેલો હતો. અશ્વનીકુમારનું આરાધન કરતાં આજે કેટલાએક માસ વહી ગયા હતા, શાસ્ત્રમાં કહેલી શુદ્ધ વિધિવિધાનવડે ક્રિયાઓ કરવામાં આવતી હતી; છતાં હજી સુધી અશ્વનીકુમારનાં

દર્શન થયાં નહોતાં. જ્યાં સુધી એનું પરિણામ ન જણાય ત્યાં સુધી અશ્વનીકુમારના આહ્વાહન માટે એ ક્રિયાઓ કરવી એ તેમનો નિશ્ચય હતા.

મધ્યરાત્રીએ એવા અનેક વિચાર કરતો રાજા અશ્વની-કુમારના ધ્યાનમાં નિમગ્ન હતો તેવામાં અકસ્માત્ તેજના ગોળામાંથી કોઇ દિવ્યપુરૂષ પ્રગટ થાય એવી રીતે અનરણ્ય રાજાની આગળ અશ્વનીકુમાર પ્રગટ થયો. ધ્યાનમાં એકાગ્ર ચિત્તવાળા અનરણ્યરાજાએ અકસ્માત્ પ્રકાશ અને એમાંથી પ્રગટ થયેલો દિવ્યપુરૂષ જોઇ એને નમન કરી એની સ્તુતિ કરી. "રાજન્! શા માટે મને યાદ કર્યો ?"

"આપ ધનવંતરી વૈદ્યથી પણ અધિક છો, આપનું આરાધન કરીને મૃત્યુને કાંઠે આવેલા પ્રાણીઓ પણ રોગ-મુક્ત થઇ નવજીવન પામે છે અને એવા જ ખાસ કારણથી મેં પણ આપને યાદ કર્યા છે." અનરણ્યરાજાએ અશ્વનીકુમા-રની સ્તુતિ કરતા કહ્યું.

"અને તે કારણ ?"

"અમે રાત દિવસ જેને માટે પ્રયત્ન કરી રહ્યા છીએ. તેજ અશ્વનીકુમાર આપ શ્રીમાન પોતે જ ?" રાજાએ કહ્યું.

"હા, અશ્વનીકુમાર હું પોતે જ છું."

"દેવ! આજ ઘણા દિવસથી આ રોગોથી હું પીડાઉં છું. જગતમાં જેટલી દવાઓ, ઉપચારો છે એ સર્વ ઉપચારો કરવા માટે મેં બાકી રાખી નથી. કુશળમાં કુશળ મારા વૈદ્યો

ધનવંતરી સમા જગતના બીજા ધનવંતરી છે. એમના અનેક ઉપચારો કરવા છતાં મારા રોગો શાંત થતા નથી. એ બધીય અમૂલ્ય દવાઓ આજે મને તો ઉલટી રોગોનો વધારો કરનારી થઈ છે. આ પ્રાણહારક રોગો જ્યારે કોઇ પણ ઉપાયે દૂર ન જ થઇ શક્યા. ત્યારેજ આખરના ઉપાય તરીકે આપને યાદ કર્યા છે." અનરણ્યરાજાએ પણ ખાસ કારણ જણાવ્યું.

અનરણ્યરાજાનું વચન સાંભળી અશ્વનીકુમાર વિચારમાં પડ્યો. "ખચિત આ રાજાનો રોગ અસાધ્ય છે." પોતાનાથી દૂર થઈ શકે એમ છે કે નહિ એ સંબંધી પૂરતો વિચાર કર્યો. એણે જાણ્યું કે એ રોગ દૂર કરવો એ પોતાની શક્તિબહારની વાત હતી.

"કેમ આપ શું વિચારમાં પડ્યા ?" રાજાએ પોતાની વાત યાદ કરાવી.

"રાજન્ ! જે કામ કરાવવાની તમારી ઇચ્છા છે તે કામ કરવાને હું અશક્ત છું."

અશ્વનીકુમારનું વચન સાંભળીને રાજા ચમક્યો. "શું કહ્યું આપે ?"

"તમારો રોગ હું નહીં નિવારી શકું."

"કારણ ?"

"તમારે હજી ભાગ્યમાં એ રોગો ભોગવવાના છે. ભાગ્યે લખાયેલું દૂર કરવાને દેવતાઓની પણ તાકાત નથી."

અશ્વનીકુમારનું વચન સાંભળી રાજા ઠંડોગાર જેવો થઇ ગયો. " દેવતાઓ તો સર્વશકિતમાન હોય છે ! "

" છતાં પણ ભાવીભાવ આગળ તે લાચાર છે. "

" કોઇ પણ ઉપાય ? "

" નહિ, તમારા દુષ્કર્મનો ઉદય વજ્રલેપ છે. એ ભોગવ્યા વગર છુટકો નથી; જે બનવાનું હોય છે તે અવશ્ય બને છે, તેને ટાળવાને મનુષ્યપ્રયત્ન તો શું પણ દેવપ્રયત્નો પણ શક્તિમાન નથી. "

" ત્યારે શું આ રોગો દૂર કરવાને કોઇ પણ શક્તિમાન નથી ? કોઇપણ કાળે દૂર થઈ શકે તેમ પણ નથી ? "

" હાલમાં તો નહિ, રાજન્ ! હજી ઘણોકાળ તમારે આ દુષ્કર્મ ભોગવવાનું છે. "

" ઘણા કાળથી હું ભોગવું છું, છતાં હજી ઘણો કાળ ભોગવવાનું છે. અસ્તુ જેવી ભવિતવ્યતા ! "

" એ બધાંય પૂર્વનાં દુષ્કર્મ છે. કર્મોની અચળ સત્તા તમે કયાં નથી જાણતા ? દેવતાઓ સર્વશક્તિમાન હોય છે; છતાં એ કર્મોની સત્તા એમની ઉપર પણ અચળ હોય છે. કર્મોની શક્તિને ફેરવવાની મનુષ્યપ્રયત્નમાં તાકાત હોત કે દેવતાઓ શક્તિમાન હોત તો સોળહજાર દેવતાઓ જેના સેવક છે એવો આઠમો સુભૂમ ચક્રવર્ત્તી પોતાની સર્વ સામગ્રી સહિત લવણસમુદ્રમાં ગરક થાત નહિ, પણ જે બનવાનું તે દૂર કરવાને દેવતાઓ પણ લાચાર છે. "

" બેશક આપનું કથન સત્ય છે. ભાવિતવ્યતા બળવાન છે." રાજાએ કહ્યું.

" બીજું કાંઇ કાર્ય હોય તો કહો."

અનરણ્યરાજાએ મસ્તક ધૂણાવી ના પાડી. "આપનું દર્શન થયું એ આપનો મોટો ઉપકાર ! કેમકે મનુષ્યોને દેવતાનું દર્શન પુણ્યના યોગે જ થઇ શકે છે."

" દેવદર્શન દુર્લભ છે; છતાં તમારૂં આ રોગોને દૂર કરવાનું કામ કરવાને અશક્ત છું તેથી લાચાર છું." તરતજ અશ્વનીકુમાર અદૃશ્ય થઇ ગયો.

પ્રાતઃકાલે રાજાએ પ્રધાનો અને પંડિતોને બોલાવી રાત્રીનો વૃત્તાંત કહી સંભળાવ્યો. રાજાના મુખથી આવો વૃત્તાંત સાંભળી બધા શોકાર્ત્ત થઇ ગયા. " અહા ! ધિક્કા છે આ કર્મોને–આ દુષ્ટ રોગોને કે જેઓ દેવતાની શક્તિથી પણ દૂર થઇ શકતા નથી."

" ખેદ કરવાથી સર્યું, મેં તો તમને કહ્યું હતું કે પ્રાણીઓએ કરેલું શુભાશુભકર્મ ઉદયકાળે અવશ્ય ભોગવવું પડે છે. આપણાથી બની શકે તેટલા પ્રયત્નો આપણે કર્યા છે; છતાં કાર્ય સિદ્ધ ન થાય તો એમાં શોક શાનો ? જ્યાં દેવતાની શક્તિ પણ કામ ન કરતી હોય ત્યાં સંતાપ શું કરવો ?"

છતાં હજી પણ અમે ઇચ્છીએ છીએ કે આપ એક ફરી પ્રયત્ન કરો !" પંડિતોએ કહ્યું.

" શું પ્રયત્ન તમે કરાવવા માગો છો ?" રાજાએ પૂછયું.

" આપ સૂર્યનું આરાધન કરો ! " પંડિતોએ કહ્યું.

" સૂર્ય બીજા દેવો કરતાં સર્વશકિતમાન છે. આપે તે માટે કંઇક પ્રયત્ન કરવો જોઇએ. " પ્રધાનોએ પંડિતોના કથનમાં અનુમતિ આપી.

" હજી તમને આ શું મોહ છે ! જે કામ અશ્વનીકુમાર ન કરી શકયા, તે શું સુર્યથી બની શકશે ? " રાજાએ કહ્યું.

મહારાજ ! શા માટે ન બની શકે ? સર્વે દેવતાઓ કાંઇ સરખી શક્તિવાળા નથી હોતા. એક કામ કરવાથી નાસીપાસ થયા કે બીજા કાર્ય માટે પ્રયત્ન ન કરવો એવું કંઇ નથી. "

" તમે ગમે તેટલો પ્રયત્ન કરો, પણ મારે આ રોગો ભોગવવાના જ છે એમાં જરાય ફારફેર નથી. એ વિધિના લેખો કદિ મિથ્યા થવાના નથી. "

" દેવ ! છતાં એક પછી એક પ્રયત્નો તો ચાલુ જ રાખવા જોઇએ. આપ ભવિષ્યવાદી શા માટે બનો છો ? કોઇ વખત પુરૂષાર્થ પણ કામ કરે છે. "

પ્રધાનોના અત્યાગ્રહથી રાજા મૌન રહ્યો. અશ્વનીકુમારની ઉપાસના પૂર્ણ કરી બધાએ સૂર્યની ઉપાસના શરૂ કરી.

એ સૂર્યની ઉપાસના કરતાં કેટલોક સમય પસાર થઇ ગયો, એનું આકર્ષણ કરવાને એક પછી એક ઉત્કૃષ્ટ વિધિઓ થવા લાગી. રાત દિવસ મંત્રો, સ્તુતિઓ ભણાવા લાગી, અને

એ મંત્રોદ્વારા સૂર્યનું આકર્ષણ પણ થયું. જ્ઞાનદૃષ્ટિથી સૂર્ય-દેવે વસ્તુનો મર્મ સમજી લીધો; જેથી અહીંયાં આવવાની એણે તકલીફ લીધી નહિ.

મનુષ્યોના ચાલુ સતત્ પ્રયત્નથી અનિચ્છાએ પણ સૂર્યને દર્શન આપવું પડયું. એક દિવસની મધ્યરાત્રીએ અનરણ્યરાજાની આગળ સૂર્ય પ્રત્યક્ષ્ય થયો. "રાજન! તમને આ શું મોહ થયો છે? શા માટે મને યાદ કરો છો?"

રાજાએ વસ્તુસ્થિતિ સમજાવી. "એ વસ્તુસ્થિતિ તમારે ભોગવ્યે જ છુટકો છે. તમારા રોગોને માટે હું પણ કાંઇ કરી શકું તેમ નથી."

સૂર્યદેવનું વચન સાંભળી રાજા અજાયબ થયો. "રાજન્! અશ્વનીકુમારની શક્તિ ન ચાલી તો હું તો કાંઇ ન જ કરી શકું! તમારે પૂર્વના દુષ્કર્મનો ઉદય ગાઢપણે છે, એ દૂર કરવાની કોઇની તાકાત નથી. હું તો તમને એટલું જ કહેવા આવ્યો છું કે નાહક મારૂં આરાધન કરી તમે મને હેરાન શામાટે કરો છો? અમારા દેવતાઓના સુખમાંથી તમે મંત્રોદ્વારા અમને કાં ચલિત–ભ્રષ્ટ કરો છો? તમારે હમણાં કેટલોક કાળ એ રોગો ભોગવવા પડશે માટે નાહક દેવતાઓને હવે તકલીફ આપશો નહિ. ધિરજથી સહન કરો." સૂર્યદેવ તરતજ અદૃશ્ય થઇ ગયા.

એ રાત્રી વહી ગઇ. સૂર્યનો ઉદય થયો ને રાજાએ પંડિતોને ને પ્રધાનોને બોલાવી સર્વ રાત્રીનો વૃતાંત કહ્યો ને

તે દિવસથી દેવતાઓની ઉપાસના કરવાનો નિયમ છોડી દીધો. પંડિતોને એમની મહેનતના બદલામાં દક્ષિણા આપી વિદાય કર્યા. પૂર્વના એ ગાઢ સંચિત કર્મોના વિપાકોને સહન કરતો રાજા એક પછી એક દિવસો વ્યતિત કરવા લાગ્યો. કુદરતની કૃપા ન હોય તો મનુષ્યપ્રયત્ન પણ શું કામનો ?

# પ્રકરણ ૧૯ મું.

## સમયનો લાભ.

અનરણ્યરાજાના આ અસાધ્ય એકસોને સાતે રોગોના સમાચાર દેશપરદેશ પણ ફેલાઇ ગયા. દેશપરદેશથી આવતા જતા વૈદ્યો, એમના નિષ્ફળ પ્રયત્નો, નિરાશ થઇને એમનું પોતપોતાના વતન તરફ ગમન એ કંઇ જગતમાં છુપું રહી શકે તેમ નહોતું. એ રોગોને દૂર કરવાને દૈવિકશકિતઓ પણ નિષ્ફળ નિવડી. એ વાત દેશપરદેશમાં પ્રસરી ગઇ. એનું પરિણામ એ થયું કે જે રાજાઓને સત્તાને બળે જ નમાવ્યા હતા, જેઓ અંદરથી શત્રુ છતાં ઉપરથી તલવારના જ બળને આધિન થયેલા હતા, તેઓએ પણ વિચાર કર્યો કે–હવે અજયરાજાની શકિતનો નાશ થઇ ગયો છે, એના રોગો જન્મપર્યંત એને છોડે એમ નથી; તો એની સત્તાની ધુસરી હવે શામાટે જોઇએ ? માત્ર સમયની જ રાહ જોનારા, અંદરથી શત્રુતાવાળા છતાં ઉપરથી મિત્રતાનો દેખાવ કરી સત્તાને

કબુલ રાખી પરાધિન રહેલા સામંત રાજાઓને આ અચાનક તક મળી ગઇ. આવી તકને જવા દેવી એ તેમને યોગ્ય લાગ્યું નહિ. જેથી રાજાઓ પોતપોતાના રાજ્યમાં રહેલા અજયરાજાના એલચીઓને હવે કેવી રીતે અહીયાંથી રવાને કરવા તે માટે વિચાર કરવા લાગ્યા. કાંટાથી કાંટો દૂર કરવો કે જાહેર સત્તાનો ઇન્કાર કરી એમને પાણીચું આપવું તે માટે યોજના ઘડવા લાગ્યા.

મગધના રાજાએ પોતાના પ્રધાનને ખાનગીમાં બોલાવી હુકમ કર્યો કે–" આપણે હવે અજયરાજાનું ધોસરૂં નહિ જોઇએ; એના એલચીને અહીંયાંથી કોઈપણ યુકિતથી હાંકી કાઢો ? "

પ્રધાને રાજાને સમજાવ્યું, પણ રાજાએ એનું કહેવું કાને ધર્યું નહિ. " તમે શામાટે ડરો છો ? રાજા તો હવે મરવા પડ્યો છે. હવે એ આપણને શું કરી શકે તેમ છે ? હવે તો એને આપણે પહોંચી વળીશું. કદાચ લડવા આવશે તો કાશી, મિથિલા વગેરે રાજાઓને આપણે સહાયે બોલાવશું ને એને હરાવશું. "

" પણ મહારાજ ! ઉતાવળે આંબા પાકે નહિ. પ્રથમ આપણે મોટા મોટા રાજ્યો સાથે સંબંધ બાંધી સલાહ કરવી જોઇએ. એ રાજાઓના પણ શું અભિપ્રાય છે તે આપણે જાણવા જોઇએ, દરેક મોટા મહારાજ્યો એનાથી છુટા પડવા માગે છે કે આપણે એકલા જ આ કામ કરવા બહાર પડીએ

છીએ ! માટે પ્રથમ મોટા મોટા રાજ્યોના વિચારો જાણુવા જોઇએ. લડાઇનો પ્રસંગ ઉભો થાય તો એક બીજા મદદ કરવાને તૈયાર છે કે કેમ તે પણ જાણવું આવશ્યક છે."

"પણ આપણને જેમ સ્વતંત્રતા પ્રિય છે તેમ તેમને પણ હોવી જોઇએ, તેઓ એ સ્વતંત્રતા સાચવવાની ખાતર પણ જરૂર આપણને મદદ કરે, અથવા ન કરે તો આપણી શકિત કયાં ઓછી છે ?"

"આપણી શકિત ઓછી છે, હજી અનરણ્યરાજાનું પરાક્રમ ભૂલી ગયા–કાલ સવારની વાત એટલીવારમાં વિસરી ગયા ?"

"પણ તે તો મરવા પડ્યો છે. અનેક રોગોથી આકુળ-વ્યાકુળ થયો છે."

"તેથી શું ? છતાંય એ મહારથી વીરપુરૂષ છે. સૂતેલો પણ એ સિંહ છે. ભલે એ નિદ્રામાં હોય પણ એને જોતાં જ હાથીઓનાં ટોળાં દૂરથી પલાયન કરી જાય છે."

"અમારે મન આજે તે નિર્માલ્ય છે. સમજ્યા કે ?" રાજાએ કહ્યું.

"છતાં બીજા રાજાઓના વિચારો જાણવામાં, સલાહ લેવામાં આપણને શું હરકત છે ?"

"તે પણ ઠીક છે, તો મોટા મોટા રાજ્યોમાં રાજાઓના અભિપ્રાય જાણવા માટે આપણા દૂત મોકલી આપો."

પ્રધાને તરતજ મહોરછાપ મારી લખોટા તૈયાર કર્યા.

કાશી, મિથિલા, ચંપાપુરી, સૌરીપુરી, રાજપુર, લાટ, સૌરાષ્ટ્ર, અવંતી વગેરે સ્થળે દૂતો મોકલી દીધા કે જે દૂતો બોલવામાં ચતુર હતા, સ્વામીનું કામ કરવામાં નિમકહલાલ હતા, સ્વામીના જ હિતમાં પોતાનું હિત સમજનારા હતા, શીઘ્ર-ગતિએ ગમન કરનારી સાંઢણીઓ ઉપર બેસી દૂતો પોત-પોતાના કાર્ય માટે રવાને થયા.

આ તરફ પ્રધાને પણ રાજાની આજ્ઞાથી અયોધ્યાના એલચીને હેરાન કરવાની શરૂઆત કરી.

જે સ્થાનમાં એલચીનો મુકામ હતો ત્યાં આગળ એનું જ રાજ્ય ચાલતું હતું. પોતાને જોઇએ તે પ્રમાણમાં એણે માણસો રાખેલાં હતાં. અયોધ્યાના રાજાના પ્રતિનિધિ-પણાનું કામ એલચી કરતો હતો. અયોધ્યાના રાજા તરફથી જે કાંઇ સમાચાર આદિ હોય તે એલચી માર્ફતે મગધરાજને મળતા હતા. કનડગતની શરૂઆત કરવાની તક એક દિવસ રાજાના હાથમાં અનાયાસે આવી ગઇ.

એલચીદ્વારા દરેક વર્ષે ખંડણીઓ પણ રાજ્યો પાસેથી ઉઘરાવવામાં આવતી હતી. નવા વર્ષ દરમિયાન એલચીએ અયોધ્યાનીવતી મગધપતિની પાસે ખંડણીની માગણી કરી. બે ત્રણ વખત માગણી કરી છતાં એ તરફ રાજાએ લક્ષ્ય જ આપ્યું નહિ. જ્યારે રાજા તરફથી આવું વર્ત્તન આચરવામાં આવ્યું, તેથી એલચી વિચારમાં પડ્યો; એણે રાજાને તાકીદ કરી કે તમારે ખંડણી ભરી દેવી, અયોધ્યાપતિનો પેગામ

આવ્યો છે, પણ પ્રધાને જણાવ્યું કે–"હમણાં રાજ્યને નાણાંની સગવડ નથી માટે આ વર્ષે રાજ્ય આપી શકે તેમ નથી."

પ્રધાનનો આ જવાબ સાંભળી એલચી વિચારમાં પડ્યો. આ શું થાય છે એની કાંઈ પણ એને સમજ પડી નહિ. એણે તાબડતોબ રાજાને મળવા આવવાને જણાવ્યું.

એલચીનો માણસ રાજાનું દર્શન તો ક્યાંથી જ પામી શકે? રાજાના પ્રતિહારીએ કહ્યું કે–"હાલમાં રાજાજીને ફુરસદ નથી." એક દિવસ જેમનાં માનસન્માન માટે યોજનાઓ ઘડાતી હતી, સારામાં સારી ઢબે સત્કાર કયે પ્રકારે થાય એ માટે વિચારો કરવામાં આવતા હતા; આજે એજ મોતીનાં પાણી હવે ઉતરી નિસ્તેજ થઇ ગયાં હતાં, ભાવમાં ઘણો ઘટાડો થઇ ગયો હતો. સમયની બલિહારી છે!

એલચીને માણસે આવીને બધી હકીકત કહી સંભળાવી. માણસની હકીકત સાંભળી એલચી વિચારમાં પડ્યો. એને લાગ્યું કે રાજા બળવાખોર થતો જાય છે. અજયરાજાની બિમારીનો લાભ લઈને રખેને સ્વતંત્ર થવા પ્રયત્ન કરતો હોય, અને જો તેમ હશે તો મારી જીંદગી જોખમમાં છે. જરૂર એ સ્વતંત્રતાની શરૂઆત મારાથી જ કરશે. એણે એકદમ આ સમાચાર એક ચાલાક દૂત માર્ફતે અયોધ્યા રવાને કર્યા.

બીજા માણસને રાજા પાસે મોકલી સૂચના કરી કે "તમે મને મળવા આવો છો કે કેમ? તમારો શું વિચાર છે? તમારી આવી વર્ત્તણુકનો તમારે જવાબ આપવો

પડશે. તમારી આવી વર્ત્તણુકના સમાચાર મારે મહારાજને આપવા પડશે. ”

દૂતે એ સમાચાર રાજમહેલમાં આવી રાજાને કહેવરાવ્યા. દૂતનાં વચન સાંભળી રાજાને હાડોહાડ લાગી ગઇ. ક્રોધથી એનું વદન લાલ લાલ થઇ ગયું; એનો હાથ તલવાર ઉપર ગયો, પણ પ્રધાને રાજાને શાંત કરી દૂતને કહ્યું. “ જા, તારા સ્વામીને કહે કે પ્રધાનજી પોતે તમારી સાથે વાત કરવાને આવે છે. ”

પ્રધાનનો જવાબ સાંભળી દૂત ચાલ્યો ગયો. એણે સર્વે હકીકત પોતાના સ્વામીને કહી સંભળાવી કે–“ હવે આપણે અહીંયાં રહેવું સલામતીભર્યું નથી; કયે દિવસે શું થશે એની કંઇ ખબર પડતી નથી. ”

એલચીએ પણ પોતાની સલામતી માટે સાવધાની રાખવા માંડી. પોતાના કીલ્લામાં રાત્રીના પણ સખ્ત પહેરો રાખવા માંડ્યો. અજાણ્યો માણસ અથવા તો શક પડતા માણસો જણાય કે એને પકડવા તરત જ હુકમ આપી દીધો. અનેક પ્રકારના ગુપ્ત વેશ પહેરાવી પોતાના માણસોને રાજાદિકની હીલચાલ જાણવાને નગરમાં ફરતા કરી દીધા.

પ્રધાન વખતસર એલચીની પાસે આવી પહોંચ્યો. રાજ્યના ધારા પ્રમાણે એલચીએ આદરસત્કાર કરી એને બેસાડ્યો. “ કહો, શામાટે આપ રાજાજીને બોલાવતા હતા ?” પ્રધાને શરૂઆત કરી.

" ખંડણીને માટે ! " એલચીએ કહ્યું.

" એનો જવાબ તો આપને મળી ગયો છે. આ વર્ષે રાજ્ય કરજદાર છે તેથીજ ભરવાને તે અશક્ત છે. "

" આ જવાબ કાંઇ સદ્‌બુદ્ધિથી આપવામાં આવતો નથી. રાજ્ય કરજદાર છે કે જોરદાર છે એ કાંઇ મારી જાણ-બહાર છે? કઇ નીતિએ તમે કહો છો કે રાજ્ય કરજદાર છે?"

" કઇ નીતિ તે રાજ્યનીતિએ ! અમે કહીયે તેમાં તમારે વિશ્વાસ રાખવો જોઇએ. "

" આજ સુધી રાજ્ય કરજદાર નહોતું ને આ વર્ષે રાજ્ય કરજદાર થયું કેમ ? સાફ સાફ વાત કરો કે તમારી શું ઇચ્છા છે ? "

" બીજી શી ઇચ્છા હોય, પણ ખંડણી ન લ્યો તો એ શું ? અમે તમારા મિત્ર છીએ કે નહિ ! આપણી મિત્રતામાં કાંઇ ઓછો ફરક પડવાનો છે ! "

" અને આજસુધી મિત્રતાની વૃદ્ધિ માટે ખંડણી ભરતા હતા કેમ, અમે અહીંયાં રહ્યા તે તમારી મિત્રતાને સંભારી રાખવા કેમ ? "

" શાંત થાવ ! ઉતાવળે કામ થતું નથી. દુનિયા હમેશાં ફેરફાર કરે છે. મિત્રો શત્રુ થાય છે, શત્રુ મિત્ર થાય છે. સ્વામી સદાકાળ સ્વામી નથી, સેવકો કાંઇ જીંદગી પર્યંત સેવક-પણાનો પટ્ટો લઇને આવ્યા નથી. '

" પણ આપણો સંબંધ તો છે તેવો ને તેવો-અખંડ રહેવાનો છે. જે સંબંધ થવાનો હતો તે થઇ ગયો છે. સમજ્યા ? માટે ખંડણી આપ્યા વગર તમારો છુટકો જ નથી. હા કહો યા તો ના ? "

" અમે શાંતિને ઇચ્છીએ છીએ, આપની સાથે મિત્રતા ચાહીયે છીએ; છતાં તમે પોતે જ જાણીબુઝીને દારૂમાં દેવતા કાં મૂકો છો તે સમજાતું નથી. "

" હું મુકું છું કેમ ? તમારા કરતાં શાંતિ મને અધિક પ્રિય છે માટે જ કહું છું કે ખંડણી આપી દ્યો ? "

" તમે તો એક જ વાત કરો છો, બસ ખંડણી જ ખંડણી ! અમારી ખંડણી ન આવે તો અયોધ્યાનરેશને કાં તોટો પડવાનો હતો ? "

" ત્યારે હું અયોધ્યાનાથને શું જણાવું ? "

" જણાવો કે હાલમાં રાજ્યને અગવડતા છે માટે ભરી શકતું નથી, પણ આપની સાથે મિત્રતાથી અખંડપણે અમે જોડાયેલા છીએ. "

" પ્રધાનજી ! એ તમારી વાક્પટુતા નહિ ચાલે. તમારૂં મુત્સદ્દીપણું રહેવા દ્યો. " એલચીએ જણાવ્યું.

" આપ સમજતા નથી, મારૂં કહેવું શાંતિથી માનવામાં જ આપને લાભ છે. નાહક કાલનો દુકાળ આજે શામાટે બોલાવો છો ? "

“ એટલે તમે શું કહેવા માગો છો ? ”

“ બીજું કાંઇ નહિ, પણ આવી રસાકસીનું પરિણામ સારૂં આવતું નથી. ” પ્રધાને કહ્યું.

“ ત્યારે શું ખંડણી ભરવાની આપને ઇચ્છા નથી જ ને ? ”

“ તેનો જવાબ મેં આપને જણાવ્યો છે. ”

“ તો એ જવાબ આપવા આપે અયોધ્યામાં જવું પડશે, કાં તો રાજાજીને ત્યાં જવું પડશે. ”

“ અયોધ્યા જવાની તો હમણાં કોઇને ફુરસદ નથી. અયોધ્યાનો રમણીય ગઢ જોવાને કોનું મન ન થાય, પણ શું કરીએ; છતાં સમય આવશે તો એ પણ બનશે. ” પ્રધાને મર્મમાં વાત કરી.

“ સમય તો આવશે ત્યારે આવશે, પણ અત્યારે તો તમારા રાજાને કે તમારે અવશ્ય જવું પડશે. ત્યાં જઇને આ જવાબ તમારે મહારાજને રૂબરૂમાં આપવો પડશે. ”

“ અમારી વતી તમે જ જાઓ તો શું હરકત છે ? અહીં હાલમાં શાંતિ છે, સુલેહનો ભંગ કાંઇ થવાનો નથી. તમારા માણસોને લઇને તમે જ આ સમાચાર આપવાને સીધાવી જાઓ. વળી કોઇક દિવસે ઈચ્છા થાય તો અમારી મેમાની ચાખવાને આવજો. ” પ્રધાને વ્યંગમાં કહ્યું.

“ ત્યારે તમારો આજ જવાબ છે ? ” કંઇક સખ્ત થઇને એલચીએ કહ્યું.

" અત્યારના સમયને અનુસરીને એથી વધારે સારો જવાબ બીજો શો હોઇ શકે વારૂ ? કોશલરાજ હાલમાં રોગ ગ્રસ્ત છે. એ સમયને ભૂલી જઈ નાહક જ્યાં ત્યાં રસાકસીમાં ઉતરી તમે જંગ મચાવી એમને કાં હેરાન કરો છો ? અમે તો શાંતિ જળવાય એટલુંજ ઇચ્છીએ છીએ. આવી સ્થિતિમાં અમે એમનું ભલું ઇચ્છીએ છીએ; છતાં તમે પોતેજ અમને દુશ્મન બનાવો તો તમારી મરજી. દરેક એલચીઓ તમારી માફક કરશે તો એ વિરોધી બનેલા રાજાઓ સાથે કોશલરાજ ક્યાં લડવા જશે ? જરીક તો સ્વામીનું હિત સંભાળો ! "

પ્રધાનનાં વચન સાંભળી એલચી એના સામે જ જોઇ રહ્યો, પારાધીની જાળની માફક એનાં મોહક વચન સાંભળી એલચી બોલ્યો. " વાહ ! શું તમે કોશલરાજના બગલાભક્ત લાગો છો. વિરોધીઓની ખબર લેવાની હજી મહારાજમાં તાકાદ છે—નથી એમ ન સમજતા. સમજ્યા ! "

" જેવી તમારી મરજી ! "

" જાઓ, તમારા રાજાને કહી દો કે ત્રણ દિવસમાં ખંડણી મોકલી આપે, તે દરમિયાન તમારી ખંડણી નહિ આવે તો તમને વિરોધી તરીકે જાહેર કરી જેમ ઠીક લાગશે તેમ કરવામાં આવશે. "

એલચીએ તરતજ પ્રધાનને રૂખસદ આપી દીધી. પ્રધાને રાજા પાસે જઇને સર્વ હકીકત કહી સંભળાવી. એલચીએ પણ બહુ સંભાળથી રહેવા માંડયું.

# પ્રકરણ ૨૦ મું.

## કુટિલતા.

મગધપતિએ રવાને કરેલા, મોટા મોટા રાજ્યોનો અભિપ્રાય જાણવાને ગયેલા દૂતો કેટલાક દિવસ પછી એક પછી એક આવી ગયા અને તેમણે પણ દરેક મોટાં મોટાં રાજ્યોમાં અયોધ્યા વિરૂદ્ધ અગ્નિ સળગાવી મૂકયો. દરેક મહારાજ્યો અયોધ્યારાજની આવી સ્થિતિનો લાભ લઇ સ્વતંત્ર થવાને તત્પર થઇ ગયાં હતાં, દરેક રાજ્યોએ એકસાથે અયોધ્યાનું ધુસરૂં કાઢી નાખવાનું નક્કી કર્યું, તે માટે એમણે તૈયારીઓ કરવા માંડી; કદાચ યુદ્ધનો પ્રસંગ ઉભો થાય તો એ માટે સૈન્યની સામગ્રી સજ્જ કરવા માંડી. એક બીજા રાજાઓ એક બીજાની મદદમાં ઉભા રહે તે માટે એમણે મંત્રણા કરી. દરેક મહારાજ્યોના વિચાર જાણવામાં આવવાથી મગધરાજ અજયરાજાના એલચીની ખબર લેવાને તૈયાર થઇ ગયો, તેની શરૂઆત એલચીદ્વારા જ કરવી એમ નક્કી કર્યું. એલચીની ત્રણ દિવસની મુદ્દત એને ખટકતી હતી. એ ત્રણ દિવસમાં એણે એલચીને જ આલોકમાંથી વિદાય કરી દેવાનો વિચાર કર્યો. તેજ રાતના એણે ચાર મલ્લોને રવાને કર્યા.

મધ્યરાત્રીને સમયે કાળા ઝભાથી ઢંકાયેલા એ ચાર માણસો ગુપચુપ કીલ્લા તરફ પસાર થતા હતા. ઉપરથી શાંત

જણાતા એ મનુષ્યો કંઇક મહત્વના કામ પ્રસંગે જતા હોય એમ જણાતું હતું. ચાલતાં ચાલતાં તેઓ કીલ્લાની પાસે આવીને અટક્યા. " બિરાદરો ! કીલ્લાની અંદર ઘુસી આપણે આપણું કામ પાર પાડવાનું છે. કામ પૂરૂં કરીને જ આપણે પાછા ફરવાનું છે. તેમજ શત્રુઓને ખબર ન પડે તેવી રીતે પ્રચ્છન્નપણે આપણે કામ કરવાનું છે તે ધ્યાનમાં રાખવું જોઇએ. હવે આપણે કીલ્લા ઉપર ચઢીને અંદર ઝટ ઉતરી આપણું કામ શરૂ કરીએ. "

અંદર અંદર મસલત કરી મીણ પાયેલી મજબુત દોરી ચંદનઘોને પૂંછડે બાંધી ચંદનઘોને કીલ્લાની ઉપર ફેંકી. ધારેલે સ્થળે તે ત્યાં ચોંટી ગઇ, એટલે તેની મદદથી એક પછી એક ચારે જણા ઉપર ચઢી ગયા. કીલ્લાની ઉપર આવ્યા પછી તેઓ પગથીયાં વાટે કીલ્લામાં ઉતર્યા. રાત અંધારી હતી. એ અંધારી રાત્રીમાં એમનો પહેરવેશ પણ કાળો હતો ને કાળું કરવા માટે તેમનું પ્રસ્થાન હતું. તેઓ છુપાતા છુપાતા એલચીના રહેવાના મકાન આગળ આવી પહોંચ્યા. મકાન બંધ હતું જેથી અંદર કઇ બાજુએથી ઘુસવું તે માટે ઉપાય ચિંતવવા લાગ્યા. અંધારી રાત્રી છતાં ચારે બાજુએ તેઓ પોતાની નજર દોડાવવા લાગ્યા. કોઇપણ ઉપાય હાથ ન લાગ-વાથી બારીઓ તોડી અંદર પ્રવેશ કરવાનો તેમણે વિચાર કર્યો.

કીલ્લામાં ચોકી–પહેરા માટે પહેરેગીરો ખુલ્લી શમશેરે ચોકી કરી રહ્યા હતા, એકબીજાને જાગૃત–સાવધાન કરવામાં

હુકારના શબ્દો કરી રહ્યા હતા. ચારે તરફ પહેરો હોવા છતાં આ ચાર ડાકુઓ એલચીના મહેલના દીવાલ સુધી આવી ગયા તેજ અજાયબી ભરેલું હતું. તેઓ છુપાતા છુપાતા, પહેરેગીરો એ તરફ આવતા ત્યારે ખુણેખોચરે ભરાઇ જઇ અહીં સુધી આવ્યા હતા. એકાદ પહેરેગીરને આવતો દેખી એને પૂરો કરવાનું મન તો એમને બહુ થતું, પણ નાહક ધાંધલ થાય અને પોતાનો મૂળ ઉદ્દેશ પાર ન પડે, એ માટે તેઓ પોતાનો મૂળ હેતુ પાર પાડવાને આ લોકોને જતા કરતા હતા, એમનું નિશાન તો એલચી–પેલા અયોધ્યાના પ્રતિનિધિ થઇને રહેલા પર હતું. એને મૂકીને બીજાને મારવાથી શું ?

મધ્યરાત્રીનો સમય હોવાથી કેટલાક પહેરેગીરો નચિંત થઇને સૂતા હતા, કેટલાક પોતાની જગ્યાએ ઉભેલા ડાંગના ટેકા ઉપર માથું મૂકી ઝોકા ખાતા હતા. કેટલાક જાગતા સાવધ છતાં નિદ્રાથી આંખો ઘેરાયેલી હોવાથી આજુબાજુ શું થાય છે એની પરવા ઓછી કરતા હતા, આવી પરિસ્થિતિથી પહેરેગીરોની ચોકી છતાં ડાકુઓ અહીં સુધી આવી પહોંચ્યા હતા.

એ લટકતી દોરી પકડીને એક પછી એક ચારે જણા ઉપર ચડી ગયા. પછી તેઓ મહેલમાં ઉતર્યા. ચારે જણાએ સાથે જ રહેવું કે એકબીજાએ સહાય માટે થોડે થોડે અંતરે રહેવું, ચારે જણા સાથે રહીયે ને કોઇક સાવધ થઇને દ્વાર બંધ કરી અંદર સપડાવી દે તો શું કરવું ?

ઘણુા જ ધીમા પગલે ડગલાં ભરતા એક પછી એક ઓરડાઓ પસાર કરતા તેઓ પ્રતિનિધિના શયનગૃહનો ઓરડો શોધવા લાગ્યા. મકાનમાં દીવાઓનો પ્રકાશ પણ હતો. જેથી એ લોકોને પોતાના કાર્યમાં મુશ્કેલી નડવા લાગી. સારા ભાગ્યે કંઇપણ વિઘ્ન નહિ આવવાથી એ મુશ્કેલીઓ પણ તેઓ વટાવતા ગયા.

શયનગૃહના દિવાનખાનામાં નિર્ભયપણે એલચી પલંગ ઉપર મીઠી નિદ્રાનો સ્વાદ લેતો હતો. તેમજ બીજા ઓરડાઓમાં એની પત્નીઓ, દાસીઓ વગેરે સૂતેલાં હતાં. કંઇક ખડખડાટથી એક દાસી જાગી ઉઠી. એણે ચારે બાજુએ જોવા માંડયું, કુદરતી રીતે કંઇક એને ભય લાગવા માંડ્યો. મંદ મંદ પ્રકાશ કરતો દીપક અચાનક કોઇએ બુઝવી દીધો એવો દાસીને ભાસ થયો. એને લાગ્યું કે 'કંઇક છે!' એણે તરત જ હાંક મારી "કોણ છે એ?" પણ જવાબ મળ્યો નહિ.

પણ એની હાંકથી ડાકુઓ સમજી ગયા કે કોઇ સાવધ થઇ ગયું છે. જેથી તેઓ એક ખુણામાં ભરાઇ ગયા. દાસીએ બીજી વખત બુમ મારી છતાંય જવાબ મળ્યો નહિ.

દાસી દીવો લઇને તપાસ કરવાને ચાલી, જે ઓરડામાંથી દીવો એકાએક ગુલ થઇ ગયો ત ઓરડામાં આવી ચારે કોર જોવા માંડયું, પણ એની નજરે કોઇ પડયું નહિ, પણ એકાએક એની ઉપર કોઇ પડયું ને હાથમાં રહેલા દીપક ઉપર તરાપ મારી; દીપક બુઝાઇ ગયો ને. અંધકારમાં અંધકાર

પ્રસરી ગયો. આ ભયાનક આફતથી દાસીએ એકાએક ચીસ પાડી, એના મોંમાં ડુચો મારી ચીસ પાડતાં અટકાવી દીધી; છતાં ચીસનો ભણકારો ચારે તરફ પ્રસરી રહ્યો.

એ ભણકારાથી શયનગૃહમાં સૂતેલા એલચીના કાન ચમકી ગયા. પલંગ ઉપરથી કૂદકો મારી નીચે કૂદી પડ્યો. પહેરેગીરોને સાવધ કર્યા. "ક્યાંથી બુમ આવી, તપાસ કરો ? મહેલમાં ક્યાંક ગડબડ છે." અંતઃપુરમાં આવી સ્ત્રીઓ અને દાસીઓને સાવધ કરી.

રખેને કાંઇ દગો ન હોય, કુટિલ શત્રુઓ મોંએ મીઠાશ વાપરી રાત્રીને સમયે આવી જ કુટિલતાથી કામ કાઢી નાંખે છે; છતાં કાંઇ દગો હોય તો આંગણે આવેલા શત્રુઓને ભાગી જવાની તક પણ ન આપવી. જીવતા કે મૂઆ એમને પકડવા જોઇએ, નહિતર એ કોણ છે, કોના માણસો છે એ ભેદ અંધારામાંજ રહી જાય. એલચીએ જો કે પોતાના માણસોને સાવધ કરી દીધા છતાં મકાનમાં કોઇ ઘુસી ગયું હોય તો એમને ખબર ન પડે તે માટે ઘણી જ ધીમેથી પોતે તપાસ કરવા માંડી. તે પોતાના શયનગૃહનાં દ્વાર ખાલી બંધ કરી પ્રચ્છન્નપણે શું થાય છે તે જોતો ગુપચુપ શસ્ત્ર સહિત ઉભો રહ્યો. તેમજ મહેલની બહાર કીલ્લામાં પણ ચારેબાજુએ પહેરેગીરો સાવધ થઇ ગયા અને દીપકોનો પ્રકાશ સતેજ કરવામાં આવ્યો.

એક ડાકુ પેલી દાસી ઉપર તરાપ મારી એને મોંમાં

ડુચો મારી દૂર ઘસડી ગયો, દાસી એના પંજામાંથી છટક-વાનો પ્રયત્ન કરવા લાગી. એને પૂરી કરી નાંખવાનો ડાકુએ વિચાર કર્યો, પણ જે બાજુએ ડાકુ દાસીને ઘસડી ગયો તેનાથી થોડેક દૂર પ્રચ્છન્નપણે એક વ્યકિત ઉભી હતી; તેણે આ દ્રશ્ય નિહાળ્યું. એને પોતાનાથી થોડેક દૂર કંઇક તોફાન થતું હોય એમ લાગ્યું. તરતજ એ વ્યક્તિ ત્યાંથી કૂદી, પેલો ડાકુ જ્યાં દાસીને સ્વધામ તરફ રવાના કરવાની તૈયારી કરી રહ્યો હતો–મૃત્યુની છેલ્લી ઘડીઓ દાસી ગણી રહી હતી તે સમયે આ વ્યકિતએ વચમાં કૂદી પડી પેલાને દૂર પટકયો, પણ એ સમજતો હતો કે આ એકલો ન હોય, એના સોબ-તીઓ આટલામાં જ હોવા જોઇએ માટે એ આવી પહોંચે તે પહેલાં આનું કામ સમેટવું જોઇએ. એના સાથે મારામારી ન કરતાં એણે પોતાનું શસ્ત્ર એના શરીર ઉપર ચલાવી ત્યાંથી દૂર છટકી ગયો. એના સાક્ષીઓ કયાં છે, કેટલા છે અને શું કરે છે તેનું નિરીક્ષણ કરતો ઉભો રહ્યો. સાવધ થયેલી દાસી ત્યાંથી પોતાને સ્થાનકે જતી રહી.

એક ડાકુ તો અહીયાં જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાઇ રહ્યો હતો, પેલા ત્રણે જણા પોતાનો બિરાદર બાઇને ઘસડીને દૂર ગયો ધારી, એલચીના શયનગૃહ તરફ વળ્યા. શયનગૃહના દ્વાર પાસે આવી અટકયા, પણ ત્યાં તો પોતાના બિરાદરના ધીમા આર્ત્તનાદો એમને કાને અથડાયાથી ચમકયા, તેઓ શબ્દના અનુસારે ત્યાં ગયા અને જોયું તો પોતાનો સાગ્રીત મૃત્યુના કાંઠે આવી રહ્યો હતો, એનું શરીર રૂધીરથી

ભીંજાઇ ગયેલું ઠંડુ પડતું જતું હતું; પોતાના બિરાદરોને પાસે આવેલા જોઇ આસ્તેથી "નાસો! નાસો!" એટલા જ શબ્દ તે બોલ્યો.

જીવ ઉપર આવેલા તેઓ પેલા શયનગૃહ તરફ ઉપડયા, ત્યાં આવી દ્વાર ઉઘાડી ત્રણે જણા ઘુસ્યા. અંદર દીપકના પ્રકાશથી પલંગ ઉપર કોઇ વ્યક્તિ ઓઢીને સૂતી હોય તેવું ભાન થવાથી તરત જ એમણે એકસામટી ત્રણે તલવારો ચલાવી દીધી. એ પાણીદાર તલવારો આરપાર નીકળી ગઈ, પણ એમને માલુમ પડયું કે એ ઘાવ એમનો ખાલી ગયો હતો. તેઓને ખાત્રી થઇ કે એલચી પોતે સાવધ થઇ ગયો છે; પોતાના ભાઇબંધને મારનાર પણ એજ હોવો જોઇએ. અત્યારે તો આપણે હારી ગયા છીએ, આપણું નિશાન આબાદ છટકી ગયું છે માટે જેમ બને તેમ અહીંથી સલામત છટકી જવું જોઇએ.

પાછા ફરીને તેઓ શયનગૃહના દ્વાર પાસે આવ્યા, બહાર નિકળવાના ઇરાદાથી એમણે બારણું ઉઘાડવા માંડયું, પણ આશ્ચર્ય! દ્વાર તો બહારથી બંધ કરી દેવામાં આવ્યું હતું. દીવાના પ્રકાશમાં તેઓ એક બીજાના સામે જોતાં વિચાર કરવા લાગ્યા "સપડાવવા જતાં આપણે જ સપડાઇ ગયા!"

ત્રણે જણાએ તલવારો તાણી "ગભરાવાનું શામાટે, મરવા તો આપણે આવ્યા જ હતા." બીજો બોલ્યો.

" છતાં આપણું કામ પુરૂં કરીને મૂઆ હોત તો હરકત નહોતી; આ તો વગરફોકટના મરશું !"

" એ તો ઠીક, પણ બહાર નિકળવું છે કે અંદર ભરાઇ રહેવું છે ? " એક સાગ્રીત બોલ્યો.

" બારણાં તોડીને બહાર નિકળીએ, તૈયાર થાઓ, આપણને આમંત્રણ આપવાને આપણા હિતચિંતકો બારણામાં તૈયાર જ હશે. "

" ફિકર નહિ, આપણે કયાં ચુડીયો પહેરીને બેઠા છીએ. "

તરત જ એમણે બારણું તોડવા માંડયું. તેમની આ હીલચાલની ખબર પડતાં બહારના માણસોએ બંધ બારણાને ઉઘાડી નાખ્યું અને તેઓ બહાર નિકળ્યા તો કઇક સુભટોની ભાલાની અણીઓ એમની છાતી ઉપર પડેલી એમણે જોઇ. " ખબરદાર ! જીવતા રહેવા માગતા હો તો હથીયાર છોડી દો ? " એક પહાડી અવાજ આવ્યો.

ભાલાની અણીઓ છાતી ઉપર પડવા છતાં ડાકુઓ નિર્ભય હતા. તેમણે ચારે બાજુએ તલવાર ફેરવવા માંડી. ઢાલ ઉપર ભાલાની અણીઓ ઝીલી બચાવ કરવા લાગ્યા. ત્યાં નાનીસરખી એક ઝપાઝપી થઇ, કેટલાક ઘા થયા પછી અર્ધમૃત જેવા થયેલા એ ત્રણે ડાકુઓને બાંધી લેવામાં આવ્યા. તેઓને સત્ય બીના પૂછવામાં આવી, પણ તેઓએ કંઇ જવાબ આપ્યો નહિ, પણ એ અયોધ્યાનો પ્રતિનિધિ સમજી ગયો

હતો, તેણે તે જગ્યાએ રહેવામાં જોખમ માન્યું; પોતાની તૈયારી કરી પેલા ત્રણે ડાકુઓ સાથે કેટલાક માણસો લઇને તેણે અયોધ્યાને માર્ગે રાતના જ મુસાફરી શરૂ કરી.

# પ્રકરણ ૨૧ મું.

## સિંહ એ તો સિંહ જ.

અયોધ્યાના તાજને તાબે રહેલા રાજાઓ એક પછી એક મહારાજાની બિમારીને લીધે સ્વતંત્ર થવાની તૈયારી કરી રહ્યા છે, તે માટે રાજાઓ જુદી જુદી ચળવળથી અયોધ્યાના ઉપરીપણાનો ઇન્કાર કરવાની પેરવી કરી રહ્યા છે. એવી અનેક ખબરો જુદા જુદા રાજ્યોમાં રહેલા પોતાના પ્રતિનિધિઓ તરફથી અયોધ્યાના મંત્રીઓને મળી રહી હતી; જેથી તેઓ શું કરવું એ માટે મુંઝાઇ ગયા હતા. મહારાજ અત્યારે બિમાર છે, એમની બિમારીનો લાભ લઇને તલવારના બળને જ માન આપનાર આ હિતશત્રુઓ અત્યારે સમયનો કેવો લાભ લઇ રહ્યા છે? એમને ઠેકાણે કેવી રીતે લાવવા? અથવા તો આ વાત મહારાજના કાન ઉપર કેવી રીતે લાવવી? આવી સ્થિતિમાં એમને કહેવી પણ શી રીતે?

મગધ અને કાશી આદિ દેશોના એલચીઓએ દૂતો મોકલીને વર્ત્તમાન પરિસ્થિતિના સમાચાર આપી દીધા હતા;

તે દૂતોએ આવીને મંત્રીઓને સ્નાનના સમાચાર આપ્યા. વિશેષમાં જણાવ્યું કે–" ત્યાં રહેલા આપણા પ્રતિનિધિઓની જીંદગીઓ પણ અત્યારે તો ભયમાં છે માટે સત્વર ઉપાય કરવો જોઈએ. એ રાજાઓને ચમત્કાર બતાવવામાં નહિ આવે તો તેઓ જરૂર તાજથી છુટા થઈ સ્વતંત્ર થઇ જશે. "

પ્રધાનોએ યુવરાજ અનંતરથને બોલાવી આ પરિસ્થિતિ સમજાવી, શત્રુઓની ખબર લેવા માટે તૈયાર કરવાનો વિચાર કર્યો.

મહારાજ અનરણ્ય રાજા મંત્રીઆને હમણાં હમણાં ગહન વિચારમાં પડેલા જાણી વિચાર કરવા લાગ્યા. " નક્કી મારા મંત્રીઓ કંઇક ઉપાધિમાં છે; છતાં એ મને જણાવી શકતા નથી તેમ હૃદયમાં જીરવી શકતા પણ નથી ને મનમાં મુંઝાયા કરે છે. શું કાંઇ રાજ્યચિંતા હશે કે બીજું કાંઈ કારણ આવી પડયું હશે ? હું રોગોથી ઘેરાયેલ અશકત છું તેથી તેઓ મને કહેતાં અચકાતા હશે; છતાં મારે કારણ તો અવશ્ય જાણવું જ જોઇએ. " વિચાર કરતાં રાજાએ પોતાની પાસે બેઠેલા મંત્રીઓ તરફ નજર કરી પ્રથમ એમનું અંતર પારખવાનો નિશ્ચય કર્યો. આસ્તેથી રાજાજી બોલ્યા "મંત્રીશ્વર! કઇ ચિંતાથી તમે ચિંતાયુકત છો. હમણાં હમણાં તમને બધાને ચિંતાતુર જોઈ મને વિચાર થાય છે કે આનું કારણ શું ?"

" મહારાજ ! આપ શાંત થાવ, અમે એનો રસ્તો કાઢશું. એ સંબંધી આપે વિચાર કરવો આવશ્યક નથી. "

" મારે શા માટે વિચાર ન કરવો ભલા ? હું રાજા નથી ? રાજ્ય મારૂં નથી ? "

" આપ મહારાજ છો, રાજાઓના રાજાધિરાજ છો. આપનું નહિ તો આ રાજ્ય કોનું છે ? પણ આપ હમણાં રોગગ્રસ્ત છો, આવી સ્થિતિમાં આપ શું કરશો ? "

" પ્રધાનજી ! હું શું કરીશ ને શું નહિ. એ બાબતો તમને કહેવાથી શું ? પણ ભલે હું કાંઇ ન કરી શકું તેથી નવા જુની શું હકીકત બની છે તે જાણવાની પણ મારે જરૂર નથી શું ? "

" દેવ ! ક્ષમા કરો, આપને જાણવાની–અમારે જણાવવાની ઘણી જરૂર છે, પણ આપ બિમાર છો. આ હકીકતો જાણવાથી આપ ઉશ્કેરાઇ જાઓ અને બિમારી ભયંકર સ્વરૂપ પકડે એવા ડરથી અમે આપને વાત કરતાં અચકાઇએ છીએ."

" ફિકર નહિ, એની ચિંતા તમારે ન કરવી, તમે જે વાત કરશો તે હું શાંતિથી સાંભળીશ ને એને માટે મને ઠીક લાગશે તે ઉપાય કરીશ. કહો એ શું વાત છે ? "

" પ્રભુ ! આપને શું કહીયે ? કાશી, મગધ, મિથિલા, અવંતી જેવાં મોટાં મોટાં મહારાજ્યો આપે અનેક વખત જીતીને તાજને વફાદાર બનાવ્યાં હતાં, તે આપની રોગગ્રસ્ત સ્થિતિનો લાભ લેવા માગે છે. "

" એટલે શું તેઓ સ્વતંત્ર થવા માગે છે એમ તમારૂં કહેવું છે ? " રાજાએ કહ્યું.

" સ્વતંત્ર થવા માગે છે એટલું જ નહિ પણ અનુકૂલ સમયે આપની પણ ખબર લેવા માગે છે–વૈરનો બદલો લેવા માગે છે; તે માટે મોટાં મોટાં મહારાજ્યો લડાયક તૈયારી કરી કંઇક નિમિત્ત મળવાની રાહ જોઇ રહ્યાં છે. "

" એજ કે બીજું કાંઇ ! " રાજાએ શાંતિથી જણાવ્યું.

" હા, મહારાજ ! આવી પરિસ્થિતિ હોવાથી આપને કેવી રીતે વાત કરવી તે માટે અમે મુંઝાઇ ગયા હતા. ઠીક થયું કે આજે અનાયાસે આપને નિવેદન કરવાની તક મળી ગઇ. "

" આવી ખબરો કોણ લાવે છે ? આપણા દૂતો મારફતે આ વાતો જાણવામાં આવે છે કે સ્વાભાવિક ઉડતી વાતો સંભળાય છે ? "

" દેવ ! પ્રતિદિવસ આપણા પ્રતિનિધિઓ દૂતો મારફતે આવી ખબરો મોકલાવે છે અને પોતાની જીંદગી પણ જોખમમાં છે એમ જણાવે છે. દિવસ ઉગ્યે મામલો તો ગંભીર થતો જાય છે. કયે દિવસે ઢાંકેલો અગ્નિ ભભૂકી ઉઠશે તે કહી શકાતું નથી."

એ ઢાંકેલો અગ્નિ જાગે તે પહેલાં તો આપણે એમની ખબરો લઇ લેશું, પણ આમાં સત્યાંશ કેટલો છે તે તો આપણે પ્રથમ સાબીત કરવું જોઈએ. "

એ અરસામાં મગધનો પ્રતિનિધિ પેલા ત્રણ ડાકુઓને લઇને પરિવાર સહિત આવી પહોંચ્યો. પ્રધાનોએ એને મહારા-

જની આગળ હાજર કર્યો. એણે મગધની ભયંકર પરિસ્થિતિ મહારાજની આગળ વર્ણવી બતાવી અને પોતાની જીંદગીનો નાશ કરવાને ત્યાંના રાજાએ કેવી કુટિલતા કરી હતી તે પણ મહારાજને કહ્યું. ઉપરથી વધારામાં જણાવ્યું કે-" તે ખંડણી ભરવાની સાફ ના પાડે છે. સ્વામી સેવકનો સંબંધ, તાજને વફાદાર રહેવાનો સંબંધ ભૂલી જઇ હવે તો આપણી સાથે તે મિત્રતાનો દાવો કરવા નિકળ્યો છે."

તે પછી પેલા ત્રણ ડાકુઓને મહારાજ પાસે ઉભા કર્યા. "મારો જાન લેવાને રાત્રીને સમયે આપણા કીલ્લામાં ઘુસેલા આ ડાકુઓ ! તેમાં એક તો પરલોકે સિધાવી ગયો. ભવિષ્યતાયોગે એમના પંજામાંથી હું બચી ગયો ને આ લોકો સપડાઇ ગયા."

મહારાજે પેલા ડાકુઓ તરફ નજર કરી પ્રધાનને કહ્યું. "આ લોકો ગુન્હો કબુલ કરે છે કે કેમ? તે તમે પૂછી જુઓ?"

"કેમ, કોના હુકમથી તમે અમારા માણસનો જાન લેવા ગયા હતા વારૂ ?" પ્રધાને પેલા ડાકુઓને પૂછયું.

"કોઇના હુકમથી નહિ, અમે તો ચોરી કરવા ઘુસેલા!"

"ચોરી કરવી હતી તો એના શયનગૃહમાં શા માટે ગયા?"

"તિજોરી તોડવા, ઝરઝવેરાત ત્યાં રાખવામાં આવતું હશે એવી આશાએ!"

" ઠીક, તો જતાંની સાથે પલંગ ઉપર શા માટે ઘા કર્યો ? "

" એને મારશું તો સુખેથી ચોરી કરી શકીશું એ માટે ! "

" આ બધી વાત સત્ય કહો છો ? "

" હા ! અસત્ય કહેવાથી શું ફાયદો ? "

" એમની પાસે દીવ્ય કરાવો ? " રાજાએ વચમાં પ્રધાનજીને કહ્યું. મહારાજનું વચન સાંભળી પ્રધાને પેલાઓને કહ્યું. " તમે સાચા હો તો તમારે દીવ્ય કરવું પડશે. "

" એટલે શું કરવું પડશે અમારે ? "

" ધગધગતા અંગારા હાથમાં લેવા પડશે. જો તમે સાચા હશો તો તમારા હાથ બળશે નહિ, ખોટા હશો તો અવશ્ય બળશે. "

દીવ્ય કરવાની વાત સાંભળીને પેલા ડાકુઓ ભડક્યા, " એ તો અમારાથી નહિ બની શકે." એમના હૈયામાં કંપારી છુટી.

" શા માટે ન બને ? તમે સાચા હો તો અવશ્ય બને. નહિંતર સત્ય શું છે તે કહો ? "

પેલા એક બીજાનાં મોં જોવા લાગ્યા. ' કહેવું કે ન કહેવું ' એમનું મન ડામાડોલ થવા લાગ્યું; એક નિશ્ચય કરી

ડાકુઓએ સત્ય વાર્તા કહી દીધી. "મહારાજ ! જે તૈયારી કરવી હોય તે કરી લેજો. રાતોરાત તમારા માણસો નાસી આવ્યા તો ફાવ્યા નહિતર અમારા પંજામાંથી રાતના સલામત રહ્યા હોત તો, સવારના મગધપતિ તેમની ખબર લઇ લેત, પણ તેમને આપની પાસે જીવતા આવવા દેવા એમની મરજી નહોતી." વગેરે સવિસ્તાર બ્યાન કહી સંભળાવ્યું.

બસ ખલાસ, એ સૂતેલા સિંહની આંખો ફાટી; પથારીમાં પડ્યા પડ્યા રોગગ્રસ્ત સ્થિતિમાં એનું પરાક્રમ—એનો જુસ્સો ફાટી નિકળ્યો. પહેલે ઝપાટે મગધરાજની ખબર લઇ લેવા એણે નિશ્ચય કર્યો. ચતુરંગી સેના સજ્જ કરવાનો સેનાધિપતિઓને હુકમ કર્યો.

—※※※—

# પ્રકરણ ૨૨ મું.

## યુદ્ધ કરવાને.

" આહા ! પાપો જેમ છીદ્રાન્વેષી હોય છે—એક પાપ ઉદય આવ્યું કે બીજું તૈયારજ હોય, બીજામાંથી ત્રીજું પ્રગટી નીકળે, તેવી જ રીતે શત્રુઓ કેવા દુષ્ટ છે ? રાતદિવસ જે મારા ચરણમાં પડચા રહેતા, મારા સમાચાર લઇને ગયેલા કુતરાનું પણ બહુમાન કરતા—આદરસત્કાર કરતા, કઇ રીતે હું પ્રસન્ન થાઉં એ માટે રાતદિવસ ચિંતવન કરતા, મારી સત્તાને માન

આપનારા રાજાઓ અત્યારે મને નબળો ધારી સ્વતંત્ર થવા માગે છે—મારા તાજથી છુટા પડી જવા માગે છે; એટલું જ નહિ પણ તલવારની અણી બતાવીને તાબે કરેલા શત્રુઓ સમય બદલાયો સમજી એ વૈરનો બદલો લેવાને તૈયાર થઇ ગયા છે. ફિકર નહિ, હું પણ એમને બતાવું કે રોગગ્રસ્ત છતાં હું હજી એવો ને એવો જ છું. આડા ફાટ્યા તો તમારે માટે ભયંકર છું. સિંહ મરવા પડયો હોય છતાં હાથીઓ એની પાસે પણ જઇ શકતા નથી તો મારવાની વાત તે કયાં ?" મહારાજ અનરણ્યના મગજમાં એવા અનેક વિચારો પસાર થઇ ગયા. એમણે સેનાધિપતિઓને લશ્કરો સજ્જ કરી પ્રસ્થાન કરવાનો હુકમ આપી દીધો અને પોતે પણ છાવણીમાં વખતસર આવી પહોંચશે એમ જણાવી દીધું.

પ્રધાનોએ મહારાજને યુદ્ધમાં નહિ જવાને ઘણુંય સમજાવ્યું, પણ મહારાજે પોતાના વિચારો ફેરવ્યા નહિ. એ યુદ્ધની રણભંભા વાગતાં યુવરાજ અનંતરથના કાન ચમકયા. રાણીવાસમાંથી એકદમ તે પિતાની પાસે દોડી આવ્યો. પિતાને યુદ્ધની તૈયારી કરતા જોઇ પુત્રે વિનંતિ કરી. "બાપુ! તમારે આ શું ? કયા રાજાએ તાજની આજ્ઞાનો અનાદર કર્યો કે જેથી આપના કોપનો એ ભોગ થયો ?"

"વત્સ ! યુદ્ધ એ ક્ષત્રીયોનો ધર્મ છે. પ્રજાની શાંતિને માટે, રાજ્યની આબાદીને માટે, જુલ્મી રાજાના જુલ્મમાંથી પ્રજાનું રક્ષણ કરવા માટે, તાજનો અનાદર કરનારા નિમકહરામી રાજાઓને ઠેકાણે લાવવા આપણે હથીયાર ઉઠાવવા

જોઇએ. કેટલીક એવી પરિસ્થિતિથી આજે યુદ્ધના સંજોગો ઉભા થયા છે. ”

“ ભલે, પણ પિતાજી ! આપ મને હુકમ કરો, યુદ્ધ કરવાને શું હું નાલાયક છું કે આપ પોતે જ યુધ્ધે ચડો છો ? ” પુત્રે પિતાને અરજ કરી.

“ પુત્ર ! તું હજી બાલક છે. યુદ્ધમાં શત્રુઓના દાવ-પ્રપંચ ઘણા વિષમ હોય છે. એવા છળકપટથી ભરેલા ધૂર્ત્ત શત્રુઓને વશ કરવા એ જરા કઠીણ કાર્ય છે. ”

“ પુત્રપણાના સ્નેહને લીધે આપ આમ બોલો છો. આપે ખરી રીતે તો મને જ આજ્ઞા કરવી જોઇએ, આપ કેમ ભૂલી જાઓ છો હું પણ એક સિંહનું બચ્ચું છું. સિંહનાં બચ્ચાં દેખીને પણ હાથીઓનાં ટોળાં ભાગી જતાં નથી શું ? ”

“ તારી વાત સત્ય છે; છતાં યુદ્ધને માટે મારો પણ ઉત્સાહ છે. અનેક વખત નમાવેલા એ રાજાઓ અત્યારે મને રોગગ્રસ્ત માની નિર્માલ્ય ધારે છે, પણ હું એમને બતાવવા માગું છું કે રોગગ્રસ્ત છતાં તમારી ખબર લેવાને હું હજી શકિતવાન છું. ”

“ પણ આપણા વંશની રીતિ એ છે કે પુત્ર કવચધારી થાય ત્યારે વિનિત અને શૂરવીર પુત્રો પિતાનો ઘણો ભાર પોતે ઉપાડી લે છે. તેમજ યુદ્ધના કાર્યમાં તો કવચધારી પુત્ર યુદ્ધને મોખરે રહી દેશની અપૂર્વ સેવા બજાવે છે. હું ઘરમાં ભરાઇ રહું ને આપ યુદ્ધે જાવ એ તો મારૂં પરાક્રમ લાજે ! ”

" છતાં આ વખતે મને જવા દે, હવે પછી જવાનું થશે ત્યારે તને જ મોકલીશ. મારો ઉત્સાહ આ વખતે અપૂર્વ છે તેનો ભંગ ન કર."

" પિતાજી ! મને જ આપ આજ્ઞા કરો, સર્વ શત્રુઓની હું બરાબર ખબર લઇશ. મને પરાક્રમ બતાવવાનો આવો રૂડો અવસર ફરી કયારે મળશે ? આવી રોગગ્રસ્ત સ્થિતિમાં હું હયાત છતાં આપ જાઓ તો ખચિત મારા જીવવામાં પણ ધૂળ પડી."

"તારો આટલો બધો રણોત્સાહ છે તો ઠીક ત્યારે મારી સાથે ચાલ." મહારાજ અનરણ્યરાજાએ પુત્રને સાથે આવવાની અનુમતિ આપી.

" પણ બાપુ ! મને પોતાને એકલો જ જવા દો, આવી સ્થિતિમાં આપ શા માટે સાથે આવો છો ? શત્રુઓની ખબર હું ક્ષણમાત્રમાં લઇ શકીશ. રોગગ્રસ્ત શરીરથી માર્ગમાં આપને કેટલીક પીડાઓ સહન કરવી પડશે."

" મને એની કંઇ પરવા નથી. એના કરતાં શત્રુઓ મારી હાંસી–મશ્કરી કરે કે મને નિર્માલ્ય ગણે એ મને કાંઇ ઓછી પીડા નથી ! શત્રુઓના એ શબ્દોએ મને એટલો તો તેજસ્વી બનાવી દીધો છે કે એવાં વચન બોલનારા શત્રુઓને મારૂં પરાક્રમ બતાવું ત્યારે જ મને શાંતિ થશે–આરામ થશે. માટે જ હું પોતે યુદ્ધે ચઢવા માગું છું."

છેવટે પિતા–પુત્ર બન્ને યુદ્ધે જવા માટે તૈયાર થયા.

સેનાધિપતિઓની આજ્ઞાથી લશ્કરે ધીમે ધીમે પોતાની કુચ શરૂ કરી દીધી હતી. ચાર પાંચ દિવસમાં લશ્કર સાકેતપુરથી દશ ગાઉ ઉપર પડાવ નાંખીને રહ્યું. મહારાજ અનરણ્ય તેમજ અનંતરથ સહિત સર્વ કોઇ આવી પહોંચ્યું. મહારાજ અન-રણ્યના હુકમથી મગધ તરફ લશ્કરે પોતાની કુચ શરૂ કીધી.

મગધરાજના ગુપ્તચરોએ અનરણ્ય રાજાના યુદ્ધ પ્રસ્થાનના સમાચાર રાજગૃહી જઇને પોતાના રાજાને આપી દીધા. એકસોને સાત રોગોથી પીડા પામેલો રાજા પોતે યુદ્ધ કરવાને નિકળ્યો છે એ તો આશ્ચર્ય, માનો કે કદાચ નિકળ્યો હશે તો યુદ્ધમાં એ શું પરાક્રમ કરશે ! મગધરાજે પણ લડા-ઇની તૈયારી કરવા માંડી. સહાય માટે કાશી, મિથિલા, ચંપાપુરી વગેરે સ્થળે દૂતો રવાને કરી દીધા.

મગધના સિમાડામાં છાવણી નાખીને અનરણ્યરાજાએ મગધની સભામાં દૂત મોકલ્યો. દૂતે પોતાના સ્વામીનો સંદેશો મગધની રાજસભામાં રાજા આગળ કહી સંભળાવ્યો, મગધરાજે દૂતનો તિરસ્કાર કરીને કાઢી મૂકયો. પોતાની ચતુરંગી સેના લઇને અનરણ્યરાજાની સામે આવ્યો. બન્ને પક્ષો વચ્ચે લડાઇની શરૂઆત થઇ.

રથે રથ, પાળે પાળા, અને ઘોડેશ્વારે ઘોડેશ્વારનાં યુદ્ધ થયાં, અનરણ્યરાજાના લશ્કરે મગધના લશ્કરને હાર ખવડાવી, સૈનિકોનો ઘાણ કાઢવા માંડયો. મગધનૃપતિ પોતાના સૈન્યની ભયંકર હાનિ જોઇને બાકી રહેલા તાજા સૈન્ય સહિત ધસી

આવ્યો ને અનરણ્યરાજાના સૈન્યનો ઘાણ કાઢવા માંડ્યો, તરતજ અનરણ્ય અને અનંતરથ લશ્કર સહિત દોડી આવ્યા. શત્રુના બાણોથી બચાવ કરતો અને શત્રુને ત્રાસ પમાડતો અનરણ્યરાજા મગધપતિ ઉપર ધસી આવ્યો. રોગની પીડાથી વ્યાપ્ત છતાં એનું પરાક્રમ જોઇ રણભૂમિમાં મગધરાજ ત્રાસ પામી ગયો. અનરણ્યરાજાએ બાણ મારીને મગધરાજના સારથીને મારી નાંખ્યો. અનરણ્યરાજાના સારથીએ પોતાના રથને એવી રીતે ચલાવવા માંડ્યો કે એક રથ છતાં અનેક રૂપે રથ દેખાવા લાગ્યો. રાજાએ છેવટે મગધપતિને રથ વગરનો કરી દીધો; એકાકી રથ વગરના મગધરાજને કરેલા જોઇ મગધરાજ એકદમ ગુસ્સે થઇ ગયો. એક મોટી ગદા ઉપાડીને રથ સહિત અનરણ્યરાજાને છુંદી નાંખવાને ધસ્યો, મહારાજ અનરણ્ય એને પોતાની સામે ધસી આવતો જોઇ રથમાંથી કૂદી પડ્યા. ને એકી છલંગે ગદા સહિત ધસી આવતા મગધરાજ ઉપર પડ્યા. ગદા સહિત મગધરાજને એકદમ ઉપાડી નીચે પટકયા, ગદા દૂર જઇને પડી. મગધરાજના સૈનિકો અનરણ્યરાજા ઉપર ધસી આવ્યા, પણ એ સેંકડો સૈનિકો અજયરાજાનું પરાક્રમ સહન કરી શકયા નહિ. બન્ને હાથે તલવારો ધારણ કરી તલવારોને ફેરવતાં શત્રુઓની ખબર લેવા માંડી. તેમજ અનંતરથે કેટલાક સૈનિકોને કાપી નાખ્યા. જમીન ઉપર પડેલો મગધરાજ સાવધ થયો, ઉભો થઇ ગદા ઉપાડવા જાય છે તેટલામાં છલંગ મારતો અનંતરથ તેના ઉપર પડ્યો. બન્નેનું દ્વંદ્વ યુદ્ધ થયું. અનંતરથે મગધનાથને

યુક્તિથી યુદ્ધ કરતાં પકડી લીધો અને પોતાના સૈનિકોને સ્વાધિન કર્યો. અનરણ્યરાજાએ પણ શત્રુના ઘણા સૈનિકોનો નાશ કરી શત્રુને નિર્બળ બનાવી દીધો.

મગધરાજ પકડાઇ ગયાની બુમ ચારેકોરથી પડી. જેથી મગધના સૈનિકોએ નાસભાગ કરવા માંડી ને યુદ્ધ બંધ પડયું.

મહારાજ અનરણ્ય પોતાના પરિવાર સાથે મગધરાજાની સાથે મગધના દરબારમાં આવ્યો. દરબાર ભરી મગધરાજનો ઇન્સાફ કર્યો. હાથમાં જંજીરોથી ઝકડાયેલા મગધરાજને હવે ઘણોય પશ્ચાત્તાપ થયો. "અરે, મને આ શી કુમતિ સુઝી કે મેં તમારાથી વિરોધ કર્યો. મેં ભૂલ કરી તો તેનું પરિણામ મારે અવશ્ય ભોગવવું પડયું જ." દરબારમાં અનરણ્યરાજાની સન્મુખ ઉભો રહેલો મગધરાજ શરમથી નીચું જોઇ રહ્યો.

અનરણ્યરાજાએ એને છુટો કર્યો. રાજ્યનું ઝરઝવેરાત વગેરે કબજે કર્યું; તેમજ જે કાંઇ સારસાર વસ્તુઓ રાજ્યમાં હતી તે પણ લઇ લીધી. એના લશ્કરને પણ પોતાના લશ્કર સાથે જોડી દીધું; કેમકે હજી આગળ ઘણા શત્રુઓને જીતવાના હતા. મંગલાચરણની આ તો શરૂઆત હતી. સારા ભારતવર્ષમાં ફરીને દિગ્‌વિજય કરવાને માટે આ પ્રસ્થાન હતું. નિઃસત્વ મગધરાજને છોડી દઇ શિક્ષા આપવી ઘટે તે આપીને સમજાવ્યા, અનરણ્યરાજાના દરેક શબ્દો મગધરાજે નીચી મુંડીએ સાંભળી લીધા.

મગધરાજના યુવરાજ પુત્રનો રાજ્યાભિષેક કરી ખટપટી

મગધપતિને પોતાની સાથે શત્રુઓની સામે ધરવા માટે લીધા. ત્યાંથી મહારાજ અનરણ્ય અન્ય રાજાઓને જીતતા જીતતા ચંપાપુરીને જીતી કાશી તરફ ચાલ્યા.

# પ્રકરણ ૨૩ મું.

## દિગ્‌વિજય.

સારા આર્યાવર્ત્તમાં અનરણ્યરાજાના યુદ્ધપ્રસ્થાન માટેના સમાચાર ફરી વળ્યા હતા. મગધ સાથેના યુદ્ધની વાત સર્વત્ર પ્રસિદ્ધ થઈ ગઇ હતી. કેટલાક દિવસ પર્યંત એ યુદ્ધ ચાલ્યા કર્યું હતું. એ સંસારશેત્રંજની રમતમાં કોણ હારશે કે જીતશે એ માટે ચારે દિશાના રાજાઓનું લક્ષ્ય ખેંચાયું હતું. એને માટે રોજેરોજના સમાચાર રાજાઓ દૂતો દ્વારા જાણુવાને આતુર થઇ રહ્યા હતા. દરેકની એ આતુરતા એક દિવસ દૂર થઇ ગઇ. સમાચાર સર્વત્ર પ્રસરી રહ્યા કે–મગધરાજા સપડાઇ ગયા, એનું સૈન્ય નાશી ગયું છેવટે એને પદભ્રષ્ટ કરી એના પુત્રને મગધનો સ્વામી બનાવ્યો.

મગધને વશ કર્યા પછી અનરણ્યરાજા જ્યાં જ્યાં ગયા ત્યાંના રાજાઓને વશ કરી ચંપાએ ગયા, એ ચંપાપતિને આધિન કરી કાશી તરફ વળ્યા, અનેક રોગથી ભરેલા છતાં એનું અખંડ પરાક્રમ સાંભળી અન્ય રાજાઓ અને મહારાજયો

પણ ક્ષોભ પામી ગયા, એની સાથે લડવું કે કેમ તે માટે મનમાં ભાંજગડ કરવા લાગ્યા.

અનરણ્યરાજાને પોતાની નગરી ઉપર ધસી આવતો જોઇ કાશીનો રાજા ચમક્યો, એણે મિથિલા, રાજપુર વગેરે રાજાઓને પોતાની મદદે બોલાવ્યા. અનરણ્યરાજા પોતાની ઉપર ધસી આવે તે પહેલાં મિથિલા, રાજપુર વગેરે રાજાઓ એની મદદે આવી પહોંચ્યા. કાશીરાજનું બળ અખુટ કહેવાયું; પોતાનું સૈન્ય તથા અનેક મિત્ર મુગુટબંધી રાજાઓ જોઇ કાશીરાજ મલકાયો, " નક્કી હવે અજયરાજ અહીં આવીને પાછો નહિ જાય."

અનેક મોટાં મોટાં મહારાજ્યો પોતપોતાના વિશાળ સૈન્ય સાથે કાશીની મદદે આવ્યાં છે એવા સમાચાર અનરણ્યરાજાને ગુપ્તચરો માર્ફતે મળ્યા. અનરણ્યરાજાએ તરતજ અનંતરથને અર્ધ સૈન્ય આપીને મિથિલા, રાજપુર વગેરે રાજા વગરના રાજ્યો સર કરવાની આજ્ઞા કરી અને પોતે કાશી તરફ ચડ્યો.

ગુપચુપ અનંતરથ પોતાના સૈન્ય સહિત મિથિલા તરફ રવાને થઇ ગયો, અનરણ્યરાજાનું અહીંનું કાશીરાજા સાથે યુદ્ધ શરૂ થયું. પ્રતિદિવસ હજારો મનુષ્યોનો સંહાર થવા લાગ્યો, કાશીરાજા અને બીજા રાજાઓ જીવ ઉપર આવીને અનરણ્યની સાથે લડતા, પણ રણમાં એનું પરાક્રમ અસહ્ય હતું. અનરણ્યને સપડાવવા યુદ્ધમાં ઘણાય રાજાઓ એની

ઉપર ધસી જતા, પણ એના મારથી જીવવાની આશાએ પાછા ભાગી જતા. નાસતાં પણ એ રાજાઓ કોઇ રથ વગરના થઇ જતા, કોઈના મુગુટો પડી જતા તો કોઇના ધનુષ્ય બાણ પડી જતા ને કંઇ સૈન્યનો ઘાણ કઢાવી નાખતા.

ન્યાયપ્રિય અનરણ્યરાજા યુદ્ધભૂમિ ઉપર કોઇ પણ સૈનિકને વિના કારણે મારતો નહિ. પોતાની ઉપર ધસી આવતા સૈનિકોને તે પોતાની શકિતનો પરિચય કરાવી નિમેષમાત્રમાં હજારોને ધરાશાયી કરી દેતો, સૈનિકો પણ એના પરાક્રમથી એક દિવસમાં પરિચિત થયેલા એનાથી દૂર રહેતા ને લડવામાં મંદ ઉત્સાહવાળા થયા છતાં સ્વામીભકિત બતાવવાને જરાતરા શકિત બતાવી રહ્યા હતા.

અનરણ્યરાજાને તો રાજાઓની ખબર લેવી હતી, જેથી કોઇપણ રીતે રાજાઓને સપડાવવાનો તેનો ઇરાદો હતો, જેથી પોતાના સૈન્યને પાણી ચડાવતો. રાજાઓ યુદ્ધભૂમિ ઉપર આવી અનરણ્યરાજાના સૈન્ય સાથે યુદ્ધ કરતા, તેવામાં તો કયાંયથી તેમની રાહ જોતો અનરણ્યરાજા તેમની તરફ ધસી આવતો, રાજાઓ માંડમાંડ એની સાથે યુદ્ધ કરતા એટલામાં કોઈનો સારથી મરી જતો, કોઇના ઘોડાઓ પડી જતા, કોઇ ધનુષ્ય બાણ વગરનો થઇ જતો. જીવવાની લાલચે રાજાઓ રણભૂમિમાંથી પલાયન કરી જતા. એ રોગગ્રસ્ત છતાં અજય ધનુર્ધારી નરશ્રેષ્ઠ યુદ્ધભૂમિ ઉપર પોતાના રથમાં ધનુષ્યના ટેકાથી ઉભેલો પલાયન કરતા શત્રુઓને ઉદાસભાવે જોયા કરતો હતો. પલાયન કરી જતા રાજાઓના પ્રાણો એક એક

ખાણમાત્રમાં હરી લેવાની એનામાં તાકાત હતી, પણ તદ્ભવે મોક્ષે જનારા એ નરોત્તમને યુદ્ધ કરવું પણ પ્રિય ન હતું તો એમના પ્રાણ લેવાની તે એને શામાટે ઇચ્છા હોય ! છતાં જીવદયાને પાળનારા ધર્મીરાજાઓ બાયલા તો નથી જ. એ વસ્તુસ્થિતિ બતાવવાને પોતાનું પરાક્રમ તો અવશ્ય મહારાજને બતાવવું પડતું હતું.

યુવરાજ અનંતરથ મિથિલા ઉપર ચડ્યો, ત્યાંના સૈન્યે પોતાનો બચાવ કર્યો, પણ યુવરાજનો માર સહન નહિ કરવાથી સેનાપતિએ નગરનાં દરવાજા બંધ કરાવી દીધા ને કીલ્લા ઉપર રહીને લડવા માંડયું. પરાક્રમી અનંતરથે કીલ્લાના દરવાજા તોડી નાંખ્યા અને જે સૈન્ય સામે થયું તેને કત્તલ કરી શહેર કબજે કર્યું. સૈન્યને તાબે થવા ફરજ પાડી.

પોતાનું સૈન્ય અને સરદારો ત્યાં મૂકી ત્યાંનું સૈન્ય વગેરે સામગ્રી પોતાની સાથે ભેળવી લઇ પરાક્રમી અનંતરથ ત્યાંથી આગળ રાજપુર તરફ ચાલ્યો. મિથિલા ઉપર અયોધ્યાનો વાવટો ફરકતો કરી યુવરાજે આગળ પ્રયાણ શરૂ કર્યું. મિથિલા પડ્યાના સમાચાર કાશી પહોંચી ગયા. મિથિલાપતિની આંખો ફાટી ગઇ. અનરણ્યરાજા તો અહીંયાં છે ત્યારે મિથિલા કોણે લીધી ?

અનંતરથના દૂતો મિથિલાપતિની ખબર રાખતા કાશીથી મિથિલાને માર્ગે ફરતા જ હતા. અધવચમાં જ મિથિલાપતિની ખબર લઇ નાંખવાની યુવરાજની ઇચ્છા હતી અને

જરૂર પડે તો મિથિલાથી પોતાનું સૈન્ય તત્કાળ આવી મળે તે માટે પણ ગોઠવણ કરી રાખી હતી. મિથિલાપતિ તેમજ કાશીમાં રહેલા દરેક રાજાઓની પળેપળની ખબરો યુવરાજને મળતી હતી. તે દરમિયાન યુવરાજે રાજા વગરનાં અનેક રાજ્યો કબજે કર્યાં, રાજ્યોને જીતતો તે રાજપુર તરફ ઉપડ્યો.

કાશીમાં રહેલા રાજાઓના પેટમાં તેલ રેડાયું. મિથિલા પડવાથી મિથિલા હાથ કરવા માટે મિથિલાપતિએ મિથિલા જવાની તૈયારી કરવા માંડી. મિથિલા પડવાના સમાચારથી બીજા રાજાઓના મનમાં પણ ફાળ પડી. મિથિલા પછી અમારી વારી તો નહિ આવે ? વળી ત્યાં સમાચાર આવ્યા કે મિથિલા સર કરી ત્યાંની વ્યવસ્થા કરી યુવરાજ ધણી વગરનાં રાજ્યોને કબજે કરવા ત્યાંથી રવાને થઇ ગયો છે. દરેક રાજાઓ મુંઝવણમાં પડ્યા, બધા એકત્ર થઇ લડવું કે પોતપોતાનું રાજ્ય સંભાળવા જવું અને જવું તો બીજાની સત્તાને સ્વાધિન થયેલું શહેર તાબે કરવાની પોતાનામાં તાકાત હતી ! આ તો બકરી કાઢવા જતાં ઉંટ ઘુસી ગયું. દરેક રાજ્યોને ફીકર કરતાં છોડી મિથિલાપતિ પોતાનું શહેર સ્વાધિન કરવાને બીજે જ દિવસે પોતાના સૈન્ય સહિત રવાને થઈ ગયો.

કાશીરાજના સૈન્યનો ઉત્સાહ મંદ પડી ગયો, મિથિલાપતિનું સૈન્ય જતું રહ્યું, બીજા રાજાઓ પણ લડવાને મંદ ઉત્સાહવાળા થઇ ગયા હતા, રાજપુર વગેરે કેટલાક મુગુટ-

બંધ રાજાઓ શકિતવાન હતા, પણ લડવા કરતાં પોતાની ભૂમિ સંભાળવાની કાળજી ઉત્પન્ન થવાથી તે પણ પોતાના સૈન્ય સહિત સ્વદેશગમન કરવાની તૈયારી કરવા લાગ્યા. કાશીપતિનું જીતનું રહ્યુંસહ્યું સ્વપ્ન હવે ધૂળમાં મળી ગયું. હવે તો જીતવાની વાત તો દૂર રહી, પણ જીવતા રહી રાજ્ય કેવી રીતે કરવું તે માટે ફીકર પેઠી. બળવંત શત્રુને આધિન થયા વગર હવે છુટકો નહોતો. પોતે મહારાજને રોગગ્રસ્ત ધારી સમયનો લાભ લેવાની શી મૂર્ખાઇ કરી હતી એનું પ્રત્યક્ષ ભાન થયું, પ્રધાનોને સલાહ કરવાને મોકલ્યા. અનરણ્યરાજાના પ્રધાનો ફફડ્યા. " સલાહ કેવી ? યુદ્ધ આપો, નહિતર રાજ્ય છોડી જતા રહો. પ્રથમ તમારો રાજા મોંમાં તૃણ પકડી અમારા મહારાજાના ચરણમાં પડી ક્ષમા યાચે તે પછી અમને ઠીક લાગશે તે કરશું. "

કાશીરાજના પ્રધાનોએ પોતાના રાજાને એ હકીકત નિવેદન કરી. રાજા મોમાં તૃણ પકડી દિન જેવો બનેલો નિસ્તેજ અનરણ્યરાજાના ચરણમાં આવીને નમ્યો. થયેલી ભૂલની માફી માગી, ફરીથી આવી ભૂલ ન થાય તે માટે સપ્તમાં સખ્ત પ્રતિજ્ઞા કરી અને કાશી અયોધ્યાના તાજને હરહંમેશ આધિન રહેશે એવી ખાત્રી આપી.

કાશીપતિના શરણે આવવાથી બીજા પણ કેટલાક રાજાઓ શરણે આવ્યા, પણ રાજપુર આદિ કેટલાક મોટા રાજાઓના ગર્વ હજી ઉતર્યા નહોતા. તેઓ પોતપોતાના સૈન્ય સાથે પોતાના નગર તરફ રવાને થયા.

યુવરાજ અનંતરથને દરેક બાતમીઓ મળ્યા કરતી હતી. મિથિલાપતિ રવાને થયાના સમાચાર સાંભળ્યા. તે પછી કાશીરાજ તથા બીજા રાજાઓ શરણે આવ્યાની વાત જાણી અને રાજપુર આદિના રાજાઓ પોતાના વતનમાં ધસ્યા આવે છે તે પણ જાણ્યું.

વર્ત્તમાન પરિસ્થિતિને અનુસરી અનરણ્ય રાજાએ યુવરાજને મિથિલાપતિની ખબર લેવાને આજ્ઞા કરી અને પોતે રાજપુર આદિની ખબર લેશે તેમ જણાવ્યું.

દૂર આવેલા રાજપુર આદિ દેશોને છોડી અનંતરથ મિથિલાપતિની ખબર લેવાને રોકાયો. મિથિલામાં રહેલા લશ્કરને મિથિલાપતિ સામે લડવાની સખ્ત આજ્ઞા કરી તેમજ પોતે પણ બરાબર ટાઈમે આવી મિથિલાના રાજાને સપડાવી દેશે.

યુવરાજની આજ્ઞાથી મિથિલામાં રહેલું લશ્કર મિથિલાપતિની રાહ જોતું તૈયાર થઇ ગયું. મિથિલાનરેશ આવ્યો અને ભયાનક લડાઇ શરૂ થઈ. મિથિલામાં રહેલા યુવરાજના સેનાનીઓ તલવારથી આવકાર આપવાને સજ્જ ઉભા હતા.

યુદ્ધ શરૂ થયું. મિથિલાપતિએ પોતાની નગરી કબજે કરવાને ગજબ પ્રયત્ન કર્યો, તાકીદે નગરી કબજે કરવા એણે ઉદ્યમ કર્યો. એણે શત્રુસેનાનો સંહાર કરવા માંડ્યો. મિથિલાપતિના મારાથી યુવરાજની સેના ત્રાસી ગઇ; યુવરાજના આગમનની રાહ જોતી કાળક્ષેપ કરવા લાગી. એ યુદ્ધમાં મિથિલાપતિ વિજય મેળવે તે પહેલાં યુવરાજે આવી પહોંચી

મિથિલાપતિના સૈન્યને પછવાડેથી સપડાવી દીધું. મદદ આવી પહોંચવાથી યુવરાજના લશ્કરમાં ઉત્સાહ આવ્યો.

મિથિલાપતિ લશ્કર સહિત સપડાઇ જવાથી મુશ્કેલીમાં આવી પડ્યો. મરવું કે મારવું તે સિવાય બીજો કોઇ એને માટે રસ્તો નહોતો, સૈનિકોને પાણી ચડાવતો તે શત્રુઓ ઉપર તૂટી પડ્યો. યુવરાજે વિચાર્યું કે મિથિલાપતિ જ્યાં સુધી સ્વતંત્ર હશે ત્યાં સુધી લડાઇ બંધ પડશે નહીં ને હજારો માણસોનો વિનાકારણે ક્ષય થઇ જશે માટે એને જ સપડાવવા દે. અનંતરથ પોતાના રથને મિથિલાપતિની સામે લાવ્યો, બન્ને સામસામે થઇ ગયા. બન્નેનું દ્વંદ્વ યુદ્ધ જોસભેર ચાલ્યું.

ધનુષ્યથી યુદ્ધ કરતાં બાણ ખુટ્યાં એટલે ખડ્ગાખડ્ગી યુદ્ધ ચાલ્યું અને તેમાંથી બાથેબાથ થઇ ગયા. પરિણામે યુક્તિથી યુવરાજે મિથિલાપતિને પકડી બાંધી લીધો અને એના લશ્કરમાં વિજયનાદ થયો. મિથિલાપતિ કેદ પકડાવાથી સૈનિકો નાશભાગ કરવા લાગ્યા અને બાકીના હથીયાર છોડી શરણે આવ્યા.

---


**શાળાઓ માટે**— એકીઅવાજે વખણાયાં છે, કિંમતમાં સસ્તાં, શુદ્ધ અને મોટા સુંદર ટાઇપ—

| | | | |
|---|---|---|---|
| ૧ દેવસીરાઇ પ્રતિક્રમણ | ૦-૩-૦ | સો નકલના | રૂા ૧૫-૦-૦ |
| ૨ પંચ પ્રતિક્રમણ સૂત્ર | ૦-૮-૦ | ,, | રૂા ૪૦-૦-૦ |

લખો—જૈન સસ્તી વાંચનમાળા-ભાવનગર.

# પ્રકરણ ૨૪ મું.

## સૌરાષ્ટ્રમાં.

મિથિલાપતિને લઇને યુવરાજ અનેક રાજાઓને જીતી તાબે કરતો રાજપુર તરફ ચાલ્યો. રાજપુરપતિની સાથે બીજા પણ રાજાઓ હતા. તે સર્વે શીઘ્રગતિએ માર્ગ કાપતા પોતપોતાના રાજ્યના રક્ષણ માટે જતા હતા. વતન તરફ જતા એ રાજાઓને ગુપ્ત માણસોએ ખબર આપ્યા કે-અજયપાળ રાજા એમની પાછળ ધસી આવે છે. જેથી તેઓ ત્વરિતગતિએ રસ્તો કાપી રહ્યા હતા. એમના મનમાં જુદું હતું, દૈવ એમને માટે જુદું જ નિર્માણ કરી રહ્યું હતું.

યુવરાજે ગણત્રી કરી હતી કે-મિથિલાપતિને વશ કરી શીઘ્રતાથી આગળ ફરીવળીને રાજપુરના રાજાનો માર્ગ રોકી લેવો અને પછવાડે પિતાજી લશ્કર લઇ ધસ્યા આવે છે, તેથી એને પણ સકંજામાં સપડાવી દેવો. એ ગણત્રી પ્રમાણે મિથિલાપતિની સાથે તે આડે માર્ગે ચાલીને રાજપુરના માર્ગે -રાજપુરપતિને આવવાને માર્ગે છાવણી નાખીને રહ્યો. એના દૂતો ખબર આપ્યા કરતા હતા કે-રાજપુરપતિ કેટલે દૂર અને ક્યાં હતો. રાજપુરના રાજાને પણ ખબર પડી કે-યુવરાજ પોતાના માર્ગમાં મિથિલાના રાજાને પકડી છાવણી નાંખીને પડ્યો છે જેથી એની સાથે યુદ્ધ કર્યા વગર આગળ ચાલી

શકાય એમ નથી. તેનું લશ્કર પણ માર્ગમાં તૈયારી કરતું સાવધાનપણે રસ્તો કાપતું આવતું હતું.

યુવરાજને ખબર મળ્યા કે–રાજપુરપતિ સૈન્ય સાથે આવી પહોંચ્યો છે. તેની સાથે બીજા પણ રાજાઓ છે. એવા સમાચાર મળતાં જ તેનું લશ્કર રાજપુરપતિનો સત્કાર કરવાને ઉભું રહ્યું. યુદ્ધનાં નિશાન ગગડયાં, યુદ્ધ કરી યુવરાજને જીત્યા વગર રાજપુરપતિ આગળ માર્ગ કરી શકે તેમ નહોતું, જેથી જીવ ઉપર આવીને યુદ્ધ શરૂ કર્યું. કેમકે અનરણ્ય રાજા પાછળ આવી લાગ્યો હતો. તે જો આવી પહોંચે તો એને ખાત્રી હતી કે વચ્ચે ઘેરાઇ ગયેલા પોતાની સુડી વચ્ચે સોપારીની જેમ કમબખ્તી હતી, માટે તાકીદે યુદ્ધનો નિકાલ લાવવાને તે આતુર હતો. જીવ ઉપર આવીને તે યુવરાજના માણસોનો સંહાર કરી રહ્યો હતો, એનું લશ્કર પણ મરણીયું થઇને યુદ્ધ કરતું હતું. રાજપુરના રાજાને મરણીયો બની યુદ્ધ કરતો જોઇ તરત જ યુવરાજે વચ્ચે કૂદી પડી એને પડકાર્યો. “ આમ આવ ? આમ આવ ? એ બિચારા સિપાહીઓ સાથે શું મસ્તી કરી રહ્યો છે? લડાઇ તો બરોબરીયામાં જ શોભે! ”

“ આવ ? હું તનેજ શોધી રહ્યો છું. એકાદ વિજય મળવાથી તું છકી ગયો છે, પણ આ કાંઇ કાશી કે મિથિલા નથી. સમજ્યો ? આ તો રાજપુરનું પાણી છે ! ” રાજપુરનો રાજા ગાજ્યો.

“ જેટલું હોય એટલું પાણી બતાવજો, રખે પાછો અભિલાષ રહી જાય ! ” યુવરાજે કહ્યું.

" હમણાં જ તારો ગર્વ ઉતારૂં છું. "

ચડા ઉતરી કરતા એક બીજા ઉપર તૂટી પડચા. ખડ્ગનાં યુદ્ધ થયાં, બાણુના યુદ્ધથી એક બીજા અજય જણાયા ત્યારે એક બીજા સામે આવી ગયા. અજયપાળરાજા પણ સૈન્ય સાથે આવી પહોંચ્યો અને પછવાડેથી સૈન્યને ત્રાહી ત્રાહી પોકરાવી દીધું. રાજા અનરણ્યે જે રાજાઓ એની સામે થયા તે સર્વેને યુદ્ધ કરતાં હરાવી પકડી લીધા ને પોતાના સરદારોને સ્વાધીન કર્યા.

રાજપુરપતિ અને યુવરાજ એક બીજાના જીવના તરસ્યા બનીને યુદ્ધ કરી રહ્યા હતા. પિતાજીએ અલ્પસમયમાં યુદ્ધમાં સૈન્યને હરાવી અન્ય રાજાઓને પકડી સ્વાધીન કર્યા હતા અને પોતે હજી રાજપુરપતિ સામે યુદ્ધ કરતો હતો તેથી શરમ લાગી. જલદી યુદ્ધનો નિવેડો લાવવાને તે આતુર થઇ ગયો હતો.

રથો સામસામે થઇ ગયા. એકબીજા ઘુરકાઘુરકી કરતા એક બીજાના જીવના તરસ્યા બન્યા હતા. કઇ યુક્તિથી શત્રુને સપડાવવો એ માટે દાવપેચ રમતા એકબીજાને સપડાવવાની પેરવી કરી રહ્યા હતા.

" સંભાળજે, હજુ તું બાળક છે તેથી તારી દયા આવે છે, પણ તારો બચાવ કર ? " રાજપુરપતિ બોલ્યો.

" આ સમયે એવા નિર્માલ્ય શબ્દો ન હોય, તમારી પૂરેપૂરી તાકાત અજમાવો ? " યુવરાજે પડકાર કર્યો.

યુવરાજના શબ્દોથી ગુસ્સો કરતો રાજપુરપતિ બોલ્યો. "એમ છે તો હોશીયાર !" એણે એક મોટી ગદાનો યુવરાજના રથ ઉપર ઘા કર્યો. ગદા રથ ઉપર પડતાં પહેલાં યુવરાજ રથ ઉપરથી નીચે કૂદી પડયો અને રાજપુરપતિના રથ ઉપર ધસ્યો. પોતાનો બચાવ કરતો યુવરાજ શત્રુના રથ ઉપર કૂદ્યો, યુવરાજને રથ ઉપર ધસી આવતો જોઈ રાજપુરપતિએ એક મોટી ભોગલનો એની ઉપર ઘા કર્યો. યુવરાજે ચપળતાથી તે લઘુલાઘવી કળાથી એ ઘા ચુકાવી દીધો, રાજપુરપતિએ પોતાની ઉપર ધસી આવતા શત્રુને જોઇ છેવટે કંઇ ઉપાય નહિ ચાલવાથી તલવાર ખેંચી.

તલવાર ખેંચવા જેટલો અવકાશ યુવરાજે આપ્યો નહિ. એકદમ શત્રુના રથ ઉપર ચઢી જઇ એને પકડયો. "ખબરદાર !"

ઘણાખરા રાજાઓ અનરણ્ય મહારાજના પંજામાં સપડાઇ જવાથી તેમજ અનરણ્યરાજાના આવી પહોંચવા પછી શત્રુઓના મારાથી ત્રાસી જઇ રાજપુરપતિ તેમજ બીજા રાજાઓનાં સૈન્ય પલાયન કરવા લાગ્યાં હતાં. રાજાઓ શરણે થતાં બાકીના લશ્કરે પણ શત્રુના હાથથી મરી જવા કરતાં મહારાજ અનરણ્યરાજાના શરણમાં હથીયાર મૂકી દીધાં જેથી લડાઇ તો બંધ જેવી થઇ ગઇ હતી. રાજાઓ પણ પકડાઇ ગયા હતા, પણ યુવરાજ અને રાજપુરપતિનું દ્વંદ્વયુદ્ધ ચાલી રહ્યું હતું. હારજીત

કોની થાય છે તે જોવાને બન્ને તરફના માણસોનું ધ્યાન તેમાં લાગેલું હતું. સર્વ કોઇ પોતપોતાના પક્ષવાળાનો જય ઇચ્છે તેમાં તો નવાઇજ શેની ?

મહારાજ અનરણ્ય યુદ્ધભૂમિ ઉપર વિજય મેળવી પોતાના પુત્રનું પરાક્રમ નિરખી રહ્યો હતો. એ મહારથી વીરપુરૂષને યુદ્ધભૂમિપર શાંતિથી રથ ઉપર ધનુષ્યના ટેકાએ ઉભા રહી પુત્રનું યુદ્ધ નિરખતા જોઈ સરદારો બોલ્યા. "દેવ! ફકત, ધનુષ્ય ઉપર એક જ બાણ ચડાવો કે જેથી રાજપુરપતિનું કામ ખલાસ થાય, આ પરાક્રમી રાજપુરપતિ કોણ જાણે શું કરશે."

"નહિ, એ બન્નેના દ્વંદ્વયુદ્ધમાં હું એનો જાન લઉં એ તો હીચકારૂં કૃત્ય કહેવાય, એ બન્નેનું હું યુદ્ધ જોઉં છું; જે પરાક્રમી હશે તે જીતશે. પરિણામ આવી ગયા પછી રાજપુરપતિ જો જીત્યો હશે તો હું એને પડકારીશ, પણ અત્યારે તો નહિ જ."

"પણ સ્વામી ! જુઓને યુવરાજ સાથે કેવો ભયંકર બની જીવ ઉપર આવી લડી રહ્યો છે !"

"યુદ્ધભૂમિ ઉપર સૌને પોતપોતાનાં પરાક્રમ બતાવવાની તક મળે છે. જીતવાની ઉમેદ કોને નથી હોતી ? વિજયની વરમાળ બધાને ગમે છે."

"તો અમે યુવરાજની મદદે જઇએ મહારાજ ?"

"નહિ ?" અનરણ્યરાજાએ તેમને અટકાવ્યા. "જો

રાજપુરપતિને એના સુભટો મદદ કરવા ધસે તો તમારે જવાની જરૂર છે. એના સરદારો, સુભટો તો દૂર ઉભા ઉભા જોઇ રહ્યા છે ને આપણે એમના દ્વંદ્વયુદ્ધમાં ધસી જવું એ નીતિ નથી. ”

“ પણ પ્રભુ ! આવી ભયંકર રીતે લડતો રાજપુરપતિ દાવપેચમાં ફાવી જાય તો પરિણામ શું આવશે ? ”

“ લડવું, દાવપેચ કરવા, છળપ્રપંચ કે દગાબાજી રમવી એ બધું તો આપણે હાથ છે; છતાં યુદ્ધમાં વિજય એ તો વિધિને હાથ છે. ”

એકસોને સાત રોગોની પીડાથી યુકત એવો છતાં શત્રુઓને દુસ્સહ તેજવાળો મહાભૂજ અનરણ્ય સમરાંગણમાં શત્રુઓને અજાયબી પમાડતો શાંતિથી ઉભો હતો. રાજપુરપતિની જીવનલીલા સમાપ્ત કરવા માટે એને ફક્ત એક જ ઝેરી અમોઘ બાણની જરૂર હતી; છતાં બનતાં સુધી દયાળુ મનનો એ નરવીર કોઇ રાજાના જીવીતને હરતો નહિ, પણ જીવદયાના પાળનારા બીકણ અને બાયલા નથી, એવું જગતને બતાવવાને ધર્મી છતાં–શ્રાવક છતાં શત્રુઓની ખબર લેવાને તે યુદ્ધભૂમિ ઉપર દોડી આવતો ને વંટોળીયો જેમ ચારેકોર રૂની પૂણીઓને ઉડાડી મૂકે તેમ પળવારમાં શત્રુઓને છિન્નભિન્ન કરી નાખતો, તેમજ યુદ્ધના નાયકની તો તે પ્રથમ તકે જ ખબર લઇ લેતો, શૂરવીર છતાં તે ન્યાયપ્રિય હતો, પરાક્રમી છતાં રાજનીતિનો જાણકાર હતો અને મહારથી છતાં ચતુરંગી સેનાનો એ શોખીન હતો.

સમશેર ખેંચતા પહેલાં તો યુવરાજે એને પકડી લીધો, રથમાંજ બન્ને મારામારી કરવા લાગ્યા. પહેલીતકે યુવરાજે પકડીને રથમાં પટકયો, પણ એટલાથી રાજપુરપતિ હારી જાય એમ નહોતો, એ પણ વીર હતો જેથી રથમાં ભયંકર મારામારી થઇ. બન્ને એકબીજાને દાવપેચમાં સપડાવવાની પેરવી કરવા લાગ્યા. જીવલેણ અને ભયંકર ગડમથલ પછી યુવરાજે શત્રુરાજાને પકડી રથ ઉપરથી નીચે પૃથ્વી ઉપર પટકયો, નીચે પડેલો બળવાન શત્રુ ઉઠીને ઉભો થાય એ પહેલાં તો પોતે પણ એની ઉપર કૂદ્યો.

આખરે શત્રુરાજા થાકી જવાથી યુવરાજ ફાવ્યો અને એને પકડી મુશ્કેટાટ બાંધી પાસે ઉભેલા પોતાના સરદારોને હવાલે કર્યો. યુદ્ધની પૂર્ણાહુતિ થઇ.

વિજયી યુવરાજ પિતાની પાસે આવી પિતાના ચરણમાં નમ્યો. એ રાજપુરપતિ, મિથિલાપતિ વગેરે પોતે સ્વાધિન કરેલા રાજાઓને પિતાની સમક્ષ હાજર કર્યા.

થોડા દિવસ વિશ્રાંતિ લીધા પછી મહારાજ અનરણ્ય ત્યાંથી રાજપુર આવ્યા. રાજપુરપતિની જગ્યાએ શિખામણ આપી એના યુવરાજ પુત્રનો અભિષેક કરી ગાદીએ બેસાડયો. કેટલાક દિવસ ત્યાં નિર્ગમન કરી મહારાજ અનરણ્ય ત્યાંથી ઉત્તર દિશાના માર્ગે વળ્યા. ત્યાંના રાજાઓને જીતતા જીતતા તેઓ અવંતી તરફ ચાલ્યા.

એ રોગગ્રસ્ત રાજાના પરાક્રમની વાર્ત્તા ધરતીની ચારે-

ફોર પ્રસરી રહી. અનેક રોગોની પીડાથી ઘેરાયેલા અને દુ:ખી છતાં યુદ્ધભૂમિ ઉપર સમરાંગણમાં એ શત્રુઓને માટે દુસ્સહ તેજવાળો થતો હતો, જેથી કેટલાક રાજાઓ તો વગર લડાઈએ જ નજરાણું મૂકી પોતાનું આધિનપણું માન્ય રાખતા હતા. જે ગર્વિષ્ઠ બની સામે થતા તે યુદ્ધમાં હારી જતા ત્યારે ઠેકાણે આવતા હતા. અવંતીપતિએ પણ યુદ્ધમાં માર ખાઇને આધિનતા સ્વીકારી.

દિગ્વિજય તો પ્રથમ પણ કરેલો હતો; છતાં રોગગ્રસ્ત થયા પછી આર્યાવર્ત્તના ઘણાખરા સમર્થ રાજાઓ પૂર્વનું વૈર યાદ કરી બદલો લેવાને ઉઠ્યા હતા. જેથી રોગોની પીડાથી પીડાતો એ મહાભુજ પોતાનું પરાક્રમ એકવાર ફરીને શત્રુઓને બતાવવાને તે પરાક્રમી ચતુરંગી સેનાસહિત નિકળ્યો. એક પછી એક આર્યાવર્ત્તના અનેક રાજાઓને જીતતો જીતતો ઠેઠ હાલમાં અવંતી સુધી આવ્યો, ત્યાંથી શત્રુરાજાઓને પોતાનું પરાક્રમ બતાવતો લાટની ભૂમિ તરફ ગયો. એ દેશની વિજયમાળ લઇએ નરોત્તમ સૌરાષ્ટ્રની ભુમિમાં આવ્યો.

સારા આર્યાવર્ત્તમાં એનાં પરાક્રમ પ્રસિદ્ધ થવાથી સૌરાષ્ટ્રમાં કોઇપણ રાજા એની સામે ન થયો. નાનાં મોટાં સૌરાષ્ટ્રનાં રાજ્યોનું ભેટણું અને આતિથ્ય સ્વીકારતો અનરણ્ય રાજા સમુદ્રને કાંઠે દ્વીપબંદર નગર સમીપ છાવણી નાખીને રહ્યો ને જીર્ણદુર્ગરાજાને નજરાણું લઇને પોતાની સેવામાં હાજર થવા હુકમ કર્યો.

# પ્રકરણ ૨૫ મું

## સમુદ્રમાં.

વ્યાપાર કરી ધન મેળવવાની ઇચ્છાએ માણસ જળ, સ્થળ કે આકાશ ગમે ત્યાં મુસાફરી કરવાને ચૂકતો નથી. પોતાની જેટલી શકિત હોય એટલી શકિતનું માપ વ્યાપાર પાછળ તે ખર્ચી નાખે છે. ધન એ મનુષ્યનું જીવન છે—પ્રાણ છે. ધન વગર જીવતાં છતાં પણ માણસ મૂએલો છે. દુનિયા જેટલી ધનવાનોની છે તેટલી ગરીબોની નથી. દ્રવ્યહીન પુરૂષોને તો જગતમાં કેટલીકવાર જીવન ઉપરથી પણ કંટાળો આવે છે. એ ધન મેળવવાને અનેક પ્રયત્નો તે કરે છે, પણ પૂર્વકૃત શુભકર્મ વગર ધન પણ મળતું નથી. એ ધન વગર સંસારમાં ડગલે ડગલે મુંઝવણ પડતી હોવાથી જીવવું પણ ગમતું નથી. પોતે નિર્માલ્ય હોવાથી મરવુંય ગમતું નથી. ત્યારે એ ધન પ્રાણીઓને મળે કેવી રીતે ?

એવા જ ધનની આંકાક્ષાવાળો રત્નસાર શેઠ, પાસે અધિક ધન છતાં, અઢળક ધનની મહત્વાકાંક્ષાથી સમુદ્રની મુસાફરી કરવાને તૈયાર થયો. સમુદ્રમાં વ્યાપાર કરવાની ઈચ્છાએ એક મોટું વહાણ એણે તૈયાર કરી સમુદ્રમાં લાંગર્યું. અનેક જાતનાં કરિયાણાં આદિ વસ્તુઓ એમાં ભરવા માંડી તેમજ 'બીજા કોઇપણ વ્યાપારીઓને પરદેશમાં વ્યાપાર કરવાને આવ-

વાની ઇચ્છા હોય તેમણે અમારા વહાણુમાં આવવું, વહાણુમાં એમને જોઇતી સગવડ કરી આપવામાં આવશે, તે સંબંધી ભાડા માટે અમને પૂછીને રૂબરૂમાં નક્કી કરી જવું. એ મુજબનો ઢંઢેરો ફેરવવાથી ઘણુાંએક વ્યાપારી વેપારને માટે એની સાથે જવાને તૈયાર થયા.

વહાણુને ઉપડવાનો દિવસ નક્કી કર્યો. તે મુજબ તે દિવસ આવી પહોંચ્યો. રત્નસારે પોતાનો માલ વહાણુમાં ભર્યો. તે ઉપરાંત બીજા પણુ અનેક વ્યાપારીઓ પોતપોતાના માલ અને પરિવાર સાથે એ વહાણુમાં ચઢયા. વહાણુને ઉપડવાનું મુહૂર્ત આવી પહોંચ્યું. તે સમયે વહાણુ માલ અને માણુસોથી ચિકાર ભરેલું હતું. ઘણા વ્યાપારીઓના આવાગમનથી ભાડાનો સારો તડાકો પડવાથી રત્નસાર વ્યવહારીયો મનમાં મલકાયો, શુભમુહૂર્તે અને શુભશકુને વહાણુ સમુદ્રને માર્ગે રસ્તો કાપવા લાગ્યું. કિનારે ઉભેલાં સગાં, સ્નેહી, સંબંધીજનોએ જ્યાં સુધી વહાણુ દેખાયું ત્યાં સુધી પોતાનાં સંબંધીજનોને જોયા કર્યું. જેમ જેમ વહાણુ દૂર જતું ગયું તેમ તેમ તે અદૃશ્ય થયું અને સગાંસ્નેહીઓ વિયોગથી અશ્રુ પાડતાં ત્યાંથી પોતપોતાને ઘેર ગયાં.

વહાણુ સમુદ્ર માર્ગે પોતાની ગતિ પ્રમાણે રસ્તો કાપતું હતું. પવન અનુકૂળ હતો. વાયુની શાંતિથી સમુદ્ર પણુ શાંત અને ગંભીર હતો જેથી મુશ્કેલી વગર વહાણુ સમુદ્રનો માર્ગ પસાર કરતું હતું. ખારવાઓ પણુ સમુદ્રની શાંતિનો લાભ લઇ અનુકૂળ સ્થળે-કિનારે પહોંચી જવાની ત્વરા કરી

રહ્યા હતા. જો કે તોફાનને સમયે બચાવનાં જેટલાં સાધનો રાખવાં જોઈએ તે બધાંય તૈયાર હતાં. વહાણના સુકાનીઓ વહાણ ચલાવવામાં નિપુણ હતા, તેમજ અવારનવાર એક બીજાની મદદ માટે ચાલાક માણસો પણ સહાય કરવાને તૈયાર હતા. મુશ્કેલીના સમયે કેમ અને કેવી રીતે વર્તવું એ વસ્તુ-સ્થિતના જાણકાર ખારવાઓ નિર્ભયપણે એ મોટા વહાણને હંકારે જતા હતા. કેટલાક દિવસ પસાર થયા ને વહાણ મધ્ય સાગરમાં આવ્યું. ત્યાંથી એના સુકાનીઓએ પવનની અનુકુળતા મેળવી કિનારા તરફ વાળ્યું.

અનુકૂળ પવન અને સમુદ્રની સૌમ્યતાથી વહાણ સપાટાબંધ રસ્તો કાપતું હોવાથી સર્વ કોઇ આનંદમાં હતા. અનેક પ્રકારના વિચારોમાં વ્યાપારીઓ મશગુલ હતા. રત્નસાર સાર્થપતિ જુદા જ વિચારમાં હતો ભાડાની એને આવક સારી થવાથી ખર્ચ તો મજરે વસુલ થઇ ગયો હતો; છતાં અંદર માલ ભરેલો હતો એના ક્રયવિક્રયથી જે લાભ થાય તે વધારામાં હતો. દરેક જણ એવા સુંદર દ્રવ્યપ્રાપ્તિના સ્વપ્નમાં હતા ત્યારે કુદરત કંઇ જુદા જ વિચારમાં હતી. વહાણ સપાટાબંધ રસ્તો કાપતું કિનારા તરફ ધસી આવતું હતું. થોડાએક દિવસમાં તે કિનારા નજીક આવી પહોંચ્યું. વહાણમાં બેઠેલા મનુષ્યોને દૂરથી કિનારો દેખાવા લાગ્યો, એમના જીવમાં જીવ આવ્યો. આનંદ આનંદ થયો. બસ હવે તો કિનારે આવી પહોંચ્યા "જુઓ! જુઓ! પેલા પર્વતો કેવા રળીયામણા જણાય છે!" માણસો એકબીજાને કહેવા લાગ્યા.

કિનારે પહોંચવાની આશામાં ઉત્સાહવંત થયેલા એ મનુષ્યોની આશા ક્ષણુમાત્રમાં ધૂળમાં મળી ગઇ. અગ્નિદિશા તરફથી અચાનક વંટોળીયો ઉત્પન્ન થયો, એ ભયંકર વાવાઝોડાથી સમુદ્ર ખળભળવા લાગ્યો, પાણીનાં મોજાં આકાશ પર્યંત ઉછળવા લાગ્યાં. વંટોળીયો પણુ અધિક અધિક પોતાની ગતિમાં વધારો કરતો ગયો યોગીની કંથાની જેમ ચારે દિશા તરફથી ચઢી આવેલા વાદળના સમૂહે આકાશને ઢાંકી દીધું ને વરસાદ પણુ મુશળધાર વરસવા લાગ્યો. સમુદ્રે આવી સ્થિતિમાં પોતાની ઉદારતા છોડી દીધી ને તે ભયંકર ગર્જના કરતો આકાશમાં ઉછળવા લાગ્યો. ધીરે ધીરે એ તોફાન વૃદ્ધિ પામતું ગયું. સ્થિતિ ભયંકર થવાથી વહાણુમાં બેઠેલા નાવિકો પણુ ગભરાયા, અંદર બેઠેલા માણુસો અને વ્યાપારીયો ભયભ્રાંત થયેલા જીવવાની આશા પણુ એમણે છોડી દીધી. જીવનની આશાએ કેટલાક ભીરૂજનો કલ્પાંત કરવા લાગ્યા, કેટલાક ગભરાયેલા એબાકળા બનેલા ગાંડાની માફક આમતેમ જોવા લાગ્યા. વહાણુ તો ત્યાં સ્થિર થયેલું ને સમુદ્રના તોફાનથી ઉચું નીચું થવા લાગ્યું. નિપુણુ નાવિકો વહાણુ ચલાવવાને બદલે હમણાં તો તેને ડોલાયમાન થતું અટકાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. આ ભયંકર આફતથી તેમણે પણુ કુદરતને ભરોંસે જીવનને છોડયું હતું.

ક્ષણુમાત્રમાં આ પ્રમાણે પરિવર્તન જોઇ વહાણુપતિ વિચારમાં પડ્યો કેટલાય માણુસોના કલ્પાંતથી એના દયાળુ હૃદયમાં દયા ઉત્પન્ન થઇ. કોઇ રીતે વહાણુની સલામતી માટે

તે નાવિકની પાસે આવ્યો. "જેમ બને તેમ વહાણને કિનારે ઝટ પહોંચાડી દ્યો ?" વહાણપતિ રત્નસારે કહ્યું.

"અહીંથી ચાલવાની તો વાત કરતા નથી ને કિનારે પહોંચવાની વાત કરો છો. અત્યારે તો અહીંથી આગળ ચાલવાને પણ અમે સમર્થ નથી. શેઠજી ?" નાવિકોએ કહ્યું.

"શામાટે ચાલતું નથી ? નહિ ચાલે તો ઘણા લોકો ગભરાઇને મરી જશે માણસો બધા હેબતાઇ ગયાં છે." રત્નસારે કહ્યું.

"અમે તો ચલાવવાને ઘણોય પ્રયત્ન કરીએ છીએ, પણ જાણે કોઇએ પકડી રાખ્યું હોય તેમ અહીંથી રતિભાર ખસતું નથી." ખલાસીઓએ કારણ કહી સંભળાવ્યું.

"વહાણ નહિ ચાલવામાં ખાસ કારણ તમને શું લાગે છે વારૂ ?"

"એક તો કુદરતની પ્રતિકૂળતા તેમજ બીજું મુદ્દાનું કારણ માણસો ઘણાં બેસવાથી વહાણ ઘણું ભારે થઇ ગયું છે. જેથી અમે લાચાર છીએ."

"ત્યારે હવે બીજો ઉપાય ?"

"અમારી બુદ્ધિ પ્રમાણે નાવને બચાવવાનો અમે પ્રયાસ કરીશું, પછી તો ભાવીભાવ. આ વંટોળીયો સમે નહિ અને સમુદ્રનાં તોફાન શાંત થાય નહિ તો આપણે બધા આ સમુદ્રમાં ગરક થઇ જવાના. બીજો શું ઉપાય !"

" એવાં નિરાશવચનો શા માટે બોલે છે? તારાં વચનો જો કોઇ સાંભળશે તો કાચી હિંમતવાળાનાં જીગર તૂટી જશે. તું તારો બનતો પ્રયત્ન કર ? "

" તે તો હું કરીશ જ ? અંદર ભાર વધારે છે તેથી લાચાર છું, તે છતાં હું ઉપાયકરીશ, મહેનત મારી છે. ભાગ્ય સર્વનાં છે. પછી તો જેવી દૈવની મરજી."

નાવિકના નિરાશભર્યા સમાચાર સાંભળી રત્નસાર વ્યવહારીયો દિલગીર થયો. તે તોફાન જોવાને વહાણના કિનારા તરફ આવ્યો. એના વદન ઉપર શોક–દિલગીરી હતી. એના પગ ભાંગી ગયા હતા. ચાલવાની શકિત મુદ્દલે એનામાં નહોતી, મંદમંદ ડગલાં ભરતો અનેક વિચાર કરતો તે વહાણને કાંઠે આવી સમુદ્રનું તોફાન જોવા લાગ્યો. એક તરફ ખલાસીઓ વહાણને સ્થિર કરવા અનેક પ્રયત્ન કરી રહ્યા હતા, વહાણમાં રહેલાં માણસો જીવવાની આશાએ કલ્પાંત કરતાં બ્હાવરાં બની ગયાં હતાં. બીજી તરફ સમુદ્રનાં તોફાન તો વધ્યે જતાં હતાં, દર પળે વહાણની સ્થિતિ ગંભીર બનતી હતી. વહાણવટી ઉપર એની જોખમદારી એથી વધ્યે જતી હતી, આવી ભયંકર સ્થિતિ નિહાળી પોતે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. " મને ધિક્કાર છે કે આ સર્વેના મૃત્યુનું કારણ હું થયો, જગત્માં હું નિષ્પુણ્ય અને નિર્ભાગી છું. લોભી અને દ્રવ્યના લાલચુ પુરૂષોમાં હું મુખ્ય છું કે દ્રવ્યના લોભથી મેં ઘણા માણસોને વહાણમાં બેસાડ્યા. હવે શું થાય, આ

વંટોળીયો જીવનહારી છે. મેઘ પણ મરણને નજીક કરનારો વંટોળીયાનો સહાયક છે. એક જ વસ્તુ અનર્થને કરનારી છે છતાં આ તો બન્ને ભેગી થઇ ત્યારે જીવીતની આશા હવે કયાંથી જ રાખવી ?

આ તો મોટું સંકટ પ્રાપ્ત થયું. અત્યારે તો ચારેકોર અંધકાર અંધકાર દેખાય છે. ક્ષણ પહેલાં મનુષ્યોના હૃદયમાં ઉછળતો આનંદ કેવો નષ્ટ થઇ થયો ! આ બધાંનું કલ્પાંત નિર્માલ્ય થઈને હું જોયા કરૂં તો મારા જીવિતને ધિક્કાર છે. માટે આ વહાણ ડૂબે નહિં અને લોકો નાશ પામે નહિ તે પહેલાં હું જ આ ક્રોધાંધ અને તોફાની સમુદ્રને મારો ભોગ આપી દઉં તો શું ખોટું ?"

વહાણપતિ વિચાર કરતો કરતો વહાણના પ્રાંતભાગ ઉપર આવ્યો. અત્યારે સમુદ્રની ભયંકર સ્થિતિ વજ્રસમા હૃદયવાળા પુરૂષનું હૈયું પણ હચમચાવે તેવી હતી. સમુદ્રનાં એ ઉછળતાં મોજાંથી ખલાસીઓના પ્રયત્નો છતાં વહાણ તો ડુબું ડુબું થઇ રહ્યું હતું. આર્ત્તધ્યાનમાં પડેલા કાચા હૃદયના લોકો સમુદ્રના તોફાનથી ભય પામ્યા છતા કલ્પાંત કરી રહ્યા હતા. આવે સમયે કલ્પાંત કરે શું વળે તેમ હતું. "ભાઇઓ ! અંત સમયે કલ્પાંત કરવા કરતાં પ્રભુનું સ્મરણ કરો." નમસ્કારમંત્રનું સ્મરણ કરતો વહાણપતિ સમુદ્રમાં ઝંપાપાત કરવાને ઉદ્યુકત થયો.

# પ્રકરણ ૨૬ મું.

---

## શ્રી પાર્શ્વનાથ.

રત્નસાર વહાણવટી વહાણનો નાશ થતાં અનેક માણસોના નાશનું કલંક પોતાને માથે આવે તે પહેલાં પોતાના જીવિતનો નાશ કરવાને જેવો પડવા જાય છે ત્યાં તો “ ખબરદાર!” આકાશમાંથી થતો દિવ્ય શબ્દ તેને કાને પડ્યો. આ શબ્દથી વ્યવહારીયો ચમક્યો. કોણ બોલ્યું ? ” એણે ચારે તરફ જોવા માંડયું, પણ કોઇ નજરે પડયું નહિ, તેમજ મૃત્યુની ચિંતામાં પડેલા મનુષ્યનો પણ એ શબ્દ નહોતો. “ કાંઇ નહિ, ખાલી ભણકારા એ તો ? ” એણે બીજી વખત ઝંપલાવવાની તૈયારી કરી.

એ ઝંપલાવે તે પહેલાં એણે દિવ્યવચનો સાંભળ્યાં: “ સબુર, હે સાહસિક ! ઝંપાપાત કરીશ નહિ, તારી આવી સ્થિતિ તો મેં જ કરેલી છે. ”

“ તમે કોણ છો ? ને આવી સ્થિતિ કરવાનું કારણ ? ” રત્નસાર વ્યવહારીયો અદૃશ્યવાણી સમજી જવાબમાં બોલ્યો.

“ હું પદ્માવતી નામે દેવી છું. ”

“ પદ્માવતી ! તમે તો જૈનધર્મનું રક્ષણ કરનારાં છો, જાતે દયાળુ અને અહિંસાધર્મમાં પ્રીતિવાળા છતાં વિનાકારણે

અમને બધાંને મૃત્યુના મુખમાં શા માટે ખેંચી જાઓ છો ? જુઓ, જીવિતની આશાએ હજારો માણસો મારા વહાણમાં કલ્પાંત કરી રહ્યાં છે–ત્રાસ પામી રહ્યાં છે. ”

“ છતાં હે સાહસિક ! ખાસ અમુક કારણને અંગે આ બધું તોફાન મારે વિકુર્વું પડયું છે, તેથી નિરૂપાય છું. ”

“ પણ માતાજી ! કૃપા કરી ચાહે તો કારણ કહો, અથવા તો આ તોફાન શાંત કરો કે જેથી માણસોના મનમાં જીવ આવે–તેઓ નચિંત થાય. ”

“ વત્સ ! ઉતાવળો ન થા ? તારા માણસોમાં કોઇના જીવિતની હાનિ તો નહિ જ થાય; હા, જરા ગભરાટ થાય તો ભલે થાય, પણ આ તોફાન હવે અલ્પ સમયમાં શાંત થઇ જશે. જો ધીરે ધીરે તોફાન હવે શાંત થતું જાય છે તે ?”

“ આપની કૃપાએ, પણ કયા કારણને અંગે આપશ્રીને આવી લીલા કરવી પડી હતી તે આપ જણાવો ? ”

“ સાંભળ ? જે સ્થળે તારૂં વહાણ થંભ્યું છે તેનું કારણ ભાવી તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાના પ્રભાવથી તારૂં વહાણ થંભ્યું છે, ત્યાં નીચે સમુદ્રમાં તે પ્રતિમા છે તેને તારા નાવિકોને ઉતારી તું બહાર કઢાવ ? ”

“ અહા ! ધન્યભાગ્ય મારાં, કે મારે હાથે આવું અનુપમ મહાન કાર્ય થાય છે. ” વ્યવહારીયો હર્ષિત થયો.

"એ પ્રતિમાને લીધે તારૂં વહાણ થંભ્યું છે. તારા નાવિકોને ઉતારીશ તો કલ્પવૃક્ષના પાટીયાના સંપુટમાં એ ભગવાનની મૂર્ત્તિ છે. મહાન્ પ્રાભાવિક એ પ્રતિમા છે. પૂર્વે એક લાખ વર્ષ ધરણેંદ્રે પૂજી હતી તે પછી છસો વર્ષ કુબેરે પૂજી, ભક્તિવાળા વરૂણદેવતાએ પોતાના ભુવનમાં લઈ જઇ સાત લાખ વર્ષ સુધી પૂજી હતી, આવી મહા પ્રભાવીક-પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને તું બહાર કઢાવ."

"અહા ! ખચીત મારા કોઇ પૂર્વના શુભ ભાગ્યને યોગે જ તે અહીં આવ્યા છે. એમના દર્શનથી મારાં પાપ નાશ થશે, મારૂં જીવિત સફળ થશે."

"એ તો ઠીક, પણ એ પ્રતિમા અત્યારે તો ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલા અજયરાજાના ભાગ્યથી અહીં આવેલાં છે. એકસોને સાતેરોગોથી એ વ્યાપ્ત થયેલો અનેક વરસથી એની પીડાઓને સહન કરી રહ્યો છે. એ રોગોને નાશ કરવામાં અનેક દવાઓ, અનેક ઉપચારો તેમજ અનેક દૈવિક પ્રયત્નો એના નિષ્ફળ ગયા છે; દુષ્ટ રોગોની પીડાથી દુ:ખી છતાં સર્વ દિશાઓના રાજા મહારાજાઓને જીતતો જીતતો એ ઇક્ષ્વાકુ રાજા હાલ દિગ્વિજય કરી દ્વીપપત્તન (દીવ) માં છાવણી નાખીને પડેલો છે. તું કિનારે ઉતરી એ ઇક્ષ્વાકુરાજાને આ પ્રતિમા આપજે. આ પ્રાભાવિક પ્રતિમાનું દર્શન કરતાં રાજાના એકસોને સાતે રોગો નાશ પામી જશે." પદ્માવતીએ અદૃશ્ય-પણે સ્પષ્ટતાથી કહી સંભળાવ્યું.

"માતાજી! આવી પ્રાભાવિક પ્રતિમા છતાં લાભ તો એક જ ઇક્ષ્વાકુરાજાને થશે ને? કે બીજાઓને પણ એનો લાભ મળશે?"

"બીજાઓને પણ ભાવીકાળમાં અનેક લાભો થશે. અજયરાજા ત્યાં નગર સ્થાપન કરી મોટું વિશાળ મંદિર બંધાવી એ પ્રતિમા ત્યાં મોટા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠિત કરશે. એ નગરનું નામ અજયપુરનગર થશે, તેમજ આ પ્રતિમા પણ અજાહરા પાર્શ્વનાથને નામે ઓળખાશે. ભાવીકાળમાં જે જે મનુષ્યો આ પાર્શ્વનાથ ભગવાનની સેવાભકિત કરશે, તેમની જે જે મનોવાંચ્છાઓ હશે તે સફળ થશે, ભકિત કરનારને ભકિતનું ફળ તેમની ભાવના પ્રમાણે મળશે જેથી દુઃખીયા જીવો ઉપર આ પ્રતિમા ઘણો ઉપકાર કરનારી થશે."

"આપનું કથન હું માથે ચડાવું છું. આપના કથન અનુસારે હું આ પ્રભુને અજયપાલરાજાને અર્પણ કરીશ."

"અસ્તુ! એ પ્રતિમાની પાસે રહેનારી અને એની ભકિત કરનારનાં મનોવાંચ્છિત પૂરનારી હું પદ્માવતી નામે દેવી છું. જો કે એની ભકિત કરતાં પ્રાણીઓને સ્વાભાવિક રીતેજ ઇચ્છિત મળે છે, એવી એ મોટા પ્રભાવવાળી છે. હું તો ફકત એક નિમિત્તરૂપ છું તેમજ ભાવીકાળમાં-પંચમકાળમાં પણ ભકિતથી એની સેવાભકિત કરનારા દુઃખી નહિ રહે, જેથી એમની ભાવના હશે તે પ્રમાણે એનું ફળ ભકતજનોને મળ્યા કરશે." એ કથનની સાથે જ અદૃશ્યવાણી બંધ થઇ ગઇ.

હૃદયમાં ભકિતભાવથી ભરેલા રત્નસારે તરતજ નાવિકોને સમુદ્રમાં ઉતાર્યા. એ પ્રતિમા હાથ લાગતાં જ જેમ ધર્મને પ્રાપ્ત કરીને જીવ સ્વર્ગલોકની પાસે આવે તેમ નાવની પાસે આવ્યા. વ્યવહારીયાએ એ કલ્પવૃક્ષના સંપુટને તરત જ નાવમાં લઇ લીધો. ભગવાન વહાણમાં આવ્યા એટલે નાવની અટકેલી ગતિ હવે ચાલે તેવી થઈ ગઇ ને વહાણ આગળ ચાલવા લાગ્યું.

અલ્પસમયમાં પેલું અંધકારમય મુશળધાર વર્ષા વરસાવતું મેઘપટલ દૂર થઇ ગયું. તેમજ દુર્જનની મૈત્રીની જેમ વંટોળીયો પણ અદૃશ્ય થઇ ગયો; એ બન્ને કારણો નષ્ટ થતાં સમુદ્રનું તોફાન પણ શાંત થઇ ગયું. જે તોફાનથી મનુષ્યો આકુળવ્યાકુળ થયેલા જીવવાની આશા છોડી કલ્પાંત કરી રહ્યા હતા તે સર્વે જાણે ફરીને નવજીવન પામ્યા હોય તેમ પરમ પ્રસન્નતાને પામીને એક બીજાના કુશળ વર્ત્તમાન પૂછવા લાગ્યા. કલ્પવૃક્ષના સંપુટને સાચવતા, બહુમાનપૂર્વક એની ભકિત કરતા તેઓ કિનારે પહોંચવાની રાહ જોવા લાગ્યા. સમુદ્ર શાંતિમાં હોવાથી તેમજ ગતિને અનુકૂળ થઇ પડે તેવો પવન હોવાથી વહાણ દ્વીપપત્તન આવી પહોંચ્યું. વહાણ કિનારે આવ્યું એટલે નાવિકોએ લંગર નાંખ્યું. વહાણપતિએ એક ચતુર માણસને વધામણી આપવાને રાજાની પાસે મોકલ્યો.

કોઇ દિવસ નહિ સાંભળેલા એવા આ કર્ણપ્રિય સમાચાર સાંભળી મહારાજ અનરણ્યરાજાએ એ સમાચાર

આપનારને અનેક પ્રકારનાં દાન આપી એનું દારિદ્રય દૂર કરી નાખ્યું. આનંદથી જેનાં શરીરનાં રોમરાય વિકસ્વર થયાં છે તેમજ નેત્રો પ્રફુલ્લિત થયાં છે એવો રાજા પ્રભુનાં દર્શન કરવાને આતુર થયેલો તત્કાળ સામે આવ્યો, એની પછ-વાડે અનંતરથ તેમજ બીજા પણ રાજાઓ અને સરદારો વિગેરે આવ્યા.

સમુદ્રતટે આવેલા અજયપાલરાજાએ વહાણમાંથી એ પ્રતિમાના સંપુટને કિનારે ઉતાર્યો. તે સમયે ત્યાં સમુદ્રતટે અનેક પ્રકારનાં વાજીંત્ર વાગવા લાગ્યાં. આ પ્રતિમાના સમાચાર ફેલાતાં આખું દીવનગર સમુદ્ર તરફ આવ્યું હતું. વાજતે ગાજતે પ્રભુને નગરમાં લઇ જવા માટે વાજીંત્રોની પણ ગોઠવણુ કરી હતી. જેથી ભગવાન કિનારે ઉતર્યા એટલે અનેક પ્રકારનાં રાગરાગણીથી વાજીંત્રો વાગવા લાગ્યાં, લોકો અને સુભટો વગેરે નૃત્ય કરવા લાગ્યા, કોઇ ગાયન કરતા પોતાનો હર્ષ જણાવવા લાગ્યા, સૌભાગ્યવંતી સ્ત્રીઓ મંગલગીતો ગાવા લાગી, ભાટચારણો બિરૂદાવલી બોલવા લાગ્યા. તેમને રાજાએ અનેક પ્રકારે દાન આપવા માંડ્યાં. તેમજ દીન, હીન, દુઃખી અને રંકજનોને પણ રાજાએ મુક્તહાથે દાન આપી એમને સંતોષવાનો હુકમ કર્યો.

રાજાઓનાં કાર્ય તો વચનમાત્રથી સિદ્ધ થાય છે. રાજાના હુકમથી સમુદ્રના તટથી તે નગર પર્યંત રસ્તાને તોરણો અને ધ્વજાઓથી સુશોભિત કરવામાં આવ્યો. કપૂર અને અગર

આદિ સુગંધિત દ્રવ્યોથી રસ્તો સુવાસિત કરી દીધો. નગરને પણ ધ્વજા તોરણથી શણગારવામાં આવ્યું. એવા સુશોભિત રસ્તામાં આગળ વાજિંત્રો વાગી રહ્યાં છે, પાછળ સૌભાગ્યવંતી સ્ત્રીઓ મંગલ ગીતો ગાઈ રહી છે એવા મહોત્સવપૂર્વક પ્રતિમના સાંપુટને નગરમાં પ્રવેશ કરાવ્યો.

પોતાના આવાસમાં આવી રમણીય સિંહાસન ઉપર પ્રતિમાના સંપુટને મૂકી, ભક્તિથી એ સંપુટની પૂજા કરી રાજાએ એ સંપુટને ઉઘાડ્યો તો મસ્તકે શેષનાગની ફણા રહેલી છે એવી પ્રાભાવિક શ્રી પાર્શ્વનાથની પ્રતિમાનાં રાજાને દર્શન થયાં. ફણા ઉપર રહેલાં મણિરત્નોથી અંધકારનો સમૂહ નાશ થતો હતો, મસ્તકપર ત્રણ છત્રો શોભી રહ્યાં હતાં, પદ્માસને બેઠેલા તે પ્રભુની બન્ને બાજુએ ચામર લઈને બે પ્રતિમાઓ રહેલી હતી. કૃત્રિમ અને સ્વાભાવિક વિઘ્નોનો નાશ કરે એવી એ પ્રતિમાના ઉરૂમાં શ્રીવત્સનું લાંછન હતું. કલ્પવૃક્ષના પુષ્પોની સુગંધિથી પ્રભુનાં દર્શન થતાં જ સર્વત્ર સુવાસના પ્રસરી રહી હતી. એ પ્રભુનાં દર્શન થતાં જ હર્ષથી રોમાંચિત રોમરાયવાળો રાજા પંચાંગવડે પૃથ્વીને સ્પર્શ કરતો પ્રભુને નમસ્કાર કરવા લાગ્યો. શરીરમાં આનંદસુધાનું પૂર પ્રસરતાં તેનો રોગરૂપી સર્પ દૂર થઇ ગયો.

# પ્રકરણ ૨૭ મું.

## સ્વપ્નામાં.

રાજાના શરીરમાંથી પ્રભુનાં દર્શન થતાં અલ્પ સમયમાં જ રોગો નાશ થવા લાગ્યા ને શરીરમાં ફારફેર થવા લાગ્યો. આજસુધી અસહ્ય પીડાઓ રાજાને સહન કરવી પડતી હતી તે ધીરે ધીરે હવે ઓછી થતી ગઇ. પીડાઓ શાંત થઇ, વ્યાધિ પણ શાંત થઇ ગયો. પ્રભુના દર્શનથી રાજાના શરીરમાં અચાનક આ પ્રમાણે પરિવર્ત્તન થયેલું જોઇ સર્વે લોકો પ્રભુ ઉપર એકનિષ્ઠ ભકિતવાળા થયા. કોઇ આલોકના સ્વાર્થની ખાતર, કોઇ પરલોકના સ્વાર્થ સારૂ એ ત્રૈલોકયના નાથ ઉપર ભકિત ધરવા લાગ્યા. એ પ્રભુનું માહાત્મ્ય એટલામાં તો શું બલ્કે સારા આર્યાવર્ત્ત ઉપર પ્રસરી રહ્યું તેમજ અજયપાલ મહારાજના ભાગ્યની પ્રશંસા તો ચારેખુણે થવા લાગી. પ્રભુના નામની સાથે એ રાજાનું નામ જોડાઇને જયાં ત્યાં વાતો થવા લાગી. પોતાના જ ભાગ્યથી પ્રગટ થયેલા એ પ્રભુને પોતાના પ્રાસાદમાં એક રમણીય જગ્યાએ સ્થાપન કરી રાજા પૂજન કરવા લાગ્યો અનેક દવાઓના ઉપચારો કરવાથી તેમજ દૈવિશકિતઓ પણ તે રોગો દૂર કરવાને શકિત ધરાવતી નહોતી એવા અસહ્ય એકસોને સાતે રોગો જે પ્રભુના ફકત દર્શનમાત્રથી લય

પામી ગયા, એવા પ્રભુના ઉપકારને પ્રત્યક્ષ જોનારા પુરૂષની ભક્તિમાં તે શી ખામી હોય ?

ત્વરિતગતિએ રોગો નિર્મૂળ થવાથી પ્રસન્નચિત્તવાળો રાજા પ્રભુના દર્શથી પોતાને ભાગ્યશાળી માનતો પ્રભુના માહાત્મ્યની મનમાં પ્રશંસા કરી રહ્યો હતો. " ઓહો ! શું પ્રભુનું માહાત્મ્ય ! લોકો કહે છે કે-' એ તો વીતરાગ છે, પ્રસન્ન થવાથી કાંઇ આપી શકતા નથી. અરે પ્રસન્ન પણ થતા નથી તો આપવાની તે વાત જ શી ! તેમજ જેઓ ક્રોધિત પણ થતા નથી. એવા વીતરાગની સેવા શું ફળ આપી શકે.' પણ ખચીત લોકો મૂર્ખ છે. મોટાઓના માહાત્મ્યની અલ્પજ્ઞ જનોને શી ખબર હોય ? એ બિચારા તો જાડીબુદ્ધિના હોવાથી એ બુદ્ધિમાં મપાય તેટલો જ વિચાર કરી શકે. એમને ક્યાં ખબર છે કે રાગીદ્વેષી દેવો જે કરી શકતા નથી-આપી શકતા નથી તે માત્ર વીતરાગના દર્શનમાત્રથી મળે છે, કેમકે રાજાઓના હુકમમાં જ કાર્યસિદ્ધિ રહેલી છે, દેવતાઓના વચનમાં કાર્યસિદ્ધિ રહેલી છે જ્યારે સર્વથી ઉચ્ચ કક્ષામાં રહેલા તીર્થંકર ભગવંતોના દર્શનમાં જ કાર્યસિદ્ધિ રહેલી છે. મને તો એનો પ્રત્યક્ષ અનુભવ થયો, પૂર્વે પણ દીક્ષા લીધા પછી વિહાર કરી રહેલા રૂષભદેવની સેવા કરતા નમિ-વિનમિને દર્શન માત્રથી જ વિદ્યાધરોનું ઐશ્વર્ય ને આધિપત્યપણું મળ્યું હતું. પોતે વીતરાગ છતાં પ્રાણીઓને એમનાથી જે મળી શકે છે તેવું કોઇનાથી મળી શકતું નથી. એમની સેવા-ભક્તિ કરતાં મોક્ષની લક્ષ્મી મળે તો આ સંસારની સમૃદ્ધિ તો શું માત્ર છે ?

લાંબાકાળે પોતાના શરીરમાં આજે પરિવર્ત્તન થવાથી એનો હર્ષ અનુપમ હતો, પ્રભુ નગરમાં આવ્યા અને પોતાના શરીરમાંથી રોગો અદૃશ્ય થયા જેથી ભગવંતની ભકિત નિમિત્તે આઠ દિવસનો મોટો મહોત્સવ મહારાજે શરૂ કર્યો. તેમજ રંક-અનાથજનોને દાન આપીને ખુશી કર્યા. સર્વત્ર જયજયકાર વર્ત્તાઇ ગયો. જો કે પ્રભુ તો રાજાનો મહાન્ ઉપકાર કરનારા હતા; છતાં એ ઉપકાર કરવામાં,-એ રોગોને દૂર કરવામાં રત્નસાર વ્યવહારીઓ પણ નિમિત્તકારણ હોવાથી રાજા એને પોતાના અનુજબંધુની માફક જોવા લાગ્યો.

એ ઉપકારના બદલામાં મહારાજ એને જેટલું આપે તેટલું ઓછું જ હતું; છતાં મહારાજે એને અઢળક દ્રવ્ય આપ્યું અને બંધુની જેમ પોતાની સાથે રાખ્યો.

મહારાજ રાત્રીના નિરાંતે પલંગ ઉપર સુતેલા હતા. સુખથી, આરામથી અને શાંતિથી તેઓ અત્યારે નિંદ્રાદેવીની ઉપાસના કરી રહ્યા હતા. મીઠી નિંદ્રામાં પડેલા મહારાજને એક અપૂર્વ સ્વપ્નું આવ્યું; એ સ્વપ્નામાં કોઇ દિવસ નહિ જોએલું દૃશ્ય જોયું. એકસોને સાતે રોગો સ્વપ્નામાં રાજાએ પ્રત્યક્ષ પોતાની સામે ઉભેલા દીઠા. “ રાજન્ ! ઓળખો છો ને ? ”

“ તમારા જેવા જુના-પુરાણા દોસ્તોને શું એટલી જ વારમાં ભૂલી જઇએ ! ”

“ હા, તમારા દોસ્તો તો ખરા, પણ હવે અમે તમારી દોસ્તી કરવાને શકિતવાન્ નથી. ”

" ત્યારે શું તમે હવે જવાના કે ? "

" ન જઇએ તો શું કરીયે, બીજા કોઇ નર કે દેવની તો અમોને તમારી પાસેથી દૂર કરવાની શકિત નથી, પણ જે ત્રૈલોકયના નાથ છે, એની આગળ તો અમે પણ લાચાર છીએ."

" જગતમાં જો એક શકિતની સામે પ્રતિરોધ કરનારી શકિતઓ ન હોત તો જગતનો વ્યવહાર ચાલી જ કેમ શકત ? જ્યારે રોગો નિર્માણ થાય છે તો પછી એ રોગોનો ઉપાય પણ કેમ ન હોય ? "

" અને તેથી જ આજે તમે ફાવ્યા છો, રાજન્ ! આ ભવમાં અમે તમને ઘણું દુઃખ દીધું છે તો ક્ષમા કરજો ? "

" પણ એ તો કહો ભલા કે, એવા અમારા કયા કર્મે તમારાં પનોતા પગલાં થયાં હતાં ? "

" રાજન્ ! કોઇ પણ પ્રકારના દુષ્કૃત વગર તો અમારાથી અવાય જ કેમ ? પૂર્વે જે પ્રાણીએ જેવા પ્રકારનાં કર્મ કર્યાં હોય તે પ્રમાણમાં અમે રોગપણે એને વળગીયે છીએ. તમે જ કહો આમંત્રણ આવ્યા પછી અમે શા માટે એને ત્યાં ન જઇએ ? "

" જાઓ, જાઓ; બાળક, મૂર્ખ મનુષ્ય હાથે કરીને જ ઝેર ખાય તો એણે મરવું જોઇએ, જાણીજોઇને પાપકર્મ કરે તો એની શિક્ષા એને અવશ્ય ભોગવવી જોઇએ. "

" અને એવી જ એક ભયંકર ભુલ તમે ઇરાદાપૂર્વક

કરી હતી. એ ભુલ કરીને આપે અમને નિમંત્ર્યા હતા. આપે નિમંત્ર્યા એટલે આપનાથી અમે બંધાઇ ગયેલા હોવાથી માત્ર સમયની રાહ જોતા હતા. એમાં અમારો શું દોષ ? "

" એવી કઇ મૂર્ખાઇ મારાથી થઇ ગઇ હતી કે જેને પરિણામે તમારા જેવા અણગમતાઓને મારે લાંબા કાળપર્યંત દોસ્તદારો બનાવવા પડયા વારૂ ? "

" રાજન્ ! તમે પૂર્વભવમાં મુનિને દુભવ્યા હતા. તમે એમની કદર્થના કરી હતી, નિંદા કરી હતી. તમે વિનાકારણે એમને દુઃખી કર્યા હતા. એ દુષ્કર્મ કરવાવડે અમારે તેનું ફળ આપવાને આ સમયે આવવું પડયું છે. સર્વ પાપ કરતાં મુનિજનને દુભવવાનું પાપ અધિક છે. સંસારનો ત્યાગ કરી ધર્મધ્યાનમાં લીન રહેનારા મુનિઓને જોઇ આપણે તેમના જેવા માર્ગે વળવાનો પ્રયત્ન કરવો, ન બને તો એમની અનુમોદના કરવી, પણ એવા ધર્મમાં પ્રવર્ત્તનારની નિંદા કરી એની અવહેલના કરી એમને દુભવવા, એનાથી અધિક પાપ બીજું કયું હોઇ શકે વારૂ ? "

" એ ભૂલનું ફળ મેં બરાબર ભોગવ્યું." રાજાએ કહ્યું.

" હજી ભોગવવાનું બાકી રહ્યું છે; છતાં પાર્શ્વનાથ ભગવાનના દર્શનથી અમે તમારા અંગમાંથી દૂર થયા છીએ. "

"શું ત્યારે હજી ભોગવવાનું મારે બાકી છે કે ? "

" હા, અદ્યાપિ છમાસ પર્યંત ભોગવવાનું તે દુષ્કર્મ તમારે બાકી રહેલું છે. "

" ત્યારે તો વળી તમારી પાછી પધરામણી થશે. ખરૂં ?"

" તમે એક કામ કરજો. "

" અને તે કામ ? " રાજા એકદમ વચ્ચે બોલ્યો.

" આ નગરના પરામાં સૂર નામે પશુપાલક રહે છે તેને ત્યાં છાતી, પૂચ્છ અને મુખના ભાગમાં શ્વેતવર્ણવાળી એક બકરી છે. પૂર્વકર્મથી બંધાઇને અમે તેના શરીરમાં તેટલા કાળ પર્યંત રહેશું, માટે છ માસ સુધી તમે એ બકરીને તૃણાદિકનો ચારો આપજો તેમજ તમારા શરીરનું જળ ચંદન મિશ્રિત ઉદ્વર્ત્તન આપજો, તેનું પાન કરીને તે તૃપ્ત થશે. અમે પણ તેના શરીરમાં રહ્યાથકા તેનાથી અધિક પ્રસન્ન થઈશું."

" તમે જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે હું અવશ્ય કરીશ, તે સિવાય બીજું કાંઇ તમારે કહેવા જેવું છે ? "

" નહિ, છ માસ પછી તમે એ પાર્શ્વનાથ પ્રભુના પ્રભાવથી સુવર્ણના જેવી કાંતિવાળા થઇ બહુ કાળપર્યંત તમારા રાજ્યનું રક્ષણ કરશો. સુખી થશો. " એમ કહીને વ્યાધિઓ અંતર્ધ્યાન થઇ ગયા. એ વ્યાધિઓને હવે નિશ્ચિંતપણે નાશ થયેલા માની રાજા સ્વપ્નામાં સ્વસ્થ થયો, સ્વપ્નામાં પણ પ્રભુભકિતમાં શુદ્ધ પરિણામવાળો રાજા રોગોને અદૃશ્ય થતા જોઇ નવાઇ પામ્યો. " અહા ! પ્રભુનું શું માહાત્મ્ય, ત્રણ લોકમાં એનાથી અધિક મહત્વની કોઇ શકિત જ નથી. "

રોગો અદૃશ્ય થયાને પ્રાત:કાળનો સમય થવા આવ્યો હતો, પ્રભાતકાળનાં મંગળમય વાજીંત્ર વાગવા લાગ્યાં ને એ મનોહર રમણીય શબ્દ કાને પડતાં રાજા જાગૃત થયો, પેલું વિચિત્ર સ્વપ્નું યાદ આવતાં મનમાં ઘણો અજાયબ થયો. “ આહા ! શું સ્વપ્નું ! સાક્ષાત્ ઉભેલા એ ભયંકર આકૃતિવાળા રોગોને જોઇ કયો મનુષ્ય છળી ન જાય ? તો પછી શરીરમાં રહ્યા તો એ જીરવાય જ કેમ ? એવા એકસો ને સાતે રોગો છતાં, એની અસહ્ય પીડા છતાં, હું જીવતો રહ્યો તે કુદરતની જ મહેરબાની. આયુષ્યની દોરી બલવત્તર તેથી જ ! ”

પ્રાત:કાળે રાજાએ પોતાનું શરીર નિરોગી થયેલું જોયુ જેથી અધિક દાનવડે લોકોને આનંદતિ કર્યા. મોટો મહો-ત્સવ કર્યો. અધિકપણે પાર્શ્વનાથ પ્રભુનીભકિત કરવા લાગ્યો. “આહા ! શું પ્રભુનું મહાત્મ્ય છે, આવા પ્રભુનું દર્શન તો ભાગ્યયોગે જ પ્રાણીઓને મળી શકે છે. કોઇ પૂર્વના શુભકર્મના ઉદયથી આજે મને આ પ્રભુનું અપૂર્વ દર્શન થયું છે. પ્રભુ તો હજી ભાવીકાળમાં થવાના છે; છતાં એનું માહાત્મ્ય અને ઉપકારકપણું તો અપૂર્વ છે. આ મહદ્ ઉપ-કારી ભગવાનની મારે શી ભકિત કરવી–કેમ ભકિત કરવી ? ” રાજાની ભકિત એ રીતે વૃદ્ધિ પામતી હતી.

# પ્રકરણ ૨૮ મું.

## શ્રી અજાહરા પાર્શ્વનાથ.

એક મોટું નગર વસાવી મોટો પ્રાસાદ બંધાવી ભગવંતને તેમાં પ્રતિષ્ઠિત કરવા, એ ઇચ્છાથી અજયરાજે હોંશિયાર ગણાતા શિલ્પીઓને બોલાવી, અહીં નજીકમાં સારી ભૂમિને જોઇ નગર બાંધવાનો હુકમ કર્યો. શિલ્પીઓએ દીવનગરની સમીપમાં સારી ભૂમિકા જોઇ ત્યાં શુભ મુહૂર્તે નગરનું ખાતમુહૂર્ત્ત કર્યું. અનેક નાના મોટા મહેલ-પ્રાસાદો બંધાવ્યા, બજારને માટે લાઇનો દોરવામાં આવી. પોળો, ચૌટાં, ચોક, બજાર, બાગ-બગીચાઓ વગેરે પદ્ધત્તિસર કરવામાં આવ્યા. ધર્મશાળાઓ, કચેરીઓ, રાજ્યનાં મકાનો પણ બંધાવવામાં આવ્યાં હતાં. નગરની વચમાં એક મોટો વિશાળ સર્વથી ઉંચો અને રમણીય કાંતિવાળો પ્રાસાદ કરવામાં આવ્યો. કુવાઓ, વાવો વગેરે પાણીના સાધન પણ તૈયાર કરવામાં આવ્યાં હતાં. અનેક સગવડતાપૂર્વક આ નગરની રચના કરવામાં આવી હતી. શિલ્પીઓએ થોડા સમયમાં એ નગર તૈયાર કરી રાજાને બતાવ્યું. મહારાજ પણ પોતાના સામંતો, રાજાઓ સાથે એ નગર જોવાને પધાર્યા, નગરની રચના જોઇ મહારાજ પણ ખુશ થયા.

શુભમહૂર્ત્તે એ નગરમાં મહારાજના હાથથી જ વાસ્તુ

કરવામાં આવ્યું. ને લોકોને ત્યાં વસાવવા માંડયાં. થોડા સમયમાં આખી નગરી માણુસોથી ચિકાર થઇ ગઇ, પેલા ઉંચા ભવ્ય પ્રાસાદમાં પાર્શ્વનાથ પ્રભુને શુભ મુહૂર્ત્તે મોટા મહોત્સવપૂર્વક સ્થાપન કર્યા, આઠ દિવસ સુધી મોટો મહોત્સવ શરૂ થયો, નગરમાં આનંદ આનંદ છવાઇ રહ્યો, વ્યાપાર રોજગાર, આરંભ સમારંભ વગેરે રાજાએ બંધ કરાવી દીધા. આખું નગર એક સાથે જમણ કરતું હતું. લોકો આનંદમાં પોતાનો સમય વ્યતિત કરતા હતા. સંગીત કરનારા સંગીત કળાથી, વાદિંત્ર બજાવનારા વાજિંત્ર વગાડીને લોકોનાં મન લોભાવી રહ્યાં હતા. આઠે દિવસ એવા આનંદમાં આ લોકોના મન પસાર થયા હતાં. મહારાજે આ નવીન નગરીનું નામ અજયપૂર પાડયું. પોતાના નામ ઉપરથી જ આ નગરીનું નામ રાખવામાં આવ્યું હતું. તેવી જ રીતે ભગવાન પાર્શ્વનાથ પણ અજાહરા પાર્શ્વનાથને નામે ઓળખાયા, ભગવાનની પ્રતિસ્થાપના કરી મહારાજ અનરણ્ય રાજા ત્રિકાલ ભગવાનની પૂજા કરવા લાગ્યો. એ ભક્તિથી મનુષ્યજન્મ સફળ કરવા લાગ્યો.

સ્વપ્ન વૃતાંતને અનુસરીને રાજાએ પેલા પશુપાલક પાસેથી બકરીને પોતાને ત્યાં આણીને એને તૃણ ચારો આપવા લાગ્યો. તેમજ ચંદનાદિકથી મિશ્ર પોતાનું નવણ પણ પાવા લાગ્યો. છ માસ લગી એણે તે પ્રમાણે કર્યું. પ્રતિદિવસ અધિકાધિક ભકિતવડે તે ભગવાનની ભક્તિ કરતો અધિક નિર્મળ થયો. સુવર્ણ સમાન કાંતિવાળી એવી દેહ અધિક પ્રકાશવા લાગી.

રાજાએ ભક્તિ નિમિત્તે અજયપુરનગર દહેરાસરના નિર્વાહને અર્થે અર્પણ કર્યું. તેમજ બીજાં પણ દશ ગામ અનરણ્યરાજાએ આપ્યાં.

ગીરીદુર્ગનો વજ્રપાણિ અનરણ્ય રાજાના આગમનના સમાચાર સાંભળી દ્વીપપત્તન નગરમાં તેના ચરણમાં આવીને નમ્યો, એની અનેક રીતે સેવાભકિત કરવા લાગ્યો, નજરાણું ભેટ કરી રાજાએ મહારાજને પ્રસન્ન કર્યો.

નગર વસાવ્યા પછી ભકિત કરતાં કરતાં છ માસ જેટલો કાલાવધિ પસાર થઇ ગયો, અને રાજાની કાયા પણ નિર્મલ અને પૂર્વના કરતાં અધિક કાંતિવાળી થઇ, તે પછી વજ્રપાણિ રાજાએ મહારાજને ગિરનાર ઉપર ચઢીને નેમિ ભગવાનને નમસ્કાર કરવાની અને શત્રુંજય તીર્થની મહાયાત્રા કરવાની પ્રાર્થના કરી. તેને માટે આગ્રહ કર્યો.

જો કે અનરણ્ય રાજા શત્રુંજયની મહાયાત્રા કરીને દ્વીપપત્તન આવ્યા હતા છતાં ગિરિદુર્ગ રાજાના આગ્રહથી ગિરનારાદિક તીર્થની ફરીને યાત્રા કરવાનો વિચાર કર્યો. ત્યાં જવાને એક દિવસ નિર્માણ કર્યો.

તે અરસામાં કોઇ જ્ઞાનીમુનિ અજયપુરમાં પાર્શ્વનાથને વંદન કરવાને આવ્યા. ભકિતથી વંદન, સ્તવન ધ્યાનાદિક કૃત્યથી પરવારી જ્યારે તે સ્વસ્થ થયા ત્યારે રાજાદિકે પ્રણામ કરી વંદના કરી. જેથી મુનિ દેરાસરની બહાર આવી એક વિશાળ મંડપમાં ધર્મોપદેશ સંભળાવતા બેઠા.

ધર્મનું કેટલુંક સ્વરૂપ મહારાજે કહેતાં તીર્થંકરની ભકિતના માહાત્મ્યનું વર્ણન કર્યું. "તીર્થંકરની ભકિત પ્રાણીઓના સકળ મનોરથોને સિદ્ધ કરનારી છે. તીર્થંકરની ભકિત કરતાં પ્રાણીઓ સ્વર્ગાદિક પ્રાપ્ત કરે છે એટલું જ નહિ પણ મોક્ષ જેવી લક્ષ્મી પણ તીર્થંકરની ભકિત કરતાં જ પ્રાણીઓ મેળવી શકે છે. લોકો કહે છે કે–તીર્થંકરો પ્રસન્ન થઇ કંઇ આપતા નથી, પણ એ તીર્થંકરો તો ભકિત કરનારને પોતાનું તીર્થંકર જેવું પદ પણ આપી દે છે તો બીજી વસ્તુઓ કોણ માત્ર છે ? લેનારની તાકાત જોઇએ. લેનાર જો ગ્રહણ કરવાને શકિતવાન હોય તો આપનાર દાતાર તો એવા જ છે કે તે પોતાનું સર્વસ્વ આપી દે છે."

"પ્રભુ ! આ ભગવાનનું માહાત્મ્ય કેવું છે તે કહો ?" હાથ જોડી નમસ્કાર કરતાં રાજાએ પૂછયું.

"હે રાજન્ ! આ પ્રતિમાના પ્રભાવનું વર્ણન કરવાને મારી જીહ્વા સમર્થ નથી. ઇંદ્રના ગુરૂ બ્હસ્પતિ સરખા પણ સહસ્ર જીહ્વાએ એનો પ્રભાવ વર્ણવી શકે નહિ. એ તો તમારા કોઇ શુભ ભાગ્યયોગે જ આ સંજોગ બન્યો છે. એના પ્રભાવની તમને તો અનુભવસિદ્ધ વાત છે. જ્યાં અનુભવસિદ્ધ વાત હોય ત્યાં કયો પુરૂષ સંદેહ કરે વારૂ ? આ પાર્શ્વનાથના દર્શનમાત્રથી તમારા ચીરકાળથી પ્રરૂઢ થયેલા વ્યાધિઓ પણ નાશ પામી ગયા."

" મારા સિવાય જગતમાં આ ભગવાનથી કાંઇ ઉપકાર થશે કે ? " રાજાએ પૂછયું. દરેક લોકો આતુરતાથી સાંભળવા લાગ્યા.

" તમારી માફક જે લોકો આ પ્રભુનાં દર્શન કરશે, ભક્તિ કરશે તેનાં નેત્ર, મુખ, ઉદર સંબંધી સર્વે રોગો, તેમજ અન્ય કોઇ વ્યાધિઓ પણુ નાશ પામી જશે. તમારી માફક જગતને પણુ આ પ્રભુ ઉપકાર કરનારા થશે. "

' વાહ શું પ્રભુનું મહાત્મ્ય છે! જગતમાં જે નિઃસ્વાર્થ-પણે ઉપકાર કરે છે તેના જ જીવતરને ધન્ય છે, તે જ જગતમાં શ્રેષ્ઠ છે. રાજાએ કહ્યું.

" બધી જાતના રોગો તેમજ કુષ્ટિના વ્યાધિઓ પણુ નાશ પામી જશે; તેમજ ડાકિની, શાકિની, ભૂત, વૈતાલ, રાક્ષસ, પક્ષ સંબંધી દોષો કે ઉપસર્ગો પણુ નાશ પામી જશે. વળી આ જગતમાં તીર્થ તરીકે પ્રગટ થશે. ભાવીકાળમાં આ તીર્થનું માહાત્મ્ય વૃદ્ધિ પામશે. જે કોઇ મનુષ્ય આ તીર્થમાં આવી ભગવાનની સેવા-ભક્તિ વગેરે કરશે, તેમના જ્વર, ઝેર, ઉન્માદ, સન્નિપાત આદિ દોષો દૂર થઇ જશે, એની મનો-અભિલાષા સફળ થશે. વિદ્યા, લક્ષ્મી, સ્ત્રી, પુત્ર અને કોઈપણુ પ્રકારના સુખની અભિલાષા કરનારા પુરૂષોના મનોરથ આ ભગવાનના પ્રભાવથી સફળ થશે. "

" ભગવન્! તીર્થ કોને કહેવાય ? "

" રાજન્ ! જે જીનપ્રતિમા સો વર્ષ અગાઉની હોય તે તીર્થ કહેવાય છે, તો આ પ્રભુનું બિંબ તો લાખો વર્ષ અગાઉનું હોવાથી કહેવાય જ ! આ પ્રતિમાને લાખો વર્ષ સુધી દેવતાઓએ સ્વર્ગમાં અને સમુદ્રમાં પૂજેલી છે; માટે આ તીર્થમાં આવીને ભગવાનને નમસ્કાર કરનારનાં પાપ શાંત થઇ જશે. આ તીર્થમાં દાન કરેલું પણ ઘણા ફળને અપનારૂં થશે."

" આ પાર્શ્વનાથ ભગવાન કયારે થવાના છે ? " રાજાએ પછયું.

" હજી એમને તીર્થંકર તરીકે અવતાર ધારણ કરવાને ઘણો સમય બાકી છે. હાલમાં તે ભગવાનનો આત્મા દશમા પ્રાણાંત દેવલોકમાં દેવતાનાં સુખ ભોગવે છે. વર્ત્તમાન સમયમાં વીશમા તીર્થંકર મુનિસુવ્રતસ્વામીનું શાસન ચાલે છે. મુનિસુવ્રતસ્વામીના મોક્ષગમનથી એકવીશમા તીર્થંકર નમિનાથસ્વામી છલાખ વર્ષે મોક્ષે જશે. તે નમિનાથ તીર્થંકર પછી બાવીશમા નેમનાથ પાંચલાખ વર્ષે મોક્ષે જશે. તે પછી ત્યાસીહજાર સાતસો ને પચ્ચાસ વર્ષે આ ભગવાન મોક્ષે જશે. તે પછી અઢીસો વર્ષને અંતરે મહાવીરસ્વામી મોક્ષે જશે. જેથી હજી આ ભગવાનને પૃથ્વી ઉપર અવતાર ધારણ કરવાને માટે કાળ ઘણો બાકી છે, છતાં પણ એમના નામની પ્રતિમા મહાપ્રભાવિક તેમજ પ્રાણીઓનાં મનોવાંચ્છિત દેનારી થાય છે. જો કે તીર્થંકરો તો આ અવસર્પિણી કાળમાં ચોવીશ થશે; છતાં પણ એ ચોવીશે તીર્થંકરોમાં

પાર્શ્વનાથ જગતમાં અધિક પૂજનિક અને પ્રભાવિક થશે. ભાવીકાળના સંસારના દુઃખથી દુઃખી થયેલા માનવોને તે ઉપકાર કરનારા થશે. આ પાર્શ્વનાથની સેવા-ભક્તિ પ્રાણીઓને તે જ ભવમાં પણ શિઘ્ર ફળદાયક થશે. અરે યત્કિંચત્ સેવા પણ જગતને લાભકારક થવાથી સર્વત્ર અધિક પૂજાશે. એમની પ્રભાવના અધિક થશે. ભિન્ન ભિન્ન એકસોને આઠ નામે તે જગતમાં પૂજાશે તેમજ એક હજાર ને આઠ નામે પણ તે જગતમાં ગવાશે. ”

“ બધા તીર્થંકરો કરતાં આ ભગવાનની ભક્તિ તાત્કાલિક ફળદાયક થશે એનું કારણ ? ” રાજાએ પૂછ્યું.

“ આ ભગવાન આદેય નામકર્મવાળા છે. આદેય નામકર્મનો ઉદય હોવાથી જગતના જંતુઓની અભિલાષા અલ્પભક્તિ કરતાં પણ ફળવાળી થશે. કારણ કે ભાવીકાળમાં સંસારની પીડાથી દુઃખી થયેલા જીવો તાત્કાલિક સુખ મેળવવાની ઇચ્છામાં ઘણા લુબ્ધ રહેશે ને તેથી આ ભગવાન તેમને ઝટ અનુકૂળ થશે. વળી પાર્શ્વનાથ પુરિસાદાની પાર્શ્વનાથને નામે પ્રસિદ્ધ થશે, જેથી પુરૂષોને કંઇક ને કંઇક તેમની મનોવૃત્તિ પ્રમાણે આપનારા થશે. બીજા તીર્થંકરો કરતાં આ ભગવાન પ્રગટ પ્રભાવવાળા કહેવાશે. પ્રકટ પ્રભાવી, પુરિસાદાની અને આદેય નામકર્મ-આવા અનુપમ બિરૂદધારી હોવાથી જગતમાં એ મહાન્ ઉપકારક થશે. કલિકાળમાં, પંચમકાળે અગર ગમે તે સમયે તે કલ્પવૃક્ષ

સમાન થશે." એ પ્રમાણે રાજસભા આગળ પાર્શ્વનાથના માહાત્મ્યનું વર્ણન કરી એ મહાપુરૂષ મુનિવર્ય વેગથી આકાશગામિની વિદ્યાના પ્રભાવથી આકાશમાં અદશ્ય થઇ ગયા.

તે પછી રાજા પણ શુભ મુહૂર્ત્તે ગિરનાર, શત્રુંજય આદિકની યાત્રા કરતો, સૈન્ય સહિત પોતાના નગર અયોધ્યામાં આવ્યો ને સુખપૂર્વક પોતાનું રાજ્ય કરવા લાગ્યો.

# પ્રકરણ ૨૯ મું.

## સહસ્ત્રાંશુની દીક્ષા.

તે પછી કેટલોક કાળ સુખમાં વ્યતિત થયો. સમય સમયનું કામ કર્યે જ જાય છે; કાળ કાંઇ કોઇને માટે થોભતો નથી. અત્યારની સ્થિતિમાં ને તે સમયની સ્થિતિમાં ઘણું પરિવર્ત્તન હતું. મનુષ્યનાં બળ, બુદ્ધિ, આયુષ્ય, સત્તા, વૈભવ વગેરે તે સમયે અત્યાર કરતાં ઘણાં જ અધિક હતાં. સામાન્ય રીતે અત્યારે એક ધનુષ્યપ્રમાણ કાયા અને તે પણ છેવટ જ સંઘયણવાળી ગણાય છે ત્યારે તે સમયે પ્રથમ સંઘયણ વિદ્યમાન હતું સોળ ધનુષ્યથી પણ અધિક તે સમયના મનુષ્યોનું દેહપ્રમાણ હતું. તેજ પ્રમાણે આયુષ્યમાં પણ મહદ્ અંતર હતું. અત્યારનું આયુષ્યનું માપ તો આપણે જોઇ શકીયે છીએ ત્યારે તે સમયમાં ચૌદ હજાર કે પંદર હજાર વર્ષનું આયુષ્ય

તો મધ્યમ ગણાતું હતું. એજ પ્રમાણે બળ અને બુદ્ધિમાં, વૈભવ વગેરેમાં પણ ઘણું અંતર સમજવું.

તે પછી કાલાંતરે રાવણ રાજા ત્રણ ખંડને અધિપતિ પ્રતિવાસુદેવ થયો. એણે ત્રણખંડ સાધવાને લંકા નગરીથી પ્રયાણ કર્યું. અન્ય દ્વીપોમાં રહેનારા વિદ્યાધરો અને રાજાઓને વશ કરી તે પાતાલલંકામાં ગયો. ત્યાંથી સત્કાર પામી પ્રતિવાસુદેવ રાવણ આગળ ચાલ્યો. પોતે એકલો જ જગતને જીતવાને સમર્થ છતાં એની પાસે અસંખ્ય સૈન્ય હતું. અનેક મહારથી વીરો એની સાથે યુદ્ધમાં આગળ રહીને લડવાને તૈયાર થયા હતા. પોતે તો અતિરથી વીરપુરૂષ હતો. ખર વિદ્યાધર ચૌદ હજાર વિદ્યાધરોની સાથે એની પાછળ ચાલ્યો. સુગ્રીવ વાનરપતિ પણ પોતાના અગણ્ય સૈન્ય સહિત રાવણની પછવાડે ચાલ્યો. એવી અસંખ્ય સેનાથી પરવરેલો રાવણ આકાશ અને પૃથ્વીને રૂંધી દેતો વિંધ્યગિરિની સમીપમાં આવી પહોંચ્યો. ત્યાં રેવાજીના તટ ઉપર કુદરતની અપૂર્વ સુંદરતા જોઇ રાવણરાયે પડાવ નાંખ્યો.

મહાપરાક્રમી રાવણ રેવાજીમાં સ્નાન કરી, ઉજ્વળ વસ્ત્ર પરિધાન કરી, સમાધિવડે દઢ આસન વાળી બેઠો. મણિમય પટ્ટ ઉપર રત્નમય અર્હદ્ બિંબ સ્થાપન કરી રેવાજીના જળથી તેમને સ્નાન કરાવી વિકસ્વર કમળોવડે પૂજા કરવાનો પ્રારંભ કર્યો. પ્રભુની પૂજામાં એકચિત્તવાળો રાવણ પૂજામાં લયલીન હતો તે સમયે સમુદ્રની વેલની જેમ રેવા નદીમાં

અકસ્માત્ પૂર આવ્યું. એકાએક રેવાનાં જળ વૃદ્ધિ પામતાં હોવાથી સર્વત્ર પાણી પાણી પ્રસરવા લાગ્યું. એ ફીણ સહિત રેવાની ઉર્મિઓ ઉંચે ઉચ્છળવા લાગી. એ ફીણવાળા અને કચરાથી મલીન થયેલા જળવડે રાવણની કરેલી અર્હદ્ ભગવાનની પૂજા ધોવાઇ ગઇ.

પૂજાનો ભંગ થવાથી રાવણને અધિક ક્રોધ વ્યાપ્યો. તે કોપના આવેશથી કંપી ઉઠ્યો. " મારી પૂજામાં વિઘ્ન કરનાર આ જળપ્રવાહને અકસ્માત્ કોણે છોડ્યો ? અકારણે એ કોણ વેરી થયો ? આ જળ છોડનાર કોઇ મનુષ્ય છે કે સુર, અસુર કે વિદ્યાધર છે તેની તપાસ કરીને મને કહો ? " રાવણે પોતાના સુભટોને કહ્યું.

તે સમયે કોઇ વિદ્યાધરે રાવણના ચરણમાં નમસ્કાર કરી કહ્યું. " દેવ ! અહીંથી આગળ જતાં માહિષ્મતી નામે એક નગરી આવે છે. તે નગરીમાં બીજો સૂર્ય હોય એવો સહસ્ર રાજાઓથી સેવાતો સહસ્રાંશુ નામે રાજા મહાપરાક્રમી છે. એ રાજાએ જળક્રીડા કરવાને માટે રેવા નદી ઉપર સેતુબંધ કરીને રેવાનું જળ બાંધી દીધું હતું. કારણ કે પરાક્રમી વીરોને શું અસાધ્ય છે ? એ સહસ્રાંશુ રાજા સહસ્ર રાણીઓની સાથે સુખે કરીને જળક્રીડા કરે છે, તે વખતે રેવા નદીના બન્ને તટ ઉપર લાખો રક્ષકો કવચ પહેરીને ઉંચા હથીયાર કરીને ઉભા રહે છે. અપરિમિત પરાક્રમવાળા એ રાજાનો એવો રૂવાબ અને પરાક્રમ છે કે એના સૈનિકો તો ફકત શોભાને જ માટે છે. જ્યારે એ પરાક્રમીએ જળક્રીડા કરતાં ઉગ્ર કરાઘાત કરવા

માંડ્યા તે સમયે જળદેવી પણ ક્ષોભ પામી ગઇ. જળજંતુઓ બધા પલાયન કરી ગયા. તે રાજાએ ક્રીડા કરીને આ જળ હવે સ્વેચ્છાએ છોડી મૂકેલું છે જેથી તમારી દેવપૂજા પણ તેનાથી ધોવાઇ ગઇ છે. ”

વિદ્યાધરની આવી વાણીથી રાવણ અધિક ક્રોધાયમાન થયો. પરાક્રમી વીરો એક બીજાનું પરાક્રમ સહન કરી શકતા નથી. જેથી રાવણ ગર્જના કરતો બોલ્યો. “ અરે ! મરવાને ઇચ્છતા તે રાજાએ મારી દેવપૂજા દૂષિત કરી છે. માટે હે રાક્ષસ સુભટો ! મત્સ્યને જેમ માચ્છીમાર બાંધીને લાવે તેમ એ પાપી અને વીરમાની રાજાને બાંધી મારી સમક્ષ હાજર કરો ? ”

રાવણની આજ્ઞા થતાં લાખો રાક્ષસ વીરો રેવા નદીના કિનારાને અનુસરીને તે તરફ દોડ્યા. ને સહસ્રાંશુ રાજાના સૈનિકો સાથે તે નિશાચરો યુદ્ધ કરવા લાગ્યા રાક્ષસો આકાશમાં રહીને વિદ્યાવડે તેમને મોહિત કરી તેમનો નાશ કરવા લાગ્યા. પોતાના સૈનિકોને અનાથ દુઃખી થતા જોઇ ક્રોધથી હોઠ ને અધર કંપાવતો સહસ્રાંશુ પોતાની પ્રિયાઓને હાથની સંજ્ઞાથી આશ્વાસન આપતો, ગંગામાંથી જેમ ઐરાવત હસ્તી બહાર આવે તેમ પોતે રેવા નદીમાંથી બહાર નિકળ્યો. તરત જ ધનુષ્ય ઉપર બાણ ચઢાવી આકાશમાં રહેલા રાક્ષસો ઉપર છોડવા માંડ્યાં. એક બાણમાંથી અસંખ્ય બાણ થઇને રાક્ષસોને વિંધવા લાગ્યાં.

રૂના સમૂહને જેમ પવન ઉડાડી મૂકે તેમ અલ્પ સમયમાં તે મહાબાહુ પરાક્રમી વીરે આકાશમાં રહેલા રાક્ષસ વીરોને ઉપદ્રવિત કરી નાખ્યા. સહસ્ત્રાંશુથી પરાભવ પામેલા રાક્ષસ વીરો ત્યાંથી પલાયન કરી રાવણુ પાસે આવ્યા.

રાવણુ સૈન્ય સહિત ક્રોધિત થયો ને સહસ્ત્રાંશુ ઉપર ચઢી આવ્યો. બન્નેનું દારૂણુ યુદ્ધ થયું. બન્ને વીરોએ ચિરકાળ પર્યંત ઉગ્ર અને સ્થિર થઇને વિવિધ પ્રકારના આયુધોથી યુદ્ધ કર્યું. પોતાના પ્રતિસ્પર્ધીને પરાક્રમી ધારીને સહસ્ત્રાંશુ અધિક પરાક્રમ દર્શાવવા લાગ્યો. આજપર્યંત એને આવો પરાક્રમી નર કોઇ મળ્યો નહોતો, લીલામાત્રમાં એ સહસ્ત્રાંશુ દરેક રાજાઓને જીતી લેતો હતો, પણુ આ રાવણુ એને જુદો જ લાગ્યો—એને એ અસહ્ય પરાક્રમવાળો માલૂમ પડયો.

રાવણુના મનમાં પણુ લાગ્યું કે—સહસ્ત્રાંશુ એક વીરપુરૂષ છે. મનમાં એના પરાક્રમની રાવણુ પ્રશંસા કરવા લાગ્યો; છતાં સહસ્ત્રાંશુ મહારથી હતો ત્યારે રાવણુ તો અતિરથી વીરનર હતો, એવા કેટલાય સહસ્ત્રાંશુને જીતવાની એનામાં શક્તિ હતી.

ભૂજાના પરાક્રમમાં સહસ્ત્રાંશુને અજેય માની વિદ્યાથી મોહિત કરીને તરત જ રાવણે પકડી લીધો. સહસ્ત્રાંશુને જીતીને મહાપરાક્રમી રાવણુ પોતાના સૈન્ય સહિત પાછો છાવણીમાં આવ્યો.

છાવણીમાં આવીને રાવણુ મનમાં ખુશી થતો સભા મંડપમાં આવીને બેઠો. તે સમયે શતબાહુ નામે ચારણુમુનિ

આકાશમાંથી ઉતરી સભામંડપમાં આવ્યા. મુનિને જોઇ રાવણ સિંહાસન ઉપરથી નીચે ઉતર્યો. મણિમય પાદુકાને છોડી દઇ એમની સામે આવ્યો ને મુનિને તીર્થંકર ભગવાનના ગણધર જેવા માનતો પંચાંગથી ભૂમિને સ્પર્શ કરતો તેમના ચરણમાં પડ્યો. મુનિને આસન ઉપર બેસાડી પોતે તેમની સામે પૃથ્વી ઉપર બેઠો. મુનિએ રાવણને ધર્માશિષ આપી. પછી રાવણે મુનિને અંજલિ જોડીને આવાગમનનું કારણ પૂછયું. જવાબમાં મુનિ નિર્દોષ વાણીથી બોલ્યા.

"રાજન્! શતબાહુ નામે હું પ્રથમ માહિષ્મતીનો રાજા હતો, એકદા સંસારથી ભય પામેલા મેં સહસ્રાંશુ નામે મારા પુત્રને રાજ્ય આપી મોક્ષમાર્ગે જવામાં રથ સમાન આ વ્રત ગ્રહણ કર્યું."

પોતાનું મસ્તક નમાવતાં રાવણ તે સમયે વચમાં બોલી ઉઠ્યો "ત્યારે શું આ પરાક્રમી વીરનર આપના પુત્ર થાય છે?"

મુનિએ પ્રત્યુત્તર આપ્યો. "હા, જેને તમે બંધન કર્યો છે તે મારો પુત્ર છે."

"મુનિવર! દિગ્વિજય કરવાને નિકળેલા મેં અહીંયાં હાલમાં પડાવ નાખ્યો છે. અહીયાં જીનપૂજા કરતાં જીનેશ્વરના ધ્યાનમાં એકાગ્રચિત્તવાળો હતો, તેવામાં તમારા પુત્રે પોતાના સ્નાનજળથી મારી પૂજાનો ભંગ કર્યો, તેથી મેં આ કાર્ય કરેલું છે; પરંતુ મને લાગે છે કે તે મહાત્માએ આ કાર્ય અજ્ઞાનથી કર્યું હશે, કારણ કે આપનો પુત્ર અર્હત્‌ની આશા-

તના કદાપિ કરે નહિ.” રાવણે તરત જ સહસ્રાંશુને પોતાની પાસે બોલાવ્યો.

લજ્જાથી નમ્ર મુખવાળા સહસ્રાંશુએ મુનિરૂપ પિતાને પ્રણામ કર્યા.

પોતાનો સાધર્મિક બંધુ જાણી રાવણે સહસ્રાંશુને કહ્યું. “હે સહસ્રાંશુ! આજથી તમે મારા ભ્રાતા છો. તમારી જેમ આ મુનિ પણ મારા પિતા છે. માટે જાઓ, તમારા રાજ્ય ઉપર અધિકાર ચલાવો અને બીજી પણ પૃથ્વી ગ્રહણ કરો. અમે ત્રણ ભાઇઓ છીએ તેમ રાજ્યલક્ષ્મીના અંશને ભજનારા આજથી તમે પણ અમારા ચોથા ભાઇ છો.” સહસ્રાંશુને મુક્ત કરી એની સ્વતંત્રતા એને પાછી આપી.

“મારે હવે આ રાજ્ય કે શરીરનું કાંઇ પ્રયોજન નથી; કિંતુ પિતાએ આશ્રય કરેલા સંયમમાર્ગનું જ હું અવલંબન કરીશ, નિર્વાણને આપનારો તો એજ માર્ગ છે.” સહસ્રાંશુએ રાવણને એ પ્રમાણે કહી પોતાના પુત્રને રાજ્ય અર્પણ કરી પિતાની પાસે વ્રત ગ્રહણ કર્યું ને પોતે દીક્ષા ગ્રહણ કર્યાના સમાચાર અયોધ્યાપતિને મોકલાવ્યા.

રાવણે શતબાહુ અને સહસ્રાંશુ મુનિને વંદના કરી. સહસ્રાંશુના અપરાધને ખમાવી પોતે સહસ્રાંશુના પુત્રને રાજ્યાસન ઉપર બેસાડી પોતાની છાવણીમાં આવ્યો. દિગ્વિજય કરી અઢાર વર્ષે રાવણ લંકાનગરીમાં આવ્યો. દરેક અર્ધભરતના મુગટબંધી રાજાઓએ પ્રતિવાસુદેવપણાનો અભિષેક કર્યો.

# પ્રકરણ ૩૦ મું.

## અનરણ્યરાજાની દીક્ષા.

સહસ્રાંશુએ મોકલાવેલા સમાચાર અનરણ્ય રાજાને મળ્યા. " ઓહ ! મારા મિત્ર અને સંબંધી સહસ્રાંશુએ દીક્ષા ગ્રહણ કરી, એ મહાબાહુ વીરમાની જગતમાં અદ્વિતીય વીરનર ગણાતો. એવો વીરપુરૂષ પણ આજે રાવણથી પરાજય પામ્યો. ખચિત સ્વતંત્રપણે પૃથ્વીને ભોગવનારા વીરપુરૂષો હારીને જીવવા કરતાં મરવું જ પસંદ કરે છે. હારીને પરાધિનપણે રહી રાજ્યગાદી ભોગવવી એ એને થોડું દુઃખદાયક નથી. એ વીર આજે પિતાને પગલે ચાલી દીક્ષિત થયો, એની સાથે દીક્ષા લેવાની મારી પણ પ્રતિજ્ઞા હતી તો મારે પણ હવે દીક્ષા લેવી જોઇએ. કારણ કે સત્યપ્રતિજ્ઞારૂપી ધનવાળા પુરૂષો ક્યારે પણ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી. મારે પણ અવસર તો પ્રાપ્ત થયો છે. મારા પૂર્વજો સમય આવે વ્રતને ગ્રહણ કરતા હતા. અવસર પ્રાપ્ત થયેલો છતાં, યૌવનનાં પૂર વહી ગયાં હોવા છતાં હજી હું મારા પૂર્વજોને પગલે ચાલવાને સમર્થ થતો નથી એવા મારા જીવિતને ધિક્કાર છે ! આ મિત્રે સંસારમાં ખુંચેલા મને ઠીક યાદ કરાવ્યું. પરાક્રમી છતાં-હજારો રાજાઓથી સેવાયેલ છતાં અવસર પ્રાપ્ત થતાં તૃણની જેમ એણે સામ્રાજ્યલક્ષ્મીને તજી દીધી. "

સહસ્રાંશુના દીક્ષાના સમાચાર જાણ્યા પછી સંસાર ઉપરથી જેનું ચિત્ત ઉઠી ગયું છે એવો વ્રત લેવાની આકાંક્ષા-વાળો અનરણ્યરાજા હવે ચારિત્ર ગ્રહણ કરવાને ઉત્સુક થયો. અનરણ્યરાજાને યુવરાજ અનંતરથ સિવાય દશરથ નામે બીજો પુત્ર ફક્ત એક માસની ઉંમરનો હતો જેથી યુવરાજ અનંતરથને સામ્રાજ્યનો રાજમુગુટ પહેરાવી અયોધ્યાના તખ્ત ઉપર એનો અભિષેક કરી દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો.

બીજે દિવસે રાજદરબાર ભરી દરેક સરદારો, મંત્રીઓ અને મોટા મોટા અધિકારીઓને રાજદરબારમાં બોલાવ્યા; તેમજ નગરના પ્રતિષ્ઠિત જનોને પણ બોલાવવામાં આવ્યા હતા. અનરણ્યરાજાએ મંત્રીઓને ઉદ્દેશીને કહ્યું. “ મંત્રી મહાશયો ! આજે હું તમને એક અગત્યના સમાચાર જણાવું છું તે પ્રશાંતચિત્તે સાંભળો ? મારા મિત્ર અને સંબંધી સહસ્રાંશુ રાજાએ દીક્ષા ગ્રહણ કર્યાના સમાચાર મને મળ્યા છે. અમારે બન્નેને એવો સંકેત હતો કે એમની સાથે મારે પણ દીક્ષા લેવી, પણ એમણે તો દીક્ષા લઇ લીધી જેથી મારે હવે તાકીદે લેવી જોઇએ, એમની સાથે મેં કરેલી પ્રતિજ્ઞા મારે હવે સફળ કરવી જોઇએ. ”

“ મહારાજ ! દીક્ષા લેવા કરતાં સંસારમાં શું નથી બની શકતું ? ધર્મસાધન, દેવગુરૂની ભક્તિ–ઉપાસના, વ્રત, તપ, જપ યથાશક્તિ સંસારમાં રહ્યાં પણ બની શકે છે. ” મંત્રીએ કહ્યું.

" તે છતાં હું વ્રત લેવાને ઉત્સુક થયો છું અને મારી પાટે રાજમુકુટ યુવરાજ અનંતરથને માથે મૂકું છું. આજથી હવે તમે મારી તરફ જેવી વફાદારી બતાવી છે તેવી તેના તરફ પણ રાખજો. મારી માફક તમે એના તરફ પણ વફાદાર રહેજો. "

મંત્રીઓને એ શબ્દ કહ્યા પછી રાજા અનરણ્યે યુવરાજને ઉદ્દેશીને કહ્યું. " વત્સ ! સંસારમાં અને તેમાંય આપણા કુલ પરંપરામાં એવી મર્યાદા છે કે પુત્ર કવચધારી થાય, રાજ્યની ધૂરા ઉપાડવાને સમર્થ થાય એટલે પિતાએ એને રાજ્યમાં આગળ કરી પોતે આત્મસાધન કરવું ને રાજ્યધૂરાનો ભાર પુત્રને સમર્પણ કરવો. "

મહારાજ અનરણ્યનાં વચન સાંભળી હાથ જોડી યુવરાજ અનંતરથે વિનંતિ કરી. " મને તો આપની સેવા એજ પ્રમાણ છે. વિનિત પુત્ર એજ કહેવાય કે જે પિતાની સેવા ન તજે. "

" વિનિત પુત્ર તો એજ કહેવાય કે જે પિતાનું વચન માન્ય કરે, હું હવે વ્રત લેવાની ઉત્કંઠાવાળો છું. મારો નિશ્ચય કોઈપણ રીતે હવે ફરી શકે તેમ નથી. સંસારનાં મોહબંધનો હવે જરાપણ મને બાંધી શકે તેમ નથી. આજસુધી મોહરૂપી નિંદ્રામાં હું સુતેલો હતો. મારા મિત્ર સહસ્ત્રાંશુએ એ નિંદ્રામાંથી મને જાગ્રત કર્યો છે. એક રીતિએ મારી ઉપર ઉપકાર કર્યો છે તો આ રાજ્યના ભારમાંથી મને મુક્ત કરવો તે તારી ફરજ છે. તું રાજ્ય ગ્રહણ કર, હું વ્રત ગ્રહણ કરૂં. "

" પિતાજી ! આટલી બધી સાહ્યબી, વૈભવ અને સત્તા તેમજ હજારો રાજાઓ સેવકની પેઠે આપની આજ્ઞા ઉઠાવી રહ્યા છે; છતાં આપ વ્રત ગ્રહણ કરી આનાથી વિશેષ કઇ લક્ષ્મીની ઈચ્છા કરો છો કે જેથી આવી સાહ્યબીનો આપ ત્યાગ કરો છો ?"

" આ રાજ્યલક્ષ્મી તો અનિત્ય વસ્તુ છે. બહારથી મીઠી મધુરી જણાવા છતાં એ અતિ ભયંકર છે. પરિણામે એની પછવાડે અંધકાર રહેલું છે. રાજ્યનો ત્યાગ કરી વ્રત ગ્રહણ કરવાનું કારણ એટલું જ કે શાશ્વતી લક્ષ્મી જે મોક્ષલક્ષ્મી તે વ્રત સિવાય મળી શકતી નથી. તેજ ભવમાં મોક્ષે જનારા તીર્થંકર ભગવંતો પણ સમય આવતાં વ્રત ગ્રહણ કરી કેવળ-જ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે જ શિવ લક્ષ્મીને વરે છે. માટે એ શિવ લક્ષ્મીને વરવાને ઉત્સુક થયેલો હું અવશ્ય વ્રતપર્યાયને ગ્રહણ કરીશ."

" તો શું એ શિવલક્ષ્મી રાજ્યલક્ષ્મી ભોગવતાં નહિ મળે કે જેથી એનો ત્યાગ કરવો પડે ?"

" રાજ્યલક્ષ્મી તો દુઃખદાયક છે. એનાથી તો દુર્ગતિ જ મળે છે. શિવલક્ષ્મી તો શું પણ દેવલક્ષ્મી પણ રાજ્યલક્ષ્મી ભોગવનારો ભાગ્યયોગે જ મેળવી શકે, બાકી રાજ્યલક્ષ્મી ભોગવતાં નરક, તિર્યંચ આદિ દુર્ગતિ મળવી એ તો ઘણી જ સહેલી વાત છે."

" એનું કારણ ?"

" કારણ એજ કે રાજલક્ષ્મી ભોગવતાં અહંકાર, અભિ-

માનથી, સત્તાથી પુરૂષ અનેક અનર્થો કરી નાખે છે. પાપમાં રકત બની નહિ કરવા યોગ્ય દુરાચરણો સેવે છે, સમર્થ હોય તો અનેક યુદ્ધો કરી ઘોર પ્રાણીવધની હિંસાનો ભાગીદાર થાય છે; રાજ્યના વિલાસથી, સત્તાના શોખથી આવાં અનેક પાપો કરીને મનુષ્ય મૃત્યુ પામી એ પાપનાં ફળ ભોગવવા દુર્ગતિમાં ચાલ્યો જાય છે. ”

“ તો બાપુ ! નરકગતિને આપનારૂં આ સામ્રાજ્ય જ્યારે આપ પોતે પણ ત્યાગ કરવાને તૈયાર થયા છો ત્યારે એ ઉપરથી ઝળહળતો છતાં ભયંકર રાજમુકુટ મારે માથે મૂકી આપ મને ત્યાં મોકલવા તૈયાર થયા છો. રાજમુકુટ ધારણ કરી હું દુર્ગતિમાં જાઉં તે શું આપને ઇષ્ટ છે ? ”

યુવરાજનાં વચન સાંભળી અનરણ્યરાજા વિચાર કરતો એની સામે જોઇ રહ્યો. “ વત્સ ! ત્યારે તારી શું ઇચ્છા છે?”

“ હું પણ આપની સાથે વ્રત ગ્રહણ કરવાની ઇચ્છા રાખું છું. દુર્ગતિને આપનારૂં આ સિંહાસન જ્યારે આપ ત્યાગ કરો છો ત્યારે કયા સુખને માટે હું એને અંગીકાર કરૂં ? જે તમારી ગતિ તે મારી ! ”

“ ત્યારે શું તું દીક્ષા લેવાની ઇચ્છા રાખે છે ? ”

“ હા, પિતાજી ! ”

“ વત્સ ! તું હજી બાળક છે. વ્રતપર્યાયનાં કષ્ટ તારી સુકોમળ કાયા નહિ સહન કરી શકે. તારી યૌવનવય હજી

તાજીજ છે, યૌવનમાં વિષયવિકારોને કાબુમાં રાખી સંયમ માર્ગનું આરાધન કરવું એ દુષ્કર છે, માટે હમણાં તો તું રાજમુકુટ ધારણ કર, અમારી માફક યૌવન વીત્યા પછી અવસર આવે વ્રત ગ્રહણ કરજે. ”

“ પિતાજી ! હાલ યૌવન છે. યૌવન વીતી ગયા પછી પ્રૌઢ અવસ્થા આવશે, તે પછી વૃદ્ધાવસ્થા આવશે ને તે પછી જ મૃત્યુ આવશે તેની કંઇ ખાત્રી ! સમયની કંઇ ખબર નથી પડતી. મૃત્યુ કયારે કયા માણસને પકડશે એનું આપણને કંઇ જ્ઞાન નથી, અમુક વર્ષ પછી હું દીક્ષા ગ્રહણ કરૂં. ને અમુક વર્ષ લગી હું જીવીશ તેની કાંઇ ખાત્રી નથી માટે હું તો આપની સાથે સંજમને જ ગ્રહણ કરીશ. હું પણ સંસાર થકી ઉદ્વિગ્ન પામ્યો છું. ”

“ પુત્ર ! તારી જેવી ઇચ્છા. તારાં મોહબંધનો શિથિલ થયાં હોય, સંજમ પાળવાને તું જો શકિતવાન હોય તો એનાથી રૂડું મનુષ્યભવનું બીજુ ફળ કયું ? આપણા પૂર્વજો જે માર્ગે ચાલ્યા તે જ માર્ગે આપણે પણ ગમન કરવું એ આપણને શોભારૂપ છે. ” અનરણ્યરાજાએ પુત્રને દીક્ષા લેવાની અનુમતિ આપી દીધી.

એક માસની ઉમ્મરવાળા બીજા પુત્ર દશરથને અનરણ્ય રાજાએ અયોધ્યાના સિંહાસન ઉપર શુભ મુહૂર્ત્તે સ્થાપન કરી રાજ્યની લગામ પ્રધાનોને સ્વાધીન કરી, મંત્રીઓને ભલામણ

ફરી કહ્યું કે–દશરથરાજા હજી એક માસનો ક્ષીરકંઠી બાળક છે, તો એ બાળકમાંથી રાજ્ય કેળવણીની તાલીમ આપી એને રાજા કેવી રીતે બનાવવો એ બધું તમારી મંત્રીઓની બુદ્ધિ ઉપર રહેલું છે. વળી રાજા તો એક નિમિત્તરૂપ છે, રાજ્યની ધૂરાને ખરી રીતે વહન કરનારા તો રાજ્યના મંત્રીઓ જ છે. માટે અયોધ્યાનું રાજ્ય નિષ્કલંક અને પ્રતાપવંતુ રહે તેમ કરજો. ”

એ પ્રમાણે રાજ્યવ્યવસ્થા કરી મંત્રીઓ તેમજ રાણીઓ વગેરેની અનુમતિ મેળવી અનરણ્યરાજાએ યુવરાજ અનંત-રથની સાથે ચારિત્ર ગ્રહણ કર્યું.

તદ્ભવે મોક્ષે જનાર સહસ્રાંશુ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શિવલક્ષ્મીને વર્યા તેમજ અનરણ્યરાજા પણ કેટલાક વર્ષ પર્યંત ચારિત્ર પાળી મોક્ષે ગયા. અનંતરથ મુનિ તીવ્રતપ કરતા સંજમલક્ષ્મીને પાળવા લાગ્યા.

એજ દશરથરાજાને ચાર રાણીઓ હતી. કૌશલ્યા, સુમિત્રા, સુપ્રભા અને કૈકેયી તેમનાં નામ હતાં. કૌશલ્યાથી ચાર સ્વપ્નસૂચિત પદ્મ અથવા રામ નામે પુત્રનો જન્મ થયો, સાત સ્વપ્નોથી સૂચિત સુમિત્રાને લક્ષ્મણ નામે પુત્રનો જન્મ થયો, જેમનું બીજું નામ નારાયણ હતું. કૈકેયીએ ભરત નામે પુત્રનો જન્મ આપ્યો ને સુપ્રભાએ શત્રુઘ્ન નામે પુત્ર પ્રસવ્યો. એ ચારે પુત્રોવડે દશરથરાજા અધિકાધિક શોભવા લાગ્યા.

કાલાંતરે રામ લક્ષ્મણને પ્રતિવાસુદેવ રાવણની સાથે મહાયુદ્ધ થયું. એ મહાભયંકર યુદ્ધમાં પ્રતિવાસુદેવ રાવણનું ખીલેલું વંશવૃક્ષ કરમાઈ ગયું. રાવણ પણ એ યુદ્ધમાં મૃત્યુનો મેમાન થયો ને રામ લક્ષ્મણ આઠમા બળદેવ અને વાસુદેવ જગતમાં પ્રખ્યાત થયા.

# પ્રકરણ ૩૧ મું.

## તે પછી શું ?

અજયપુરનગર દીવ, ઉના અને દેલવાડાની સમીપમાં આવેલું છે. પૂર્વના સમયમાં અને વર્ત્તમાન સમયમાં એની સ્થિતિમાં ઘણું પરિવર્ત્તન થયું છે. કાળે કરીને દરેક વસ્તુઓમાં જે પરિવર્ત્તન થયું છે તેવી રીતે અહીંયાં પણ થયું છે. અનરણ્યરાજા અને રામ લક્ષ્મણના સમયમાં આ તીર્થની જે જાહોજલાલી હશે તે આજે તો ન જ હોય, સમય જતાં કેટલાક કાળ પછી અજયપુરનગરની વસ્તી કમી થતી ગઇ. તે એટલે સુધી કે અત્યારે તે નાના ગામડા જેવું જણાય છે.[1] તેમજ

---

૧ એક દંતકથા એવી છે કેઃ—

આ શહેર અગાઉ આટલું બધું સમૃદ્ધિવાળું હતું પણ આવું થઇ જવાનું કારણ શું ? તો આને માટે એવી દંતકથા છે કે-લગભગ ત્રણસો વરસ પહેલાં આ શહેર સાધારણ સારી સ્થિતિમાં હતું. આ વખતે અહીં

દેરાસરના ખર્ચને માટે અજયપુર શહેર સહિત દશ ગામ અનરણ્યરાજાએ બક્ષીસ કરેલાં તે ઉપર આજે દેરાસરની હુકુમત નથી, પણ છ વીઘાં જેટલી જમીનનો એક ટુકડો છે તે પણ ગોરજી દબાવી પડેલ છે જેનો કેસ જુનાગઢ સ્ટેટની કોર્ટમાં ચાલે છે.

નગરના છેડા ઉપર અજાહરાપાર્શ્વનાથનો પ્રાસાદ

---

એક વાણીયાનું કુટુંબ રહેતું હતું. તે ધણીને એક ગાય હતી. આ ગાય હંમેશા ધણમાંથી જુદી થઇ અજારથી એક કોશ દૂર અમોદરા ગામ છે ત્યાં એક મૂર્ત્તિ દેવીની છે અને ભોંયરૂં છે જે હજુ પણ છે ત્યાં જતી અને દુધ દેવી દોહી લેતાં. ધણી હંમેશા ગોવાળને ઠપકો આપવા લાગ્યો આથી ગોવાળે કહ્યું કે હું ગાય દોહી લેતો નથી. આથી એક દિવસ સાંજના તે જોવા આવ્યો ત્યાં ગાય ધણમાંથી જુદી થઇ જુદી તરીને અમોદરા તરફ ચાલવા લાગી. આથી ધણીને પણ કૌતુક થયું અને તે પણ પાછળ-પાછળ ચાલવા લાગ્યો. દેવી હતાં ત્યાં આવીને ગાય ઉભી રહી એટલે દેવીએ ગાયનું દૂધ પીવા માંડયું. ધણીએ ઘડીકવાર તો છાનુંમાનું જોયા કર્યું પછી બહાર આવી દેવી તરફ દેવીને મારવા ગયો ત્યાં દેવી એકદમ ભોંયરામાં ઉતરી ગઇ, પણ દેવીનો ચોટલો સદરહુ ધણીના હાથમાં આવી ગયો આથી દેવીએ તેને વચન માગવા કહ્યું. પરંતુ વચનના ફળની (લબ્ધીની) રિદ્ધિ સિદ્ધિ આ વાણીયાના નશીબમાં નહિ હોવાથી નશીબે તેને ભૂલવ્યો અને ઉલટો વધારે ગુસ્સે થયો અને કહેવા લાગ્યો કે-જા, તારાથી તે શું વચન અપાવાનું હતું? કોકની ગાયનું દૂધ ચોરીને પી લ્યે છે ને વચન આપવા બેઠી છે? આથી દેવી ગુસ્સે થયા અને શ્રાપ આપ્યો કે-જાવ તમારા ગામનો વાણીયો કદી પણ સુખી રહેવાનો જ નથી. હજુ સુધી ઉપર પ્રમાણે બનતું જ આવે છે-અહીંના વાણીયા જોઇએ તેવા સુખી નથી.

ભવ્ય અને અલૌકિક તદ્દન શાંત પ્રદેશમાં આવેલો છે. અત્યારે મનુષ્યોની વસ્તી ત્યાં ઓછી હોવાથી બહુ ધમાધમી જોવામાં આવતી નથી. તેમજ ત્યાં શ્રાવકોની વસ્તી પણ રહી નથી.

એ શાંતિમય સ્થાનમાં રહેલા પ્રાસાદમાં ભગવાનનાં દર્શન કરતાં અતિ આનંદ થાય છે. પૂજા, સ્તવના કે ભક્તિ કરતાં તેમજ ધ્યાન કરવાથી ચિત્તની એકાગ્રતા સારી થાય છે. યોગના અર્થીજનોને માટે તો આવું શાંતિમય સ્થાન તદ્દન ઉપયોગી અને ઉત્તમકોટીનું સ્થળ છે.

આ પ્રાસાદમાં ત્રણ તો ગભારા છે. દરેક ગભારામાં ત્રણ ત્રણ બિંબ, એક પાષાણના ચોવીશી અને એક ગૌતમસ્વામીનું બિંબ છે. ગભારાના દ્વારની બન્ને બાજુએ પેહેલા અને છેલ્લા તીર્થંકરની કાઉસ્સગ્ગધ્યાને રહેલી પ્રતિમાઓ છે અને એ પ્રતિમાઓને ફરતી બાવીશ તીર્થંકરોની પદ્માસનવાળી પ્રતિમાઓ છે. આ કાઉસગ્ગના પરધર અને તેના ફરતી બાવીશ તીર્થંકરોની પ્રતિમાઓની આસપાસ ફરતી વેલો અને શાસનરક્ષક દેવ-દેવીઓની મુદ્રાઓ ઘણી જ સુંદર અને ઉત્તમ કારીગીરીના નમુનારૂપ છે. દેરાસરના દક્ષિણ ભાગમાં ગોળાકાર રચનાવાળી સ્તુપની એક દેરી છે, તેમાં વચ્ચે આદીશ્વર ભગવાનનાં પગલાં છે. આ ચાર દિશા અને ચાર વિદિશામાં આચાર્ય ભગવાનનાં પગલાં છે. આવા સ્તુપો હાલ બહુ જોવામાં આવતા નથી. સ્તુપની એક તરફ સિદ્ધાચળની માફક રાયણનું વૃક્ષ આવેલું છે. તે પ્રાચિન હોય એમ જણાય છે.

દેરાસરની બાજુમાં ધર્મશાળા છે, તેમાં પ્રથમ તો માત્ર બે ઓરડા ને એક ઓરડી હતી, પણ તે પછી તેમાં વધારો કરી બીજા ચાર ઓરડા અને બે નાની ઓરડીઓ બાંધવામાં આવી છે. ૧૯૮૩ માં મોહનસૂરીશ્વરજી મહારાજ અહીં પધારેલા; એ વખતે તેમણે કેટલાક ચમત્કારો જોએલા. એ ઉપરથી તેમણે કહ્યું કે–આ દેરાસરની પાસેની ધર્મશાળા છે તે તદ્દન નકામી છે. કારણ કે અહીં શ્રાવકો છોકરાઓ, સ્ત્રીઓ સાથે રહે અને આશાતના થાય એટલે અહીંના અધીષ્ઠાયક દેવો ચાલ્યા જશે માટે તમે બહારના કમ્પાઉન્ડમાં ધર્મશાળા કરો. આથી બહાર જુના દેરાસરના નામથી જે જગ્યા ઓળખાતી હતી તે જગ્યામાં ચાર ઓરડાઓ–રસોડા–બેઠક અને ઓસરીવાળા તૈયાર કરાવવામાં આવ્યા છે. ત્રણ ઓરડાઓ વેરાવળ–પાટણવાળા તરફથી તથા એક રાધનપુરવાળા મસાલીઆ બાપુલાલ જમનાદાસ તરફથી તૈયાર કરાવવામાં આવેલ છે. આ સ્થળનાં કુદરતી હવા પાણી એટલાં તો સારાં, સ્વચ્છ અને ચોખ્ખાં છે કે બિમાર માણસ કાંઇપણ ઉપચાર ન કરે તોપણ તે તન્દુરસ્ત બની જાય છે. આ સ્થળના પાણીનો આસપાસના ગામોમાંના પાણી સાથે મુકાબલો કરતાં રતલે રૂપૈયાભાર ઓછું વજનમાં થાય છે. પૂર્વની બંધાવેલી આ નગરની દોઢસો વાવો અત્યારે જીર્ણસ્થિતિમાં મોજુદ છે. એ જીર્ણ વાવોનું બાંધકામ જોતાં આગળની શીલ્પકળા અને જાહોજલાલીની ઝાંખી આપણને સહેજ થઇ શકે છે.

અજાહરા પાર્શ્વનાથના અનરણ્યરાજાના સ્થાપન પછી

અત્યાર સુધીમાં ચૌદ વખત ઉદ્ધાર થયાનું તપાસ કરતાં માલુમ પડયું છે; છતાં મૂળનાયકજીનું બિંબ તો તેજ છે. સંવત ૧૯૫૫ અને સં. ૧૯૭૯ ની સાલમાં જ્યારે બિંબ ઉપર નવો લેપ કરાવવાનો હતો ત્યારે જુનો લેપ કાઢી નાખ્યો તે સમયે પણ લાખો વર્ષ ઉપરનું બિંબ હોય એમ નિહાળતાં અનુમાન થતું હતું, તેવા અનેક પૂરાવા પણ હયાત હતા; છતાં આપણી અને વ્યવસ્થાપકોની બેદરકારીથી ત્યાંના અનેક પૂરાવાનો નાશ થયો છે તેમજ અનેક શિલાલેખોનો પણ નાશ થઇ ગયો છે. તેમાંય એક શિલાલેખ તો ઘણો કિંમતી નાશ પામ્યો છે. તે લેખમાં ‘ સંવત ૧૬૭૭ ની સાલમાં અજાહરા પાર્શ્વનાથજીનો થયેલો જીર્ણોદ્ધાર ચૌદમો હતો. ’ એ સંબંધી લખેલું હતું. સંવત ૧૮૪૨ સુધી એ લેખ હયાતિ ભોગવતો હતો. અજાહરા પાર્શ્વનાથજીના મંદિરની દિવાલ ઉપર પણ એક લેખ કોતરાવેલો છે. તેમાં લખ્યું છે કે–‘ સંવત ૧૬૭૭ માં અજયપુરીમાં શ્રીમાલી દોશી જીવરાજના દીકરા કુંવરજી ઉનાના રહેવાસીએ દીવના સંઘની સહાયતાથી તેમજ હીરવિજયસૂરિના શિષ્યની સહાયતાથી જીર્ણોદ્ધાર કરાવ્યો. ’ આ લેખ હજી પણ હયાત છે. ત્યારપછી તે આજસુધીમાં જીર્ણોદ્ધાર થયેલો જણાતો નથી; પરંતુ સં. ૧૯૫૨ માં પરમાણંદ કરશનજીએ દેરાસરજીનું રીપેર કામ શરૂ કરાવ્યું, પણ પોતે અંધ હોવાથી બહારથી બહુજ મદદ મેળવી શકતા નહિ. ત્યારપછી મોરારજી વકીલ આવ્યા અને તેમના હાથે બહારગામથી મદદ મેળવી. દેરાસર તદ્દન જીર્ણ થઇ ગયું હતું. જે દેરાસરમાં માણસની પ્રવેશ

કરવાની પણ ઇચ્છા થતી નહોતી, જ્યાં કમ્મર કમ્મર સુધીના તો ઘાસ ઉગેલા રહેતા હતા તે સુધરાવ્યું અને અત્યારે તદ્દન નવીન હોય તેવું બનાવી દીધું. જેનો લાભ હાલમાં આપણે લઇ શકીએ છીએ.

અજાહરા પાર્શ્વનાથજીના મંદિરમાં એક પ્રાચિન વખતનો ઘંટ આજસુધી જળવાઇ રહેલો છે, તે ઘંટનું વજન આશરે ૩૫ રતલ જેટલું છે. તેની ઉપર એક લેખ છે કે-" શ્રી અજાહરા પાર્શ્વનાથજી સવંત ૧૦૧૪ શા. રાયચંદ જેચંદ. "

બીજા ઘંટ ઉપર બાળબોધ લીપીમાં લેખ છે તેનો ભાવ એ છે કે-" સંવત ૧૬૨૨ ના વર્ષે અષાડ શુદી ૨ ઉના વાસ્તવ્ય શ્રી જગપાલ ભાર્યા બાઇ ટબકબાઇના પુણ્યાર્થે ઘંટકા૦ ઇત્યાદિ. "

ચિંતામણિ પાર્શ્વનાથજીનું બિંબ, કાઉસ્સગ્ગ, પરઘર, યક્ષ, યક્ષણી અને નવગ્રહ યુકત શ્યામ વર્ણે છે. સંવત ૧૯૩૬ ની સાલમાં આ ગામની સીમની જમીનમાંથી પ્રગટ થતાં તેમને શ્રી અજાહરા પાર્શ્વનાથના ત્રણ ગભારા પૈકી ઉત્તર દિશાના ગભારામાં પધરાવ્યા છે. તેમના સિંહાસન ઉપરના લેખ ઉપરથી તે બિંબ સંવત ૧૩૪૩ ના મહા વદી ૨ ને શનિવારના રોજે પ્રતિષ્ઠિત થયાનું જણાય છે.

આ પ્રાસાદમાં બે કાઉસ્સગ્ગજી છે, તે સંવત ૧૯૪૦ ની સાલ લગભગમાં અજયપાળ રાજાના નામથી ઓળખાતા ચોરા પાસે ખોદકામ કરતાં પ્રગટ થયેલા છે. એ કાઉસ્સગ્ગ-

જીની મુદ્રા, ફરતી બાવીશ તીર્થંકરોની પ્રતિમા વગેરે સંબંધી હકીકત આવી છે. તે બિંબોના લેખ ઉપરથી તેમની પ્રતિષ્ઠા સંવત ૧૩૨૩ ના જેઠ વદ ૮ ગુરૂવારના રોજે ઉદયપ્રભસૂરિના પટ્ટે થયેલા શ્રી મહેંદ્રસૂરિએ કરાવેલી છે એમ જણાય છે.

દક્ષિણ દિશા તરફ પાદુકાનો સ્તુપ છે, તે સ્તુપની મધ્યમાં શ્રી રૂષભદેવજીની પાદુકા છે. તેનો લેખ નીચે મુજબ છે. " સંવત ૧૬૭૮ ના ફાગણ સુદી ૯ ને શનીવારે વિજયદેવસૂરિરાજે કલ્યાણકુશલ શિષ્ય દયાકુશલગણિ શ્રી દીવબંદર નિવાસી કીકા ભાર્યા હીરાકે સૂત દોસી મદનકેન. "

એ રૂષભદેવની પાદુકાની પૂર્વે શ્રી આણંદવિમલસૂરીશ્વરની, દક્ષિણે વિજયદાનસૂરીશ્વરની પશ્ચિમે જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરીશ્વરજીની અને ઉત્તરે સવાઇવિજયસેનસૂરીશ્વરજીની પાદુકાઓ છે. તેમજ ચાર વિદિશામાં અગ્નિકોણે શ્રીમેહમુનીશ્વર, નૈઋત્યે તત્વકુશલજી, વાયવ્યે રૂષીવીરજી અને ઇશાનકોણે ઉપાધ્યાય વિદ્યાસાગરજીની પાદુકાઓ છે.

આ નગરીને વિષે વધારે પ્રાસાદો હતા. બારોટના ચોપડામાં સાત પ્રાસાદ હતા એમ લખેલું છે. એની નિશાની તરીકે ખંડિત અને અખંડિત પ્રતિમાઓ નિકળેલી છે અને જેમ જેમ ખોદકામ થાય છે તેમ તેમ તેવી નિશાનીઓ અવશ્ય નિકળે છે.

અજાહરા પાર્શ્વનાથજીની બાજુના વંડામાં એક પડી ગએલ દેરાસરનું ખંડેર હતું; ત્યાં ધર્મશાળા તૈયાર થયેલ છે.

આ દેરાસર અને તેની ખંડિત થયેલી પ્રતિમાના શીલાલેખોનો સંગ્રહ ભાવનગર સ્ટેટના પ્રાચિન શોધખાતા તરફથી કરવામાં આવેલો છે. જેમને શીલાલેખો જોવાની ઇચ્છા હોય તેમણે ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ ભાગ પહેલો એ પુસ્તકમાં જોઈ લેવું. એ પુસ્તકમાં છેવટે ટુંક મતલબનું સૂચિપત્ર બહાર પાડેલું છે તેમાં નોંધો કરેલી છે.

ખંડિત દેરાસરની સામી બાજુએ ત્રણ દેરીયો છે. તેમાં એક હનુમાનજીની, બીજી પાર્શ્વયક્ષ અને યક્ષિણીની હતી. પાર્શ્વયક્ષની મૂર્તિને જૈનેતરો ગણપતિ તરીકે માનતા હતા અને યક્ષણીને દેવી તરીકે માનતા હતા. કાલાંતરે એ દેરીયો અને પ્રતિમાઓ ખંડિત થવાથી મૂર્ત્તિઓને દુરસ્ત કરાવી તેમને માટે નવીન દેરીયોની ગોઠવણ કરી. જેમાં શિલાલેખ છે.

ખંડિત થયેલા દેરાસરવાળી જમીનને ફરતી ચારે બાજુએ દીવાલ મોજુદ છે, તેમાંથી એક દીવાલ જીર્ણ થઇ ગયેલી તે ફરી નવીન બનાવવા માટે તેને પાડી નાંખવામાં આવી હતી. તે જમીન શ્રાવકોના વંડા તરીકે ઓળખાતી હતી. એનો કબજો પણ શ્રાવક લોકના હાથમાં હતો. તેનું બાંધકામ સરકારની પરવાનગી મેળવી શરૂ કર્યું, પણ પાછળથી કેટલાક વિઘ્નસંતોષી દુર્જનોએ સરકારમાં સાચું જુઠું ભરાવ્યાથી કામ અટકી પડેલું. એની તપાસ થઇ ને આખરે બંધ પડેલું કામકાજ પાછું ફરીથી શરૂ થયું.

**અજારના દેરાસરને લગતા વંડા સંબંધી ઠરાવ—**

"આ કામની સ્થાનિક તપાસ કરવામાં આવેલ છે. તેમાં પૂરાવા, મૂળ જુબાની અને દસ્તાવેજો રજુ થયા છે. તે પરથી સાબીત થાય છે કે આ જાકરવાર વંડાનો કબજો લાંબી મુદતથી દેરાસરજીનો છે તેમજ તે ઉપર પ્રસંગોપાત સુધારા વધારા સંઘ તરફથી થયેલા છે. માત્ર આ વંડામાં અમુક અમુક સ્થળે દેરીઓ, ગણપતિ અને હનુમાનજીની હતી. તેમજ મહાદેવનો ઓટો હતો, તે જીર્ણ થવાથી કાઢી નાંખી. કેટલીક મુદત પહેલાં સંવત ૧૯૫૪ ના અરસામાં પોરબંદરવાળા પરમાણંદદાસ કરશનદાસ નામના જૈને પધરાવેલ છે. ~~તે દેવોની સેવા અગાઉ માફક પૂજારી હમેશ કર્યે જાય છે, એ~~ દેવોને જેમ હિંદુઓ માને છે તેટલાજ જૈનો પણ માને છે. તે સંબંધી શત્રુંજય, ગિરનાર આદિ તીર્થોમાં તેવી પ્રતિમા હોવાની ખાત્રી થાય છે. જેથી માત્ર તેટલા જ કારણ ઉપરથી જાકરવાળો વંડો જૈનોનો નથી એમ માનવાને કારણ નથી. તેમજ બીજી બાજુએ હિંદુઓનો કશો પોતાની સાબીતીનો પૂરાવો નથી. જેથી એકંદરે પૂરાવો જોતાં તેમજ લાંબો કબજો ભોગવતાં જાકરવાળો વંડો જૈનોનો છે એવો અમારો અભિપ્રાય છે. જેથી નિકળેલો મનાઇ હુકમ રદ કરવામાં આવે છે."

( સહી ) A. R. Bhat.

ઉ૦ ડી૦ રે૦ આ૦

શ્રી અજાહરા પાર્શ્વનાથજીના હસ્તી ધરાવતા પ્રાસાદની

ભમતી તરફનો એક કલમત્રાંસ જમીન ટુકડો પ્રથમ તો દિવાલબંધી હતો, પાછળથી તે દિવાલ પડી ગઇ તેને ફરીથી ચણાવવાનો કોઇએ પ્રયાસ ન કર્યો, જેથી એ જમીન સરકારી જમીન સાથે ભળી ગઇ તેવીજ રીતે પડી ગયેલ દેરાસરવાળા વંડાની પૂર્વ તરફના એક ખાંચાની જમીનની પણ તેવી દશા થતાં તે જમીન પણ સરકારી જમીન સાથે ભળી ગઇ અને તે ઉપર બાંધકામ કરવા પરવાનગી માગતાં રજા ન મળી, સરકારમાંથી એ જમીન વેચાતી લેવી પડી છે.

અજાહરા પાર્શ્વનાથજીના પ્રાસાદમાં એક ભોંયરૂં છે[1] એ ભોંયરામાંથી અમુક અમુક ગામોએ જવાય છે એમ લોકો

---

૧ આ ભોંયરા માટે એવી દંતકથા છે કે-( બારોટના ચોપડા ઉપરથી ૧૯૫૩ માં સાંભળેલ હકીકત ).

આ ગામમાં એક શ્રાવક ધનાઢય શ્રેષ્ટી રહેતા હતા. શેઠને અજાહરા પાર્શ્વનાથજીની ભકિત ઉપર બહુજ પ્યાર હતો. આ વખતે આ શહેર સાધારણ સારૂં હતું. આ વખતે અલ્લાઉદ્દીન ખીલજી પ્રભાસપાટણમાં આવ્યો અને પાટણમાં લૂંટ ચલાવી અને પાટણમાં તેણે ઘણોજ ઉપદ્રવ કરેલો અને અનેક પ્રતિમાઓ ખંડિત કરી નાખેલી. આ વખતે અજારમાં સાત દેરાસરો હતા. શ્રેષ્ટીના મનમાં થયું કે કદાચ આ દેરાસરો તોડી નાંખશે અને પ્રતિમા ખંડિત કરી નાંખશે આથી તેણે એવો વિચાર કર્યો કે આ જોવા કરતાં તો મરવું સારૂં એટલે તે અઠ્ઠમનો તપ કરવા દેરાસરમાં બેસી ગયો એક અને બે દિવસ પુરા થયા ત્યાં રાત્રીના એકાએક અધિષ્ટાયક દેવ પ્રસન્ન થયા અને કહ્યું કે- 'શું છે?' એટલે શેઠે હકીકત જણાવી. આ ઉપરથી તેણે કહ્યું કે-' આ

વાતો કરે છે, પણ એમાં સત્ય કેટલું છે તેની ખાત્રી કરી નથી. કેમકે ભોંયરામાં સંવત ૧૯૫૪ ની સાલમાં તપાસ થયેલી હતી, પણ તેમાં ઘણી ભીનાશવાળી અને દુર્ગંધ મારતી હવા જોવામાં આવી ને ભોંયરામાં એક છુપા માર્ગ જેવું જણાયું, પણ માર્ગ ઘણો કઠીણ અને વિક્રાળ ભાસ્યો. જેથી આગળ તપાસ કરવાનું કાર્ય અટકી પડયું. હાલમાં તો ભોંયરાના ઉપરથી તેનો છુપો માર્ગ બંધ કરાવી દીધો છે.

---

દેરાસરના રંગમંડપના નૈઋત્ય ખુણામાં ખોદજે ત્યાં એક ભોયરૂં નીકળશે ત્યાં આ પ્રતિમાઓ ભંડારી દેજે અને કહ્યું કે શ્રી અજાહરા પાર્શ્વનાથની પ્રતિમા અહીંથી ૫ કોશ દૂર ગાંગડા કરીને ગામ છે ત્યાં એક શ્રીઅજાહરા પાર્શ્વનાથજીનો ખરા હૃદયથી ભક્તિ કરનારો ભકત છે તેને રકતપિત થયેલ છે એટલે આ પ્રતિમાજી તેના મકાનમાં એક ખુણામાં પ્રસિદ્ધ થશે માટે તેને તે હકીકત કહેજે અને તેનું ન્હવણ લઇને શરીર ઉપર ચોપડે એટલે આરામ થઇ જશે.' વળતે દિવસે પ્રભાતમાં તેણે પ્રતિમાજીઓ ઉત્થાપન કરી ભંડારી દીધા અને તે માણસ ગાંગડા ગયો. જ્યાં જાય છે ત્યાં પ્રતિમાજી ત્યાં આવેલા હતા અને પાસે દીપક વિ૦ હતાં. અહીં પ્રભુજીની યોગ્ય પૂજા પખાલ કરી રકતપિતવાળા માણસને પ્રભુજીનું ન્હવણ ત્રણ દિવસ સુધી ચોપડયું એટલે તદ્દન આરામ થઇ ગયો. હવે અહીં અલ્લાઉદ્દીન ખીલજી આવ્યો તેણે પ્રતિમાજી ન જોવાથી એકદમ ક્રોધે ભરાણો અને દેરાસરો પાંચ પાડી નાંખ્યા. અલ્લાઉદ્દીન ગયો અને નવમે દિવસે શ્રી અજાહરાજીની પ્રતિમાજી પાછી અસલસ્થાનકે આવી ગઇ. હજુ પણ લગભગ દશ વરસ પહેલાં ગાંગડામાં ભોંયરૂં હતું, પબાશન પણ હતું, પણ મિથ્યાત્વી ધર્મપાળનારા હવે થઇ જવાથી બધું બંધ કરી દીધું છે.

આ ભોંયરામાં ખંડિત પ્રતિમાઓનો મોટો જથ્થો છે. અત્યારે પણ ખોદકામ કરતા ખંડિત પ્રતિમાઓના આકારો અવશ્ય નિકળ્યા વગર રહેતા નથી. આ નગરીમાં ઘણી ખંડિત થયેલી આપણી પ્રતિમા અન્યદર્શનીના કબજામાં જોવાય છે. તેનો જેને જેમ ફાવે તેમ લોકો ઉપયોગ કરે છે. અજાહરા પાર્શ્વનાથજીના પ્રાસાદની પૂર્વે ઢોરોને બેસવાનો એક ગોંધરો છે ત્યાં એક મોટું વડનું વૃક્ષ છે. જેની ઘટા ઘણી વિશાળ અને સુંદર હોવાથી ત્યાં બેસનારને તાપનો અનુભવ થતો નથી. મૂળ પાસે એક ખંડિત પ્રતિમાનું મસ્તક પડેલું છે, તે મસ્તક સિદ્ધગિરિ ઉપર ચૌમુખજીના દેરાસરમાં બીરાજેલા મૂળનાયકના મસ્તક જેવડું છે અને તે મસ્તક તીર્થંકર ભગવાનના બિંબનું હોવા છતાં શિતલાદેવીના સ્થાનક તરીકે અન્ય લોકોએ તેને ગોઠવી દીધું છે. ત્યાં સિંદુર વગેરે ચડાવીને લોકો આત્મકલ્યાણ માને છે. દેલવાડા તરફ જવાના દરવાજાની દિવાલે વૈરાગી બાવાઓને ઉતરવાની એક જગ્યા છે. ત્યાં આગળ પાર્શ્વનાથ ભગવાનની કાઉસ્સગ્ગ ધ્યાને રહેલી ચાર ફુટ ઉંચાઇવાળી એક પ્રતિમા છે. જેનાં ઉપાંગ કહેવાય તેવાં અંગોનો થોડો થોડો ભાગ ખંડિત થયેલો છે. જેને અન્ય દર્શની જુદી જુદી રીતે પૂજે છે.

ઉત્તર તરફ જવાના દરવાજે અને અજાહરા પાર્શ્વનાથજીના દેરાસરથી થોડેક દૂર ચક્રેશ્વરીમાતાની મૂર્ત્તિ લગભગ ચાર ફુટ ઉંચાઇની પાષાણની છે. જેના પગનો થોડો

ભાગ ખંડિત થયેલો છે તે ઉભેલી છે. તેને માથે છત્રી કે દેરી કાંઇ નથી. તેને લોકો ગામની રક્ષક દેવી તરીકે ગણે છે. આ ચક્રેશ્વરી દેવીની મૂર્ત્તિની નજીકમાં અજયપાળના ચોરાને નામે ઓળખાતો એક ચોરો છે. ચોરામાં ધન છે એવી માન્યતાથી સરકારે ખોદકામ કર્યું, પણ અંદરથી ભમરાઓ છુટયા એટલે તે કામ બંધ કરવામાં આવ્યું. આ ચોરા પાસે ખંડિત પ્રતિમાઓના ઘણા અવશેષો પડેલા છે. આ ચોરાની પાસે બે કાઉસ્સગ્ગજી પ્રગટ થયેલા હતા જેમને પ્રાસાદની અંદર તખ્તનશીન કરેલા છે. કાઉસ્સગ્ગજી પરઘર સાથે ફુટ ૪–૯ની ઉંચાઇના છે. જેથી તેમના પ્રમાણમાં બિંબ તે જગ્યાની આસપાસમાં પ્રગટ થવા સંભવ છે.

અજયપાળના ચોરાની આસપાસ ૭–૮ ફુટ ઉંચા એક જાતના ઝીણા ઝીણા પાંદડાવાળાં ઝાડ થાય છે. જેને અજય-પાલના ઝાડને નામે લોકો ઓળખે છે. એ ઝાડ શેનાં છે તે હજી પરખાયું નથી; છતાં તે વૃક્ષના પાંદડાંમાં એવો ગુણ છે કે તેને વાટીને ગમે તેવા ગડગુમડ ઉપર બાંધવામાં આવે તો તુરત તે ગળીને ફૂટી જાય છે. પ્લેગની ગાંઠ ઉપર પણ તે અસરકારક ફાયદો કરે છે. આ પાંદડા માટે લોકોની માન્યતા છે કે–'તે પાંદડાં લેતાં પહેલાં તે લઇ જવાની વૃક્ષ પાસે યાચના કરવી.' આવી યાચનાને વૃક્ષ નોતર્યું એમ લોકો કહે છે, નોતર્યા પછી અમુક ટાઇમ ગયા બાદ શ્રીફળ વધેરીને નોત-રેલ વૃક્ષનાં પાંદડાં તોડવાં.

અજાહરા પાર્શ્વનાથના નમણથી અજયરાજાનો કુષ્ટરોગ

નવ દિવસમાં દૂર થયો એમ આજે પણ ત્યાંના લોકો માને છે. જૈનેતરો પણ તે નમણુને આજે "અમીજળ" એવી સંજ્ઞા આપી પોતાના શરીરની વ્યાધિઓ ઉપર ચોળવાનો પ્રયોગ કરે છે. તે મુજબ આ ગામમાં એક કોલણે પોતાના છોકરાને પ્લેગની ગાંઠ નિકળેલી તેની ઉપર નવણુનો ચોપડવાનો ઉપચાર કર્યો. તો બરાબર નવમે દિવસે ગાંઠ ફૂટી ગઇ ને તદ્દન આરામ થઇ ગયો.

આ પ્રાસાદમાં હજુ પણ દિવ્ય નાટારંભ થયા કરે છે તેમજ દિવ્ય જ્યોતિ પ્રગટ થાય છે. આવા દેખાવો ઘણી વખત હજુ પણ જોવામાં આવે છે. કિંવદંતિ છે કે–અહીંયા એક વખત કેશરનો વરસાદ થયો હતો. સંવત ૧૯૫૪ માં જ્યારે જીર્ણોદ્ધારની શરૂઆત કરી ત્યારે પ્રાસાદના શિખર ઉપર સંધ્યા સમયે દિવ્ય પ્રકાશ જોવામાં આવ્યો હતો અને તે સમયે જીર્ણોદ્ધારની શરૂઆતમાં શિખરના અગ્ર ભાગ ઉપર પ્રાંચ બાંધી શિખર ઉપર કારીગરો કામ કરતા હતા તે સમયે "સાવચેત થાઓ નીચે ઉતરો" એવી આકાશવાણી થયેલી તે મુજબ કારીગરો નીચે ઉતર્યા કે તુરત જ પ્રાંચ તૂટી પડી. દેરાસરજીના અગ્રભાગ ઉપર કોઇ સમયે તેજસ્વી દીપક પણ બળતો જોવામાં આવે છે. કોઇ પ્રસંગે પ્રતિમાજીની પૂજા રહી ગયેલી અને પાછળથી ખાત્રી કરવાને તેની તપાસ કરવામાં આવી તો પૂજા થઇ ગયેલી. આ સિવાય સં. ૧૯૭૯ ની સાલમાં જ્યારે પાછો લેપ જીર્ણ થઇ ગયો એટલે નવો લેપ કરાવવા અમદાવાદથી લેપ કરવા બે જણા આવ્યા ત્યારે સવારે

ગોઠીએ વ્હેલી પખાલ પૂજા કરી લીધી હતી. છેવટ પ્રભુને મંગલ દીવો ઉતારતી વખતે તેના લેપના હથીઆરો લઈને તે કારીગરો પ્રભુના પબાશન ઉપર ગયા ત્યારે ગોઠીએ કહ્યું કે- છેવટ પ્રભુને મંગલીક દીવો ઉતારી લઉં એટલી ઘડી જાળવો, પણ તે કારીગર તે સમયે એવું બોલ્યા કે-તમારા શ્રાવકના દેવ તો જોયા ! એજ સમયે તોપ જેવો એકદમ અવાજ થયો. કારીગરોના હાથમાંથી ઓજારો પણ પડી ગયા અને આખા દેરાસરની અંદર લાલ રંગ, પ્રભુજીનો રંગ લાલ છે તેવો જ છવાઇ ગયો અને માણસ બીજા માણસને પણ જોઇ ન શકે તેવી લાલ ઘટા આખા રંગમંડપ અને ગભારામાં થઇ ગઇ. આ ઘટા લગભગ ૧૦ મીનીટ સુધી રહી ત્યારે કારીગરો બોલ્યા કે-અમે આ દેવનો લેપ નહિ કરીએ. આવા દેવ તો અમે કદી પણ જોયા જ નથી; આ પછી તેને સમજાવ્યા અને પછી તેઓએ લેપ કર્યો.

એ સિવાય દિવ્ય નાટારંભ તો અનેક જણાએ જોએલો છે. ૧૯૮૩ માં મોહનસૂરીશ્વરજી મહારાજ આવેલા ત્યારે પણ આવો ચમત્કાર થયેલો. અહિં વિશેષ આ દેરાસરમાં દીવાઓ કદી પણ વધેરાતા નથી. ૧૯૫૪ની સાલમાં અહીં કામ ચાલતું હતું એ વખતે પાછળ કાચ જડાવતા હતા ત્યારે કામ જલદી પુરૂં કરાવવા સારૂ રાત્રીના પણ કામ કરાવતા હતા એટલે સાંજના બે ગ્લાસ ઘીના ભરીને મૂકયા. કામ ખલાસ થઇ ગયું. આ વખતે તલકચંદ માણેકચંદ અહીં આવેલા, તેણે ગોઠીને

સૂચના કરી કે–આ દીપક ઠારી નાંખો એટલે તેણે કહ્યું કે–એ દીવા ઠરાશે નહિં એટલે તેણે બીજા માણુસ પાસે ઠરાવી નાંખ્યા જ્યાં બહાર આવે ત્યાં પાછા દીપક થયા આમ ત્રણ વખત કર્યું અને ત્રણવાર દીપક પાછા થઈ ગયા. હજુ પણ આ દેરાસરના પ્રભાવથી કોઇ શખ્સ દેરાસરની એકપણ ચીજ ઉપાડી શકતું નથી.

કોઇ પ્રસંગે પ્રતિમાઓની પૂજા રહી ગયેલી અને પાછળથી ખાત્રી કરવાને તેની તપાસ કરવામાં આવી તો પૂજા થઇ ગયેલી જોવાય છે. આવા ચમત્કારો પણ બને છે.

આગળ કહેવાયું છે કે–વર્ત્તમાન સમયમાં ત્યાં જૈનોની વસ્તી રહી નથી, તેમાંય શ્વેતાંબરી શ્રાવકો ત્યાં હાલમાં નથી. કપોળ જ્ઞાતિના ગૃહસ્થો છે તે અન્યધર્મ પાળનારા છે ત્યારે સોરઠીયા ગૃહસ્થો સ્થાનકવાસી અને અન્યધર્મ પાળનારા હોવાથી જીનબિંબને થોડે ઘણે અંશે નિંદનારા બન્યા છે, પણ અહીંની પ્રતિમાના લેખો ઉપરથી તો પ્રથમ તેઓ જૈનધર્મ પાળનારા હતા. એવું તે લોકોએ ભરાવેલાં બિંબો ઉપરથી સાબીત થાય છે. કેમકે કેટલાંએક બિંબો ઉપરના લેખથી તે માલુમ પડે છે.

આવું પૂર્વકાળમાં અપૂર્વ જાહોજલાલી ભોગવતું તીર્થ આજે નામશેષ જેવી સ્થિતિમાં રહ્યું છે. આજે જોઇતા પ્રમાણુમાં એની સારસંભાળ લેવાતી નથી અને જો હજુ આવા સારા તીર્થનો ફરીને ઉદ્ધાર કરવામાં ન આવે તો ભવિષ્યમાં

તેની કેવી સ્થિતિ થશે ! તે સમજી લેવું. એ બધી જોખમદારી કોને માથે ? આવી જ બેદરકારીથી આપણે ઘણું ગુમાવ્યું છે–હજી ગુમાવીએ છીએ. શામાટે જૈનસંઘ, એના કાર્યવાહકો, જૈનસંઘના નેતાઓ, શ્રીમંતો બેદરકારીથી આવાં અણુમોલ તીર્થો નષ્ટ થવા દે છે તે સમજાતું નથી. જૈનો પાસે દ્રવ્ય નથી એમ કાંઇ નથી. દ્રવ્ય છે, સાધનો છે, સર્વ કંઇ છે, ફક્ત તીર્થો ઉપર ભક્તિભાવ નથી. હું મારૂં સંભાળું, જે મારૂં નથી એનુ ગમે તે થાવ, એ તીર્થોને પોતાના માન્યાં નથી તેથી સંઘના નેતાઓની બેદરકારી વધી છે. એમની બેદરકારીને પરિણામે આ જૈન તીર્થોની આવી દશા થઇ રહી છે.

જૈનો પાસે દ્રવ્ય પુષ્કળ છે. તેમજ જૈનોનું તીર્થદ્રવ્ય કે દેવદ્રવ્ય પણ છે. એ દેવદ્રવ્યને સાચવવાનો મોહ, વ્યાજ ઉપજાવવાનો મોહ હમણાં હમણાં નેતાઓને વધ્યો છે. એ મોહને પરિણામે એક તીર્થનું દ્રવ્ય બીજા તીર્થમાં ખર્ચાતું નથી ને એ સાચવેલું–સંગ્રહ કરેલું દ્રવ્ય જ્યારે આડકતરી રીતે નાશ પામી જાય છે ત્યારે અફસોસ કરે છે.

વસ્તુતઃ આ પંચમકાળનો પ્રભાવ જ એવો છે કે મનુષ્યોને બીજાની સત્ય વાત કરતાં પોતાના મનમાં જે વિચાર ઉત્પન્ન થયો હોય તેજ વ્યાજબી લાગે છે. આજે તો મનુષ્ય જ્યારે જુદું કરી રહ્યો છે ત્યારે ભાવી કંઇ જુદું જ ઘડાઇ રહ્યું છે. એ ભાવીની સ્થિતિ કળવાની માનવપ્રાણીમાં શક્તિ હોત તો ઘણી ભૂલો ઓછી થઇ જાત; છતાં આજે સ્થિતિ

જુદીજ છે. નાના માણુસો ભૂલ કરે, જ્યારે મોટા માણુસો તો ભયંકર ભૂલો કરી રહ્યા છે. ચોવીશે કલાક પોતાના જ સ્વાર્થમાં મશગુલ રહેનારો પ્રાણી બીજાને માટે શું કરી શકે ? જેને પોતાનો જ સ્વાર્થ લાગેલો હોય તે પરમાર્થને માટે કેટલું કરી શકે ? ધર્મનાં સાક્ષાત્ ફળ નહિ જોએલાં હોવાથી ધર્મની મહત્તા એ શી રીતે આંકી શકે ? અરે આજના પંચમકાળના મનુષ્યપ્રાણી તો ધર્મનાં સાક્ષાત્ ફળ નજરે જુવે તો પણ પોતાના તુચ્છસ્વાર્થની આગળ એની મહત્તા આજે ભૂલી જાય છે અને આવી જ સ્થિતિ આજે જૈનસંઘની–એના નેતાઓની થઇ રહી છે. તીર્થોની એમને શી પડી હોય ? ફકત પોતપોતાની માલીકીનું જેટલું હોય તેટલું સાચવવા ને સંગ્રહી રાખવા જ તે સમજ્યા છે. નહિંતર એક જગ્યાએ રહેલું તીર્થદ્રવ્ય કે દેવદ્રવ્યનો ઉપયોગ બીજા જરૂરીયાત તીર્થસ્થળે કેમ ન થાય ?

નેતાઓની કંઇક આંખ ઉઘડે, અજાહરા પાર્શ્વનાથ જેવાં તીર્થસ્થળો જોવાની એમને તક મળે, એ તીર્થોની ભક્તિનો તેઓ લાભ મેળવે અને દ્રવ્યનો વ્યય કરી માનવભવ સફળ કરે.

# પ્રકરણ ૩૨ મું.

## ઉન્નતપુર.

ઉન્નતપુર શ્રી અજાહરા પાર્શ્વનાથથી એક કોશ દૂર આવેલું છે, એનું બીજું નામ ઉના છે એને માટે કિંવદંતિ પણ સંભળાય છે કે–"ઉના, પૂના અને ગઢ જુના એ ત્રણે જુના!" એ કહેવતમાંનું પ્રથમ ગામ ઉના છે. ત્યાં પાંચ દેરાસરો, હીરવિજયસૂરિનો ઉપાશ્રય અને સ્તુપની બાર દેરીઓ આવેલ છે. પાંચ દેરાસરમાં મોટું આદીશ્વર ભગવાનનું, બીજું સંભવનાથ ભગવાનનું, ત્રીજું શાંતિનાથ ભગવાનનું, ચોથું પાર્શ્વનાથ ભગવાનનું અને પાંચમું નેમિનાથજી ભગવાનના નામથી ઓળખાય છે.

આદીશ્વર ભગવાનના દેરાસરમાં મોટો ભાગ સંપ્રતિ રાજાએ ભરાવેલો છે, ભમતીમાં પચ્ચીસ દેરીઓ અને રંગમંડપની પૂર્વ બાજુએ બે મોટાં ભોંયરાં છે. ભોંયરામાં અમીઝરા પાર્શ્વનાથ છે. પડખે બે કાઉસ્સગ્ગીયા છે. બીજા ભોંયરામાં મૂળનાયક આદીશ્વર ભગવાન છ ફુટ ઉંચાઇના છે. તેની પડખે બીજાં બે બિંબ આદીશ્વર ભગવાન ને નેમનાથનાં છે. દેરાસરમાં મુખ્ય ભગવાન આદીશ્વર ભગવાન છે, તેમજ બીજાં પણ દશ બિંબો છે. બીજી બે ઓરડીઓમાં એકમાં ચાર ને બીજીમાં ત્રણ બિંબો છે. કુલ આ દેરાસરજીમાં એકાવન પ્રતિમા પાષણની છે, તે સિવાય ધાતુનો પરિવાર જુદો છે.

અમીઝરા પાર્શ્વનાથમાં નામ પ્રમાણે જ ગુણ જોવાય છે. એ બિંબમાંથી વખતો વખત અમી ઝરતું નજરે પડે છે. અહીયાં એક મોટો સર્પ સફેદ મુચ્છોવાળો, અને વૃદ્ધ જર્જરીત થયેલો છે; તે ભગવંતને માથે કોઇ કોઇવાર પોતાની ફેણુથી છત્ર કરતો જોવામાં આવે છે. આ સર્પ કોઇના ઉપર ઘસારો કરતો નથી. ભોંયરામાં સ્વાભાવિક રીતે શાંતિ થાય છે. ત્યાંથી ખસવાનું મન થતું નથી. આ દેરાસર કોણે અને કયારે બંધાવ્યું તે સંબંધી કંઇ ઇતિહાસ મળતો નથી, ભોંયરાનો રસ્તો હમણાં સુધરાવી સાફ કરાવ્યો છે.

આ દેરાસરના પબાશન, રંગમંડપનું અને ભોંયરાનું ભોંયતળીયું સંવત ૧૯૫૮ ની સાલમાં આરસથી બંધાવવામાં આવેલ છે. આ દેરાસરમાં બિરાજતા મૂળનાયકજી આદીશ્વર ભગવાન તેમની ડાબી બાજુના પહેલા બિંબ આદીશ્વર ભગવાન તેમજ મોટા ભોંયરાના મૂળનાયક આદીશ્વર, આ ત્રણ બિંબો ઘણા જીર્ણ થઇ જવાથી સંવત ૧૯૬૩ ની સાલમાં કંચનવર્ણીય લેપ કરાવેલ છે. આ દેરાસરજીમાં કેટલુંક સુથારકામ કરવામાં આવ્યું છે. ( છતાં હજી દેરાસરનો ગભારો, ભોંયરામાં જવાના રસ્તાના દરવાજાના બારણાંઓ કરાવવાનું, ભોંયરાની સીડીઓએ આરસ પથરાવવાનું હજી ઘણું કામ બાકી રહેલું છે. )

સંભવનાથજીના દેરાસરમાં મૂળનાયકજી સંભવનાથ ભગવાનના બિંબના પરઘર આબુજીની કોરણી ભૂલાવે તેવા છે. પરઘરનાં દરેક અંગોઅંગ શાસ્ત્રમર્યાદાના પ્રમાણ પ્રમાણે

છે. બિંબ દીવના રહીશ પારેખ મેઘજીની ભાર્યા સુશ્રાવિકા લાડકીબાઇએ ભરાવેલા છે અને પ્રતિષ્ઠિત ક્રિયા હીરવિજયસૂરીશ્વરજીના પટ્ટધર વિજયસેનસૂરીશ્વર મહારાજે સંવત ૧૬૬૫ ના જેઠ શુદી ૧૧ ના રોજ કરેલી છે. આ દેરાસર ત્રણ બારના ગભારાનું અને સુશોભિત છે. કુલ ચૌદ પ્રતિમાઓ છે. બિંબ મોટાં અને આહ્‌લાદ ઉપજાવે તેવાં મનોહર છે.

આ પ્રાસાદ પ્રથમ કુંભારવાડામાં હતો, પણ હાલમાં નવા બંધાવેલા ચૈત્યમાં સંવત ૧૯૫૯ ના વૈશાક શુદી ૧૨ ના રોજ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યો છે. નવીન ચૈત્ય આદીશ્વર ભગવાનની સમીપમાં આવેલું છે. જુના ચૈત્યમાં પાષાણના ૬૨ બિંબો હતાં. એક પાષાણની ચોવીશી અને પાષાણની અષ્ટમંગલિક હતી. તેમજ આ ગામના કોટની અંદર ખોદકામ કરતાં પાષાણના ૧૮ બિંબ નિકળેલાં, તે મળીને કુલ ૮૨ બિંબની પ્રતિષ્ઠા કરવાની હતી, પણ પરિવાર કેટલોક ઓછો થઇ જવાથી નવા ચૈત્યની પ્રતિષ્ઠા વખતે ૧૩ બિંબો રહેવાથી તેમજ એક કાઉસગ્ગીયાજી મળી ૧૪ ની પ્રતિષ્ઠા થઈ હતી. ( અહીયાં કેટલેક સ્થળે કામ સુધારવાની તેમજ સમરાવવાની જરૂર છે. )

શાંતિનાથ ભગવાનના દેરાસરમાં મૂળનાયકજી શાંતિનાથ ભગવાન છે. ગભારાને ફરતી ભમતીમાં ૨૩ દેરીઓ છે. છે. રંગમંડપમાં એક ચોમુખજીની દેરી છે. રંગમંડપની પશ્ચિમે એક ઓરડીમાં ઘણાં બિંબો છે. આ ઓરડીમાં મુખ્ય બિંબ સંભવનાથ ભગવાનનું છે. શાંતિનાથ ભગવાનનું

બિંબ આ ગામના રહીશ ફીકા વીરજી દોશીએ સં. ૧૬૬૫ ના જેઠ સુદી ૧૧ ના રોજ ભરાવેલું છે, ને તેની પ્રતિષ્ઠા સવાઇ વિજયસેનસૂરીશ્વરે કરેલી છે.

મૂળનાયકજી શાંતિનાથની જમણી તરફ અજીતનાથ ભગવાન ને ડાબી તરફ વીરભગવાન છે. તે બિંબો પણ મૂળ-નાયકના પ્રમાણ જેવડાં છે. દેરાસરમાં પાષાણની કુલ ૪૪ પ્રતિમાઓ છે. એક પાષાણના અષ્ટમંગલિક તેમજ પાષાણના બે સવાગજા ઓરસચોરસ અષ્ટમંગલિક છે. અષ્ટમંગલિકની વચ્ચે પરમાત્માનાં પગલાં છે. દેરાસર જીર્ણપ્રાય: જેવી સ્થિ-તિમાં છે. ( જેમાં કેટલુંક સમારકામ થયું છે અને કેટલુંક કામ બાકી રહેલું છે. )

ચોથું દેરાસર પાર્શ્વનાથ ભગવાનનું છે. મૂળનાયકજી શ્યામવર્ણે પાર્શ્વનાથજી છે. તે પ્રતિમા સંપ્રતિ મહારાજે ભરાવેલાં છે. જ્યારે તેમનું પ્રક્ષાલન કરવામાં આવે છે અથવા તો રાત્રીના ભગવાનની પાસે રોશની કરવામાં આવે છે. એ વખતે બિંબના દરેક ભાગોમાં કોઇ એવા પ્રકારની તેજસ્વિતા દેખાય છે કે જાણે બિંબ રત્નમિશ્રિત હોય એવો ભાસ થાય છે. આ બિંબની પડખેનાં બે બિંબ પાલીતાણામાં બાબુની ધર્મ-શાળામાંના દેરાસરજીમાં પધરાવેલાં છે. મોટા બિંબ મૂળનાય-કજી તરીકે છે ને બીજા બિંબ તેમની પડખે શ્યામવર્ણવાળા છે.

આ દેરાસરજીમાં પાષાણનાં કુલ ૧૯ બિંબ છે. તેમાં ગૌતમસ્વામીનાં બે બિંબ છે. આ દેરાસરજીનું પબાસણ,

ગભારાની દિવાલો અને ભોંયતળીયે સંવત ૧૯૫૮ માં આરસ જડાવેલા હતા. ( તે સિવાય આ દેરાસરજીમાં હજી ઘણું કામ બાકી રહેલું છે. )

પાંચમું દેરાસર નેમિનાથ ભગવાનનું છે. આ દેરાસરજીમાં પાષાણનાં ૨૪ બિંબ છે. તે સિવાય નેમનાથ ભગવાનની શાસનરક્ષક અંબિકાદેવીની મૂર્ત્તિ અને એક પાદુકાનો સ્તુપ છે. અંબિકાની મૂર્ત્તિ આમ્રવૃક્ષની નીચે પોતાના બન્ને પુત્રોની સાથે એકને આંગળીયે અને એકને ગોદમાં રાખી ધ્યાનારૂઢ સ્થિતિમાં જોવામાં આવે છે.

( આ દેરાસરજીના પબાસણ, ગભારાની દિવાલો, ભોંય તળીયે સંવત ૧૯૫૮ ની સાલમાં આરસ ચોડાયેલો હતો; છતાં બીજે ઠેકાણે કામકાજ કરી સુધારવાની જરૂર છે. )

આ દેરાસરોનાં બિંબોમાંથી કેટલાંક બિંબો બહારગામ પણ મોકલવામાં આવ્યાં છે.

અહીંથી ૪૦ બિંબો મુંબઇ ગોડીજીના દેરાસરમાં, ૩૨ ભાવનગર દાદાસાહેબના દેરાસરમાં, ત્રણ બિંબ જામનગર તાબે લાલપુરના દેરાસરજીમાં અને ૨ બિંબ પાલીતાણા બાબુના દેરાસરજીમાં; બાકીના અન્ય સ્થળે લઇ જઇ પધરાવવામાં આવેલાં છે. તે સિવાય ધાતુનાં લગભગ ૧૦૦૦ જેટલા બિંબો જુદે જુદે સ્થળે મોકલવામાં આવેલાં છે.

અહીંનાં પાંચે મંદિરો પ્રથમ જુદે જુદે સ્થળે હતાં. જ્યારે અહીંની જાહોજલાલી હતી ત્યારે અહીંયાં સાતસો તો

પૌષધશાળા હતી. ત્યારે હાલ માત્ર આઠ ઘરની વસ્તી રહી છે. પડતી આવેલી હોવાથી જુદે જુદે સ્થળે આવેલાં દેરાસરો બરાબર સચવાય તેમ ન હોવાથી પાર્શ્વનાથ અને નેમિનાથના દેરાસર મૂળ જગ્યાએથી ફેરવી શાંતિનાથજીના દેરાસરની સમીપમાં જોડાજોડ ગોઠવ્યાં છે. તેમની પ્રતિષ્ઠા વૈશાખ શુદી ૭ સંવત ૧૯૨૪ ના રોજ કરવામાં આવી છે. તેમાં સંભવનાથનું દેરાસર તો શાંતિનાથ અને આદીશ્વરની વચ્ચે ખાલી જગ્યા હતી ત્યાં ગોઠવ્યું છે. જેથી પાંચે દેરાસરો એકજ હારમાં રહેલાં છે. તેમની વચ્ચે ૧૦૦૦ માણસ બેસી શકે એવડો મોટો ચોક આવેલો હોવાથી સિદ્ધગિરિ અને ગિરનારની એક ટુંક જેવો દેખાવ આપે છે.

ફુલવાડીની જગ્યા આ સંસ્થાની માલીકીની હતી; છતાં વળાંકી લીધેલ નહિ હોવાથી તેમાં બાંધકામ કરવા માટે સરકારની પરવાનગી માગતાં ન મળી જેથી જમીન વેચાણ લેવી પડી છે.

ભગવાનના પ્રક્ષાલન માટે નદીએથી પાણી મંગાવવામાં આવતું હતું, પણ દૂર હોવાથી તેમજ ગરમીની મોસમમાં નદીનાં પાણી સૂકાઈ જતાં હોવાથી ઘણી મુશ્કેલી પડતી હતી. દેરાસરજીમાં બે કુવા છે, પણ તેનું પાણી ખારૂં હોવાથી પ્રતિમાની કાંતિ બગડી જતી હતી. જેથી પખાલના કામમાં તે આવી શકતું નહિ, પણ મદદ મળવાથી હાલમાં તે જગ્યાએ એક ટાંકું બાંધવામાં આવ્યું છે.

આ દેરાસરો ગામના એક છેડા ઉપર આવેલાં છે. જેથી મનુષ્ય વસ્તી અલ્પ હોવાથી શાંતિ જોવામાં આવે છે.

હીરવિજયસૂરિ જે જગ્યાએ કાળધર્મ પામ્યા તે જગ્યા હીરવિજયસૂરિના ઉપાશ્રયના નામથી ઓળખાય છે. પ્રસિદ્ધ હીરવિજયસૂરિજીનું જીવનચરિત્ર જગજાહેર છે. એજ હીરવિજયસૂરીશ્વરની ઇચ્છાથી વર્ષમાં છ માસ પર્યંત બાદશાહ અકબરે અમારિપડહ વગડાવ્યો, જજીયા નામનો કર માફ કર્યો. બંદીજનોને મુક્ત કર્યા, ડાબર નામના મોટા સરોવરમાંથી મચ્છવધ બંધ કર્યો. જૈનોનાં તીર્થો, કોઠીયો, પૂજાની જગ્યાઓ વગેરે જે હતાં તે યાવતૂચંદ્ર દિવાકરૌ સુધી જૈનોની પાસે રહે એવાં ફરમાનો આપ્યાં.

હીરવિજયસૂરિ ત્યાંથી વિહાર કરતા સિદ્ધગિરિની યાત્રાએ પધાર્યા, ત્યાંથી પંચતીર્થી તરફ આવ્યા. અહીયાં ચાતુર્માસ કરવાનું નક્કી કર્યું ને બે ચાતુર્માસ કર્યાં. તેમનું છેલ્લું ચાતુર્માસ આ જગ્યાએ હતું. અહીંયાં ભાદરવા શુદી ૧૧ ને દિવસે પોતાની પાછળ બે હજાર શિષ્યોનો પરિવાર મૂકી કાળધર્મ પામ્યા. શ્રાવકોએ આમ્રવૃક્ષની પવિત્ર છાયામાં પવિત્ર ભૂમિ જોઇ ત્યાં એમનો અગ્નિસંસ્કાર કર્યો. તે જ રાતના ત્યાં નાટારંભ થતાં એક મનુષ્યે જોયો, તે નગરમાં જઇ બીજા માણસોને તેડી લાવ્યો, એટલામાં કાંઇ જોવામાં આવ્યું નહિ; પરન્તુ તે જગ્યાની સમીપમાં રહેલા આમ્રવૃક્ષો ઉપર ફળ આવેલાં જોવામાં આવ્યાં. અગ્નિસંસ્કાર વખતે કંઇ નહિ છતાં તે જ રાત્રિએ પાકી કેરીઓ થયેલી પ્રાતઃકાળે જોવામાં

આવી જેથી નગરજનોએ તે કેરીઓ તોડી લીધી. તેમાંની કેટલીક ખંભાત, કેટલીક અમદાવાદના સુબાને ને કેટલીક દિલ્હીપતિ અકબરશાહને–એમ અનેક સ્થળે મોકલાવી. ગુરૂના વિયોગથી તેઓ બહુ દુઃખી અને દિલગીર થયા. શ્રાવકોએ જે જગ્યાએ તેઓ દેહમુક્ત થયા ત્યાં દેરી બંધાવી; તેમ જે જે જગ્યાએ અગ્નિસંસ્કાર કર્યો તે જગ્યાએ ગુરૂજીના સ્તુપની સ્થાપના કરી. આ બન્ને સ્થળોએ અદ્યાપિ પર્યંત ઘણા ચમત્કારો જોવામાં આવે છે.

એ ઉપાશ્રય, એ દેરી વિગેરે જગ્યાઓ આજે દશ વરસ પહેલાં તદ્દન જીર્ણ જ્યાં કમ્મર કમ્મર સુધીનાં ઘાસ ઉગી ગયેલાં, જ્યાં છીપાઓ–ઘુવડ આદી પક્ષીઓના અસંખ્ય માળાઓ થઇ ગયા હતા; તે ઉપાશ્રય કે જે ગામના મધ્યભાગમાં આ જગ્યા આવેલી છે તે, સંવત ૧૯૭૨ ની સાલમાં તદ્દન જીર્ણ હાલતમાં થઇ ગયેલ હોવાથી રૂા. ૭૦૦૦) ખર્ચી નવેસરથી કામ કરાવ્યું. આ રૂ. ૭૦૦૦) નો તોટો મર્હૂમ મોરારજી વકીલ, વલ્લભવિજય મહારાજ મુંબઇમાં ચાતુર્માસ હતા એ વખતે ગયેલા અને ફકત પંદર દિવસમાં રૂા. દશ હજાર લઇ આવેલા અને એ પ્રમાણે જુના ઉપાશ્રયની જગ્યાએ અત્યારે સારૂં ઉપાશ્રયનું સુશોભિત મકાન બનાવેલું છે.

ગામના છેડાથી પોણો મૈલ દૂર શ્રી અજાહરા પાર્શ્વનાથજીના તીર્થસ્થળ વચ્ચે શ્રી હીરવિજયસૂરિ અને વિજયદેવસૂરિના સ્થુળદેહને અગ્નિસંસ્કાર કરવામાં આવેલ છે અને તેના ઉપર હીરવિજયસૂરિ તેમજ તેમની પાટે થયેલા તમામ

આચાર્યોના સ્તુપો છે. કુલ ૧૨ દેરીઓ છે. તેને ફરતો સુંદર એક બગીચો છે. આ બગીચાની જમીન પ્રથમ ૧૦૦ વીઘાં હતી, પણ હાલમાં ૬૨ વીઘાં રહેલી છે. બગીચામાં ૫૦૦ આંબા તેમજ ૪૦૦ નાળીયેરીનાં ઝાડ છે તે સિવાય બીજાં પણ કેટલાંક ઝાડ આવેલાં છે. ( આ બગીચો પ્રથમ સંઘની માલેકીનો હતો, તેની ઉપજ વગેરે પંચતીર્થિમાં વપરાતી હતી, પણ લક્ષ્મીવિજય નામે એક ગોરજી પચાવી પડેલ હતો; તેની ઉપજ તે પોતે એકલો જ ખાઇ જતો હતો, તેનો કેસ જુનાગઢમાં અઢાર વર્ષ સુધી ચાલ્યો અને છેવટે આપણને તેમાં લાભ મળ્યો છે. )

બગીચાની દેરીઓ જર્જરિત સ્થિતિમાં છે અને તે દેરીઓ ઉપર શીલાલેખો મોટા મોટા છે. પહેલો હીરવિજયસૂરીશ્વરના સ્તુપ ઉપર ને બીજો દેવસૂરીશ્વરના સ્તુપ ઉપર છે.

આઠમી દેરી ઉપર વિજયક્ષમાસૂરિની પાદુકા ઉપર લેખ છે કેઃ—

**क्षमासूरि, दयासूरि प्रतिष्ठिता.**
**१७८५ महोत्सवेनोन्नतपुर संघेन स्थापना कारिता.**

નવમી દેરીની પાદુકા ઉપરનો લેખઃ—

સંવત ૧૮૧૫ ના માહા શુદી ૨ ને મંગળવારે ભટ્ટારક શ્રી ૧૦૮ વિજયદયાસૂરિ પાદુકા તપાગચ્છે શ્રી વિજયદયાસૂરીશ્વર પાદુકા શેઠ નિઆલચંદ અચલાતા. મીઠા જસબીરા દા. ધનજી કાનજી સંઘે પ્રતિષ્ઠિતા ઉન્નતપુરે.

આજે અહીંની સ્થિતિ પલટાઇ જવાથી આવી પવિત્ર જગ્યાઓનાં સ્મારકચિન્હો ભયભ્રાંત સ્થિતિમાં આવી પડ્યાં છે. સંઘના નેતાઓ આવાં અણમોલ કાર્ય તરફ ધ્યાન આપી નાબુદ થતાં આવાં અમૂલ્ય સ્મારકચિન્હોને કાયમ રાખે.

# પ્રકરણ ૩૩ મું.

## દેલવાડા.

આ સ્થળ ઉનાથી ત્રણ માઇલ અને અજારથી એક માઇલ દૂર આવેલું છે. મૂળનાયકજી ચિંતામણિ પાર્શ્વનાથજી છે. આ દેરાસર પ્રાચિન સમયનું છે. કોણે બંધાવ્યું અને ક્યારે બાંધ્યું તેનો ઈતિહાસ મળતો નથી, પણ આ દેરાસરજીનો છેલ્લો જીર્ણોદ્ધાર વિક્રમ સંવત ૧૭૮૪ માં થયાનું દેરાસરજીના શીલાલેખ ઉપરથી માલુમ પડે છે. આ શીલાલેખમાં મેલ ભરાવાથી આખી નકલ થઈ શકી નથી; છતાં ભાવનગર સ્ટેટે એનો લેખ પોતાના શોધખોળ ખાતાવાળાઓ માર્ફતે પ્રગટ કરેલો છે. તે મુજબ વિક્રમ સંવત ૧૭૮૪ માં કસ્તુરબાઇએ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો છે.

એ મંદિરમાં પ્રથમ પાષાણનાં ૩૭ બિંબ અને એક પાષાણના ચોવીશી હતાં. તે સિવાય ધાતુનો પરિવાર જુદો હતો, પણ વર્તમાનકાળે શ્રાવકની વસ્તી ત્યાં બિલકુલ ન

રહેવાથી તે પરિવારમાંથી ફક્ત પાંચ બિંબ ત્યાં રાખી બાકીનો પરિવાર જુદે જુદે સ્થળે મોકલવામાં આવ્યો છે.

અવ્યવસ્થા અને દ્રવ્ય તથા દેખરેખને અભાવે આ દેરાસરનો ગોઠી દેરાસર દબાવી પડેલો, એણે દેરાસરને પોતાનું રહેવાનું ઘર બનાવી અતિ આશાતના કરવા માંડી. પછી પાછળથી ગોઠીનો હિસાબ ચોખ્ખો કરી એને રજા આપવામાં આવી; છતાં શ્રાવકોની વસ્તી ન હોવાથી વ્યવસ્થા જળવાય તેવું નહોતું તેથી દેરાસરની નજીકનો ઉપાશ્રય પડી ગયો ને રહ્યું સહ્યું એટલું ઉતરવાનું સ્થાનક પણ નાશ પામ્યું.

એવી અનેક જાતની મુશ્કેલીઓથી ત્યાં કોઇ ભાગ્યે જ જતા હતા. તેમાંય સાધુ–સાધ્વીઓને તો ઘણી જ અગવડતા ભોગવવી પડતી હતી જેથી આ જગ્યાએ જ્યાં પ્રથમ ઉપાશ્રય હતો ત્યાં ધર્મશાળા બંધાવાઇ છે. તેને માટે ત્રણ ઓરડા અને રસોડા માટે એક ઓરડી એમ નિર્માણ થઇ ગયાં છે તે સંબંધી કેટલુંક કામ હજી અધુરૂં રહેલું છે. એકને એક ગૃહસ્થની પાસે વારંવાર મદદની યાચના કરવાથી એની શ્રદ્ધા ખંડિત થવા સંભવ છે માટે જુદા જુદા ગૃહસ્થો આવાં કાર્યો તરફ સહાનુભૂતિ ધરાવે તો ધર્મશાળાને અંગે જે તોટો રહે છે તે ખોટ પૂરાઈ જાય ને કામ આગળ વધે.

“કૃપણ અને દાતાર, લક્ષ્મીવાન પુરૂષોમાં આ બે વસ્તુઓમાંથી એક તો એમને અવશ્ય વરેલી હોય છે. લક્ષ્મીવાનોની લક્ષ્મી કૃપણતાથી નિંદનીય થાય છે. ત્યારે દાતારપણાથી શોભાયુકત થાય છે. લક્ષ્મી કયારે નાશ પામશે તે નક્કી નથી;

માટે નાશ પામતાં પહેલાં એનો સદ્‌વ્યય કરી લાભ લેવામાં આવે તો તે સફળ લેખાય છે. જે લક્ષ્મી દાનના કામમાં આવતી નથી તે પ્રમાદથી અથવા તો અનીતિ અનાચારમાં ઉડાઉપણાથી નાશ પામી જાય છે જેમ મધમાખીએ એકઠું કરેલું મધ બીજાઓ હરી જાય છે, તેમજ કૃપણનું સંચય કરેલું ધન બીજા જ ભોગવે છે, પણ કૃપણ બિચારો તો ભેગું કરીને જ મરી જાય છે–માનવભવ હારી જાય છે.

ધન વ્યાજથી બમણું થાય છે, વ્યાપારથી ચારગણું ને ક્ષેત્રમાં વાવ્યું હોય તો સોગણું. જ્યારે યાત્રમાં કે ધર્મકાર્યમાં યોગ્ય સ્થળે ખર્ચેલું અનંતગણો લાભ આપે છે. જેમની લક્ષ્મી ધર્મકાર્યમાં જોડાય છે તેમની જ વાસ્તવિક રીતે લક્ષ્મી તો છે.

જે માણસો જીનમંદિર બંધાવે છે, જીનબિંબ ભરાવે છે, વિવિધ પ્રકારે વિધિપૂર્વક પુજાઓ રચાવે છે; તેજ આ પૃથ્વી ઉપર ધન્ય છે. નર, દેવ અને મોક્ષનાં સુખો પણ તેમને આપોઆપ મળી આવે છે. ઘાસનું પણ મંદિર બંધાવનાર મણી, માણેક આદિના વિમાનોનું સુખ પામે છે તો મણિ માણેકથી મંદિર બંધાવનારની તે વાતજ શી કરવી ! એના ફળનું વર્ણન કરવાની તે કોની શકિત હોય? એ મંદિરથી પણ આઠગણું ફળ જીર્ણોદ્ધારમાં રહેલું છે. પોતાના ઉત્તમ દ્રવ્યથી જીર્ણોદ્ધાર કરાવનાર સંસારરૂપ સમુદ્રના પારને પામે છે. નવિન ચૈત્ય બંધાવનાર, જીર્ણોદ્ધાર કરાવનારના દાખલા આજે આપણી પાસે મોજુદ છે કે જેમનાં નામ પ્રાતઃ કાળે પણ યાદ કરવા યોગ્ય છે.

આવી સ્થિતિ હોવાથી દેરાસર ઉત્થાપન કરી અન્ય સ્થળે સ્થાપન કરવું કે કેમ તે માટે વિદ્વાન મુનિઓના અભિપ્રાય માગ્યા. દરેકના અભિપ્રાયો ભિન્ન ભિન્ન મળ્યા. ત્યારે એક મુનિરાજ તરફથી સ્નાત્ર ભણાવી ચીઠ્ઠી નાંખવામાં આવી. તે મુજબ વર્તવું એમ નક્કી થયું, પણ ચીઠ્ઠી નકારની નિકળી. પછી દેરાસરના તમામ બિંબોની બે જુદા જુદા ગૃહસ્થોએ માગણી કરી. તે સંબંધી પણ ચીઠ્ઠીઓ નાખવામાં આવી; તેમાં પણ નકારનો જવાબ મળ્યો એટલે ઉત્થાપનનો વિચાર માંડી વાળ્યો.

આ નગરમાં સાધુ–સાધ્વી કે શ્રાવક–શ્રાવિકાને ઉતરવાનું બીલકુલ સાધન નહોતું, પણ હવે સાધારણ ઉતરવાનું સારૂં સાધન થઇ ગયું છે.

શેઠ ખુશાલચંદ કરમચંદના સુપુત્રોએ પ્રથમ એક હજાર રૂા. આપ્યા તેમાં કામ કરાવ્યું. ધીમે ધીમે તે લોકો અહીં મદદ આપતા ગયા અને દેરાસરનો જીર્ણોદ્ધાર, ફરતો ગઢ તદ્દન જીર્ણ થઇ ગયો તે સુધરાવ્યો તેમજ આ સ્થળે બીલકુલ ઉતરવાનું સાધન હતું નહિ, માણસોને કયાં જઈને ઉભા રહેવું, કયાં સુવું, કયાં બેસીને માણસોને વિશ્રામ લેવો, રાત્રીના આરતી ઉતારી ભાવનામાં બેસવાનો વિચાર થાય તો પાછું સુવું કયાં ? જયાં માણસોને એવા વિચારો થતા હતા ત્યાં કોઈ દર્શન માટે પણ ભાગ્યે જ જતા હતા. તેમાંય સાધુ-સાધ્વીને ઘણી જ અગવડતા ભોગવવી પડતી હતી. જેથી આ જગ્યાએ–જ્યાં પ્રથમ ઉપાશ્રય હતો ત્યાં ધર્મશાળા બંધાવાઈ

છે. આ દેરાસરની કુંડીથી તે દેરાસરના જીર્ણોદ્ધાર–ધર્મશાળામાં દશ હજાર શેઠ ખુશાલચંદ કરમચંદના સુપુત્રોએ ધીમે ધીમે મદદ કરી સારી સ્થિતિમાં આણેલ છે.

# પ્રકરણ ૩૪ મું.

## દીવબંદર.

ઉનાથી આઠ માઇલ અને દેલવાડાથી પાંચ માઇલ તેમજ અજારથી છ માઇલ દૂર આ સ્થળ આવેલું છે. એને ચારે બાજુએ ફરતો સમુદ્ર આવેલો છે. દીવ અને ઘોઘલા ગામ સામસામે છે. વચ્ચે ૧૦૦ થી ૧૫૦ વારની ખાડી ઓળંગવી પડે છે. વર્ત્તમાન સમયે ત્યાં પોર્ટુગીઝ સરકારની હકુમત છે. સમુદ્રના કાંઠાનો પ્રદેશ અને વસ્તી ગીચ ન હોવાથી આખો દિવસ શિતળ હવા રહે છે. ત્યાં સુંદર ત્રણ પ્રાસાદો છે. મુખ્ય પ્રાસાદ નવલખા પાર્શ્વનાથના નામથી, બીજો નેમિનાથ અને ત્રીજો સુવિધિનાથના નામથી ઓળખાય છે. ત્રણે પ્રાસાદનાં મળીને કુલ ૩૨ બિંબ છે તેમાં બે સ્ફટિક રત્નનાં બિંબ છે. આ બિંબો પણ ઘણાં પ્રાચીન વખતનાં છે. ધાતુના બિંબનો પરિવાર ૧૦૦૦ ઉપરાંત અહીંયાં હતો; પાછળથી એ પરિવારમાંથી કેટલાંક બિંબો જુદે જુદે સ્થળે મોકલવાથી ઘટાડો થયો છે. કેટલાંક વર્ષ ઉપર એક જગ્યાએથી ખોદકામ કરતાં ૪૦૦

જેટલાં ધાતુનાં બિંબ નિકળેલાં હતાં. જેમાંનાં કેટલાંક મુંબઇ વગેરે સ્થળે મોકલવામાં આવ્યાં છે. અહીંયાં પૂર્વે ત્રણ કરતાંય પણ વધારે પ્રાસાદો હશે એમ જણાય છે. જમીનમાંથી પ્રતિમાઓ નિકળે છે. એ તની હકીકતને પુષ્ટિ મળે છે.

ત્રણે પ્રાસાદો જુદે જુદે સ્થળે હતા, પણ જૈન વસ્તી ઓછી થઇ ગઇ જેથી દેરાસરો સાચવવાનું કામ મુશ્કેલ થઇ પડયું. તેમાંથી દેરાસરો પણ જીર્ણ થઇ ગયેલાં હતાં જેથી તે ઉત્થાપન કરી નવલખા પાર્શ્વનાથજીની જોડમાં બે નવીન ચૈત્ય કરી વિક્રમ સંવત ૧૯૪૯ ના ફાગણ શુદી ૫ ના રોજે તે બિંબોની ફરીને પ્રતિષ્ઠા કરેલી છે. તેમાં સુવિધિનાથજીના મંદિરમાં મૂળનાયક સુવિધિનાથ હતા, પાછળથી તે બિંબ ખંડિત થવાથી તેમની જગોએ શાંતિનાથ ભગવાનનું બિંબ સ્થાપન કરેલું છે. ખંડિત થયેલું સુવિધિનાથ ભગવાનનું બિંબ ભોંયરામાં પધરાવવામાં આવ્યું છે. પાછળથી તે બિંબ મનુષ્યકૃતિ સિવાય પબાશન ઉપર બીરાજમાન થયેલું લોકોએ જોયું. ફરી વખત પણ પધરાવ્યા તો તેમજ બન્યું. ત્રણ વખત ભોંયરામાં પધરાવ્યા અને ત્રણ વખત મનુષ્યકૃતિ સિવાય પબાશન ઉપર બિરાજમાન થયા તેથી શાંતિનાથ ભગવાનની ગાદી નીચે પબાશન ઉપર તેમને જ બિરાજમાન કરવામાં આવેલા છે.

દીવબંદરમાં જૈનોની વસ્તી મોટા પ્રમાણમાં અને ધનાઢ્ય હતી, નવલખા પાર્શ્વનાથનું માહાત્મ્ય વિખ્યાત કહેવાય છે. તેમના એક સ્તવનમાં લખેલું છે કે–પ્રભુનો મુગુટ નવ-

લખો, હાર નવલખો, આંગી નવલખી, તેમજ નવલખો સંઘ હોવાનું જણાવેલું છે. સેનસૂરિની મુખ્ય શ્રાવિકા લાડકીબાઇ દીવબંદરની હતી, એમણે ધર્મકાર્યમાં લાખો રૂપીયા ખર્ચેલા છે. ઉનામાં સંભવનાથનું દેરાસર બંધાવનાર ને બિંબ ભરાવનાર તેમજ હીરવિજયસૂરિનો સ્થુભ બંધાવનાર તેજ શ્રાવિકા હતાં. આ લાડકીબાઇનો રાસ એક જગ્યાએ જોવામાં આવેલ હતો, પણ પાછળથી તેનો પત્તો મળ્યો નહિ. આ રાસ આજે હાજર હોત તો ઇતિહાસ ઉપર કંઇક ઠીક પ્રકાશ પડત.

પાલીતાણા શહેરનું મુખ્ય દેરાસર બંધાવનાર પણ અહીંના વતની હતા. આદીશ્વર ભગવાનનું દેવળ અહીંનાજ શ્રાવક રૂપચંદ ભીમજીએ બંધાવેલું હતું, તેમજ ગિરનાર ઉપર પણ એમણે લાખો રૂપૈયા ખર્ચેલા હતા. કિંવદંતિ સંભળાય છે કે, તેઓ ઘણા જ ગરીબ અને નિર્ધન હતા. પણ સુદેવ, સુગુરૂ અને સુધર્મ ઉપર તેમની શ્રદ્ધા અથાગ હોવાથી તેઓ એવી સ્થિતિમાં પણ દેવ, ગુરૂ અને ધર્મની ભક્તિ કરતા હતા અને ઘણો કાળ ધ્યાનસ્થ સ્થિતિમાં જ ગાળતા હતા. તેમની આવી ધર્મ ભાવનાથી પ્રસન્ન થયેલી પદ્માવતીદેવીએ તેમને સાક્ષાત્ દર્શન આપ્યાં—તેમનાં કષ્ટ કાપ્યાં, વરદાન આપ્યું, ત્યારથી તેમની નિર્ધનતા દૂર થઇ.

લક્ષ્મીદેવીની જેમ જેમ તેમની ઉપર કૃપા થતી ગઇ, તેમ તેમ તેઓ તેનો સદ્વ્યય કરવા લાગ્યા. તેઓ સારા કવિ પણ હતા. પોતાની ઉત્તરા અવસ્થામાં ભગવાનનું એક સારૂં

સ્વતન બનાવવાનો અભિગ્રહ કરેલો, જેથી એમણે તે સિવાય બીજાં પણ ઘણાં સ્તવનો બનાવ્યાં છે. એ સ્તવનનો સંગ્રહ કરવાનો પ્રયત્ન અદ્યાપિ કાંઇ થયો નથી. કેટલીક સ્તવનાવળીમાં હાલમાં તેમનાં છુટાં છુટાં સ્તવનો જોવામાં આવે છે.

તપાગચ્છની પાટ પરંપરામાં થયેલા ૬૪ મી પાટે શ્રી શ્રી વિજયક્ષમાસૂરીશ્વર વિક્રમ સંવત ૧૭૮૫ માં આ સ્થળે કાળધર્મ પામ્યા છે. તેમના અગ્નિસંસ્કાર સમયે, તેમજ તે જ સાલમાં વિજયદયાસૂરિને સૂરિપદ આપવાની ક્રિયા થઇ તેમાં આ નગરીના શ્રાવકોએ પુષ્કળ દ્રવ્ય ખર્ચેલું હતું. વિજયક્ષમાસૂરિને વિજયરત્નસૂરિના શિષ્ય હતા. એ વિજયરત્નસૂરિ ૬૨ મી પાટે થયેલા ગૌતમાવતાર શ્રીવિજયપ્રભસૂરિના શિષ્ય હતા. વિજયપ્રભસૂરિ સં. ૧૭૪૯ માંસ્વર્ગવાસ થયા હતા.

વિજયદયાસૂરિએ સંવત ૧૮૧૭ માં શત્રુંજય ઉપર પ્રતિષ્ઠા કરાયેલી છે. તેમની પછી ૬૬ મી પાટે વિજયધર્મસૂરિ થયા. તે સંવત ૧૮૩૮ સુધી વિદ્યમાન હતા. વિજયધર્મસૂરિ પછી વિજયજીનેંદ્રસૂરિ ૬૭ મી પાટે થયા. તે સંવત ૧૮૮૯ લગભગ સુધી હતી એમ જણાય છે. સંવત ૧૮૫૯ તેમજ સંવત ૧૮૭૫ માં ગિરનારના શિલાલેખો એમણે કરાવ્યા હતા. તેમની પછી વિજયદેવેંદ્ર પછી વિજયધરણેંદ્ર અનુક્રમે થયા.

દીવનગરીના શ્રાવકોએ તે સિવાય ઘણી સખાવતો કરેલી છે. ગિરનારના પગથીઆંનો ઉદ્ધાર દીવના સંઘે કરાવેલો છે.

એવું તે પાજ ઉપરના એક શિલાલેખથી જણાય છે; તેમજ પ્રભાસપાટણના જૈન મંદિરની અંદર પબાસણનો લેખ વિક્રમ સંવત ૧૬૯૯ નો છે, તેમાં લખ્યું છે કે–" દીવબંદરના ઉકેશજ્ઞાતિયના શેઠ સદ્દગુણની ભાર્યા સંપુરાઈના દીકરા શીવરાજે પાર્શ્વનાથની મૂર્ત્તિ ભરાવી. "

સમય પોતાનું કામ કર્યે જાય છે. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ એ નિયમને અનુસરીને આજે એ દીવ શહેરની જાહોજલાલી સૂકાઇ ગઇ છે, જ્યાં નવલખા સંઘ તરફથી નવલખી આંગીઓ થતી, ધાર્મિક કૃત્યો પાછળ લાખો રૂપૈયા ખર્ચાતા હતા, ત્યાં આજે ભગવાનને મસ્તકે ચડાવવા ચાંદીનો મુગુટ પણ ન મળે !

નવલખો સંઘ હતો તે પણ પાછળથી ઉપદેશને અભાવે ઢુંઢકમતના સાધુઓનું આવાગમન થતાં એમાં ભળી ગયો. આજે મૂર્ત્તિપૂજકનું માત્ર એક જ ઘર રહેલું છે અને ભંડારમાં જે શિલિક હતી તેની પણ ગેરવ્યવસ્થા થઇ ગઇ, છેવટે દેરાસરોનો ખર્ચ કેમ ચલાવવો તેની પણ મુશ્કેલી નડી જેથી ભગવાનનાં જે કાંઇ આભૂષણો ગેરવ્યવસ્થા થતાં બચ્યાં તે મુંબઇ ગોડીજીના દેરાસર માર્ફતે વેચાયાં અને તેમાંથી ખર્ચ ચલાવવાનો વખત આવી લાગ્યો. એથી વિશેષ શોચનીય બીના બીજી શી હોય ?

આ ત્રણે પ્રાસાદોનું બાંધકામ ભુખરા પત્થરનું છે. પબાસણોમાં પાણી ભરાઈ રહેતું હતું; ભોંયતળીયામાં ગાબડાં-

ઓ પડેલાં હતાં અને વર્ષાઋતુમાં જીવજંતુની બહુ જ ઉત્પત્તિ થઇ આવતી તેથી સં. ૧૯૭૯ ની સાલમાં ભોંયતળીયે તથા પબાસણો આરસથી બંધાવ્યા તથા સંવત ૧૯૮૧ ની સાલ સુધી અહીં શ્રાવક-શ્રાવિકાઓ તથા સાધુ સાધ્વીને ઉતરવાની બહુ જ અગવડતા હતી તે અહીં ભાવનગરવાળા **શા. નાનાંલાલ હરીચંદ** આવેલા તેઓ શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીમાં પધરાવવા એ પ્રતિમાજી લઇ ગયા હતા તેમણે રૂા. ૧૮૦૦) આપ્યા જેથી ત્યાં ધર્મશાળા ચાર ઓરડા અને એક ઓરડી બંધાવવામાં આવેલ છે.

# પ્રકરણ ૩૫ મું.

## કોડીનાર.

આ સ્થળ ઉનાથી બાર કોશ દૂર આવેલું છે. આજે તો ત્યાંના તમામ પ્રાસાદોનો વિચ્છેદ થયેલો છે. નેમિનાથ ભગવાનનાં શાસનરક્ષક અંબિકા પૂર્વભવમાં આ કોડીનારના વતની હતાં. અહીના પ્રાસાદો છેવટ સંવત ૧૮ સુધી અસ્તિત્વ ધરાવતા હતા, એવું લખારામ નામના શ્રાવકે સિદ્ધાચળથી ગિરનાર સુધીમાં આવતાં દરેક તીર્થની જાત્રા કરી છે તે સંબંધીનું એક સ્તવન જોવામાં આવે છે. તેમાં 'કોડીનારે નમશું નેમ, અને સુહાગણુ અંબિકા દેવ' એમ લખેલું છે એ ઉપરથી સિદ્ધ થાય છે.

આ પંચતીર્થીની આસપાસમાં કેટલાંક તીર્થસ્થળો વિચ્છેદ ગયા છે. એ હકીકત જાણી ખરા જૈનને દિલગીરી થયા વગર રહેશે નહિ. અહીંથી સાત ગાઉ ઉપર રોહીસા નામે ગામ છે. ત્યાં એક જૈન મંદિરનું ખંડેર હસ્તી ધરાવે છે. ૧૫ થી ૧૭ કોશ ઉપર સમુદ્રની વચ્ચે જાફ્રરાબાદ નજીક બેટ છે. જે વર્તમાન સમયે શિયાળબેટને નામે ઓળખાય છે. ત્યાં અનેક જૈન મંદિરનાં ખંડેરો અને ખંડિત બિંબો જોવામાં આવે છે. તેને જુદા જુદા માણસોએ જેને જેમ ફાવ્યું તેમ તેનો ઉપયોગ કરેલો છે અને કરે છે. આ બેટમાં ચાંચીયા લોકો સિવાય બીજા કોઇ લોકોની વસ્તી જ નથી.

ત્યાંના કેટલાએક લેખોનો સંગ્રહ ભાવનગર સ્ટેટ તરફથી થયેલો છે. તેમાંના ત્રણ લેખો નીચે પ્રમાણે છે–" વિક્રમ સંવત ૧૩૦૦ માં સહજીગપુરના રહેવાસી વલ્લીવાળ જ્ઞાતિના શેઠે મલ્લીનાથની પ્રતિષ્ઠા કરી. "

વિક્રમ સંવત ૧૩૧૫ માં મહુવામાં મહાવીરસ્વામીના દેશમાં પોરવાડ શેઠ આસપાળના દિકરા આશદેવના ગાંધી જીવાએ પોતાના કલ્યાણ સારૂ પાર્શ્વનાથની મૂર્તિ કરાવી.

વિક્રમ સંવત ૧૨૭૨ માં ટીમાણાના મહેરરાજ રણસિંહના શ્રેય માટે સર્વ સંઘે મળીને મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી.

જીનબિંબ અને તેના અવશેષોના દુરૂપયોગની હકીકત દરેક જૈન બંધુને શરમાવનારી છે. તળાજામાં હજીરાપીરની કબરમાં જૈન પ્રતિમાની બેઠકનો લખ છે. જેમાં લખ્યું છે કે–

વિક્રમ સંવત ૧૩૦૨ માં ઠક્કર ઝાંઝણે તેની માતા લક્ષ્મીદેવીના શ્રેય માટે મહાવીરની પ્રતિમા સ્થાપી.

ગોઘામાં જુના ઘાંચીવાડાની મસીદમાં નગારખાનાની ઉપરના અને નીચેના ભાગમાં બે તેવા જ લેખો વિક્રમ સંવત ૧૭૧૯ ની સાલના છે. તેમાં એકમાં સરસ્વતી ગચ્છના કુમુદચંદ્રે પ્રતિષ્ઠા કરી છે ત્યારે બીજામાં ધર્મસાગર સાધુએ પ્રતિષ્ઠા કરી.

પ્રભાસપાટણમાં સુતારફળીયામાં પણ બે તેવા લેખો છે, તેમાં વિક્રમ સંવત ૧૩૩૮ માં પલીવાળ જ્ઞાતીના ઠક્કર આસવડ તથા આસપાલે મળીને પોતાની માતાના કલ્યાણ સારૂ મલ્લીનાથની મુર્ત્તિ ભરાવી તેમજ બીજા લેખમાં સંવત ૧૩૪૦ માં વીરપાળના ભાઇ પૂર્ણસિંહની ભાર્યા વૈજલદેવીનો પુત્ર ડુંગરસિંહ તથ કેલીસિંહે પોતાના કલ્યાણ સારૂ પાર્શ્વનાથની મુર્ત્તિ કરાવી. આવા અનેક પૂરાવા જોવામાં આવે છે.

આવા દાખલાઓ વાંચી આપણું હૃદય અવશ્ય કંપાયમાન થાય જ. એને આવી સ્થિતિમાં લાવવાનું કારણ જૈન નેતાઓની બેદરકારી જ છે, તેમની આવી બેદરકારીથી આજ સુધીમાં ઘણાં તીર્થો વિચ્છેદ થયાં છે અને વિચ્છેદ થાય છે. હજી એમની ઉંઘ ઉડે અને તેઓ જાગે ને આવાં અણમોલ તીર્થો તરફ ધ્યાન આપે.

આ પંચતીર્થીનો વહીવટ માત્ર આઠ ઘરની વસ્તીવાળા સંઘને હસ્તક છે. આવી પ્રાચીન અને મોટી પંચતીર્થીનો

વહીવટ વગર પૈસે ચલાવવાનું કામ ઘણું વિકટ હોય છે. આ પંચતીર્થીનો વહીવટ પ્રથમ દીવ નિવાસી એક શ્રાવકને ઘેર હતો. પાછળથી તે આસામી કાચી પડી ગઇ. જેથી એ વહીવટ એના ઘરમાંજ રહી ગયો. એકહથ્થુ વહીવટ રાખવાનાં કેવાં માઠાં પરિણામ આજ લગી આવ્યાં છે ને હજી આવશે છતાં શ્રાવકોને પોતાની સ્થિતિનું ભાન થતું નથી.

અહીંયા દરસાલ મુંબઇથી ૧૫૧) ને ભાવનગરથી ૧૫૧) મળી રૂા ૩૦૨) નકરાના આવે છે. તેમજ ભગવાનનાં આભૂષણો વેચાયાં તેનુ વ્યાજ રૂા. ૧૫૦) લગભગ આવે છે. એમ રૂા ૪૫૦) આવકમાં ઘણી જ કરકસરથી ખર્ચ કરવામાં આવે છે તો પણ દરેક દેરાસર દીઠ વાર્ષિક રૂા ૧૨૫)નો ખર્ચ આશરે ગણવામાં આવે તો પણ વાર્ષિક રૂા ૧૨૫૦) જેટલો પંચતીર્થીનો ખર્ચ થવા જાય છે જેથી દરસાલ તોટો રહે એ બનવાજોગ છે.

રેલ્વે વગેરેનું સાધન નહિ હોવાથી આ તરફ યાત્રાળુઓ વિશેષ પ્રમાણમાં આવતા નથી; તેમજ આજે જુના કરતાં નવા તરફ જનપ્રવૃત્તિ વધારે ખેંચાય છે. પૈસાની રેલમછેલ ચાલે છે, જ્યારે પ્રાચીન તીર્થોનો ગમે તેટલો મહિમા હોય છતાં તેના તરફ ખ્યાલ પણ આવતો નથી. એજ આ કલિકાલની બલિહારી છે.

આજે તો ભરતીમાં જ ભરાય છે. જ્યાં દ્રવ્યની જરૂરીયાત નથી અને સિલિકમાં ભરપૂર દેવદ્રવ્ય હોય છે ત્યાં વૃદ્ધિ છતાં વધ્યે જ જાય છે. નથી ત્યાં કોઇ સામે પણ જોતું, જૈન

નેતાઓ આ તરફ ધ્યાન આપે તો સારી વાત છે. આ પંચ તીર્થીમાં હજી ઘણું કામ બાકી છે. રૂા ૨૫૦૦૦) સિવાય આ પંચતીર્થીની સ્થિતિ સુધરે તેવી નથી. આવી જરૂરીઆત બાબતો તરફ અવશ્ય દરેકનું લક્ષ્ય ખેંચવાની જરૂર છે. એકાદ વખત પંચતીર્થીની યાત્રાએ આવીને એની સ્થિતિનો બારિક અભ્યાસ કરી પછી યોગ્ય લાગે તેવા ઉપાયો લેવા.

મારા–તારાનું મમત્વ જ વિનાશનું કારણ છે, જો એ મમત્વ ટળી જાય તો જ જે સ્થળોમાં નાણાનો સારો ભંડોળ છે તેમાંથી વીતરાગની આશાતના ટાળવા માટે ખર્ચ થાય તો આવાં કાર્ય સુગમતાથી થઇ શકે છે. ધ્યાન રાખજો આ પ્રાચિન સ્થળો તમારા ધર્મની, તમારી ઉદાર; તાની જાહોજલાલી સૂચવનારાં છે, તેનો વિનાશ થવા દેશો તો એનો ભાર નેતાઓ, કાર્યવાહકો–તમારે શિર રહેશે, આજે જેટલું છે તેટલુંય આપણે સંભાળી રાખતા નથી એનું કારણ સ્વાર્થીપણું–મમત્વપણું જ છે. એ સ્વાર્થે, એ મમત્વે જાણીબુઝીને બીજી કિંમતી વસ્તુઓનો નાશ થતો આપણે જોઇએ છીએ.

અરે શ્રીમંતો ! નેતાઓ ! તમે તમારા ઘરનું દ્રવ્ય ખર્ચવા ન ઇચ્છતા હો તો ભલે, તીર્થોનાં લાખોનાં દ્રવ્યો તમારી દેખરેખ નીચે હશે. જરા તમારી નજર વિશાળ કરો, એ લાખોના દ્રવ્યો વ્યાજના કે ગમે તે લોભના કારણે તમે સંભાળી રહ્યા છો, પણ આવા તીર્થો તરફ નજર રાખી એ દ્રવ્યોનો ઉપયોગ આવાં જીર્ણોદ્ધારમાં થાય તો જૈનોની પ્રાચીન

જાહોજલાલી જળવાય તેમ છે માટે મમત્વને ત્યાગી વિશાળ ભાવના ધારણ કરી આવાં તીર્થોને નાશ થતો અટકાવો.

આ સ્થળો વેરાવળપાટણથી ૨૨ કોશ, મહુવા બંદરથી ૩૦ કોશ, કુંડલાથી ૨૦ કોશ, અને જાફ્રાબાદથી ૧૧ કોશ દૂર આવેલાં છે. જાફ્રાબાદ ઉતરવામાં સ્ટીમરનું સાધન અને વેરાવળપાટણ તેમજ કુંડલા તરફથી આવવામાં ત્યાં સુધી રેલ્વેનું સાધન હાલ હસ્તી ધરાવે છે. દરેક સ્થળેથી સસ્તા ભાડાએ બેલગાડીઓ મળી શકે છે. રસ્તાઓ સુલભ હોવાથી ચોર કે લૂંટારાઓનો જરા પણ ભય નથી. એક વખત આવવાથી આવા રમણીય સ્થળે વારંવાર આવવાનું મન થાય છે કે નહિં તેની અહીં આવીને ખાત્રી કરો.

જો કે આ પંચતીર્થી માટે કેટલીક મદદો આવી છે; છતાં એટલી મદદથી કાર્યસિદ્ધિ થઇ શકે તેમ તો નથી. જે કાર્યમાં જેટલે અંશે રકમની જરૂર હોય છે તેટલી રકમની મદદ ન મળે તો થોડી મદદથી થયેલું અર્ધું કાર્ય પણ નાશ પામી જતાં એ ખર્ચેલ નાણાં પણ વ્યર્થ થઇ જાય છે. એવી એવી જોખમદારીઓ અને જવાબદારીઓ માટે ઘણું કહેવાયું છે ને હજુ ઘણું કહેવાય છે. સાંભળનાર કાન સરવા કરી બે ઘડી સાંભળી હૃદયમાં લાગણી બતાવી બે દીલગીરીના શબ્દોથી પોતાનો મર્મ બતાવે એ ઠીક ન કહેવાય !

માનવીહૃદય એવું તો રીઢું થયેલું હોય છે કે ઉપદેશના પ્રવાહનો વેગ ધોધબંધ વહેવા છતાં એ કાતીલ

જીગરને જરા પણ અસર થતી નથી એજ નવાઇ છે. જે વસ્તુઓને આપણી માની નથી એવી વસ્તુઓ ભલે સડતી હોય કે નષ્ટ પામતી હોય છતાં એની તરફ ઉપેક્ષાવૃત્તિ ધારણ કરાય છે. જ્યારે જે વસ્તુ પોતાની માનવામાં આવે છે, એને માટે આપણી સ્થિતિ પ્રમાણે ખર્ચ કરવાને આપણે શી ન્યૂનતા રાખીએ છીએ ? સ્વાર્થ માટે તો, આપણા પુત્ર વગેરે માટે આપણા પોતાના ઘર કે વાડી બંગલા માટે આપણે ગમે તેટલું કરવાને અચકતા નથી, ખર્ચ કરવાને પાછી પાની કરતા નથી, ત્યારે આવાં જૈન જાહોજલાલીનાં પ્રાચીન અને ઐતિહાસિક સ્થળો માટે સમર્થ છતાં–શક્તિસંપન્ન છતાં કપાળ ઉપર હાથ મૂકી ભાવીભાવ કહી જૈન નેતાઓ છુટી પડે, મધ્યસ્થભાવના ધારણ કરે એનાથી અધિક કમભાગ્ય આપણું જગતમાં બીજું કંઇ હશે ખરૂં કે ?

# પ્રકરણ ૩૬ મું.

## કોડીનારનાં અંબિકાદેવી.

ગિરનારની દક્ષિણ દિશાએ ધનધાન્યથી ભરપૂર, સમૃદ્ધ કોડીનાર નામે નગર આવેલું છે. જે સમયના કોડીનારનાં આપણે વર્ણન કરીએ છીએ. તે સમય શ્રી નેમિનાથનો સમય હતો. તે સમયના કોડીનારમાં ને આજે તો આભ–જમીન જેટલું અંતર છે; છતાં આપણે તો તે સમયના કોડીનાર

તરફ જઇએ. એ કોડીનારના ઉંચા પ્રાસાદોમાં વસતા મનુષ્યોની સમૃદ્ધિ અલૌકિક હતી. એ ઐશ્વર્ય, એ સમૃદ્ધિ ઉપર શાસન તો દ્વારિકાધિપતિ શ્રી કૃષ્ણવાસુદેવનું હતું. એ સમૃદ્ધ કોડીનારમાં દુર્દૈવ નામે એક બ્રાહ્મણ રહેતો હતો, તેને દેવલા નામે સ્ત્રીથી સોમભટ્ટ નામે પુત્ર ઉત્પન્ન થયો. સોમભટ્ટને સતીઓમાં મુગુટ સમાન અંબિકા નામે સ્ત્રી હતી. સોમભટ્ટ પ્રથમ જૈનધર્મી હતો, પણ તેના પિતાના મરણ પછી તેનો પણ જૈનધર્મ સ્વર્ગમાં ગયો. તે છતાં ઉદારઆશયી અંબિકા જૈનધર્મમાં પ્રીતવાળી દિવસો નિર્ગમન કરતી હતી.

હવે દુર્દૈવ બ્રાહ્મણના શ્રાદ્ધનો દિવસ આવી પહોંચ્યો, તે જ દિવસે મધ્યાહ્ન સમયે માસોપવાસી બે મુનિઓ સોમભટ્ટને ઘેર પધાર્યા. તપ અને ક્ષમાથી સૂર્ય ચંદ્ર સમાન તે મહામુનિઓને જોઇ અંબિકા ઘણીજ હર્ષિત થઇ ગઇ. "આહા! આજે પર્વને દિવસે મારા અગણ્ય પુણ્યથો આ મહામુનિ મારે ત્યાં પધાર્યા છે, જેથી હું તમને અન્નદાનવડે પ્રતિલાભિત કરૂં." એમ વિચારતી હર્ષનાં અશ્રુ વરસાવતી અંબિકા ઉભી થઇ હાથમાં અન્ન લઇ તે ભક્તિથી મુનિને કહેવા લાગી. "મુનિવર ! મારા કોઇ પુણ્યોદયે આપ અહીં પધાર્યા છો તો આ અન્ન લઈને મારા ઉપર અનુગ્રહ કરો ?"

અંબિકાની ભક્તિથી સાધુએ પાત્ર ધર્યું. અંબિકાએ હર્ષથી ઉત્તમગતિનું જાણે બીજ વાવતી હોય તેમ તેમાં અન્ન વહોરાવ્યું. આહાર ગ્રહણ કરી મુનિઓ ત્યાંથી ધર્મલાભ આપીને ચાલ્યા ગયા.

ધર્મથી પાપનો નાશ થતાં શુભ પરિણામને લીધે ત્યારથી અંબિકા ગૃહકાર્યમાં મંદ થઇ ગઈ. અંબિકાએ આપેલું મુનિદાન કલહપ્રિય એક પાડોશણે જોયું. સાક્ષાત્ કૃત્યાની બ્હેન હોય એવી ઘરમાંથી બહાર નિકળી ક્રોધાંધપણે અંબિકાને કહેવા લાગી. "હે વધુ ! તારી સ્વતંત્રતાને ધિક્કાર છે ! અત્યારે તારા ઘરમાં સાસુ કે કોઇ નથી; છતાં તેં દેવતાઓને અને પિતૃઓને આપ્યા સિવાય મુનિઓને દાન આપી આ રસોઇ નકામી કરી નાખી હજી તો પિંડદાન પણ કર્યું નથી." ઇત્યાદિ ઉંચે સ્વરે બોલતી ને બધાને ભડકાવતી એ કૃત્યા પાડોશણ અંબિકાની સાસુને બોલાવી લાવી અને આ બધી વાત મરી મરચાંથી યુક્ત કરી કહી સંભળાવી.

હવે કૃત્યા પછી સાસુનો વારો આવ્યો. "અરે મૂર્ખી ! તેં આ શું કર્યું ? મારી રજા શિવાય તેં મુનિને કેમ દાન આપ્યું ? હું છતાં ઘરમાં તારો અધિકાર કેમ ચાલી શકે ?"

એ બન્ને કૃત્યાઓની વચમાં રમેલી અંબિકા હૃદયમાં કંપવા લાગી. એની નબળાઇનો આ બન્ને જણા લાભ લેવા માંડ્યો ને એની ઉપર અધિકાધિક રોષ ઉતારવા માંડ્યો એટલામાં અસૌમ્ય પ્રકૃતિવાળો સોમભટ્ટ પણ બ્રાહ્મણોને લઇને ઘેર આવી પહોંચ્યો. તેણે પણ પાડોશણ અને માતાના મુખથી વૃત્તાંત સાંભળી અંબિકાનો તિરસ્કાર કર્યો.

ઘરમાં આવી રીતે કલેશ ઉત્પન્ન થવાથી પોતાના બે પુત્રોને લઇને અંબિકા ત્યાંથી ચાલી નિકળી. મનમાં વિચારવા

લાગી કે–"ગિરનાર ઉપર જઇ તપસ્યા કરી હું મારૂં આત્મ-સાધન કરૂં." એમ વિચારી ગિરનારને માર્ગે ચાલી. એક પુત્રને હાથ ઉપર બેસાડ્યો છે, બીજો કેડ ઉપર છે. એવી રીતે મનમાં ગિરનારનું સ્મરણ કરતી ત્યાંથી આગળ ચાલી.

કેડ ઉપર તેડેલું બાળક અસ્પષ્ટ શબ્દો બોલતું રડવા લાગ્યું–તૃષાની વેદનાથી મોં લાલચોળ થઈ ગયેલું છે એવું તે રડવા લાગ્યું. પાણી પાણી પોકારવા લાગ્યું ને બીજો પુત્ર શુંભંકર નામે હતો તે હાથની ચેષ્ટા કરતો ખાવાનું માગવા લાગ્યો. બન્ને બાળકોને શોકથી રૂદન કરતાં જોઇ અંબિકાને ફરીને પાછો શોક ઉત્પન્ન થયો–અંબિકા ખેદ કરવા લાગી.

"આહા! ગરજવાનની માફક આ બાળકો પણ સમ-જતા નથી. અત્યારે એમને કંઇ પણ આપવાને અસમર્થ હું શું કરી શકું? હે પૃથ્વી! તું મને માર્ગ આપ, જેથી હું તારો આશ્રય લઇ દુ:ખમુક્ત થાઉં અથવા તો આ અરણ્યમાં રૂદન વૃથા છે. અશાતાવેદનીયના ઉદયથી પ્રાણીઓને જે જે કર્મો ઉદય આવ્યાં હોય તે બધાં સહન કરવાં પડે છે. વ્યર્થ શોક કરવાથી શું ફાયદો?"

ચિંતાથી ગ્લાની પામેલી અંબિકા શોક કરતી એક વૃક્ષની નીચે બેઠી. તો મીઠા પાણીથી ભરેલું સ્વચ્છ જળ યુક્ત એક સરોવર દીઠું; તેમજ પાકી ગયેલી આમ્રવૃક્ષના ફળની બે લુંબો તેના હાથ ઉપર પડી.

અંબિકાએ બાળકોને ફળ ખવડાવી પાણી પાયું. ધર્મના માહાત્મ્યનાં ફળ ચિંતવતાં તેનું મન કંઇક શોકથી નિવૃત્ત થયું.

અંબિકાની સાસુ કોપથી અંબિકાને શ્રાપ આપતી મુનિને આપેલું અન્ન અનિષ્ટ માની નવીન અન્ન તૈયાર કરવાને ઘરમાં આવી, તો બન્ને મુનિમહારાજના સ્પર્શથી તે મુનિ જેના ઉપર ઉભેલા હતા તે આસનો સુવર્ણનાં થઇ ગયાં હતાં, તેમજ સર્વે પાત્રો અન્નથી પૂર્ણ ભરેલાં જોઇ તેણી અત્યંત ખુશી થઇ. એટલામાં દીવ્યવાણી તેના સાંભળવામાં આવી. "હે ચંડિકા ! હે ક્રોધમુખી ! તેં મૂઢ થઇને અંબિકાને કોપાવી છે, પણ તેમાં તારો દોષ નથી. તું રાંક બ્રાહ્મણની પુત્રી, એ મુનિદાનના મહાફળને યોગ્ય તારૂં ઘર કયાંથી હોય ? અંબિકાએ જે દાન આપ્યું છે તેનું તો અંશ માત્ર મેં તને ફળ આપ્યું છે, પણ એનો તો અદ્‌ભૂત વૈભવ છે, એને પરિણામે તો અંબિકા દેવતાઓને પણ પૂજનીક થશે, એને ઘણું ઉચ્ચ સ્થાનક મળશે."

આકાશવાણીથી ભય પામેલી અંબિકાની સાસુ બહાર આવી પોતાના પુત્રને કહેવા લાગી. "પુત્ર ! આપણું ઘર ધનધાન્યથી ભરાઇ ગયું છે. તે જો અને જા સત્વર વહુને બોલાવી લાવ ? એ પુણ્યવતી વહુને તેડી લાવી એનું સન્માન કર ? એના વિના આ ઘર, હું અને તું મૂએલાં છીએ."

માતાના મુખથી આવાં વચન સાંભળી સોમદેવ અંબિકાને શોધવાને ચાલ્યો. માર્ગમાં તેણે અંબિકા એક વૃક્ષની નીચે બે બાળકો સહિત બેઠેલી દૂરથી જોઇ. ઝાડ નીચે બેઠેલી

અંબિકા વિશ્રાંતિ લઇને બેઠી હતી ત્યાં સોમદેવને આવતો જોઇ આગળ ચાલવા લાગી. એ આગળ ચાલતી અંબિકાને સોમદેવ બોલાવવા લાગ્યો. "હે અંબિકા! ઉભી રહે? ઉભી રહે?"

અંબિકાએ પાછા ફરીને જોયું તો તેણે પોતાના પતિને આવતો જોયો.

"અરે, આ અકારણ વેરી થયેલો ક્રોધને વશ થઇ નક્કી મારી ઉપર આવે છે. હવે આ વનમાં મારે કોનું શરણુ છે? એ દુષ્ટ બલાત્કારે મને પકડીને હેરાન કરશે. તેમ હવે મારે જીવીને પણ શું કરવું? એની કદર્થના સહેવા કરતાં તો મારે મરવું શું ખોટું?" એમ વિચારતી તે એક કુવાના કાંઠા ઉપર આવીને ઉભી રહી.

મરતી વખતે જે કંઇ શુભ ધ્યાન કરવું જોઇએ તે કરી લીધું. ચાર શરણુ અંગીકાર કર્યાં. પાપની નિંદા કરી, પુણ્ય-કાર્યની અનુમોદના કરી. મનમાં નમસ્કારમંત્રનું સ્મરણુ કરતી, નેમિનાથનું ધ્યાન કરતી અંબિકાએ બન્ને પુત્રો સહિત કુવામાં ઝંપાપાત કર્યો.

અંબિકા મનુષ્યનો દેહ છોડી દીવ્યદેહને ધારણ કરનારી રમણીય કાંતિનાં કિરણો વરસાવતી વ્યંતરોને સેવવા યોગ્ય દેવી થઇ.

અંબિકાને કુવામાં પડતી જોઇ 'હાં હાં' એમ બૂમ મારતો સોમભટ્ટ કુવા પાસે આવી પહોંચ્યો અને જોયું તો કુવામાં પુત્રો સહિત અંબિકાનાં અવયવો વિશિર્ણ થઇ ગયાં

છે એવી અંબિકાને જોઇ ખેદ પામ્યો. " આહા ! બાલે ! તેં કોપને વશ થઇ અકાળે આ શું કર્યું ? મારા જેવો જડભરત કદિ આવું કાર્ય કરે, પણ તેં વિદુષી થઇને આ ઠીક ન કર્યું. માનિની ! તારા વિના કલંકિતપણે હું પણ હવે જીવીને શું કરૂં ? ઘરે જઇને સ્વજનોને હું શું મુખ બતાવું ? સ્ત્રી અને પુત્રોના મૃત્યુથી દુ:ખી થયેલા મને પણ મૃત્યુ જ હવે સુખકારી છે." દુ:ખથી આક્રંદ કરતા તેણે અંબિકાના વિચારમાં જ તે કુવામાં ઝંપાપાત કર્યો.

સોમદેવ ભટ્ટ મૃત્યુ પામીને અવધિજ્ઞાનને ધારણ કરનારો અંબિકાનું સિંહરૂપે વાહન થનારો દેવ થયો. સિંહવાહિની અંબિકા બે પુત્રો સહિત હર્ષવડે ઉજ્વળ જણાવા લાગી.

અંબિકાદેવીનાં વસ્ત્રો શ્વેત હતાં, ચાર હાથોએ કરીને શ્રેષ્ઠ એવાં અંબિકાદેવીના જમણા બે હાથમાં પાશ અને આમ્રફળની લુંબ હતાં, ને બે ડાબા હાથ પુત્રો અને અંકુશને ધારણ કરનારા હતા. કનકવર્ણીય પ્રભાવવાળાં, તેમજ વરદાન આપવામાં શ્રેષ્ઠ એવાં અંબિકાને ત્યાં ઉત્પન્ન થયેલાં જોઇ ભક્તિથી હર્ષિત, પ્રીતિને ધારણ કરનારો અને બે હાથે છડી પકડીને ઉભો રહેલો તેમનો પ્રતિહારી પ્રણામ કરીને પરિચિત વચને કરીને પૂછવા લાગ્યો. " હે દેવી ! હે સ્વામિની ! પૂર્વે તમે શું પુણ્યદાન આદિ ધર્મકૃત્યો કર્યાં છે કે જેથી તમે વ્યંતર દેવીઓને સેવવા યોગ્ય થયાં છો.

પ્રતિહારીનાં વચન સાંભળી સાવધાન થઇ અંબિકાદેવીએ પૂર્વભવનું અવલોકન કરવા માંડયું. જ્ઞાનથી પૂર્વભવ જાણીને કહી સંભળાવ્યો.

તે પછી દેવોએ વિકુર્વેલા વિમાનમાં બેસી અંબિકા રૈવતાચલે આવ્યાં.

આ સમયે કર્મનો નાશ થતાં શ્રી નેમિનાથ કેવળજ્ઞાન પામ્યા હતા. તે સમવસરણમાં બેસીને દેશના દેતા હતા. ત્યાં તેમની પર્ષદામાં જઈ અંબિકા દેશના સાંભળવા બેઠાં.

દેશનાને અંતે વરદત્ત રાજા પ્રમુખ ઘણા જણાએ દીક્ષા અંગીકાર કરી. યક્ષિણી નામે રાજાની પુત્રી બીજી સ્ત્રીઓની સાથે સાધ્વીજી થઈ. દશાર્હ, ભોજકૃષ્ણ, બળભદ્ર પ્રમુખ શ્રાવકો થયા ને તેમની સ્ત્રીઓ શ્રાવિકાઓ થઇ. એવી રીતે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

પ્રભુના મુખથા અંબિકાના ચારિત્રનું વર્ણન સાંભળી અતિ ભક્તિવાળા ઇંદ્રે બીજા દેવતાઓના આગ્રહથી અંબિકાને શ્રી નેમિનાથ પ્રભુના શાસનમાં વિઘ્નોનો નાશ કરનારી દેવી ઠરાવી.

નેમિનાથ પ્રભુ પોતાનું સર્વાયુ એક હજાર વર્ષનું પૂર્ણ કરીને શિવવધુને વર્યા અને તેમના શાસનની અધિષ્ઠાયિકા દેવી અંબિકા તો આજે પણ કહેવાય છે. આજે પણ તે હાજરાહજુર છે. ગિરનારની રખેવાળી નેમિનાથની અધિષ્ઠાયિકા આજે પણ એ જ અંબિકાદેવી છે. જાગતી જ્યોત સમી એ અંબિકા શાસનનું સાન્નિધ્ય કરનારી થાઓ! શાસનને શોભાવવામાં સહાય કરનારી થાઓ!!!

# ઉપસંહાર અને છેવટ.

જર્જરીત થઇ ગયેલી, ડગુમગુ થઇ ગયેલી આ પંચતીર્થીનું કામ છેલ્લા પંદર વરસમાં ઘણું થઇ ગયું છે. હજુ કામ કેટલુંક અધુરૂં છે. હજુ મદદની જરૂર છે આજસુધીમાં જે જે ગૃહસ્થોએ મદદ કરી છે તે માટે તેમનો આભાર માનવામાં આવે છે. અહીં માટે ગજીઆ આરસની મદદ વખતોવખત શ્રી ભોયણીજી કારખાના તરફથી શેઠ જેસીંગભાઇ ચુનીલાલે આપી છે. શેઠ મનસુખભાઈ તેમજ શેઠ જમનાભાઇ અને શેઠ મનસુખભાઇના સુપુત્ર માણેકલાલભાઇએ પણ સારી મદદ આપી છે; તેમજ મુંબઇ ગોડીજી મહારાજના દેરાસરજીના ટ્રસ્ટીએ, એડનના દેરાસરના કાર્યવાહકોએ પણ સારી મદદ આપેલી છે. શેઠ આણંદજી કલ્યાણજીની તરફથી, મહુવા દેરાસર તરફથી, તેમજ વેરાવળ–પાટણના સદ્‌ગૃહસ્થોએ, ભાવનગરના ગૃહસ્થોએ, કોચીનવાસી શેઠ જીવરાજ ધનજીએ, વેરાવળવાસી ખુશાલચંદ કરમચંદના સુપુત્રોએ, શેઠ ઓતમચંદ હીરજીએ, લુણીનિવાસી બહેચરદાસ જોઇતારામ તેમજ અમદાવાદ નિવાસી દલછારામ વખતચંદની વિધવા બાઇ પારવતીએ, શા. પુરૂષોત્તમદાસ કપુરચંદના ટ્રસ્ટીઓએ, શેઠ દેવકરણ મુલજીએ; રાધનપુરવાળા મસાલીઆ બાપુલાલ જમનાદાસે, લીલાધર નેમચંદે, હરખચંદ મકનજીએ તેમજ નારદીપુરના સંઘે તેમજ શેઠ નથમલજી જાવાલવાળાએ તેમજ બીજા અન્ય ગૃહસ્થોએ ઉદાર આશ્રય આપેલો છે. સંવત ૧૯૭૨ માં મહૂમ મોરારજી

રઘુભાઇ મુંબઇ ટીપ કરવા ગયા ત્યારે ફક્ત પંદર દિવસમાં ઉદાર ગૃહસ્થોએ રૂા. ૧૦૦૦૦) જેવી રકમ એકઠી કરી આપી તે માટે તે ગૃહસ્થોનો પણ ખાસ આભાર માનવામાં આવે છે. ઉનાના શા. મોતીચંદ ગાંગજીના ટ્રસ્ટીઓ તેમજ હીરાચંદ જીવરાજની વિધવા કસ્તુરબાઇએ અનુપમ ઉદારતા દાખવી છે.

દેલવાડા દેરાસર ધર્મશાળા માટે વેરાવળનિવાસી શેઠ ખુશાલચંદ કરમચંદના સુપુત્રોએ તેમજ શેઠ નેમચંદ ગોવિંદજી અને ઘેલાભાઇ મનસુખરામે જે લાગણી બતાવી છે તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

ઉનામાં પણ પોરબંદરવાળા શાહ પરમાણંદ કરશનજીએ દેરાસરમાં કેટલુંક સુધરાઇ કામ કરાવ્યું છે. તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી આ તીર્થમાં સારી મદદ આવેલી છે; તેમજ આચાર્યશ્રી વિજયમોહનસૂરીશ્વરજી, આચાર્યશ્રી વિજયદર્શનસૂરિજી, આચાર્યશ્રી વિજયદુર્લભસૂરિજી, પંન્યાસજી ભક્તિવિજયજી મહારાજ ( રાધનપુર તથા સમીવાળા બંને ) વિગેરે મહાત્માઓના સદુપદેશથી આ તીર્થને અવારનવાર મદદ મળ્યા કરે છે.

આવા સખી ગૃહસ્થો કોઇપણ ભોગે આવાં કાર્ય હાથમાં લઇ સંપૂર્ણપણે પાર પાડે અને પૂજ્ય મુનિમંડળ પણ આ હકીકતને વધુ ધ્યાનમાં લે–તો જ જૈનોનાં પવિત્ર તીર્થસ્થળો જળવાઇ રહે.

## જૈન સસ્તી વાંચનમાળાએ તેના ગ્રાહકોને દર વરસે રૂા. ૩) માં નિયમિત આપેલાં પુસ્તકો.

સં. ૧૯૭૯-૮૦-૮૧ ની સાલનાં પુસ્તકો શીલીકમાં બીલકુલ નહિ હોવાથી નામો આપ્યાં નથી.

### સં. ૧૯૮૨ નાં

| | | |
|---|---|---|
| ૧ | જૈનોના મહાન રત્નો ... ... ... | ૧-૦-૦ |
| ૨ | મહાન સંપ્રતિ અને જૈનધર્મનો દિગ્વિજય ... | ૧-૮-૦ |
| ૩ | શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભાગ ૧... ... | ૧-૮-૦ |

### સં. ૧૯૮૩ નાં

| | | |
|---|---|---|
| ૪ | શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભાગ ૨... ... | ૧-૦-૦ |
| ૫ | જગડુશાહ કે જગતનો પાલનહાર ... ... | ૧-૮-૦ |
| ૬ | શ્રી અંબડ ચરિત્ર ... ... ... ... | ૦-૧૦-૦ |
| ૭ | સહગુણી સુશીલા ... ... ... ... | ૧-૦-૦ |

### સં. ૧૯૮૪ નાં

| | | |
|---|---|---|
| +૮ | મગધરાજ શ્રેણીક ચરિત્ર ... ... ... | ૧-૮-૦ |
| +૯ | શ્રી સ્થંભન પાર્શ્વનાથ ચરિત્ર ... ... ... | ૧-૮-૦ |
| ૧૦ | પૃથ્વીકુમાર યાને મહામંત્રી પેથડ ... ... | ૧-૪-૦ |
| ૧૧ | માનતુંગ માનવતી-બુદ્ધિમતી પ્રમદા ... ... | ૦-૬-૦ |

### સં. ૧૯૮૫ નાં

| | | |
|---|---|---|
| ૧ | ચંપકશ્રેષ્ઠી કથા ... ... ... ... | ૧-૪-૦ |
| ૨ | ચિત્રસેન પદ્માવતી ... ... ... ... | ૧-૦-૦ |
| ૩ | સ્થુલીભદ્રની સંસાર નૌકા ... ... ... | ૧-૪-૦ |
| ૪ | શ્રી અજારા પાર્શ્વનાથ ચરિત્ર ... ... ... | ૧-૪-૦ |

+ આ નીશાનીવાળાં પુસ્તકો શીલીકમાં નથી.

સંવત ૧૯૮૬ની સાલમાં નીચેનાં પુસ્તકોમાંથી ચાર પુસ્તકો ગ્રા
આપવામાં આવશે. ગ્રાહક પુરતીજ નકલ છપાતી હોવાથી પાછળથી ર
કમાં રહેતી નથી જેથી ગ્રાહક થવા વીલંબ ન કરવો.

૧ શ્રી ગીરનાર મહાત્મ્ય
૨ શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ
૩ શ્રી મહાવીર અને શ્રેણીક ( મગધરાજ શ્રેણીક ભાગ ૨ જો )
૪ કીર્ત્તિધર કોચર.
૫ જૈનોના પ્રભાવીક પુરૂષો ( જૈનોના મહાન્ રત્નો ભાગ ૨ જો )
૬ તિલક મંજરી

---

**ગ્રાહકોને અપાયેલાં ઉપરાંત બીજા અમારાં ઈતિહાસીક પુસ્**

૧ ગુર્જરેશ્વર કુમારપાળ સચિત્ર પૃષ્ઠ ૪૫૦ પાકું પુંઠું કિં. રૂા. ૪
તે રૂા. ૨–
૨ વિમળમંત્રીનો વિજય–પૃષ્ટ ૨૨૫ પાકુ પુંઠું કિં. રૂા. ૨) હતી તે રૂા. ૧–
૩ કચ્છ ગિરનારની મહાયાત્રા પૃષ્ઠ ૩૫૦ પાકું રેશમી પુંઠું શેઠ નગીના
ભાઇએ કાઢેલ કચ્છના મહાન સંઘનો સંપુર્ણ ઇતિહાસ ૩૦ ચિત્રો
કિં. રૂા. ૨–૮–૦ હતી તે રૂા. ૧–૧
૪ પ્રતિભાસુંદરી યાને પૂર્વકર્મનું પ્રાબલ્ય ૧–
૫ શ્રીપાળરાજાનો રાસ સચિત્ર પાકું રેશમી પુંઠું કિં. રૂા. ૨–
પાકું સાદું પુંઠું રૂા. ૧–૧૨

શાખા ઓફીસ–રૂબરૂ લેવા માટે
પાલીતાણા–અમારી દુકને
અમદાવાદ–શેઠ હરીલાલ મુલચંદ
ઠે. રતનપોળ શેઠની પોળ.

લખો:—
**જૈન સસ્તી વાંચનમાળ**
રાધનપુરી બજાર—ભાવનગ